# પૃથ્વીકુમાર—

યાને

## પ્રતાપી મંત્રી પેથડ.

卐

પ્રકાશક,

જૈન સસ્તી વાંચનમાળા

ભાવનગર.

જૈન સસ્તી વાંચનમાળા નં. ૨૩. વર્ષ. ૬ ઠું. સં. ૧૯૮૪.

# પૃથ્વીકુમાર–

યાને

# પ્રતાપી મંત્રી પેથડ.

લેખક;

શ્રીયુત સુશીલ.

પ્રકાશક;

જૈન સસ્તી વાંચનમાળા.

ભાવનગર.

વીર સં. ૨૪૫૩ વિક્રમ સં. ૧૯૮૪

કિં. રૂા. ૧–૪–૦

# આભાર.

સુપ્રસિદ્ધ દાનવીર નરરત્ન રાય બહાદુર શેઠ **કેશરીસીંહજી** કોટાવાળાએ આ પુસ્તકની પ્રથમથી બસો નકલના ગ્રાહક થઇને અમારા કાર્યને સહાનુભૂતિ આપી છે તે માટે તેઓશ્રીનો આભાર માનીએ છીએ.

લી૦ પ્રકાશક.

ભાવનગર—ધી ' આનંદ ' પ્રીન્ટીંગ પ્રેસમાં
શા ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

પ્રકાશકે—સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે.

દીવાનબહાદુર દાનવીર નરરત્ન-

શેઠ શ્રી કેશરીસિંહજી કોટાવાળા-કોટા.



# સમર્પણ.

દાનવીર નરરત્ન શ્રીમાન્

રાયબહાદુર શેઠશ્રી કેશરીસીંહજી

કોટાવાળા—

જેમની ઉદાર સખાવતો સારા હિંદુસ્તાનમાં જાણીતી છે.
મારવાડ-મેવાડ-માળવા, રાજપુતાનામાંતો જેમનું નામ
દરેક જૈન-જૈનેતરમાં જાણીતું છે. જૈન સમાજમાં
જેમના ઉજ્વળ કાર્યો દીપી રહ્યાં છે. વિશાળ
જૈન મંદિર-પાઠશાળાઓ, વિગેરેથી જેમણે
જીવનની સાર્થકતા કરી છે, પૂર્વની
પુણ્યાઇએ મળેલી લક્ષ્મીનો સદ્વ્યય
કરનાર આપના જેવા ભાગ્યશાળી
નરવીર રત્નને આ પુસ્તક
અર્પણ કરતાં મને
આનંદ થાય છે.

લી૦ આપનો,

**અચરતલાલ.**

# અનુક્રમણિકા.


| નં. | વિષય. | પૃષ્ટ. | નં. | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|---|---|---|
| ૧ | દ્રારિદ્રય દુઃખ. | ૧ | ૧૫ | પ્રપંચનો પ્રારંભ અને પરિણામ. | ૧૨૦ |
| ૨ | એકજ આઘાત. | ૧૧ | ૧૬ | પેથડની શાસનસેવા. | ૧૩૧ |
| ૩ | અટવીનો યાત્રી. | ૧૯ | ૧૭ | ધર્મઘોષસૂરિ. | ૧૩૫ |
| ૪ | સૂતી શય્યા. | ૨૯ | ૧૮ | ઉપકાર—એક વશીકરણ. | ૧૪૨ |
| ૫ | સૂવર્ણ સિદ્ધિ. | ૩૪ | ૧૯ | દેવગિરિમાં જીનમંદિર. | ૧૫૭ |
| ૬ | चक्रवत् परिवर्तन्ते सुखानि च दुःखानि च. | ૪૦ | ૨૦ | રાગમાં—વિરાગ. | ૧૭૦ |
| ૭ | કારાગૃહના દ્વાર ઉઘડ્યાં ! | ૫૦ | ૨૧ | રાતાં વસ્ત્રનો ભેદ. | ૧૮૬ |
| ૮ | સહસ્રમુખી ઉદારતા. | ૫૭ | ૨૨ | પ્રપંચનો પાસો. | ૧૯૭ |
| ૯ | જીવનનો સંધ્યાકાળ. | ૬૫ | ૨૩ | પ્રજાનું તોફાન. | ૨૦૮ |
| ૧૦ | પેથડની પ્રતિજ્ઞા. | ૭૨ | ૨૪ | મારાઓ પોતેજ મરે છે. | ૨૧૮ |
| ૧૧ | માંડવગઢનો મહિમા. | ૮૫ | ૨૫ | ગાંડો હાથી. | ૨૨૯ |
| ૧૨ | જીવન યુદ્ધ. | ૮૯ | ૨૬ | શંકા—વ્હેમ ટળે છે. | ૨૩૭ |
| ૧૩ | પ્રારબ્ધનો પ્રભાવ. | ૯૯ | ૨૭ | સોનાનો સૂરજ. | ૨૪૭થી૨૫૧ |
| ૧૪ | ખુંદથી બગડી—પણ હોજથી સુધરી ! | ૧૧૧ | | | |

# પ્રસ્તાવના.

વાસ્તવિક જીવનચરિત્ર અને કલ્પનાના રંગે રંજીત નવલકથામાં સ્વભાવતઃ ઘણી ભિન્નતા રહેલી છે. ઐતિહાસિક નવલકથાઓમાં મુખ્ય પાત્રોનાં સ્વભાવ-લક્ષણ-ચારિત્ર્ય વિગેરેને કાયમ રાખી તેમને મનમોહક રીતે વાચકવર્ગ સન્મુખ રજુ કરવામાં આવે છે. વાચકોને એમાં બહુ રસ પડે છે. પરંતુ અધિક રસ પૂરવાના લોભથી લલચાઇ કેટલાકો ઐતિહાસિક પ્રતિષ્ઠિત પાત્રને પણ એટલોબધો અન્યાય આપે છે કે એથી ઇતિહાસ કે ચારિત્ર ગ્રંથનો એકકે ઉદ્દેશ ફલીભૂત થતો નથી. ગુજરાતના ઇતિહાસમાં જૈન મંત્રીઓ, પ્રધાનો, નગરશેઠો વિગેરેએ ઘણો આગેવાની ભર્યો ભાગ લીધો છે. પરંતુ એ સમયને આધારે લખાએલી આજની ઘણીખરી ઐતિહાસિક નવલકથાઓમાં જૈન ગૌરવને સાવ ગૌણ-કેટલીક વાર તો અસહ્ય રીતે પદભ્રષ્ટ કરી નાખેલું આપણે જોઇએ છીએ. ઇતિહાસની જ અવગણના કરનારી આવી નવલકથાઓને ઐતિહાસિક કહેવી એ શું શબ્દોનો જ દુરૂપયોગ નથી?

જૈન ઇતિહાસરૂપી ગગનમંડળમાં પેથડકુમાર જેવા અનેક સમર્થ મંત્રીશ્વરો તેજસ્વી નક્ષત્રરૂપે સ્થાયી પ્રકાશ પ્રકટાવી રહ્યા છે. પેથડકુમારનાં પરાક્રમો એ ઇતિહાસની સાચી ઘટનાઓ છે, જૈન રાસાઓમાં તેમજ કાવ્યગ્રંથોમાં પણ મંત્રીશ્વર પેથડકુમારના અનેક વિધ ગુણગાન થએલાં જોવામાં આવે છે. એ ચરિત્રને કાયમ રાખી, એક નવલકથા જેટલો રસ પૂરી, અમે આ ચરિત્રગ્રંથ અમારા વાચકવર્ગ પાસે રજુ કર્યો છે. એ

ઇતિહાસ કે મૂળ જીવનચરિત્રને ક્યાંઇ પણ હાનિ ન પહોંચે એવી સંપૂર્ણ કાળજી રાખવામાં આવી છે, અમને આશા છે કે આ ગ્રંથના વાંચનથી અમારા વાચકો ચરિત્રગ્રંથ અને નવલકથા એ ઉભયનો રસાસ્વાદ એકી સાથે કરી શકશે.

માંડવગઢની જાહોજલાલી એક કાળે વિશ્વવિખ્યાત હતી. એ જાહોજલાલીને નવજીવન પ્રેરી અધિક સુદ્રઢ બનાવવામાં મંત્રીશ્વર પેથડકુમાર સમા જૈન વીરોએ મુખ્ય ભાગ ભજવ્યો હતો એમ આ ગ્રંથ ઉપરથી વાચકો પોતે જ જોઇ શકશે.

જૈન સાહિત્યમાં આવા અનેક મહાપુરૂષોનાં જીવનચરિત્રો ઉપલબ્ધ થાય છે. તેને વર્તમાન જમાનાને યોગ્ય સાજ સજાવવામાં આવે તો, ભૂલાયેલું જૈન ગૌરવ પુનઃ ઉજ્જવલ બને, અને આપણા ઉન્નતિના માર્ગમાં સહાયક થાય એમ અમે માનીએ છીએ, અને એટલા જ માટે આવા રસપ્રદ ચરિત્રો તૈયાર કરાવી અમે અમારા વાચકવર્ગ સન્મુખ ધરી બની શકે તેટલી સાહિત્ય, તેમજ શાસનની સેવા બજાવી રહ્યા છીએ. શાસનદેવ અમારા ઉદ્દેશને સિદ્ધ કરે અને જૈન સંઘ પ્રાચીન કીર્ત્તિ-પ્રતિષ્ઠા અને પ્રભાવને પ્રાપ્ત કરવા શક્તિમાન થાય એમ અંતઃકરણ પૂર્વક પ્રાર્થીએ છીએ.

પ્રકાશક

# પૃથ્વીકુમાર

કિંવા

# પ્રતાપી મંત્રી પેથડ

## પ્રકરણ ૧ લું.

### દારિદ્રયદુઃખ.

દેદાશાહ તેમનું નામ હતું; પણ દીન-દરિદ્રીઓ તો તેને દાતારશાહના નામથી જ પીછાનતા. કોઇપણ ગરીબ કે ભૂખ્યો-તરસ્યો દેદાશાહના ઓટલે ચડયા પછી પ્રસન્નવદને પાછો ફર્યા વિના ન રહે. કલ્પવૃક્ષ સૌ કોઇના મનોવાંછિત પૂરે છે એ વાત વ્યાખ્યાનોમાં અને કથાઓમાં માણસોએ સાંભળી

હતી, પણ કળિયુગમાં જો કલ્પવૃક્ષ ક્યાંઇ હોય તો તે એક માત્ર દેદાશાહની ઝુંપડીમાં. દેદાશાહની પત્ની પણ અન્નપૂર્ણાના એક અવતાર સમીજ મનાતી. આડોશી–પાડોશીમાં ક્યાંઇ વ્યાધી–ઉપાધી કે આફત જેવું જણાય તો વિમલા વગર કહ્યે તેમની વ્હારે પહોંચી જાય. શેરીમાં બાળકો અને બાળિકાઓ સર્વને માટે વિમલા એક માતાસ્વરૂપ હતી.

દુનીયાનું દારિદ્રય ફેડવા માટેજ જાણે દેદાશાહે જન્મ ધર્યો હોય એમ તેમના પરિચિતો અને આશ્રિતો માનતા. પણ કમનસીબે જે દારિદ્રય દુઃખને દેશવટો આપવા દેદાશાહે કમર કસી હતી તે દારિદ્રય પોતાનું આ રીતનું અપમાન સહન કરી ન શકયું. દારિદ્રયે પોતે જ પોતાના સઘળા અનુચરો સાથે સીધો દેદાશાહના કુટુંબ ઉપર હૂમલો કર્યો. બીજી રીતે કહીએ તો દુનીયાનું દારિદ્રય દુઃખ દૂર કરવા જતાં દેદાશાહ પોતેજ અસાધારણ દરિદ્રતામાં સપડાયા. દાંતને અને અન્નને વેર થયું હોય એવી દશા અનુભવવાનો તેમને વારો આવ્યો. પણ દેદાશાહને પોતાના દુઃખની લેશમાત્ર પરવા ન હતી. ગરીબાઇને તેઓ દેવોના આશીર્વાદરૂપ જ સમજતા. તેમાં પણ જે ગરીબાઇ માણસ પોતાની ઇચ્છાથી સ્વીકારે તે ગરીબાઇમાં પણ પ્રભુતાની એક અનેરી મોજ હોય છે. ચમરબંધીઓના ચ્હેરા ઉપર જે સંતોષ, તૃપ્તિ અને આનંદની દિપ્તી ન હોય તેવી કીરણરેખા આવા ત્યાગશીલ પુરૂષોના વદન ઉપર નિરંતર ક્રિડા કરતી હોય છે. દેદાશાહને

પોતાની દ્રરિદ્રતાનું દુઃખ જરાપણ સાલતું ન હતું. આવતી કાલે અન્નના અભાવે શું ખાઈશ તેની ચિંતા પણ ભાગ્યેજ તેઓ કરતા. અધુરામાં પુરૂં તેમણે પોતાની સ્ત્રીને પણ ધીમે ધીમે એવી રીતે કેળવી લીધી હતી કે દીન જનોને–સાધુ પુરૂષોને દાન આપવામાં કદાચ ભીખારી બનવું પડે તો પણ તેમનામાંથી કોઈને રજમાત્ર પણ ગ્લાની ન થાય. દેદાશાહમાં જેવો સમર્થ પુરૂષાર્થ વસતો હતો તેવીજ રીતે વિમલશ્રીમાં પણ વિરલ માતૃત્વ વિલસતું હતું. પતિદેવે પોતાના પૂર્વજોનો અક્ષય ધન ભંડાર જગતની સેવામાં વાપરી નાખ્યો –ઘરમાં એક કોડીની વસ્તુ સરખી પણ ન રહેવા પામી, એટલું છતાં વિમલાએ કોઇ દિવસે કલેશ–કંકાસ તો શું પણ આડી જીભ વાપરી હોય એવો એક પણ પ્રસંગ ન બન્યો. પિતૃદત્ત સંપત્તિનો સઘળો ભાગ દાન–ધર્મ, ઉત્સવ વિગેરેમાં ખર્ચાઈ જવાથી એ ઉભયને આજે એક ઝુંપડીમાં રહેવાનો અવસર આવ્યો છે. પણ એ ઝુંપડી ચક્રવર્તીઓના મહેલ કરતાં પણ તેમને વધુ સમૃદ્ધ અને વૈભવવાળી લાગે છે. દેદાશાહે એકવાર કહેલું પણ ખરૂં કે—**જે ઉંચી અટારીઓમાંથી ભિક્ષુક અથવા ગરીબ નિરાશ થઇને પાછો ફરે તે અટારીમાં ભલે સ્વર્ગના દેવતાઓની ઋદ્ધિ–સમૃદ્ધિ ભરી હોય તો પણ વસ્તુતઃ તે શ્મશાન તુલ્ય જ ગણાવી જોઇએ.** એથી ઉલટું જે ઝુંપડીમાં દુઃખીયાને વિસામો મળતો હોય, ભૂખ ને તરસથી તડફડતા આત્માઓને તૃપ્તિ લાધતી હોય તે ઝુંપડી ખરૂં

જોતાં નંદનવનના નામને જ યોગ્ય ગણાય. વિમલા આ બધા સિદ્ધાંત કેવળ પતિ પ્રત્યેના માનની ખાતર નભાવી લેતી હતી એમ પણ ન્હોતું. પૂર્વકર્મના પુણ્યને લીધે તેનો આત્મા પણ તેટલોજ ઉદાર અને નિ:સ્પૃહ હતો. દેદાશાહ અને વિમળાએ મળીને આ મહા સાગરરૂપી સંસારમાં એક મીઠો મેરામણ ઉપજાવ્યો હતો એમ પણ કહી શકાય. દંપતી વચ્ચે કોઈ દિવસ મનોદુ:ખ તો શું પણ મતભેદ જેવું પણ ભાગ્યે જ બન્યું હશે. દેદાશાહની છાયાની જેમ વિમળા હંમેશા તેમની આજ્ઞાને અનુસરતી, તેમના ઉભયના આત્મિક સુખ, સંતોષ–તૃપ્તિ પાસે દરિદ્રતાનો દાવાનળ શાંત થઇ જતો.

પણ એ સુખી ગૃહજીવનમાં એક દિવસ વસમી વેળા આવી. દેદાશાહ તે વખતે ધંધા અર્થે ક્યાંઇક બ્હારગામ ગયા હતા. વિમલા એકલી ઘરમાં બેઠી હતી. તેની પાસે પાડોશનાં બે–ચાર બાળકો નિર્દોષ રમત રમી રહ્યા હતા.

“ દેદો ઘરમાં છે કે ? ” બ્હારથી કોઇએ બુમ મારી. એ અવાજમાં ક્રોધ અને તિરસ્કારના ભાવ તરવરી રહ્યા હતા. વિમલાને આશ્ચર્ય તો ન થયું, પણ કોણ છે, એ જાણવાની જીજ્ઞાસા થઇ. એટલામાં તો નવો આવનાર પુરૂષ વિમળાની સામે આવી ઉભો રહ્યો. વિમળા સ્હેજ ઝંખવાણી જેવી પડી ગઇ.

આવનાર પુરૂષ ગામનો એક શાહૂકાર હતો. એક વખતે એજ શાહૂકાર દેદાશાહની હવેલીના ઓટલા પાસે

બેસી, દેદાશાહનો કૃપાકટાક્ષ મેળવવા મહામહેનત કરતો. આજે જો કે ગામમાં તે પૈસે ટકે સુખી ગણાય છે, પણ એક વખત દેદાશાહની ઉદારતા અને મહેરબાની એજ તેના સુખનો મૂળ આધાર હતો. પરંતુ એ જુની વાત આજે તે ભૂલી ગયો છે. જીવનનાં દુઃખી દિવસો જાણે સ્વપ્નવત્ થઇ ગયાં હોય તેમ તે અભિમાનથી અકકડ બન્યો છે. વિમળા તેને તરતજ ઓળખી શકી. ન્હાની નદીઓ જેમ વર્ષાઋતુના નવા વેગને નથી પચાવી શકતી, તેમ આ બિચારો પણ નવી સંપત્તિના માયાવી ભભકાથી અંજાઈ ગયો છે એમ તેણીએ તત્કાળ જોઇ લીધું. વિમળાની એજ ખૂબી હતી. તે ગમે તેવા અપમાન કે તિરસ્કારને પણ ઘોળીને પી જઇ શકતી.

વિમળાએ ઉઠીને બેસવાને માટે આસન ધર્યું. શાહૂકાર તે ઉપર સ્વસ્થપણે બેઠો. વિમળા મ્હોં આડે વસ્ત્ર ધરી એક બાજુ ઉભી રહી.

" હું જાણતો જ હતો કે દેદો અત્યારે ઘેર નહીં હોય. એને રખડવા–રઝળવા સિવાય બીજું કંઇ સૂઝતું નથી. કાં તો કયાંઇક બેઠો બેઠો ગપાટા હાંકતો હશે. અને કાં તો સાધુ બાવાઓની વચમાં બેસી કરમની પ્રકૃતિઓ ગણતો હશે. પણ એમ કેવળ વાતો કરવાથી કે ધર્મની ચર્ચા કરવાથી ઘર ન ચાલે. આમને આમ પૂર્વજોની બધી મીલકત લૂંટાવી દીધી –આજે એક કંગાળ ઝુંપડીમાં વસવાનો વારો આવ્યો, અમને તો તમારૂં લાગી આવે છે એટલે કહ્યા વિના નથી

રહેવાતું-બાકી આખા ગામમાં દેદાની જે નિંદા થઈ રહી છે તે જો તમે સાંભળો તો તમને પણ અફસોસ થયા વિના ન રહે. બે દિવસ થયાં મારી પાસેથી થોડા રૂપીયા લઈ ગયા છે તે તો હું મનમાં જ સમજીને બેસી રહ્યો છું. પણ માણસની ધીરજની યે હદ હોયને ?"

વિમળા મુંગે મ્હોઢે આ બધું સાંભળી રહી. તેને તેમાં ઉત્તર આપવા જેવું કંઇ ન લાગ્યું. જેની પાસેથી કરજ લીધું હોય તેના કડવા શબ્દો પણ કોઇકવાર સાંભળવા તો પડેજ. ગરીબી અવસ્થામાં માત્ર તંગી જ સહન કરવાની નથી હોતી, લોકોનાં ભાતભાતનાં મ્હેણાં-ટોણાં પણ ઘણીવાર સહન કરી લેવા પડે છે. વિમળા એ સ્થિતિ સમજતી હતી.

કહે છે કે ગરીબાઈ આવે છે ત્યારે તે એકલી નથી આવતી. પોતાની સાથે બીજી દાસીઓને પણ લેતી આવે છે. જ્યાં ગરીબાઇ દાખલ થાય ત્યાં ક્ષોભ-કડવાશ-કુસંપ પણ પોતાનો અડ્ડો ધીમે ધીમે જમાવે. નિરંતર શાંતિ અને સંતોષમાં જ મ્હાલનારી, સંસારનાં અનેકવિધ તોફાનો સામે નજર સરખી પણ નહીં કરનારી પતિપરાયણ વિમળાનું ચિત્ત સ્હેજ સંક્ષુબ્ધ થયું. તેને લાગ્યું કે જો ખરેખર જ દેદાશાહ આળસુ અને ગમાર હોય તો હવે વધુ વખત મુંગે મ્હોઢે નભાવી લેવું એ ઠીક નહીં. લોકવાયકામાં ઘણીવાર સત્યાંશ જડી આવે છે. તે જ પ્રમાણે જો આ શાહૂકારના કહેવામાં સત્યાંશ હોય તો તેનો કંઈક ઈલાજ થવો જોઈએ. પતિ પ્રત્યેની તેની શ્રદ્ધા એ રીતે જરા પીગળવા લાગી.

વિમળાને વિચારમુગ્ધ જોઇ શાહૂકારે પોતાનાં વાગ્બાણુ વીંધવા શરૂ કર્યા, ને કહેવા લાગ્યો કેઃ—“ આમ લોકોની પાસેથી ઉછીના નાણાં લેવાથી લાંબો વખત ઘરસંસાર ન ચાલે. ધર્મ, દાન, દયા કરવામાં કોઇ ના તો ન પાડે, પણ આપણી ગુંજાશ જો આપણે પોતે ન તપાસીએ તો કુબેરનો ધનભંડાર પણ ખાલી થઇ જાય. તમારે ત્યાં જ એક દિવસે શું સમૃદ્ધિ ન્હોતી રેલાતી ? પરન્તુ વગર વિચાર્યે વાપરવાથી આજે તમને પોતાને દુનીયાના કેટલા ઓશીયાળા બનવું પડ્યું છે? લોકો તો બે દિવસ વાહવાહ કરીને બેસી રહે. પણ કંઈ વાહ-વાહના થાળ ન ભરાય ? ભૂખ લાગે ત્યારે વાહવાહના બટકા ન ભરાય ? એકલા દાનેશ્વરી થતાં તો બધાને આવડે, પણ આગળ પાછળનો વિચાર ન કરીએ તો પાછળથી પસ્તાવું પડે. ” શાહૂકારના કથનમાં મુરબ્બીપણું ઝળકતું હતું. જાણે કોઇ બાળકને સંસારનાં રીતભાત સમજાવતો હોય તેમ તેના શબ્દેશબ્દમાં અભિમાન ભર્યું હતું.

વિમળાનું નારીહૃદય વલોવાયું, તે ગમે તેટલી સહનશીલ હોય, પણ પોતાનાજ એક વખતના આશ્રિત જ્યારે આ પ્રકારનો ઉપદેશ આપવા લાગે ત્યારે ગ્લાની થયા વિના કેમ રહે ! તેને પોતાની સ્થિતિ ઉપર સ્હેજ ધિક્કાર છૂટયો—પોતાની દીનતા ખટકવા લાગી. માંડમાંડ વિસરાએલી પૂર્વસ્મૃતિઓ આજે પુનઃ તાજી થઇ. પોતે એક વખત મ્હોટા રાજમહેલમાં રમતી હતી, નોકર–ચાકર પડયો વેણુ ઝીલી લેવા નિરંતર ઉત્સુક રહેતા અને વૈભવના તરંગો ઉછળી રહ્યા હતા એ

સ્થિતિ યાદ આવી. તેની સાથે સરખામણી કરતાં આજની લગભગ ઓશીયાળી–અનાશ્રિત અવસ્થાએ તેના હૃદયમાં વીંછીના ડંખની વેદના ઉપજાવી.

વિમળાનું હૃદય ગમે તેટલું ઉન્નત હોય તો પણ તે એક નારીનું હૃદય હતું, તેમાં કોમળતા હતી તેમ કેટલીક નબળાઇઓ પણ હતી, જે નબળાઇઓ આજસુધી નિમિત્તના અભાવે દબાયેલી ભાસતી હતી તે આજે એક લેણદારના કડવા આક્ષેપોથી બ્હાર ઉછળી આવી. આ બધું દારિદ્રયદુ:ખ પોતે જાતે જ વ્હોરી લીધું છે, આત્મિક સંતોષની પ્રાપ્તિ અર્થે જ ધનધાન્ય–સમૃદ્ધિ વિગેરેનું ઈચ્છાપૂર્વક બલિદાન આપ્યું છે એ વાત વિસરાઇ ગઇ.

" પતિદેવના ઉડાઉ ખર્ચ અને અવિચારથી જ આજે આ સ્થિતિમાં સપડાવું પડયું છે. એક રાજાના જેવા મહેલમાંથી એક ભીખારીની ઝુંપડીમાં વસવાનો વખત આવ્યો છે, અને જો આ પ્રમાણે વધુ સમય ચાલે તો આવતી કાલે દેશ મૂકીને નાસી જવાનો પ્રસંગ આવે." એવી કલ્પના થતાં તેનું સ્ત્રી–હૃદય ખળભળ્યું.

લેણદારને તો દેદાશાહની સાથે કે તેના કુટુંબની સાથે બહુ લાંબો સંબંધ ન હતો. તે મનમાં તો ઉભયની ઉદારતા ઉપર આફરીન હતો. પણ લેણું પતાવવું હોય ત્યારે કામની વાત સાથે કેટલીક બીજી આડીઅવળી .વાતો પણ કાઢવી જોઈએ એ કળા લાંબા વખતના અભ્યાસથી તે અજમાવી

રહ્યો હતો. દેદાશાહનું કુટુંબ આવતી કાલે સ્વર્ગનું સુખ માણે કે અધોગતિની ઉંડી ખાઇમાં ગરકાવ થઇ જાય તેની તેને બહુ પરવા ન હતી. તે તો પોતાના ધીરેલા રૂપીયા કઢાવવા માટે જ આટલે સુધી આવ્યો હતો. વળી જેના આશ્રયે પોતે પાંચ પૈસા મેળવ્યા હોય તેની પાસે સીધી રીતે ઉઘરાણી કરવી તેના કરતાં કળ–વકળથી નાણાં કઢાવી લેવા એમાં તે વ્યાપારીકળાનો જ એક પ્રકાર સમજતો હતો. વિમળાના સ્નેહાળ હૃદય ઉપર પોતાના ઉપદેશની અસર થતી જોઇ તેને આનંદ થયો. દેદાશાહ પાસે જવાથી જે નાણા પાંચ–પંદર દિવસે માંડમાંડ પતે તે જ નાણાં વિમળા પાસે જવાથી થોડા જ સમયમાં પતી જશે એવી આશા તેણે સ્વાભાવિક રીતે જ રાખી હતી. તેની એ આશા પાર પડી.

વિમળાએ અતિ વિનયવાળા શબ્દોમાં કહ્યું. " અમારૂં ગમે તેમ થાય, પણ આપનું જે કંઇ લેણું હશે તે બે–ચાર દિવસોની અંદર જ પતાવી દઇશું. આજ સુધી ધીરજ રાખી છે તેમ બીજા થોડા વધુ દિવસો નભાવી લો તો તમારો મ્હોટો..." વિમળા આગળ બોલે તે પહેલાં જ શાહૂકાર બોલી ઉઠયો:—" એમાં ઉપકાર કરવા જેવું શું છે ? એક સાધર્મીભાઇ બીજા સાધર્મીભાઇને મદદ કરવા બંધાએલો છે. અમે આવી કફોડી સ્થિતિમાં આપને મદદ ન કરીએ તો પછી અમને જે બે પૈસા પૂર્વપુણ્યના પ્રતાપે મળ્યા છે તે શું કામ આવવાના હતા ? બે દિવસ તો શું પણ બે મહિના થાય

તોયે મને ચિંતા નથી. હું તો તમને એટલું જ કહેવા માગતો હતો કે અમે પણ માણસ છીએ અને માણસની ધીરજનીયે હદ હોય ! પૈસાની જરૂર કોને નથી પડતી ? પૈસા તો અગીયારમો પ્રાણ ગણાય છે તે કંઈ ખોટું નથી. દુનીયામાં બધા જ દાનેશ્વરી થઇને નથી જન્મતા. દેદો આવે ત્યારે કહેજો કે મને ઉતાવળ નથી, પણ દુકાને આવીને હીસાબ સમજી જાય. ”

અત્યાર પહેલાં બીજા પણ પાંચ–સાત વેપારીઓ આ ઝુંપડીના બારણા પાસે આવીને પાછા ચાલ્યા ગયા હતા. પેલો શાહૂકાર પણ ઉઠવાની તૈયારી કરવા લાગ્યો. વિમળા જોઇ શકી કે દેદાશાહને માથે–પોતાના કુટુંબને માથે ધીમે ધીમે કરજનો ભાર વધતો જાય છે. અન્નપૂર્ણા જેવા ઉદાર હૃદયને આ તંગી અસહ્ય લાગી. પણ અત્યારે તે નિરૂપાય હતી.

શાહૂકાર ગયો એટલે વિમળાએ એક દીર્ઘ નિશ્વાસ મૂકયો. આસપાસ રમતાં બાળકોને આ શું બની ગયું તેની ગતાગમ ન્હોતી. તેઓ માત્ર એટલું સમજી શકયા કે નિત્ય પ્રફુલ્લ રહેનારૂં વિમળાનું વદન આજે ફીકકું પડી ગયું હતું, પ્રત્યેક ક્ષણે વાત્સલ્યભાવ વર્ષાવતું હૈયું આજે ઉંડાણમાં વલોવાઇ રહ્યું હતું. માતા સ્વરૂપ વિમળાની આ સ્થિતિ નીહાળી બાળકોએ પણ રમત–ગમત કરવાનું માંડી વાળ્યું– સૌ પોતપોતાના સ્થાને ચાલ્યાં ગયાં.

દેદાશાહને આવવાનો વખત લગભગ થવા આવ્યો હતો. તેમની પાસે અંતરની મુંઝવણ કેવી રીતે રજુ કરવી તેનો તે વિચાર કરવા લાગી. સ્વામીનું આખા દિવસના પરિશ્રમને લીધે થાકીને લોથ જેવું થઇ ગયેલું મુખ તેનાં માનસનેત્ર પાસે પ્રકટ થયું. બ્હારથી થાકયા–પાકયા આવતા પતિ પાસે પોતાની મુંઝવણ ઉમેરી તેમને વિશેષ વ્યથા પહોંચાડવાના ક્રૂર વિચારથી તે ધ્રુજી ઉઠી. તે ગમે તેટલી ઉશ્કેરાયેલી હોય, છતાં તે પોતાનો ધર્મ સમજતી હતી, પતિના કોમળ દીલ માટે તેને ઉંડો પૂજ્યભાવ હતો. છતાં ઉપરાઉપરી લેણદારોના તકાદાને લીધે તે આજે પ્રાયઃ પરવશ જેવી બની હતી. હાય ! વિમળા ! તારા જેવી ઉદાર અને ક્ષમામૂર્ત્તિની પણ આજે આવી દશા ?

# પ્રકરણ ૨ જું.

## એક જ આઘાત !

સંસારની સઘળી સંસ્થાઓનાં બંધારણો જોઇ વળો, પણ સંસારના જેવું વિચિત્ર અને વિલક્ષણ બંધારણ તો તમને બીજે કયાંય નહીં જડે. પામર માનવી કાર્ય–કારણ, નિયમ–ઉપનિયમ, રીત–રીવાજની ચોતરફ પાકી કીલ્લેબંદી ગોઠવી જેવો પોતાને નિર્ભય કે સહીસલામત માનવાની

અણી ઉપર આવી પહોંચે કે તે જ વેળા અણચિંતવી દિશા-માંથી અચાનક એક તુમુલ તોફાન ઉઠે છે અને તેના તમામ મનોરથોને જોતજોતામાં ભાંગી ને ભુક્કો કરી નાખે છે. નિર-વધિ અકસ્માતો વચ્ચે માંડ માંડ માર્ગ કાપતી સંસારનૌકા એકાદ ખડક સાથે અથડાય છે ત્યારે આપણે એકાએક ચમ-કીએ છીએ.. પરસ્પરના મુખ સ્હામે નીહાળી પૂછીએ છીએ કે–" આ બધું શી રીતે બની આવ્યું ? " બુદ્ધિમાં તે વાત નથી ઉતરતી ત્યારે મુંઝાઇએ છીએ—तत्त्वं तु केवली गम्यं ખરી વાત તો કેવળી ભગવાન સિવાય બીજું કોઇ જ ન સમજી શકે એમ માની સંતોષ અનુભવીએ છીએ. પણ ખરૂં પૂછો તો આ સંસાર પોતે જ શું અકસ્માત્ સ્વરૂપ નથી ? આજ સુધીમાં કેટકેટલાં–રાજ્યો–મહારાજ્યો અને મ્હોટા મ્હોટા ચમરબંધીઓ ઉદય–અસ્તની લીલા ભજવી ગયાં ! ગૃહસ્થાશ્રમનાં સુખ–દુ:ખ તો તેની પાસે કંઇજ બિસાતમાં ન ગણાય.

દેદાશાહના ગૃહસ્થાશ્રમમાં આજે તોફાન ઉઠવાની બધી તૈયારીઓ થઇ ચૂકી હતી. ગામતરેથી વ્યાપાર–વ્યવ-સાયમાંથી નિવૃત્ત થઇને દેદાશાહે ઘરમાં પગ મૂકયો તે જ વખતે તેને એક અપશુકન નડયું. પણ તેની બહુ દરકાર ન કરી. વિમળા જેવી સતી–સાધ્વી–સ્વભાવથી જ સેવાપ્રિય ગૃહિણી, જે ઘરમાં રહેતી હોય તે ઘરમાં અમંગળ કે કલેશને પ્રવેશ કરતાંયે ઘડીભર થંભી જવું પડે. અને ગૃહપતિ જો પોતાની ગૃહિણીના સંબંધમાં છેક નિશ્ચિંત તેમજ શ્રદ્ધાવાન

હોય તો પછી સંસારનાં બીજા આધી–વ્યાધી તેને કરી પણ શું શકે ? શાંત અને સહનશીલ ગૃહિણી એજ ગૃહસ્થાશ્રમનો મૂળ અને મુખ્ય આધાર છે. જો એ પાયો વજ્ર જેવો મજબુત ને સંગીન હોય તો દુનીયાના હજારો તોફાની વાયરા તેની ઉપર થઇને પસાર થઇ જાય તો પણ ગૃહસ્થાશ્રમને ઉન્હી આંચ સરખી પણ ન આવે. દેદાશાહનો ગૃહસ્થાશ્રમ લગભગ એવા જ દૃઢ અને અચળ પાયા ઉપર સ્થિર હતો, એમ તેમની પુરેપુરી ખાત્રી થઇ ચૂકી હતી.

પણ તોફાન જો અણધારી દિશામાંથી ન ઉઠે તો એ તોફાન જ ગણાય. આપત્તિને અકસ્માત્ હમેશાં અણધાર્યાં જ આવીને ઉભાં રહે છે. દેદાશાહના ભાગ્યમાં પણ આજે એવી જ એક ઉપાધી રાહ જોતી બેઠી હતી.

આખા દિવસના શ્રમ અને કંટાળાને લીધે દેદાશાહના મુખ ઉપર સ્હેજ નિસ્તેજતા તરી આવતી હતી. નિસ્તેજતામાં શ્રમ કે કંટાળા કરતાં ય નિરાશા કઇંક વધુ પ્રમાણમાં હશે. દેદાશાહ જેવો ભડવીર થાક કે શ્રમથી ગાંજ્યો ન જાય. ઉપરા ઉપરી નિરાશાએ જ આજે તેનું નૂર થોડે ઘણે અંશે હણી લીધું હતું.

વિમળા તે વખતે કંઇ ઘરકામમાં ગુંથાયેલી હતી. રોજ આતૂરપણે પોતાના સ્વામીના આગમનની રાહ જોનાર વિમળા આજે છેક બેપરવા રહી. જેના પગલાંનો અવાજ સાંભળવા એક એક ઘડી ગણાતી હોય, તે પોતે ઘરમાં આવવા

છતાં વિમળાએ લગીરે વિહ્વળતા ન બતાવી. દેદાશાહને આજે ઘરના શાંત વાતાવરણમાં પણ અશાંતિની ઉન્હી જવાળાનો ભાસ થયો.

લડાઇ કરવાની આપણી સોએ સો ટકા ઇચ્છા હોય, દારૂ–ગોળો–બંદુક–તલવાર વિગેરે સાધનો પણ હાજર હોય, પરન્તુ જો એ સાધનોનો ઉપયોગ કરતાં જ આવડતું ન હોય તો એ સાધન–સામગ્રી શું કામ આવે? બંદુક કયાંથી પકડવી તે ન જાણતા હોઇએ તો લડવાની ઇચ્છા ને મનમાં મનમાં જ શમાવી દેવી પડે. ક્રોધ અથવા આવેશ એ પણ લડવાનો દારૂગોળો જ ગણાય ને! હવે જો માત્ર સાધનની હાજરીથી યુદ્ધ સળગી ઉઠતું હોત તો આજે દેદાશાહની ઝુંપડીમાં ગૃહદાહ કયારનો યે શરૂ થઇ ગયો હોત. પણ બિચારી વિમળાને લડતાં જ ન્હોતું આવડતું. આજ સુધી લેણદારોએ જે ત્રાસ આપ્યો હતો તેને લીધે તે પોતાના સ્વામી સાથે એક વાર લડી લેવાને સોએ સો ટકા ઉત્સુક હતી–ક્રોધને પણ દીલના એક ખૂણામાં સારી પેઠે જામવા દીધો હતો; છતાં તેને લડતાં ન આવડયું–ક્રોધને શી રીતે ઠલવવો તે ન સૂઝયું. ખરૂં જોતાં એ તેની પ્રકૃતિમાં જ ન હતું. પાણીને તાપમાં રાખીએ તો તે ગરમ જરૂર થાય; પણ ઉષ્ણતા એ કંઇ પાણીનો સ્વભાવ થોડો જ બને? વિમળામાં આજે સ્હેજ ઉષ્ણતા આવી હતી, પણ સ્વભાવમાં તેને પોષણ ન મળવાથી ધીમે ધીમે એ ઉષ્ણતા પણ આકાશમાં ઉડી જવા તત્પર બની રહી.

વિમળાનાં વર્તન તથા વદન ઉપરથી દેદાશાહે બધી કલ્પના કરી લીધી. જે પુરૂષે સંસારની ચડતી–પડતી નજર સામે નીહાળી હોય, હજારો માણસોનાં સુખ–દુઃખમાં ભાગ લીધો હોય તે કંઇ સાવ બાળક જેવો ન હોય. વિમળાની મૌન દશાએ જ તેને ઘણી ખરી વાત તો સમજાવી દીધી. કરજનાં વાજાં તો મારે શિરે ગડગડે છે–એમાં વિમળાને શું? દુઃખ કે ચિંતા જેવું કંઇ હોય તો તે મને હોય–વિમળાને તેની સાથે શું લેવા–દેવા? તને આમ ઉદાસ, નિરાશ કે હતોત્સાહ થવાનું શું કારણ?" એવો એક વિચાર તેના મગજમાં થઈને વિજળીના આંચકાની પેઠે પસાર થઇ ગયો. વિમળા પોતાનાં સુખ–દુઃખની સહભાગી છે એ વાત ઘડીભર તે ભૂલી ગયો.

વિમળાના વદન ઉપર છવાયેલી વિષમતા દેદાશાહના દીલમાં આજે ખંજર ભોંકી રહી હતી. તેને પોતાની દીન અવસ્થાનું પુરેપુરૂં ભાન હતું. પોતે કરજમાં ગળા સુધી ડૂબી રહ્યો છે, વિરોધીઓ અને તેજોદ્વેષીઓ ભાતભાતના ગપગોળા ઉડાવી વંશપરંપરાગત ખાનદાનીને વગોવી રહ્યા છે એ વાત પણ તેના ધ્યાન બ્હાર ન હતી. છતાં સંસારની અનિત્યતા–કીર્ત્તિની માયા :વિગેરેનું ચિંતવન કરીને પોતાના હૃદયમાંથી જ નિજાનંદ મેળવી રહ્યો હતો. એટલું છતાં વિમળાના વહેવારે તેના મર્મ ઉપર છૂપો છતાં ઉંડો પ્રહાર કર્યો. તે ગમે તેવો સુજ્ઞ–વિચક્ષણ કે નિપૂણ હોય; પણ આખરે તો તે મનુષ્ય જ હતો. મનુષ્યને યોગ્ય નબળાઈ એ આવી તેને પોતાના સકંજામાં સપડાવ્યો.

થોડીવારે ધબકતા હૈયે પગલાં ભરતી વિમળા ત્યાં આવી. રોજનું પ્રસન્નતા યુક્ત વદન આજે કરમાઈ ગયું હતું. ગતિમાં પણ શિથિલતા દેખાઈ આવતી હતી. દેદાશાહના પાસે આવતાં જ તેની આંખમાં આંસુ ઉભરાઇ આવ્યા.

" બીજાં બધાં દુઃખો સહી લેવાય, પણ ગૃહસ્થાવસ્થામાં રહી સ્વેચ્છાકૃત દીનતા સદાને માટે સહી લેવી એ કંઇ બચ્ચાના ખેલ નથી, એ હું બરાબર જાણું છું. જો આપણે ધાર્યું હોત તો આ શહેરના બીજા શાહૂકારો અને શ્રીમંતોની પેઠે આપણે પણ આજે સાત મહેલની હવેલીમાં રહી આપણા દિવસો આનંદ–વિનોદ અને વિલાસમાં વિતાવી શકયા હોત. પણ આપણે એવાં ક્ષણિક સુખમાં ભાન ભૂલવાનું પસંદ ન કર્યું ધન–ધાન્ય–વૈભવના ભોગે પણ આપણે દીનતા અને સાદાઇમાં જ ચિરસ્થાઈ સુખ શોધ્યું. પણ હું હવે જોઇ શકું છું કે આ સ્થિતિ તમને અસહ્ય થઇ પડી છે. મારે હરકોઇ પ્રકારે પૈસાદાર બની આ દરિદ્રતાને હાંકી કહાડવી જોઇએ છે એજ તમારી મુખ્ય આશા અને આકાંક્ષા છે. " દેદાશાહે પોતાની પ્રિયતમાને આશ્વાસન આપવા અને ભવિષ્યનો માર્ગ સૂચવવા દીલના ઉભરા ઠલવવા માંડ્યા.

માર માર કરતો ખુની પણ શાંતમુદ્રાધારી મુનિ પાસે આવતાં જેવો ઠંડોગાર બની જાય તેજ પ્રમાણે વિમળાનાં કોપ અને ક્ષોભ ઓસરી ગયાં. લેણદારોના ઉપરા ઉપરી તકાદાને લીધે કંટાળેલી વિમળાનું અંતર ખીલતી કળી સમું

વિકસ્વર બન્યું. તે બોલી:–"મેં આપને કોઇ દિવસ કડવું વેણ કહ્યું નથી–આજે પણ મારાથી બની શક્યું હોત તો મેં આ દુ:ખના કડવા ઘુંટડા ગળે ઉતારી લીધા હોત. જીવનમાં સાદાઇની કીમ્મત હું સમજુ છું, પૂર્વજોના પુણ્ય પ્રતાપે વૈભવ પણ મારાથી અજાણ્યા નથી. પરંતુ આ કરજની બદનામી તો દુશ્મનોને પણ ન હોજો! હજી પણ બે ટંકને બદલે એક ટંક જમવાનું સૂત્ર સ્વીકારીને આ કરજના ભારમાંથી છૂટાતું હોય તો મારી મુદ્દલ આનાકાની નથી. હરકોઈ પ્રકારે પણ આપણે કરજના રાક્ષસી પંજામાંથી છૂટી જવું જોઈએ."

દેદાને પણ એજ દુ:ખ પીડી રહ્યું હતું. તે પોતે ગમે તે કષ્ટને વેઠી લેવા હંમેશા ઉત્સુક હતો. પણ જે લેણદારો એક વખતે દેદાશાહના ચરણ સેવતા તેજ પાછા અધીરા બનીને પોતાનો પ્રતાપ સૂચવવા વારંવાર ડંખ મારે એ તેને માથા વાઢયા જેવું લાગતું. પરંતુ તે નિરૂપાય હતો. તેનો ઘણો ખરો પૈસો દયા, દાન, પરોપકાર તથા સેવામાં વપરાયેલો હોવાથી તેને પોતાની ગરીબ સ્થિતિ માટે કોઇ દિવસ કંટાળો આવ્યો ન હતો. છતાં આજે વિમળાનું ઔદાસિન્ય તેને શુળ ઉપજાવી રહ્યું હતું. હવે તો કોઈ પણ પ્રકારે આ કરજના ત્રાસમાંથી છુટકારો મેળવવો એવી તેણે મનમાંને મનમાં જ ગાંઠ વાળી લીધી.

વિમળાને સંતોષવા તેણે કહ્યું:–"તેં મને વખતસર સાવચેત કર્યો તે બદલ મારે ખરેખર જ તારો ઉપકાર માનવો

જોઇએ. કરજનું દુઃખ મને છેક અજાણ્યું નહતું પણ એ દુઃખની ઉન્હી જવાળા તારા મનને અને શરીરને આ રીતે સળગાવી રહી છે તે વાતથી તો છેક અજાણ હતો. મેં પરિશ્રમ અને પુરૂષાર્થ કરવામાં બાકી નથી રાખી. પણ કોણ જાણે કેવાં ય કર્મ પૂર્વે કર્યાં હશે કે મારા ઘણા દાવ નિષ્ફળ જ નીવડ્યા છે. હવે એક છેલ્લો પાસો ફેંકવો બાકી છે. તે પણ આવતી કાલે ફેંકી દઇશ. હું પાછો ન આવું ત્યાં સુધી સમજજે કે મારી સાધના હજી પરિપૂર્ણ નથી થઇ. મારો પ્રયત્ન ફળશે અથવા ભાગ્યોદય આડે આવેલાં વાદળ વિખરાશે કે તેજ ઘડીએ, લેશમાત્ર પણ વિલંબ કર્યા વિના અહીં આવીને હાજર થઈ જઇશ. કાંતો દેહ પાડ્વો અને કાંતો કાર્ય સાધવું એવો નિશ્ચય કરીને જ કાલે પ્રયાણ કરીશ.”

દેદાશાહની પ્રતિજ્ઞાનું મૂલ્ય વિમલા બરાબર સમજતી હતી. તેને ખાત્રી હતી કે જે વાત પોતાના પતિ મન ઉપર લે તે જાનના જોખમે પણ ફળીભૂત કર્યા વિના ન રહે. બે-પાંચ દિવસ વધુ રોકાઇને પણ પોતાની ઈષ્ટસિદ્ધિ વરશે એ આશામાં તે સંતુષ્ઠ બની.

આ નીતિપરાયણ કુટુંબ ઉપર અકસ્માત્ ઘેરાઇ આવેલાં વાદળ એ રીંતે જોતજોતામાં વીખરાઇ ગયાં. વિમળાના એકજ આઘાતે દેદાશાહના ભાગ્ય આડેનાં આવરણ પણ ધ્રુજી ઉઠ્યાં.

# પ્રકરણ ૩ જું.

## અટવીનો યાત્રી

તે રાત્રીએ દેદાશાહને પૂરી નિદ્રા પણ ન આવી. કેટલીયે યોજનાઓ મનમાં ઘડી અને પાછી મનમાં ને મનમાં જ સમાવી દીધી. કલ્પનાઓ અને તર્ક-વિતર્કોએ રાત્રીના છેલ્લા પહોરે તેનો સંગાથ છોડયો. અરીસા જેવો તેનો નિર્મળ મન:પ્રદેશ ખુલ્લો થતાં દેદાની નજરે એક પાર્થિવ દ્રશ્ય ખડો થયો. દૂર દૂરની ઘટાઓને ચીરી જાણે કોઇ એક યોગી તેને પોતાની પાસે બોલાવી રહ્યો હોય અને જાણે કે ત્યાં જ તેનાં સર્વ દુ:ખોની છેલ્લી હોળી પ્રકટવાની હોય એવો આભાસ અનુભવ્યો.

તે એકદમ શય્યામાંથી જાગૃત થયો. દ્રવતા અંત:કરણે પંચપરમેષ્ઠીનું સ્મરણ કર્યું અને જીન શાસનના અંતરીક્ષમાં રહેલા કલ્યાણકારી અધિષ્ઠાયક દેવો ઉપર આસ્થા રાખી ઘરની બ્હાર નીકળી પડ્યો, વિમળાને જગાડી તેની અનુમતિ લેવા જેટલી પણ હિમ્મત ન ચાલી.

સારૂં યે વિશ્વ શાંતિની સોડમાં સૂતું હતું. સંસારીઓ સૂતા હોય છે તે વખતે યોગીઓ જ માત્ર જાગતા રહી પરમાત્મ-યોગ સાધી રહ્યા હોય છે. દેદો પણ આજે યોગ સાધવા નિકળ્યો હતો. સંસારની સુષુપ્ત દશાનો લાભ લઇને પોતાના

નિશ્ચયને પરિપૂર્ણ કરવા ઉતાવળે પગલા ભરતો ગામથી દૂર નીકળી ગયો. દેદાશાહનો યોગ ત્યાગીઓ–મુનિઓ–વૈરાગીઓના યોગ કરતા જૂદા પ્રકારનો હતો.

ક્રમે ક્રમે તેણે એક ગાઢ અરણ્યમાં પ્રવેશ કર્યો. ભય અને થાકથી કદિ પણ ન ત્રાસે એવું દેદાનું હૈયું અરણ્યની અગાધ શાંતિ અનુભવી સંક્ષુબ્ધ થયું. તે ઘડીવાર થંભ્યો. કંઈક વિચાર કર્યો અને પુનઃ આગળ ચાલ્યો.

પરંતુ તે ક્યાં જવા માગતો હતો અને તેનો શું ઉદ્દેશ હતો એ નથી સમજાતું. દેદાને પોતાને પણ એની ભાગ્યે જ ગતાગમ હશે. આકાશમાં ઉડતી પતંગોને જેમ કંઇજ ઉદ્દેશ નથી હોતો તેમ દેદાશાહ પણ આજે નિરૂદ્દેશ ચાલ્યો જતો હતો, જે રસ્તે પગ ઘસડી જાય તે જ રસ્તે જવા સિવાય તેનો બીજો કંઈજ નિર્ધાર નહીં હોય.

ત્યારે શું તે સંસારની અટપટી જંજાળને છોડી, પોતે માની લીધેલી કોઇપણ પ્રકારની શાંતિની શોધમાં નીકળ્યો હતો ? અલબત્ત, તે શ્રાવકના વ્રત–નિયમો અને ભાવનાઓને વિષે પુરેપુરો શ્રદ્ધાવાન હતો, સંસારની અનિત્યતા અને અસારતા પણ થોડેઘણે અંશે સમજી શકયો હતો, પણ એક કાયરની જેમ નાસી છુટવું એને તે પામરતા જ ગણતો હતો. પોતાનું ગમે તે થાય, જંગલનાં હિંસક પશુ–પ્રાણીઓ ભલે પોતાને ફાડી ખાય, ભૂખ, તરસ ને થાકને લીધે દેહની ચાહે તેવી દશા થાય, પણ એક વાર વિધિની લીલાનો પાર પામવા ત આગળ ને આગળ ચાલવા લાગ્યો.

બપોર નમવા આવ્યા. અન્ન–પાણી અને આરામના આધારે આજ્ઞાંકિત રહેતા દેહે એક પણ ડગલું આગળ જવાની સાફ ના પાડી. દેદાશાહે એક વૃક્ષની શીતળ છાંયા નીચે સહેજ આરામ લેવા નિશ્ચય કર્યો.

ઉદ્યોગી અને યોગીઓને નિદ્રા વેરણ જેવી લાગે છે. કાયર અને કંગાળ પુરૂષોને મૃત્યુ ભારે ભયાવહ લાગે છે. પરંતુ દુઃખના ઉગ્ર દાવાનળમાં અસાધારણ શાંતિ પ્રેરનાર જો કોઇ હોય તો તે કાંતો નિદ્રા અને કાંતો મૃત્યુ. ઉપરાઉપરી આપત્તિઓથી બળી–ઝળી રહેલા માનવને જ્યારે તેના સગા–સંબંધીઓ, મિત્રો તજીને ચાલ્યા જાય છે ત્યારે માત્ર નિદ્રાજ તેને વ્હાલથી પોતાના ખોળામાં લે છે અને સ્નેહસ્પર્શવડે ઘડીવાર મંત્રમુગ્ધ બનાવે છે. રોગ–દર્દથી રીબાતા માનવીને પણ એજ પ્રમાણે મૃત્યુ આવીને તેના સંતાપ હરી લે છે. થાકીને લોથ જેવા થઇ ગયેલા દેદાશાહને નિદ્રાએ પોતાના કોમળ કાબુમાં લીધો.

કુદરત પણ દેદાના દુઃખમાં ભાગીદાર બની. વાયુની લ્હેરોએ તેના શ્રમિત અંગ ઉપર માતાના જેવા સ્નેહકોમળ હાથ ફેરવ્યા. તે પોતાનું બધું દુઃખ ભૂલી ગયો.

આસ્તે આસ્તે પ્રખર કીરણો વર્ષાવતો સૂર્ય પણ હવે પોતાની સત્તા સંકેલેવા લાગ્યો. પોતાના પ્રિય આવાસને તજી દૂર ગયેલા પંખીઓ કલકલ રવ કરતાં પાછાં ફરવાં લાગ્યાં, છતાં દેદાશાહે આંખ ન ઉઘાડી. અત્યારે તે એક મનોરમ સ્વપ્નની મોજ માણી રહ્યો હતો. કેવું હતું એ સ્વપ્ન?

જાણે વિમળા પાસે ઉભી હતી. તે પોતાના પતિને આ સુખમય ગૃહ તજી બ્હાર ન જવા આગ્રહયુક્ત આજીજી કરી રહી હતી. દેદાનું હૃદય પણ આ સ્નેહ અને ભક્તિભાવ પાસે દ્રવતું હતું. પરંતુ બીજી જ ક્ષણે મનોરમ સ્વપ્ન ભાંગીને ભુક્કો થઇ ગયું ! લેણદારોનું એક મોટું ટોળું જાણે લાલ નેત્ર વિકાસતું અને ઘુરકતું પોતાની સામે ધસી આવતું હોય એમ જણાયું. વિમળા ભયભીત બની ત્યાં જ બેસી ગઈ, માથા ઉપર વસ્ત્રનો છેડો વીંટી લીધો. ઉંઘમાં પડેલા દેદાશાહ સ્વપ્નસૃષ્ટિ નીરખી ચમકયો. આંખો ઉઘાડીને આસપાસ જોયું તો રાત્રી પડી ગઇ હતી.

આ અંધકારમય નિર્જન અરણ્યમાં હવે આગળ વધવાનો વિચાર માંડી વાળવો પડયો. તેને પોતાનું વ્હાલું ઘર-વિમળાનો સ્વર્ગીય સ્નેહ યાદ આવ્યાં. તેણે અહીંથી પાછા ફરવાનો વિચાર કર્યો પણ હિમ્મત ન ચાલી. આ રાત્રી તો આટલા ને આટલામાં જ વિતાવી દેવાનો તેણે તત્કાળ નિર્ણય કરી નાખ્યો.

બે દિવસ અને બે રાત્રી એ પ્રમાણે વ્યતીત થઈ ગઇ આ બધો વખત દેદાશાહે એક જ કામ કર્યું—તે આ ભયાવહ અટવીમાં આગળ ને આગળ ચાલ્યો ગયો. કોઇ પણ પ્રકારના ઉદ્દેશ વિના માત્ર ભવિવ્યતા ઉપર આસ્થા રાખી તેણે માર્ગ કાપ્યો, પ્રવાહમાં ઘસડાતા તરણાનો જેમ કઈંજ ઉદ્દેશ નથી હોતો, પવનની ગતિ એજ એક માત્ર નિયામક

બની રહે તેમ તે પણ કેટલીયે ખીણો, નાળાઓ અને ટેકરીઓ વટાવતો આગળ ચાલ્યો.

દેદાની જગ્યાએ જો બીજો કોઇ હોત તો તે આ અટવીની ઘોર શાંતિ, વનચરની ભયંકર ગર્જના અને શારીરિક થાકથી કંટાળી બીજી જ ક્ષણે ઘરની દિશામાં નાશી છુટ્યો હોત અથવા તો લેણદારોના ત્રાસથી અકળાઇ પોતાના શરીરને જંગલી પશુઓની દયા ઉપરજ છોડી દીધું હોત. પણ દેદાશાહનું શરીર અને મન પણ કોઈ અનેરી ધાતુથી ઘડાએલાં હતાં. ભય કે થાકની તેણે પરવા ન કરી જાણે. કોઈ એક મહાન્ સિધ્ધિ તેને પ્રત્યેક ક્ષણે મધુર સાદથી સંબોધી રહી હોય અને આ દેખીતી આપત્તિના દ્વારમાં થઈને રાજમાર્ગ સાંપડવાનો હોય તેવી દ્રઢ શ્રદ્ધા રાખી તેણે પોતાનો પ્રયાસ ચાલુ રાખ્યો.

એટલામાં એક રમણીય વાટિકા જેવો દેખાવ તેની નજરે પડયો. આ નિર્જન અને ભયાનક અટવીમાં કોઇ મનુષ્યનો વાસો હોય એવી કલ્પના કરવાની હીમ્મત પણ કેમ ચાલે ! છતાં તેણે ધારીને જોયું એક ન્હાની કેડી ઉપર એક મનુષ્ય જેવાં પગલાં તેણે નીહાળ્યા. ભરસમુદ્રમાં અથડાતા વહાણવટીને કીનારો દેખાતાં જેવો આહ્લાદ થાય તેવો જ આહ્લાદ દેદાશાહના અંતરમાં ઉભરાવા લાગ્યો. તેને ખાત્રી થઇ કે આટલામાં કોઈ પણ એકસ્થળે માનવનું વાસ સ્થાન અવશ્ય હોવું જોઇએ. તે પોતાનાં સર્વ દુઃખોને ક્ષણભર વિસરી ગયો. થોડે દૂર જતાં જ તેના પગમાં નવું જોમ આવ્યું. આસ-

પાસના પ્રત્યેક વૃક્ષ અને લતામાંથી જાણે આશ્વાસન અને આશાના દૈવી સંદેશ છુટના હોય તેવી તૃપ્તિ અનુભવી.

દેદાશાહનો ભાગ્યરવિ હવે ઉદય પામવાની જ તૈયારી કરી રહ્યો હતો. તેણે એક જટા જૂટધારી વડલાની છાંયામાં એવા જ એક તપસ્વી યોગીને ધ્યાનસ્થ અવસ્થામાં નિહાળ્યા. રખેને આ કોઈ માયા હોય; રખેને આ ઇન્દ્રજાળ હોય રખેને આ સ્વપ્ન હોય એવી શંકાએ ક્ષણવાર તેને અકળાવ્યો. તેણે પોતાના મનને બરાબર કસીને ખાત્રી કરી લીધી કે પોતે ખરેખર જાગૃત અવસ્થામાં જ હતો અને પોતે જે દૃશ્ય નિહાળે છે તે કેવળ કાલ્પનિક, ભ્રાન્તિજન્ય કે મિથ્યા તો નથી જ.

ધ્યાનસ્થ યોગીરાજના વદન ઉપર તેજનો અંબાર છલકાતો હતો. નયનો મીંચાયેલાં હતાં. છતાં ગંભીર શાંતિ અને અપાર વૈરાગ્યનો વૈભવ તો કોઇને પણ આકર્ષ્યા વિના ન રહે. પાસે કોઇ શિષ્ય કે સેવક પણ ન હતો. યોગીની ધ્યાનલીલામાં એકરસ બનેલાં વૃક્ષ લતા પણ કોઇ અપૂર્વ તીર્થક્ષેત્રની ભાવના ઉપજાવતા હતાં. શાંતિ, ભક્તિ અને મધુરતાવડે આસપાસનું વાતાવરણ ભરચક હતું.

બહુજ ધીમે ધીમે દેદાશાહ એ યોગીવરની સમીપ પહોંચ્યો. પદ્માસન વાળેલા ચરણમાં તેણે ભક્તિભાવ પૂર્વક મસ્તક નમાવ્યું. ભકતાત્મા જેવી રીતે પોતાના ઇષ્ટદેવ પાસે વિનિતભાવે બેસે તેમ બે હાથની અંજલી જોડી દેદાશાહ બરાબર તેમના

સામે બેઠો. તેને હવે યોગીનાં આશ્વાસન કે વ્યાખ્યાનની જરૂર હતી. આ મૌન મુદ્રામાં જ જાણે તેનું સર્વસ્વ સમાઇ જતું હોય તેમ તે યોગીના દેહ ઉપર વિલસતી રમ્યતા અને મધુરતાનું પાન કરવા લાગ્યો.

થોડી વારે યોગીએ આંખો ઉઘાડી. વાદળમાં છુપાયેલો સૂર્ય જેમ સોળે કળાએ એકાએક પ્રકાશી નીકળે તેમ યોગ-સિદ્ધિનાં કીરણવડે આસપાસનું તપોવન પણ જાણે પ્રફુલ્લિત થતું હોય તેમ લાગ્યું યોગીવરે દેદાશાહ તરફ કૃપાભીની નજરે એક દ્રષ્ટિપાત કર્યો. પોતે કોણ છે અને આટલે દૂર શા સારૂ આવ્યો છે એ પ્રશ્નજ સ્વાભાવિક રીતે પૂછાય એમ દેદાશાહે માની લીધું હતું-ને તેનો જવાબ પણ તેણે ગોઠવી રાખ્યો હતો, પરંતુ આ-શ્ચર્યની વાત એ છે કે યોગીરાજે એ પ્રકારનો એક પણ પ્રશ્ન ન પૂછયો. આંખો ખોલતાની સાથે જ તેમણે એક પૂર્વના પરિચિતની જેમ-એક આત્મીય સગાં-સંબંધીની જેમ કહ્યું:-
"દેદાશાહ! બહુ ભારે તકલીફ ઉઠાવવી પડી. તમારા અડગ નિશ્ચય અને અદ્દભુત શ્રધ્ધાબલ માટે મને પ્રથમથી જ પૂરી ખાત્રી હતી. તમે આજે આટલે દૂર મારી પાસે આવવા જ જોઇએ એમ મેં ધાર્યું હતું. તમે બરાબર વખતસરજ આવી પહોંચ્યા છો. જો થોડો વિલંબ થયો હોત તો કદાચ આજે મારો ભેટો ન થાત. હા, પણ તમે બહુજ થાકી ગયા હો તેમ જણાય છે અને આજે—"યોગીરાજ જાણે કોઈ એકાદ પુસ્તકના પાનાં ઉથલાવતા હોય તેમ શૂન્ય દ્રષ્ટિએ આકાશ સામે જોઇ રહ્યા તે પછી તત્કાળ પેલું અધુરૂં રહેલું વાકય પુરૂં કરતા બોલ્યા:-

અને ત્રણ-ત્રણ દિવસ થયાં તમને શુદ્ધ આહાર-પાણી પણ પ્રાપ્ત નથી થયાં. તમારી જગ્યાએ જો બીજો કોઈ હોત તો કંટાળીને ઘરભેગોજ થઇ ગયો હોત, પણ ખરેખર તમારી હિમ્મત અને સાહસિકતા ધન્યવાદને પાત્ર છે. ચાલો-એક વાર આહાર-પાણી વાપરી તૃપ્ત થાઓ, પછી આપણે નિરાંતે વાતો કરીશું. તમે તમારા લેણદારોના ત્રાસથી કેટલા કંટાળ્યા છો તે હકીકત પણ આપણે તે પછીજ ચર્ચીશું. વિમળાની ચિંતા પણ તમને વ્યગ્ર બનાવતી હશે. એ બધું હું સારી પેઠે સમજી શકું છું. પણ અત્યારે એ ચર્ચામાં ઉતરવાનો આપણને અવકાશ નથી. એકવાર ભોજન અને થોડો આહાર લ્યો-પછી એ બધું થઇ રહેશે."

દેદાશાહના આશ્ચર્યનો પાર ન રહ્યો. આ યોગીરાજમાં તેને કોઇ અદ્ભૂત પુરૂષના દર્શનનું ભાન ઉદ્ભવ્યું. પોતે ત્રણ દિવસ થયાં નિરાહાર છે અને લેણદારોના ત્રાસથી દુ:ખીત છે એ હકીકત આટલે દૂર-આ ભયંકર અટવીમાં રહ્યા રહ્યા યોગીરાજે શી રીતે મેળવી લીધી હશે તેની તે કલ્પના પણ ન કરી શકયો. યોગીઓ જ્ઞાનદૃષ્ટિવાળા હોય છે અને પોતાની સિદ્ધિના બળથી જગતના તમામ વ્યાપારો હસ્તામલકવત જોઇ શકે છે એ સમજવા છતાં અત્યારે ભક્તિ અને આનંદના અતિરેકમાં તે બધું ભૂલી ગયો. યોગીરાજે વળી વિમળાનું પણ સ્મરણ કરાવી દીધું ! માંડ માંડ જે ચિંતાને તે આઘે ને આઘે હડસેલવા માગતો હતો :એજ ચિંતા યોગીરાજના કથનથી પુન: પ્રત્યક્ષ થઈ, પોતાની સાધ્વી-સરળ-પતિપ્રાણા

સહચરીનું સ્મરણ થતાં તેની આંખમાં અવનવું તેજ સ્ફુર્યું. પોતે તેને દગો દીધો છે-વગર કહ્યે વિશ્વાસઘાત કરીને આટલે દૂર નીકળી આવ્યો છે એ વિચારે તે મુંઝાયો.

કોણ જાણે એ તર્ક અને ચિંતાના ઘેનમાં કેટલો સમય નીકળી ગયો હશે તેનું તેને ભાન ન રહ્યું. થોડી વારે તપોવન જેવા ઉદ્યાનમાં એક આંટો મારી પેલા યોગીરાજ ત્યાં આવી પહોંચ્યા.

" અજાણ્યા ઘરનો આહાર અને અજાણ્યા ફળ-ફુલનો ઉપયોગ શ્રાવકથી ન થઇ શકે એ હું જાણું છું, અને એટલાજ માટે મેં તમારા નાંદુરી ગામના એક વહેવારીયાને ત્યાંથી આ થાળ મંગાવી લીધો છે. તમારે હવે બીજી કોઇ જાતના વિકલ્પ ઉપજાવી દુઃખી થવાની જરૂર નથી." યોગીના આ સાદા આશ્વાસનમાં પણ મધુરતા અને સમભાવના ભરી હતી.

દેદાશાહને પણ હવે વધુ વિલંબ કરવાનું ઉચિત ન લાગ્યું. તેમણે એક શુદ્ધ શ્રાવકને છાજે તેવી રીતે નિરાંતે બેસીને ભોજન કર્યું. યોગીરાજ પણ તેની વિવેકશીલતા, આચારપ્રિયતા અને સ્વાભાવિક મૃદુતા નિહાળી વધુ પ્રસન્ન થયા.

ભોજન વિગેરેથી નિવૃત્ત થઇ દેદાશાહે એક વૃક્ષની શીતળ છાંય નીચે શરીર લંબાવ્યું. જોતજોતામાં તે ઘસઘસાટ ઉંઘી ગયો. ત્રણ-ત્રણ દિવસના થાક અને ચિંતાનો એકી સાથે બદલો વાળવાનો હોય-જાણે કોઇ ભારે કરજમાંથી છુટકારો થતો હોય તેમ તે શાંત નિદ્રામાં પડ્યો. ખરેખર આજે

તેના સર્વ સાંસારિક દુઃખ દૂર થવાની સૂચના મળી ચૂકી હતી. બાળક જેવી રીતે પોતાના શિરચ્છત્ર સ્વરૂપ માતપિતાની હુંફમાં આરામ લે તેવી રીતે તે પણ પોતાની સર્વ ઉપાધિઓને ઘડીભર વિસારી મૂકી ગાઢ નિદ્રામાં નિમગ્ન થયો.

એકાદ પ્રહર એ પ્રમાણે વીત્યો હશે. ઉપવનની ઘટામાં થઇને સૂર્યનાં કીરણો પૃથ્વી ઉપર પ્રકાશ ફેલાવી રહ્યાં હતાં. યોગીરાજે દેદાશાહની નજીક જઇ નિદ્રામાંથી તેને જાગૃત કર્યો. નિર્દોષ બાળકને પિતા જેવા વ્હાલથી સંબોધે તેમ તેમણે દેદાશાહને ઉદ્દેશીને કહ્યું:— “ આજેજ એ અવસર પ્રાપ્ત થયો છે. તમને આટલી બધી ત્વરાથી મારી તરફ આકર્ષવામાં પણ એજ એક મુખ્ય કારણ હતું. ચાલો–મારી સાથે ચાલો.”

દેદાશાહે મૌનપણે યાગીરાજની પાછળ ચાલવા માંડયું. થોડે દૂર ગયા પછી યોગીરાજ થંભ્યા. તેમણે એક વેલી પ્રત્યે ધ્યાનપૂર્વક નીહાળ્યું. જાણે કોઇ પુસ્તકનાં પાનાં વાંચતા હોય તેમ એ વેલીના વિકાસ અને પત્રના આકાર–પ્રકારાદિનું બારિક અન્વેષણ કર્યું.

“ બસ, એજ વેલી ! દેદાશાહ ! ” એવા ઉદ્‌ગાર યોગીરાજના મુખમાંથી નીકળ્યા. દેદાશાહને કાંઇ સમજ ન પડી. યોગીરાજ આ વેલીને શા સારૂ આટલા ભાવથી આટલી સૂક્ષ્મતાથી નિહાળી રહ્યા હશે તે પોતે ન સમજી શકયો. વળી વેલીની સાથેજ યોગીરાજે પોતાના નામને શા માટે ઉચ્ચાર કર્યો તે પણ તેનાથી ન સમજાયું.

જંગલમાં આવાં તો અસંખ્ય વેલાઓ હોય. યોગીરાજને આ નાજુક વેલી માટે આટલી બધી લાગણી શા સારૂ? દેદાશાહને આ યોગીના વહેવારમાં અદ્ભૂતતાના દર્શન તો કયારનાયે થઇ ચૂકયા હતા. પોતે નાંદુરી ગામનો રહીશ છે, ભારે કરજની ઉપાધિથી કંઠ સુધી ગુંગળાયેલો છે અને વિમળાનો વિરહ અંતરમાં આગ સળગાવી રહ્યો છે એ બધી વાત આ યોગી આટલે દૂર બેઠા બેઠા શી રીતે કળી ગયા તેની આશ્ચર્ય મુગ્ધતામાંજ તે પોતાનું ભાન ભૂલી ગયો હતો. એટલામાં આ સામાન્ય વેલી અને યોગીરાજની ઉંડી વિચાર શીલતા નીહાળી તેને તો આ બધું એક વિરાટ સ્વપ્ન હોય એવોજ આભાસ થવા લાગ્યો.

# પ્રકરણ ૪ થું.

## સૂની શય્યા.

નિત્યના નિયમ પ્રમાણે વ્હેલી વિમળા ઉઠી, સ્વામીના દર્શન અર્થે તેમની શય્યા પાસે ગઇ અને જાણે આકાશમાંથી અકસ્માત વજ્ર તૂટી પડયું હોય તેમ ચમકી. શય્યા સૂની પડી હતી—સ્વામીના સ્મરણ જગાડતી શય્યા વિમળાને વિકરાળ રૂપ થઇ પડી. કોઇ દિવસ નહી ને આજે જ પોતાના સ્વામી દેદાશાહને આવું સાહસ કેમ સૂઝયું? ગઇ કાલના કલેશનું તેને

સ્મરણ થયું; પરંતુ ગૃહસંસારના આવા એક સામાન્ય ક્લેશ નિમિત્તે દેદાશાહ જેવો સમર્થ. વિચારશીલ અને ક્ષમાવીર. વગર કહ્યે ઘરનો ત્યાગ કરી જાય એવી તો તેણે સ્વપ્નમાં પણ કલ્પના નહીં કરી હોય. જો વિમળાને સ્હેજ પણ આવો તર્ક આવ્યો હોત, દેદાશાહના વિચાર, વાણી કે વર્તનમાં એ ભાવનું લવલેશ પણ સૂચન થયું હોત તો તે સ્વામીની શય્યા આટલી બેદરકારીથી છોડીને બીજા ખંડમાં ન જાત.

દેદાશાહ અને વિમળા કેટલાક વર્ષો થયાં પૃથક શય્યાનો શાસ્ત્રીય નિયમ પાલતા હતા. તેઓ બન્ને કેટલા ધાર્મિક અને વિચારશીલ હતાં તે માત્ર એક પ્રસંગ ઉપરથી જ જણાઇ આવશે. એ પ્રસંગ તેમની પૃથકશય્યા સાથે અતિ નિકટનો સંબંધ ધરાવતો હોવાથી અત્રે ઉલ્લેખને યોગ્ય જ ગણાય.

એક દિવસે વ્યાખ્યાનમાં ગુરૂદેવ શ્રી મહાવીર સ્વામીનું ચરિત્ર વાંચતા હતા. ત્રિશલા દેવીનાં ચૌદ સ્વપ્નના વર્ણને શ્રોતાઓનાં ચિત્તને જકડી રાખ્યા હતાં. સ્વપ્નના વર્ણન પછી ત્રિશલાદેવી શય્યામાં કેવી રીતે ઉઠ્યા અને ધીમે પગલે પોતાના સ્વામી પાસે ગયા. તેનું મહારાજશ્રીએ રસભર્યું વર્ણન કર્યું શ્રોતાએ તે સાંભળી પોતપોતાના સ્થાને રવાના થયા. દેદાશાહ અને વિમળા જે હંમેશા એક નિયમ તરીકે વ્યાખ્યાનમાં હાજર રહેતાં તેમની ઉપર આ પ્રસંગની કંઇક જુદીજ અસર થઇ. સ્વપ્નનાં કવિત્વ ભરેલાં વર્ણન સાંભળવાથી તેમનાં ચિત્તને પ્રમોદ તો અવશ્ય થયો. પણ તે કરતાં તો ત્રિશલાદેવી

ઉઠીને પોતાના સ્વામી પાસે ગયા એ હકીકતે તેમને સવિશેષ વિચાર કરવા પ્રેર્યા.

ઘેર પહોંચ્યા પછી વિમળાએ પોતાના સ્વામીને પહેલો પ્રશ્ન એજ પૂછયો, ત્રિશલાદેવી મંદ ગતિએ ચાલતાં સિધ્ધાર્થ રાજાના શયનગૃહમાં ગયા એનું શું રહસ્ય હશે ?

દેદાશાહે ઘડીકવાર વિચાર કર્યો અને વિમળાનો પ્રશ્ન બરાબર સમજવા પ્રયત્ન કર્યો. જાણે કંઇ નવીજ વાત સૂઝતી હોય તેમ તેના મુખઉપર એક પ્રકારનો ઉલ્લાસ પ્રકટયો. અને કહ્યું:–
" મને લાગે છે કે આપણા આર્યાવર્ત્તમાં એક વખતે પૃથક્ શચ્યાનો નિયમ પ્રચલિત હતો. એટલુંજ નહીં પણ પૃથક્ પૃથક્ શયનાગાર પણ જરૂર હોવા જોઇએ. સ્ત્રી–પુરૂષ બન્ને પોતાના ધર્મમાં રહીને તિથિની પવિત્રતા તથા આત્મહિન જાળવી શકે એટલા માટે આપણા પૂર્વજોએ પૃથક્ શય્યા ઉપર ખાસ ભાર મૂકયો હશે. અને તેથીજ ત્રિશલાદેવીને પોતના સ્વપ્ન સંબંધી વૃતાંત નિવેદન કરવા સિદ્ધાર્થ રાજાના શયનગૃહ તરફ જવું પડયું હશે. જો તેમની ઉભયની એકજ શય્યા હોત અથવા તો બન્ને એકજ શયનગૃહમાં હોત તો ત્રિશલાદેવીના ગમનની એ વાત શાસ્ત્રના પાને ન ચઢત. હું ધારૂં છું કે એ પ્રસંગ બહુ મહત્વનો છે. એટલુંજ નહીં પણ જેઓ સંસારમાં વસવા છતાં પોતાના દેહ અને આત્માને યથાશક્તિ પવિત્ર રાખવા મથે છે તેમને માટે એ નિયમ બહુજ જરૂરનો છે. "

એ વાતને આજે કેટલાય દિવસો નિકળી ગયા છે. છતાં

દેદાશાહ અને વિમળા એ પૃથક્‌શય્યાનો નિયમ બરાબર જાળવતા આવ્યા છે. તેમને એ નિયમના ઉપકાર પણ સમજાયા છે. સંસાર ભાગ્યેજ આ સંયમની હકીકત જાણી શક્યું હશે. પરંતુ એ બળવાન્ આત્માઓને સંસારની કદરદાનીની કશીજ પરવા ન હતી. તેઓ તો પોતાના આત્મકલ્યાણ અર્થેજ બધા પ્રકારના વૃત-નિયમ પાળતા. જાહેર ખબર ફેલાવવાની કે સસ્તી કીર્તિ મેળવવાની તેમને કોઇ દિવસ પણ ઇચ્છા સરખી પણ ન્હોતી ઉદ્‌ભવી.

અને તેથીજ જ્યારે પ્રાત:કાળમાં વ્હેલી ઉઠી વિમળા પોતાના પતિદેવના શયનગૃહ તરફ ગઇ અને પતિની શય્યા સૂની લાગી ત્યારે તેના અંતરમાં ભારે ધ્રાસકો પેઠો. કહ્યા વિના બ્હાર જવાની દેદાશાહની ટેવ ન હતી એ વિમળા જાણતી હતી. ઘડીવાર તે સૂની શય્યા સામે નિહાળી રહી ! બ્હારથી થાક્યા પાક્યા આવેલા પતિને એકલા કેમ રહેવા દીધા એ વિચારે તેને પશ્ચાત્તાપ થવા લાગ્યો. પોતે આવેશમાં ને આવેશમાં જે શબ્દો ગત રાત્રિએ કહ્યા હતા તેને માટે તેનું કોમળ હૃદય વલોવાયું; છતાં અત્યારે તે નિરૂપાય હતી. જો દેદાશાહ નજીકમાંજ હોત તો તે એક સતિ સન્નારીને છાજે તે રીતે તે તેની પાસે જઇ, નમ્રપણે તેમની ક્ષમા માગી, પોતાનાં પાપને ધોઇ નાખત. પણ હવે શું કરવું ? લોકો પૂછશે તો તેનો શું જવાબ આપીશ એ પ્રશ્ન પણ તેને મુંઝવવા લાગ્યો.

સુખના સામાન્ય સંજોગોમાં ગભરાઇ જનાર માણસને

માથે જ્યારે એકાએક આફત ટૂટી પડે છે ત્યારે એ આફતની સાથે એટલુંજ ધૈર્ય પણ કોણુ જાણે કયાંથી ઉતરી આવે છે. અને એમાંય જેની ઉપર ભાગ્ય લક્ષ્મીની કંઇકે મ્હેર વરસવાની હોય છે તેઓ સંકટના સમયમાં પણુ ખૂબ ધૈર્યનો સંચય કરી એ વિપત્તિની સામે ઝઝુમે છે. વિમળાનું રાંક હૈયું આ અણુચિંતવી આપત્તિ સહન કરવાને બહુજ દુર્બળ હતું. બે દિવસ પહેલાં આ વાતની કલ્પના કરતાં પણુ જરૂર તે ધ્રુજી ઉઠી હોત; પરંતુ ધીમે ધીમે તેણુે ધૈર્ય અને હિમ્મતને પોતાની સહાયે બોલાવ્યા. ઘણીવાર સુધી તે અશ્રુભિના નયને સૂની શય્યા તરફ એકીટસે નીહાળી રહી. પણુ હવે તેને લાગ્યું કે આમ વ્યર્થપણે બેસી રહેવાથી કંઈજ અર્થ સરે એમ નથી. પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ માની કર્તવ્યકર્મ કરવાં એજ ધાર્મિક મનુષ્યનું મુખ્ય લક્ષણુ છે; એમ વિચારી તે ઉઠી.

નિત્યના ધાર્મિક નિયમોમાં પણુ પ્રમાદ ન કર્યો. ઉદાસીનતાએ તેને કર્તવ્યથી વિમુખ ન કરી. છતાં તે પતિનાં સ્મરણુ અને પશ્ચાત્તાપથી પણુ સાવ નિર્મુક્ત ન રહી શકી. જ્યારે જ્યારે શાંતિ અને એકાંત લાધ્યાં ત્યારે ત્યારે શાસનદેવને પ્રાર્થી એજ યાચના કરવા લાગી કે:— “ મારા ઉદાર અને પવિત્ર પતિદેવ જ્યાં હોય ત્યાં સુખ શાંતિજ પ્રેરજે! તેમનો માર્ગ નિષ્કંટક બનાવજે અને તેઓ વહેલા ઘર ભણી વિદાય થાય એવા અનુકૂળ સંજોગો ઉપજાવજે ! ” ભાવિક આત્માના આ આંદોલન સફળ થયા, દેદાશાહ અને વિમલાના

જીવનની પવિત્રતાએ તેમના ઉપર એક યોગીની અદ્ભૂત કૃપા વરસાવી. વિકટ જંગલમાં પણ દેદાશાહને ઉન્હી આંચ સરખી પણ ન લાગી. જાણે ઘરના આંગણામાંજ ફરતો હોય તેમ તે યોગીની સમીપ પહોંચ્યો. વાચકો એ હકીકત પૂર્વના પ્રકરણોમાં જાણી ચૂકયા છે.

## પ્રકરણ ૫ મું.

### સુવર્ણસિદ્ધિ.

યોગીનું નામ નાગાર્જુન હતું. તેમની સિદ્ધિઓ અને ચમત્કારોએ અનેક માણસોને આશ્ચર્યમુગ્ધ બનાવી મુકયા હતા. યોગીશ્વર નાગાર્જુનના દર્શન થાય તેના તમામ પ્રકારનાં દુઃખદારિદ્રય દૂર થયા વિના ન રહે એમ સૌ એક અવાજે કહેતા. દિશાઓના અંત સુધી આ યોગીરાજના પ્રભાવની સુવાસ મ્હેકી રહી હતી.

એજ યોગીરાજે પોતાના આત્મબળવડે આજે દેદાશાહને આટલે દૂર આકર્ષ્યો હતો. અનાયાસે થયેલા દર્શનથી જો દારિદ્રય દફે થાય તો પછી જેમને એ યોગીરાજ પોતે આદરપૂર્વક બોલાવે તેમને દુનીયાની સર્વોત્તમ સિદ્ધિ સાંપડે એ વિષે તો કંઈ પૂછવાનુંજ ન હોય.

દારિદ્રરૂપી વૃક્ષનો નાશ કરવાને સમર્થ એવા એ ઐરા-

વત હસ્તિ સમાન યોગીશ્વરે રૂંદતી પ્રમુખ ઔષધીઓ દેદાશાહને ઓળખાવી. તે ઔષધીઓનો રસ બનાવી તેમાં અડધો પારો મેળવી, એક પાત્રમાં મુકી પછી ધગધગતી આગમાં એ પાત્ર મુકતાંજ સાડાસોળ વાનકીનું સુવર્ણ બની ગયું. દેદાશાહને ઔષધીઓ અને પ્રક્રિયાની બરાબર સમજણ પડે એટલા માટે યોગીરાજે દેદાશાહની પાસે એક વાર પ્રયોગ કરાવી જોયો. દેદાશાહે પણ યોગીરાજની સૂચનાને બરાબર ધ્યાનમાં રાખી ક્રમસર ઔષધીઓ નીચોવી, પારો મેળવી, પુણ્યશાળીઓના તેજ જેવું સુંદર સુવર્ણ બનાવ્યું. યોગીરાજને ખાત્રી થઇ કે પોતાનો શિષ્ય પુરેપુરી તાલીમ મેળવી ચૂકયો છે.

"આત્મસિદ્ધિની પાસે આવી સુવર્ણસિદ્ધિ એ સાવ તુચ્છ વસ્તુ છે. જેઓ ખરેખરા યોગીઓ હોય છે તેઓ આવી સિદ્ધિઓની બિલકુલ પરવા કરતા નથી. એટલુંજ નહીં પણ યોગ્યતા વિનાના સંસારીઓને એવી સિદ્ધિ શીખવતા પણ નથી. વિશ્વની સાચી સમૃદ્ધિ આત્માની ઓળખાણુમાંજ સમાએલી હોય છે. જેમને આત્મદર્શન થાય છે તેમના ચરણમાં આવી સિદ્ધિઓ આળોટે છે." યોગીરાજે આડકતરી રીતે સુવર્ણસિદ્ધિની તુચ્છતા અને આત્મઋદ્ધિની અનૂપમતા દર્શાવવાના ઉદ્દેશથી કહ્યું.

આત્મસિદ્ધિ તો બળવાન પુરૂષોને જ વરવાને સર્જાયેલી હોય છે. **नायं आत्मा बलहीनेन लभ्यः**—દુર્બળ મનુષ્યોને પોતાના સાચા સ્વરૂપની ઝાંખી થતી નથી એમ મેં સાંભળ્યું

છે. પણ જો આપના જેવા સમર્થ યોગીરાજ સંસારીઓ ઉપર કરૂણા લાવીને થોડી સિદ્ધિઓ બતાવે તો સંસારનાં કષ્ટ–દુઃખ –દરિદ્રતા કેટલાં દૂર થાય ? “ દેદાશાહે જીજ્ઞાસાના ભાવથી પૂછ્યું.

“ સંસારીઓનાં દુઃખ–દારિદ્રય સાવ નિરર્થક હોય છે એમ તમે સૌ શા સારૂ માની લો છો ? દુઃખ–દરિદ્રતા જ ધીમે ધીમે માનવ હૃદયમાં કલ્યાણુના બીજ વાવે છે. જો સંસારમાં આટ આટલી વિપત્તિઓ, કસોટીઓ અને મુશ્કેલીઓ ન હોત તો સર્વત્ર ભોગ–વિલાસનું જ સામ્રાજ્ય ચાલતું હોત અને ખરૂં પૂછો તો ભોગવિલાસ જેવી આત્મઘાતક વસ્તુ બીજી કઈ છે ? આત્મકલ્યાણુની કામનાવાળા, સંસારના સર્વ સુખ–ઐશ્વર્યનો ત્યાગ કરી જાય છે અને વિવિધ પ્રકારના દુઃખ–ઉપસર્ગ વ્હોરી લે છે તે બધામાં શું ગંભીર અર્થ સમાયેલા નથી ? બીજી વાત જવા દઇએ. તમારો પોતાનો જ દાખલો લ્યો. જો તમે સુખ–સગવડમાં જ ઉછર્યા હોત અને સંસારનાં તાપ પ્રત્યક્ષપણે અનુભવ્યા ન હોત તો શું તમારૂં બળ આટલે અંશે વિકાસ પામ્યું હોત ? દુઃખો અને આપત્તિઓ જ માનવઆત્માને સબળ બનાવે છે. તમે સરેરાસ મનુષ્યો કરતાં કેટલા કસાયેલા છો તે હું જોઇ શકતો છું–ગર્ભશ્રીમંતાઇમાં ઉછરવા છતાં તમે આજે કેટલી સહનશીલતા દાખવી શકો છો, સંસારમાં રહેવા છતાં કેટલા ત્યાગ–ક્ષમા–ઔદાર્ય બતાવી શકો છો તે હું સારી પેઠે અનુભવી શકયો છું, એટલું જ નહીં પણ ત્રણ ત્રણ દિવસ સુધી પ્રવાસ અને

પરિતાપના કષ્ટ ખમવા છતાં અહીં સુધી પહોંચી શકયા છો એજ એક વાત તમારી વિપત્તિ તમારે માટે કેટલી ઉપયોગી થઇ શકી છે એ બહુ લંબાણુથી સમજવાની જરૂર નથી. ”

દેદાશાહે આભાર પૂર્ણ હૃદયે મસ્તક નમાવ્યું ને પોતાની પ્રશંસા અભિમાનથી નહીં પણ નમ્રતાના ભાવથી સાંભળી રહ્યો.

“ પણ મારે એક વાત તમને ખાસ કરીને કહેવાની છે. આ સુવર્ણસિદ્ધિને તમે યોગ્ય જ છો, છતાં સિદ્ધિઓનો દુરૂપયોગ ન થાય તેની તમારે સાવચેતી રાખવી પડશે. સિદ્ધિ એ તલવારની ધાર છે. જેમ બાળકના હાથમાં રહેલી તલવાર બાળકનો જ ઘાત કરે છે તેમ જેને સિદ્ધિનો ઉપયોગ કરતા આવડતો નથી તે પોતાને હાથે કરીને ભારે ભયંકર આપત્તિઓમાં ઉતરી પડે છે. સિદ્ધિની અદ્ભૂતતાને પચાવી લેવી એ સહજ વાત નથી. માણસ દુઃખ–દારિદ્રય નભાવી લે, પણ સિદ્ધિના બળને જીરવવું ઘણીવાર મુશ્કેલ થઇ પડે છે. વર્ષાઋતુમાં ક્ષુદ્ર નાળાં–વોકળાં પાણીથી ઉભરાઈ જાય છે ત્યારે તેનામાં કેટલું તાણ આવે છે તે તમે જાણતા હશો. બાર મહિના પાણીથી ભરપૂર રહેનાર ગંભીર નદીઓમાં એટલું તાણ નથી. તે વર્ષાઋતુના વેગને પોતાની અંદર પચાવી લે છે. તેજ પ્રમાણે જેઓનાં ચિત્ત ક્ષુદ્ર, પામર કે દુર્બળ હોય છે તેઓ આવી સિદ્ધિઓ પ્રાપ્ત થતાં ભારે અભિમાની, નાસ્તિક કે નિર્દય બની દુનીયાને રંજાડવા કમર કસે છે. તમારા સંબંધમાં એવો ભય રાખવાનું કારણ નથી. સિદ્ધિઓ નહીં હોવા

છતાં આજ સુધીમાં તમે જે ઉદારતા અને સજ્જનતા બતાવ્યાં છે તે જોતાં આ સુવર્ણસિદ્ધિનો પણ તમારી દ્વારા સદુપયોગ જ થશે એવી શ્રદ્ધા છે. ” જાણે એ શ્રદ્ધાનો સામો જવાબ મેળવવા માગતાં હોય તેમ નાગાર્જુન યોગીએ એક વાર દેદાશાહ ભણી દ્રષ્ટિ કરી. દેદાશાહ એ દ્રષ્ટિનો અર્થ સમજ્યા.

“ ગુરૂ પ્રતાપે હું ધર્મકરણીનો મહિમા સમજ્યો છું. આવતી કાલે જ જો અનુકૂળ સંયોગો પ્રાપ્ત થાય અને ત્યાગ સ્વીકારવાનો સમય આવે તો પણ હું પાછી પાની ન કરૂં. આ જીવનમાં એવાં એવાં અનુભવો થયાં છે કે દીલ વૈરાગ્યના રંગથી તરબોળ રંગાઇ ગયું છે. છતાં—“ દેદાશાહ આગળ બોલવા જતા હતા. એટલામાં જ યોગીરાજે ઉમેર્યું:—

“ તમે તમારા દ્રવ્યનો ઉપયોગ ધર્મ અર્થે, શાસનના પ્રભાવ અર્થે જ કરશો એ વિષે મને રજમાત્ર સંદેહ નથી. જો એવું કંઇક પણ હોત તો મેં તમને આટલે દૂર આવા વિકટ વનમાં આકર્ષ્યા જ ન હોત. તમને તમારી પ્રિયતમાથી છુટા પાડવામાં અને આ અટવીમાં રખડાવવામાં પણ મારો એ જ આશય હતો કે તમને હરકોઈ પ્રકારે નિરૂપાધિક કરવા—તમારાં સુકર્મોનું તમને હાથોહાથ ફળ આપવું. ”

“ હું આપના અનુગ્રહે યોગ્ય નીવડવા અને આપની સિદ્ધનો પુરેપુરો સદુપયોગ કરવાની આપને ખાત્રી આપું છું.” ભક્તિભર્યા અવાજે દેદાશાહે યોગીરાજના ચરણનો સ્પર્શ કર્યો. એ ચરણ સ્પર્શ ભક્તિભાવનાની પરાકાષ્ઠા સૂચવી રહ્યો.

" સિદ્ધિની પ્રાપ્તિ એ જેમ કઠિનમાં કઠિન સાધના છે તેમ એ સિદ્ધિની સાચવણી એ પણ કપરામાં કપરી કસોટી, છે એ વાત પણ મારે તમને આ તકેજ કહી નાખવાની છે. સિદ્ધિને જાળવી રાખતાં તમારે કેટલોક ભોગ આપવો પડશે. સુખની પણ કીમ્મત તો ભરવાની જ હોય ને ? તમારે એ કીમ્મત વ્હેલી યા મ્હોડી ભરવી પડશે. "

યોગીરાજના અવાજમાં નિશ્ચલ દ્રઢતા હતી. જાણે સુખનું એક પ્રકરણ પુરૂં થતાં નવાજ પ્રકરણનો આરંભ થતો હોય તેમ દેદાશાહને લાગ્યું. સુખસ્વપ્નની આખી સૃષ્ટિ ધ્રુજવા લાગી ! કેવળ સુખ–શાંતિ અને વૈભવનો જ વિચાર કરતો દેદાશાહ આ છેલ્લા ઉદ્ગાર સાંભળી થંભી ગયો ! આફત અને તે પણ આ સિદ્ધિ પ્રાપ્ત થયા પછી ! એ વાત એકાએક તેના ગળે ન ઉતરી ! તે તો એમજ માનતો હતો કે જેને ત્યાં સુવર્ણસિદ્ધિ હોય તેને દુનીયાની કોઇ પણ આપત્તિ સ્પર્શ પણ શી રીતે કરે ?

" દારિદ્રયનું જ દુ:ખ કંઇ સર્વોપરી નથી, એ દુ:ખને ભૂલવી દે એવી ઘણી કસોટીઓ રહેલી હોય છે. તમારે એ કસોટીમાંથી પસાર થવું પડશે. આ સુવર્ણસિદ્ધિવડે તમારી દરિદ્રતા બળી જશે, પણ એજ સિદ્ધિ તમારા મિત્રો–સગા–સંબંધીઓમાં એક પ્રકારની ઝેરી ઇર્ષા જગવશે. તમારી તરફ ઇર્ષાની જ્વાળાઓ ફેંકાશે અને કદાચ એ જ્વાળા તમને બાળીને રાખ તો નહીં બનાવે, પણ તમને યત્કિંચિત અંશે દઝાડશે તો ખરીજ ! તમારે તમારી સહિષ્ણુતા અને શ્રદ્ધાને

ન ગુમાવવી ! સિદ્ધિના મોહમાં આત્મભાન ન ભુલતા ! એ એકજ સાવચેતી મારે તમને આપવાની છે. ”

અધિકાર અને સામર્થ્ય વધતાં જવાબદારી પણ કેટલી વધે છે તેનું દેદાશાહને કંઇક ભાન થયું. તેણે પોતાના મનને મજબુત કર્યું. વિચાર્યું:—“ બીજું તો ઠીક. પણ એક વાર કરજદારોનું કરજ ભરપાઈ થઇ જાય તો પછી ગંગ ન્હાયા ! આ વિશ્વમાં કરજ જેવું એક પણ ત્રાસદાયક દુઃખ નથી; એમ તેની આજ સુધીની માન્યતા હતી; પણ તેની એ માન્યતા ભાંગવાની હતી. સમાજ કે કુટુંબના સામાન્ય દુ:ખો કરતાં પણ ઇર્ષાળુઓના દ્વેષરૂપી બાણ માણસને કેટલા ઉંડા જખમ કરે છે તેનો તેને અનુભવ થવો હજી બાકી હતો. છતાં સ્વસ્થપણે તે યોગીરાજના ચરણમાં નમ્યો—સાહસ અને હિમ્મતને એકઠા કર્યા અને પોતાના ઘર તરફ વિદાય થયો !

# પ્રકરણ ૬ ઠું.

## चक्रवत् परिवर्त्तन्ते सुखानि च दुःखानि च ।

વિશ્વની કોઈપણ વસ્તુ ત્રણે કાળમાં એકસરખી અવસ્થા ભોગવે એ અશકય છે. જ્યાં એક વખતે મહાસાગર ઘૂઘવતો હોય છે ત્યાં ભયંકર રેતીનાં રણ પથરાઈ જાય છે અને જ્યાં એક કાળે સમૃદ્ધિની છોળો ઉછળતી હોય છે ત્યાં દરિદ્રતાના અંગાર

પણ વરસે છે. દેદાશાહની સ્થિતિમાં પણ આવો જ ચમત્કાર બન્યો. એક કાળે તે શ્રીમંત હતો. પણ વિધિની વિડંબનાને લીધે તેને અન્ન અને દાંત વચ્ચે વેર થયું–લેણદારોના ત્રાસથી કંટાળ્યો અને પોતાની ધર્મભાર્યાને ઉંઘતી મૂકી વનમાં ચાલી નીકળ્યો. એ સાહસ કરતી વખતે તેના અંતરમાં કેટલો ઉત્પાત થયો હશે તેની તો માત્ર કલ્પના જ થઇ શકે.

છતાં આજે દેદાશાહનો વૈભવ બે કાંઠામાં પૂરબહારથી વહી રહ્યો છે. સૂકાયેલા કલ્પતરૂમાં આજે નવો રસ પૂરાયો છે. ઉજ્જડ જેવા તેના આવાસમાં આજે સેંકડો યાચકો અને અતિથિઓ સ્વર્ગીય સુખ અનુભવી રહ્યા છે. દેદાશાહને સુવર્ણસિદ્ધિ પ્રાપ્ત થઇ છે અને એ સિદ્ધિના પ્રતાપે આજે તેને કોઇ વાતનો અભાવ નથી. તેના દુશ્મનો પણ આજે તો દેદાશાહની સેવા ઉઠાવવા, તેના સાહસને પ્રશંસવા અહોનિંશ ઉદ્યત રહે છે.

પરન્તુ દેદાશાહના વર્તનમાં, તેની રીતભાતમાં, તેના વિવેક–વિનયમાં તો જરીયે તફાવત નથી પડ્યો. તેણે સંસારનાં સુખ–દુ:ખ, ચડતી પડતીના દ્રશ્યો નીહાળ્યા છે. સમૃદ્ધિમાં છલકાઈ જાય અને દિનતામાં નિરાશ થઈ જાય એવી ક્ષુદ્ર સ્થિતિ તો તે કયારનો યે પસાર કરી ચૂકયો છે. વિમળા અને દેદાશાહ આજે સાગર જેવા ગંભીર બન્યા છે. નથી ભરતી કે નથી ઓટ. નથી અભિમાન કે નથી કંગાળીયત. જળાશયમાં રહેલું કમળ, જેવી રીતે પાણીની વચમાં વસવા છતાં

નિર્લિપ્ત રહી શકે છે તેમ તેઓ પણ ઉન્માદ કે અભિમાનથી નિર્લિપ્ત રહી પોતાનાં કામકાજ કર્યે જાય છે.

સુવર્ણસિદ્ધિ આપતી વખતે યોગીરાજે દેદાશાહને કહ્યું હતું કે:–"આ સિદ્ધિનો ઉપયોગ બને ત્યાં સુધી પરોપકાર અર્થેજ કરજે અને તેને જીવની માફક જાળવજે." મુદ્રાલેખની જેમ આ શબ્દો તેના અંતરમાં કોતરાઇ રહ્યા છે. કોઇપણ યાચક તેના આંગણેથી નિરાશ થઇને પાછો નથી ફરતો. તળાવ કાંઠે આવેલા તરસ્યા પ્રાણીઓ જેમ ધરાઇ ધરાઇને પાણી પી લ્યે તેમ દેદાશાહને ત્યાં પણ અથિતિઓ, યાચકો અને સંત પુરૂષો પોતપોતાની ઇચ્છા પાર પાડી શકે છે.

એ રીતે દેદાશાહના ઔદાર્યની કીર્ત્તિકથા દિગદિગન્તમાં ફેલાઇ ગઇ! સૌને અજાયબી લાગી! એક વખેતનો કંગાળ દેદો આવો ઉદાર અને ધનવાન્ કેમ બન્યો તેનો સૌ પોત-પોતાની બુદ્ધિ પ્રમાણે વિચાર કરવા લાગ્યા. ઇર્ષાળુઓના કાળજામાં દેદાશાહની આ કીર્ત્તિએ ઉનું તેલ રેડયું! તેઓ રાતદિવસ આ ઉન્નતિ જોઇ અંદર ને અંદર બળી રહ્યા!

એ રીતે થોડા દિવસો પસાર થઇ ગયા. પુરૂષાર્થીઓના પુરૂષાર્થની કસોટી કરવામાં જ ભાગ્યદેવીને કંઇ અનેરી મોજ મળે છે. પામર જીવોને તો તે બહુ નથી છંછેડતી, પણ જેનામાં કંઇક સત્વ હોય છે, જેનામાં કંઇક બળ હોય છે તેને એ ભાગ્યદેવી એક ઠેકાણે ઠરીને બેસવા નથી દેતી! તે તેને આગળ ને આગળ ધકેલ્યે જાય છે–ઉપરા ઉપરી આપત્તિઓ નાખી

તેના આત્માને કસોટીએ ચડાવે છે, ભઠ્ઠીમાં નાખી તાવે છે અને સંપૂર્ણ શુદ્ધ બનાવ્યા પછી જ તે નિરાંતે જંપે છે.

દેદાશાહના ભાગ્યરવિ આડે અણધાર્યાં વાદળાં આવી ચડયાં. તેના ઇર્ષાળુઓએ રાજા પાસે જઇને કહ્યું કે—“મહારાજ ! આ નાંદુરી ગામમાં દેદાશાહ કરીને એક વાણીયો વસે છે. પહેલાં તો તે બહુજ દરિદ્ર હતો. પણ હમણાં હમણાંમાં તેનો સીતારો ચમકવા લાગ્યો છે. રોજ હજારો માણસો તેને ત્યાં અન્ન–વસ્ત્રનાં દાન પામી તેની પ્રશંસા કરવાનો જ ધંધો લઇ બેઠા છે. ખરેખર, તેને આ રાજ્યની સીમામાંથી જ કોઈ પણ પ્રકારનું નિધાન પ્રાપ્ત થયેલું હોવું જોઈએ. એ સિવાય એકાએક તે આટલો બધો ઉદાર અને શ્રીમંત ન બને.”

ઇર્ષાળુઓનું મંડળ જામ્યું હતું. એક બીજા દ્વેષીએ તેને અનુમોદન આપવાના ઇરાદાથી જણાવ્યું કે:—“અમે પણ તેની કીર્ત્તિ સાંભળી છે. પણ જો તેની બધી ઉદારતા તમે કહો છો તેમ ગુપ્ત નિધાનને જ આભારી હોય તો વસ્તુત: તેની ઉપર રાજકર્ત્તાનો જ પહેલો હક્ક પહોંચે છે. રાજાને ખબર આપ્યા વિના–તેમજ રાજાની મંજુરી મેળવ્યા વિના તેનાથી એ નિધાન ભોગવી જ ન શકાય.”

“પણ આ તો મહારાજાની જાણે સ્પર્ધા કરવા માગતો હોય–પોતાના ખોટા વખાણ પાસે મહારાજાને પણ નિસ્તેજ કરવા માગતો હોય તેમ જણાય છે.” ત્રીજા એક જણે બાળવીને અંગારો મૂકયો.

રાજાજીના વદન ઉપર ક્રોધની રતાશ તરવરવા લાગી. પોતાનાજ રાજ્યનો એક વાણીયો રાજ્યની રજા વિના નિધાન મેળવે અને રાજા કરતાં પણ વધુ નામના મેળવે એ તેમને અસહ્ય લાગ્યું. રાજાજીની આ ઉગ્ર મનોદશા નિહાળી ઈર્ષાળુઓના કાળજામાં ઠંડક થઇ. તેમણે કહ્યું:—"કૃપાનિધાન! આ બાબત તપાસ થવી જોઇએ."

અમાત્યે તેની સામે વાંધો લીધો. તેણે રાજાજીને ઈર્ષાળુઓના દાવપેચમાંથી બચાવવા માટે કહ્યું:—"એ બાબતની તપાસ કરવીજ હોય તો આપે જાતે તેમાં નહીં ઉતરતાં મારી ઉપરજ એ ભાર મૂકો તો વધારે સારૂં." અમાત્યને રાજાજીનો ક્રોધ ભયંકર લાગ્યો. રખેને આ તપાસમાં અન્યાય થાય તેવો ભય દેખાયો.

"નહીં! નહીં! મારી રૂબરૂમાં, અત્યારે ને અત્યારેજ તેનો નિકાલ થઇ જવો જોઇએ." રાજાએ ફરમાવ્યું.

તરતજ જમના દૂત જેવા સીપાઇઓ છૂટ્યા. દેદાશાહનાં સુખ એને સ્વતંત્રતાની ઘડીઓ ગણાવા લાગી.

સીપાઈઓ દેદાશાહને ત્યાં પહોંચ્યા, ત્યારે તે સ્નાનાદિથી નિવૃત્ત થઈ જીનદેવની પૂજા કરવાજ જતા હતા. સીપાઇઓએ તેમને આગળ વધતા અટકાવ્યા. કહ્યું:—"રાજાજીનું ફરમાન છે. આપે અત્યારેને અત્યારેજ દરબારમાં હાજર થવું." તત્કાળ તો દેદાશાહ આ હૂકમનું રહસ્ય ન સમજી શકયો. પણ વિચાર કરતાં તેને "સુવર્ણસિદ્ધિ" વાળો પ્રસંગ યાદ

આવ્યો. આવી સિદ્ધિઓ કુપાત્રને હાથે પડતાં કેટલો અનર્થ થાય અને તેના સંરક્ષણને માટે કેટલી ઉપાધીઓ વેઠવી પડે તેનો ખ્યાલ આવતાં તે એકદમ ધ્રુજી ઉઠયો. પણ આ ક્ષણે વધારે વિચાર કરવાનો અવકાશ ન હતો. મૃત્યુના દૂત જેવા સીપાઇઓ આંગણામાં પોતાની સામેજ ઉભા હતા.

માર્ગમાં જતાં જતાં દેદાશાહ વિચાર કરવા લાગ્યો. " ગામનો ધણી કોપે એવું એકપણ કૃત્ય ભૂલેચૂકે પણ મારા હાથથી નથી થયું; છતાં જો રાજાજી કોપ્યા હોય તો તે આંધળી સત્તાનોજ એક પ્રકાર છે એમ માન્યા વિના બીજો ઉપાય નથી. મારી સમૃદ્ધિ કે સહીસલામતીની તો મને લેશ-માત્ર પરવા નથી. કારણ કે જીવનમાં મેં જે જે અદ્‌ભૂત અને અપૂર્વ અનુભવ કર્યા છે તે જોતાં તો મૃત્યુ પણ મને એક મહોત્સવરૂપજ લાગે છે. પરંતુ યોગીરાજે કહ્યું છે તેમ મારે ગમે તે ભોગે પણ આ "સુવર્ણસિદ્ધિ" નું રક્ષણ તો અવશ્ય કરવું જોઇએ. જો એ સિદ્ધિ રાજા જેવા કોઇ એક સત્તાંધ પુરૂષના હાથમાં સપડાય તો તેનો દુરૂપયોગ થયા વિના ન રહે. યોગી-રાજને પણ મેં દગો દીધો કહેવાય. હરકોઇ પ્રકારે સિદ્ધિનો પ્રયોગ જતો ન કરવો."

એટલામાં તો સીપાઇઓએ તેને રાજાજી પાસે હાજર કરી દીધો.

નિત્ય પ્રસન્ન રહેવાવાળા રાજાના વદન ઉપર શૂષ્કતા છવાઈ હતી. જાણે દેદાશાહને કોઇ દિવસ જોયોજ ન હોય,

દેદાશાહ એ જાણે બહુજ સામાન્ય કોટીનો વણિક હોય તેમ દર્શાવવાનો રાજાએ ડોળ કર્યો. આસપાસનું ઈર્ષાખોર મંડળ પણ કૃત્રિમ ગાંભીર્ય અને ગ્લાની દર્શાવતું અંદર ને અંદર છૂપી વાતચીત કરી રહ્યું હતું.

“ તમને આ રાજ્યની સીમામાંથી અખૂટ નિધાન સાંપડયું છે અને તમે તે રાજાથી છૂપાવી લ્હેર ઉડાવી રહ્યા છો એવો તમારી ઉપર આરોપ મુકવામાં આવ્યો છે. તેનો તમારે સંતોષકારક ખુલાસો કરવો જોઇએ. જો તમે તે નિધાનની વાત સરળપણે કબુલ નહીં કરો તો આ રાજ્યની આકરામાં આકરી સજાને પાત્ર ઠરશો.” રાજાએ રોષના ભાવને દબાવ્યો. છતાં તેનાં લાલ નેત્રો અને ધ્વનિ ઉપરથી તેની સંતપ્તતા દેખાઇ આવતી હતી.

આત્મામાંથી ઉંડો અવાજ આવતો હોય તેમ દેદાશાહે નિશ્ચયપણે જવાબ વાળ્યો:—“નિધાનની વાત સાવ મિથ્યા છે. મને એવું કોઈ નિધાન પ્રાપ્ત નથી થયું. રાજ્યનો કાયદો હું સમજું છું. જો ગુપ્ત નિધાન સાંપડયું હોત તો હું પ્રથમ આપની પાસેજ આવીને નિવેદન કરી જાત. હવે જો નિધાન-વાળી વાત છેક ગલત હોય તો પછી તેનો સંતોષકારક ખુલાસો બીજો હોઈજ ન શકે એમ કહેવાની જરૂર ન હોય.”

રાજાજીના ક્રોધમાં ઘી હોમાયું હોય તેમ તે સવિશેષ ઉત્તેજીત થયો. તેણે કહ્યું:—“ બે દિવસ પહેલાંનો તું ભીખા-રી—મજુરી કરીને પેટ ભરનાર આજે હજારો યાચકોના વાંછિત

પૂરા કરી શકે છે એ વાત શું હું એકલોજ નથી જાણતો ? રાજદંડ શું છે તેનો હજી તમને ખ્યાલ નહીં હોય ! જુઠું બોલનારને હાથીના પગ નીચે ચગદી તેમનાં પાપની અહીંને અહીંજ સજા કરવામાં આવે છે એ રીવાજ તો જાણોછોને ? હજી જો સાચેસાચી વાત કહી દેશો તો તમને ક્ષમા મળી શકશે. ”

“ અધિકારીને ગમતી વાત એ જ જો સાચી વાત કહેવાતી હોય તો કહું છું કે ખુશીથી તમે મને જુઠું બોલવા બદલ સજા કરી શકો છો. છતાં એટલું યાદ રાખજો કે આપના માનવા માત્રથી કુદરતના કાયદા પલટાઇ નહીં જાય ! આપ મારૂં માનો યા ન માનો; સત્ય તો કહું છું તે જ છે, મને મુદ્દલ નિધાન નથી મળ્યું. આપની પાસે સત્તા છે એ હું જાણું છું. સત્તાનો સદુપયોગ તેમજ દુરૂપયોગ પણ થઇ શકે છે. મારા ઉપર અવિશ્વાસ લાવી જો મને સજા કરશો તો ભવિષ્યનો ઇતિહાસ તેને માટે તો આપને જ જવાબદાર માનશે. ” દેદાશાહના વાકયે વાકયમાં સત્યનું અસહ્ય તેજ સ્ફુરી રહ્યું હતું. રાજાની તાકાત ન્હોતી કે તેનો અસ્વીકાર કરી શકે. છતાં તેના હૃદય ઉપર આજે ધનની લાલસાએ પોતાનો સંપૂર્ણ અધિકાર જમાવ્યો હતો. તે હરકોઈ પ્રકારે દેદાશાહ પાસેથી અખૂટ ધનધાન્યની આશા રાખી રહ્યો હતો. દેદાશાહે તેમાં તેને નિષ્ફળતા આપી.

થોડા દિવસ પહેલાં તમે માંડ માંડ—મજુરી કરીને પેટ

ભરતા હતા, એ વાત તો નિર્વિવાદ છે ને ? રાજાજીએ બાહોશીથી વાત કઢાવવાનો જૂદો ફાલ નાખ્યો.

" હાજી. " એટલો જ સહજ અને સરળ ઉત્તર મળ્યો.

" આજે તમે—શ્રીમંતોમાં અને ઉદાર પુરૂષોમાં અગ્રગણ્ય ગણાઓ છો એ વાત પણ સાચી જ છે ને ? "

" હું એમ ન કહી શકું. માત્ર એટલું કહું છું કે દેવ–ગુરૂ–ધર્મના પુણ્ય પ્રતાપે મને એ પૈસા પ્રાપ્ત થયા છે અને હું તેનો બને તેટલો સદુપયોગ કરી રહ્યો છું. "

" બસ, હું તમારી પાસેથી એ જ ઉત્તર માગતો હતો. હવે એ પૈસા તમને શી રીતે પ્રાપ્ત થયા તેનો તમારે ખુલાસો કરેવો જોઇએ.

" મારા જવાબમાં જ હું તે ખુલાસો કરી ચૂકયો છું. વિશેષ સ્પષ્ટીકરણને અર્થે કહું છું કે દેવ–ગુરૂ–ધર્મના પ્રતાપે."

" ઢોંગીઓ, કાવતરાંખોરો અને પ્રપંચીઓ એજ રીતે પોતાનાં ઢોંગ અને પ્રપંચ છુપાવે છે. મારે એવો માત્ર કાલ્પનિક ખુલાસો નહીં જોઇએ. રાજાએ સ્હેજ આનંદ અને ઉત્સાહના ભાવથી એ ઉદ્‌ગાર કહાડ્યા.

રાજન્ ! આપને કદાચ આજ સુધીમાં પ્રપંચીઓ અને ઢોંગીઓનો જ અનુભવ થયો હશે એટલે એમ કહેતા હશો; પણ સારાયે સંસારમાં ઢોંગીઓજ વસે છે એમ માની લેવું એ પોતાની જાતને અને વિશ્વને પણ અન્યાય આપવા બરાબર છે. આપ

મને ઢોંગી માનો તેની સામે હું મારો બચાવ કરવા નથી માગતો. મને કોઇની દયા કે કૃપાની હવે જરૂર નથી. આપ સજા ફરમાવો તે સહેવાને તૈયાર છું. માત્ર આપના હાથે અન્યાય ન થાય અને આપ પોતે દુર્ગતિ ન વ્હોરી લો એ દયાભાવના જ મને આ બધું બોલાવી રહી છે." દેદાશાહના સ્વરોમાં સચ્ચાઈ, દ્રઢતા અને માર્મિકતા ભરી હતી. થોડી વાર રહીને પુનઃ તેણે જ બોલવા માંડયું: "નરેશ ? આપ યોગીઓના પ્રસાદને સમજી શકશો ? યોગીઓની કૃપા નિર્મળ જીવનથી શી રીતે મેળવી શકાય છે તેનો કંઈ ખ્યાલ બાંધી શકશો ? તપશ્ચર્યા અને તેની સિદ્ધિ વિષે કોઇ દિવસ કંઇ સાંભળ્યું છે ? જો આ પ્રશ્નના ઉત્તર હકારમાં આપી શકો તો આપ મારી કહેવાતી ધાર્મિકતા તથા ઉદારતાનો પણ ખુલાસો મેળવી શકશો. બસ, એથી વધુ હું કંઇજ બોલવા નથી માગતો. આપને જો આ ખુલાસો સંતોષકારક લાગે તો જ મને નિર્દોષ માની આપ છૂટો કરો અને જો એમાં દંભ, છેતરપીંડી કે દોષ જેવું કંઈ જણાય તો હું તેની સજા સહેવાને તૈયાર છું."

એટલું કહીને તેણે આસપાસના દરબારી અમલદારો અને બીજા ઇર્ષ્યાળુઓ સામે એક દૃષ્ટિપાત કર્યો. દેદાશાહની એક પર્વત સમી અચળતા–અડગતા જોઇ સૌ આશ્ચર્ય- મુગ્ધ બન્યા. જાણે પ્હેલાંનો દીન–દરિદ્રી–નમ્ર દેદાશાહ ગુજરી ગયો હોય અને તેને સ્થાને એક તેજસ્વી, આત્મ- શ્રદ્ધાવાળો અને નિર્ભય દેદાશાહે પુનર્જન્મ લીધો હોય એમ સૌને લાગ્યું.

રાજાજીનો ક્રોધ તો વધતો જ ગયો. તેને આ સરળ સ્પષ્ટ ઉદ્ગારમાં પણ કૃત્રિમતાની દુર્ગંધ આવી, તેને બીજા કપટીઓ કરતાં આ દેદાશાહમાં કંઇક પણ અધિક પ્રમાણમાં કપટ ભર્યું હોય એવો ભાસ ઉપજ્યો. હવે તેના હાથમાં માત્ર એકજ ઇલાજ હતો. અને તે એ જ કે તેને કારાગ્રહમાં પૂરી ખૂબ સતાવવો. સતાવવાથી વક્ર માણસો સીધા બને છે એવો એનો મૂળથીજ સિદ્ધાંત હતો. તેણે અનુચરોને ફરમાવી દીધું કે:—" આ દેદાશાહને લઇ જાઓ અને મારો બીજો હુકમ થતાં સુધી કારાગ્રહની કોટડીમાં પુરી રાખો. અનુચરો દેદાશાહને કારાગ્રહ તરફ લઇ ચાલ્યા.

# પ્રકરણ ૭ મું

## કારાગ્રહના દ્વાર ઉઘડ્યાં !

અમે જે વખતની આ ઘટના વર્ણવી રહ્યા છીએ તે વખતે દિલ્હીની ગાદી ઉપર મુસલમાન બાદશાહોની સત્તા સ્થપાઇ ચૂકી હતી. રાજપુતો અંદર અંદર લડીને નબળા પડ્યા હતા. ન્હાના મ્હોટા સામંતો બાદશાહી મહેરબાની મેળવી સ્વતંત્ર થવાના મીઠાં સ્વપ્ન માણુતા હતા. ગુજરાત–મેવાડ–માળવાની સ્થિતિ પણ પલટો લઇ રહી હતી. સત્તા, સંપત્તિ અને વૈભવે, શુરતા ઉદારતા અને પુરૂષાર્થનાં સ્થાન પડાવી લીધાં હતાં.

દેદાશાહની જન્મભૂમિ નાંદુરી નગરીમાં પણ એ વખતે એક સામંત પોતાની સત્તા જમાવવાનો પ્રપંચ રમી રહ્યો હતો. તેને આજે વધારેમાં વધારે ધનધાન્યની જરૂર હતી. તે હરકોઇ પ્રકારે સંપત્તિ મેળવી, માણસો એકઠા કરી આસપાસનાં મંડળો ઉપર આક્રમણ લઇ જવાની યોજના ઘડતો. દેદાશાહને ગુપ્ત દ્રવ્યભંડાર સાંપડ્યો છે એ સાંભળતાં જ તેનાં મ્હોમાં પાણી છૂટયું ! તેને તો ગમે તે રીતે દ્રવ્ય જ જોઇતું હતું—ન્યાય અન્યાયનો વિચાર ન હતો. એક તો દ્રવ્યની લાલસાએ તેને ઘેરી લીધો હતો તે ઉપરાંત ખુશામતખોરોએ તેને એક પ્રકારનું એવું ઘેન ચડાવ્યું હતું કે તે સમજવા છતાં પણ એનાથી છેક વેગળો ન રહી શકે.

તેણે દેદાશાહને કારાગ્રહમાં પૂરવાનો હૂકમ ફરમાવી દીધો. પુણ્યશાળીઓ પરના અન્યાયને કુદરત સહી શકતી નથી. નાંદુરી નગરીની આસપાસ દુશ્મનોના દળ એકદમ આવી પહોંચ્યા હોય અને શહેરમાં સઘળે ગભરાટ વ્યાપી રહ્યો હોય એવાં ચિન્હ દેખાવાં લાગ્યાં.

નાંદુરીનો સામંત આત્મરક્ષણ વિષે વિચાર કરવા લાગ્યો. દેદાશાહની વાત તો તે ભૂલી જ ગયો. પોતાનો શી રીતે બચાવ કરવો અને દુશ્મનોના દળને કઇ રીતે વિખેરી નાખવું તે જ એક મ્હોટી સમસ્યા થઇ પડી.

રાત્રીનો એક પ્રહર વ્યતિત થઇ ચૂકયો છે. નાંદુરીના રમણીય વિલાસભવનો ઉપર નિશાદેવી પોતાની શાંતિ મુક્ત-

હસ્તે વર્ષાવી રહી છે. પણ આજે નગરવાસીઓના ચિત્ત તો ચકડોળે ચડ્યાં છે. પોતાનાં ધન–માલ–કુટુંબને કઇ રીતે બચાવવાં, એ ચિંતાએ તેમના મનની સઘળી શાંતિ હરી લીધી છે. એટલામાં તો દુશ્મનોએ નગરના દરવાજા તોડી અંદર પ્રવેશ કર્યો હોય એ મતલબના સમાચાર વિજળીવેગે ફેલાઇ ગયા. દુર્ગપાળો અને સૈનિકોની નાસભાગ થઇ રહી. સામંત પોતે તો કયારનો યે પલાયન કરી ચુકયો હતો. રાજ્યના અનુચરોએ લડવા કરતાં શરણે થવામાં જ વધુ ડહાપણ માન્યું. રાજ્યનું કે નગરીનું ગમે તે થાય તેની કોઇને પડી ન હતી. રક્ષક પોતે જ જો સૌ પહેલાં નાસી છૂટે તો તેના અનુચરો કાયર બની બેસે એમાં શું આશ્ચર્ય ?

દેદાશાહને સહિસલામત બચાવવા તો કુદરતે પોતે આ યોજના નહીં ઘડી હોય ? પુણ્યનાં ફળ પ્રત્યક્ષ રીતે જો કે નથી દેખાતાં, તેમજ પાપની સજા પણ પામર મનુષ્ય પારખી શકતો નથી, છતાં કર્મફળની જ બધે વ્યવસ્થિત ધમાલ ચાલી રહી હોય એમ નથી લાગતું ?

નાંદુરીમાં જે વખતે ન્હાસભાગ ચાલી રહી હતી તે વખતે દેદાશાહ એક અંધારી કોટડીમાં ધ્યાનસ્થભાવે બેસી “ **उवसग्गहरं** ” સ્તોત્રનો પાઠ કરી રહ્યો હતો. તેને ઘરની શાંતિ અને આ કારાગ્રહની એકાંતતામાં કંઇ જ ભેદ ન લાગ્યો. તેણે આજ સુધીમાં અનેક પ્રકારનાં સુખ–દુઃખ વેઠ્યાં હતાં. ભાગ્યના ચડતી–પડતીના ચકાવાએ તેને મન હવે એક સહજ

ઘટના બની ચૂકી હતી. દુ:ખમાં ગાંજી જાય કે સુખમાં ઉન્મત્ત અને એ દશા તે ઓળંગી ચૂકયો હતો.

એકાદ કલાક **उवसग्गहरं** નો પાઠ કર્યો પછી–શ્રી સ્તંભન પાર્શ્વનાથનું એકાગ્રચિત્તે સ્મરણ કર્યા પછી તે પોતાની અંધારી ઓરડીમાંથી બ્હાર આવ્યો. સઘળે શાંતિ છવાઈ હતી–દૂર દૂર લોકોના કકળાટના અને શસ્ત્રના અવાજના ધ્વની સંભળાતા હતા. તે ધીમે ધીમે કારાગ્રહના દરવાજા સમિપ પહોચ્યો. દરવાજા ખુલ્લા પડ્યા હતા–રખેવાળો પોતાના કર્તવ્યનું ભાન ભૂલી નાસી છૂટયા હતા.

દેદાશાહના આશ્ચર્યનો પાર ન રહ્યો. પોતે કોઇ સ્વપ્ન જુવે છે કે કોઇ એક મહા ભ્રમનો પોતે ભોગ બની બેઠો છે તેનો તેણે શાંતિથી વિચાર કર્યો. આજના વાતાવરણમાં જ તેને કંઇક વિચિત્રતાનો ભાસ થયો. એક ક્ષણનો પણ પ્રમાદ કર્યા વિના તે બ્હાર આવ્યો.

શ્રી સ્થંભન પાર્શ્વનાથ ભગવાન પ્રત્યેની તેની શ્રદ્ધા ઉભરાઇ નીકળી. કારાગ્રહમાંથી પોતાને આવી રીતની મુક્તિ અપાવનાર શાસનદેવને તેણે અંત:કરણપૂર્વક નમન કર્યું અને અહીંથી જો સહિસલામત પોતે છુટે તો સ્થંભન પાર્શ્વનાથના સર્વ અંગે સોનાનાં આભૂષણ પહેરાવવાનો અભિગ્રહ ધારણ કર્યો.

એટલામાં પાસે જ એક વૃક્ષની નીચે એક સ્વારને ઘસઘસાટ ઉંઘતો જોયો. તેનો અશ્વ અને સ્વાર પણ ખૂબ થાકી

ગયા હોય તેમ જણાયું. પાસે જઇ તપાસ કરતાં નાંદુરી નગરી ઉપર ચડી આવનાર દુશ્મનો પૈકીનો જ તે સ્વાર હોય એવી ખાત્રી થઈ. બીજો આડો અવળો વિચાર નહીં કરતાં સાક્ષાત્ શાસનદેવે જ આ અશ્વની તૈયારી આગળથી કરી રાખી હોય તેમ માની તે અશ્વને દેદાશાહ થોડે દૂર લઈ ગયો. અશ્વ પણ દેદાશાહને ઓળખતો હોય તેમ એક આજ્ઞાંકિત અનુચરની જેમ ધીમે ધીમે ચાલવા લાગ્યો.

જે સ્થળે સૈનિકોએ સૌથી વધારે સાવચેત રહેવું જોઇએ તે જ સ્થળે જેઓ આમ બેભાન બની આરામ લે એ તેને મન વિચિત્ર લાગ્યું. પરંતુ દૈવ ક્યારે કોની પાસે કયો માર્ગ લેવરાવે છે તેનો નિર્ણય કોણ કરી શકે? દેદાશાહને આ આખી ઘટનામાં દેવ-ગુરૂ અને ધર્મનો જ પ્રતાપ પ્રતીત થયો.

સૌ પહેલાં તેણે પોતાના ઘર તરફ જ અશ્વને ચલાવ્યો. કારાગ્રહમાં કેદ થતાં પહેલાં તેણે પોતાની ધર્મપત્નિને ઇશારાવડે બધી તૈયારીઓ કરી કોઇ એક સહિસલામત સ્થળે ચાલ્યા જવાની સૂચના આપી દીધી હતી. આડોશીપાડોશી પોતપોતાના ઘરનાં બારણાં બંધ કરી સંતાઇ બેઠા હતા. દેદાશાહને એક સ્વારના રૂપમાં ઘર પાસે આવેલો સાંભળી તેઓ સૌ અજાયબ થયા. પણ આજસુધીમાં તેને વિષે લોકોને એવા અદ્ભૂત અનુભવો થઈ ચૂક્યા હતા કે દેદાશાહની ઉપર વિધિની અનંત કૃપા છે. એ સિવાય તેમનાથી બીજો કોઇ નિર્ણય થઈ જ ન શકે. પાડો-

શીઓમાંના એકે કહ્યું કે:—" વિમળા તો તેજ દિવસે એક ન્હાનું સરખું પોટલું લઇ અહીંથી પ્રયાણ કરી ચૂકી છે. "

દેદાશાહ પણ એ જ સમાચાચાર સાંભળવાને ઉત્સુક હતો. સુવર્ણસિદ્ધિની સહાયક ઔષધીઓનો જ સંગ્રહ એ પોટલામાં હોવો જોઇએ એમ તેણે માન્યું. વિમળા જેવી બુદ્ધિમતી અને પતિની ઇચ્છાને સમજનારી સ્ત્રી આવા કસોટીના સમયે જરી પણ પ્રમાદ ન કરે એવી તો તેને પહેલેથી જ ખાત્રી હતી. પાડોશીઓ તરફના આ સમાચારે એ ખાત્રીને વધુ દ્રઢ કરી. સુવર્ણસિદ્ધિનો પ્રયોગ હજી સહીસલામત છે એમ જાણી તેના અંગમાં નવું જોર આવ્યું. તે નિશ્ચિંત મને ત્યાંથી પાછો ફર્યો.

હવે આગળ કયાં જવું ? પોતાની માતૃભૂમિ દુશ્મનોના પગ નીચે છુંદાતી હોય, સેંકડો સ્ત્રી–પુરૂષો દુ:ખ–ત્રાસથી ધ્રુજતા હોય તેવે વખતે પોતાના જાનને બચાવવા નાસી છૂટવું એમાં તેને કાયરતા લાગી. વિમળા અને સુવર્ણસિદ્ધિ એજ વસ્તુઓ એવી હતી કે તેને કોઇ પણ સાહસ કરતાં પહેલાં ઘડીભર થંભાવે. પણ આજે તો એ ચિંતા પણ ન હતી.

તે મારતે ઘોડે સામંતના ગઢ તરફ ગયો. એક વૃદ્ધ દરવાન હાથમાં ખુલ્લી તલવાર લઇ પહેરો ભરી રહ્યો હતો. રાજાને મળવાની પોતાની ઇચ્છા જાહેર કરતાં દરવાને કહ્યું કે—" નાંદુરી નગરીના રાજા તો દુશ્મનોનું લશ્કર આવ્યા પહેલાં જ અહીંથી પધારી ગયા છે. "

"લોભી, અન્યાયી અને સ્વાર્થી સંરક્ષકના દીલમાં હંમેશાં કાયરતા જ હોય !" દેદાશાહ મનમાં બોલ્યા.

તે નિરાશ હૃદયે રાજગઢ પાસેથી પાછો ફર્યો. માર્ગમાં એક અધિકારી જેવો પુરૂષ સામે મળ્યો. તેના વદન ઉપર ચિંતા અને વ્યથાની શ્યામ છાયા તરી રહી હતી. બન્નેએ એક જ દૃષ્ટિપાતે પરસ્પરને ઓળખી લીધા. અધિકારી તે પલાયન થયેલા રાજાનો મંત્રી હતો.

"હું આપણા પાલક પિતાને ઉપયોગી થવા માગું છું. દુશ્મનો આ ભૂમિ ઉપર ગજબ ગુજારે અને આપણે માત્ર જોયા કરીએ એ દેશદ્રોહ છે. હું આપને કોઇ રીતે સહાયક થઇ શકું ?" દેદાશાહે એક વીર શ્રાવકને શોભે તેવા ઉદ્ગાર કહાડ્યા.

બે ક્ષણ પહેલાં રાજાના હાથથી અન્યાય પામેલો દેદાશાહ, રાજા અને રાજ્યને સહાય કરવા બ્હાર પડે એ વિચાર મંત્રીને અજાયબીમાં ગરકાવ કરવાને બસ હતો. છતાં તેણે કહ્યું:—આજે નાંદુરી નગરીની દુર્દશા બેઠી છે. રાજા ન્હાસી ગયા છે. તેમના સૈનિકો અંદર અંદરના કલહ સળગાવી પોતાના જ પગ ઉપર કુઠાર મારી રહ્યા છે. આવી સ્થિતિમાં ખુવારી અને કાયમી ગુલામી સિવાય બીજું શું સંભવે ?"

સૈનિકો હજી આટલામાં જ છે એ જાણી દેદાશાહની આંખોમાં તેજ ચમકયું. તે બને તેટલી ઉતાવળથી નાંદુરીના સૈનિકોની છાવણીમાં પહોંચ્યો અને તેમની સ્થિતિ જાણ-

વાનો પ્રયત્ન કર્યો. મૂળ વાત એ હતી કે સૈનિકો લડવાને તૈયાર હતા. પણ રાજાની ગેરહાજરીમાં સેનાપતિનું પદ કોણે ગ્રહણ કરવું એ વિષે મતભેદ હતો. દેદાશાહે એનો નિકાલ કરી નાખ્યો. દ્રવ્યની બધી મદદ આપવાને તેણે જાતે કબુલ કર્યું, દેદાશાહ પોતે શ્રાવક હોવા છતાં માતૃભૂમિ અને રાજ્યને માટે આટલી બધી ધગશ ધરાવે છે એ જોઇ સૈનિકોના દીલમાં નવી શ્રદ્ધા જન્મી. તેમણે સઘળા મતાગ્રહને એક કોરે રાખી દેદાશાહની સલાહને માન આપી, દુશ્મનોની સામે ધર્મયુદ્ધ લડવાનો નિશ્ચય કર્યો.

આ વખતે દુશ્મનો વિજયના ઉન્માદમાં ગાંડાતૂર બની પોતાનાં ભાન ભૂલી ગયા હતા. દેદાશાહની પ્રેરણાથી નાંદુરીના સૈનિકો અને દુશ્મનો વચ્ચે એક ભારે ઝપાઝપી થઇ, આખરે નાંદુરીનો વિજય થયો.

# પ્રકરણ ૮ મું.

## સહસ્રમુખી ઉદારતા.

નાંદુરીને નિર્વિઘ્ન કરી દેદાશાહ વિમળાની તપાસ કરવા નીકળ્યા. કારાગ્રહમાં પૂરાતાં પહેલાં—ઘેરથી નીકળતી વખતે જ તેમણે વિમળાને પોતાના ભાવીનું ટુંકામાં સૂચન કરી દીધું હતું. રાજાની ઇર્ષા સંકટમાં ઉતારશે અને જો ખરેખર જ એમ

અને તો એ સમે બહુ સાવચેતી રાખવી પડશે એમ તેમણે બંનેએ માની લીધું હતું. વિમળા એ સૂચના બરાબર સમજી ગઇ હતી. તેથી જ દેદાશાહને કારાગ્રહમાં પૂરવાનો હુકમ થતાં જ તે ઔષધીઓનું પોટલું બાંધી નાંદુરીનો ત્યાગ કરી ચાલી ગઇ. તેણીને એટલી તો ખાત્રી જ હતી કે દેદાશાહ એટલો પુણ્યશાળી અને પ્રતાપી છે કે તે પોતાના જ બળથી કારાગ્રહનાં દ્વાર ઉઘાડ્યાં વિના નહીં રહે. વિમળાની એ આશા ફળીભૂત થઈ !

તોફાન શમી ગયું હતું. નાંદુરીના પ્રજાજનો અને યોદ્ધાઓ દેદાશાહના ભારે ઉપકાર નીચે મુકાયા હતા. તેમણે હરકોઇ પ્રકારે દેદાશાહને ન જવા દેવાનો આગ્રહ કર્યો. પણ દેદાશાહે તેમનો એ આગ્રહ ન સ્વીકાર્યો. રાજાની ઇર્ષાને તે પામી ગયો હતો—જ્યાં રક્ષક પોતે જ ભક્ષક બને ત્યાં તેને પોતાની સલામતી ન ભાસી.

“ પણ વિમળાનો પત્તો શી રીતે મેળવવો ! ” માર્ગમાં જતાં જતાં પણ દેદાશાહના મનમાં એજ વિચાર રમી રહ્યો હતો.

વિમળા જેવી એક સ્ત્રી નિરાધાર દશામાં બહુ દૂર ન જાય. તે નજીકમાં જ ક્યાંઇ પેલી ઔષધીયો સાથે સહિસલામત હશે એમ માની તેણે પાસેના વિદ્યાપુર તરફ પ્રયાણ કર્યું. નિષ્કપટી અને કેવળ સરળતાને જ આરાધનારા સ્ત્રી–પુરૂષો હંમેશાં એક સરખા જ નિર્ણય ઉપર આવે છે. અંદરનો વિશુદ્ધ આત્મા તેમને એક જ માર્ગ પ્રબોધે છે.

વિમળા વિદ્યાપુરમાં રહી પોતાના સ્વામીની રાહ જોતી બેઠી હતી. માંડ માંડ દેદાશાહે તેનો પત્તો મેળવ્યો અને ઉભય એક સાધારણ ઘર લઇ વસવા લાગ્યા. ત્યાં તેમણે પહેલું કામ એ કર્યું કે શ્રી સ્થંભન પાર્શ્વનાથ ભગવાનની આંગીને માટે શુદ્ધ સુવર્ણનાં આભૂષણો તૈયાર કરાવ્યાં. આપત્તિનાં વખતે ઘણા માણસો વિવિધ પ્રકારની માનતાઓ કરે છે, પણ આફત દૂર થતાંની સાથે પહેલાંનો ભક્તિમય ઉલ્લાસ પણ સૂકાઇ જાય છે. દેદાશાહ આજે નિર્વિઘ્ન હતો–તે રાજાની ઇર્ષામાંથી છૂટકારો મેળવી શકયો હતો. તેની પાસે સુવર્ણસિદ્ધિ પણ હતી. તે ધારે તો આજે સઘળા વ્રત–તપ–જપ વિગેરેને તીલાંજલી આપી એક ચક્રવર્ત્તીના જેટલા વૈભવથી રહી શકે એમ હતું; પણ તે અંતઃકરણપૂર્વક એમ માનતો હતો કે લક્ષ્મી ચપળ છે–વિદ્યુતના ચમકાર જેવી છે. તેનો જે કોઇ સદુપયોગ કરી શકે છે તે જ તેનો ખરો લ્હાવો પામી જીવનને ધન્ય કરી જાય છે. તેણે પોતાની સઘળી સંપત્તિનો કેવળ ધર્મકાર્યોમાં જ વ્યય કરવાનો નિશ્ચય કર્યો.

એક દિવસે દેદાશાહ કોઈ કાર્ય પ્રસંગે પાસેના દેવગિરિ નામના ગામમાં ગયા. મુનિ મહારાજની જોગવાઈ હોવાથી શ્રાવક–શ્રાવિકાઓનો મ્હોટો ભાગ વ્યાખ્યાન વખતે ઉપાશ્રયમાં હાજરી આપતો. દેદાશાહ પણ બરાબર એ વ્યાખ્યાન પ્રસંગે ઉપાશ્રયમાં જઇ ચડ્યા. લક્ષ્મીવંત નર–નારીઓને ઉદ્દેશી મહારાજશ્રીએ " પૌષધશાળા " નો મહિમા વર્ણવ્યો. તેમણે કહ્યું:—

" સંસારમાં દુકાનો તો ઘણા ઘણા પ્રકારની હોય છે. પણ ધર્મની દુકાન જો કોઈ હોય તો તે એક માત્ર પૌષધશાળા. આ શાળામાં ધર્મજીજ્ઞાસુઓ વ્રત–જપ–તપ વિગેરે ધર્મકરણી કરી પોતાના આત્માની ઉન્નતિ મેળવી શકે છે. સાંસારિક પદાર્થો તો ક્ષણિક અને નાશવંત હોય છે, પણ પૌષધશાળામાં જે વસ્તુ મળે છે તે તો આત્માની સાથે જ એકમેક થઇ રહે છે. આવી પૌષધશાળાઓ બનાવનાર મહાન્ પુણ્યના ભાગી થાય છે. "

એ મતલબનો ઉપદેશ સાંભળી દેદાશાહે ચતુર્વિધ સંઘની આજ્ઞા લઇ એક પૌષધશાળા પોતાના જ ખર્ચે બનાવી આપવાનો મનમાં નિશ્ચય કર્યો.

" બંધુઓ ! હું તો શ્રી સંઘનો એક દાસાનુદાસ છું. શ્રી સંઘ જે કરી શકે તેની પાસે મારી શક્તિ તો એક બિંદુવત્ ગણાય. છતાં જો શ્રી સંઘની આજ્ઞા હોય તો હું પોતે એક પૌષધશાળા બનાવવાનો લ્હાવો લઉં. " દેદાશાહે સંક્ષિપ્તમાં પોતાનો મનોભાવ જાહેર કર્યો.

પણ તેની બોલવાની ઢબ, બહુજ સામાન્ય પહેરવેશ અને તેની નમ્રતા જોઇ કેટલાકોને તેના સામર્થ્ય વિષે શંકા થઇ. જે માણસ આવી એક પૌષધશાળા બનાવવાનો ભાર ઉપાડી શકે તે આટલો બધો નમ્ર અને સરળ ન હોય એમ તેમણે માની લીધું. શ્રીમંતાઇ કંઇ છુપી ન રહે–દેદાશાહ જો ખરેખર જ શ્રીમંત હોય તો તેનો ઠાઠમાઠ પણ કંઈ અપૂર્વ જ હોય.

" તમારી ભાવના બહુ સારી છે. પણ એવાં મ્હોટા કામ તો સમસ્ત સંઘે મળીને જ પાર પાડવાં જોઇએ. વળી જો એક જ માણુસ પોતાના તરફથી પૌધશાળા બનાવે તો તેના ઘરનાં આહારપાણી સાધુ મહારાજથી ગ્રહણુ ન થઈ શકે. એટલા માટે તમારે એકલાએ જ આ પૌષધશાળા બંધાવવી એ વિચાર મુકી દ્યો. " એક વયોવૃદ્ધ પુરૂષે દેદાશાહના મનનું શાંત્વન કરવા કહ્યું.

છતાં દેદાશાહે તો પોતાનો આગ્રહ ચાલુ જ રાખ્યો. " ગમે તેમ કરીને પણુ મને પૌષધશાળાનો આદેશ મળવો જોઇએ. હું તમારો અતિથિ છું-એક અતિથિ તરિકે પણુ અનુગ્રહ માગવાનો મને અધિકાર છે. "

એક જુવાનને ટીંખળ કરવાની વૃત્તિ ઉપજી-તેણે જરા ગમ્મત કરવાની ઈચ્છાથી કહ્યું કેઃ—"તમારે એકલાને જ પૌષધ-શાળા બનાવવાનો વિચાર હોય તો ખુશીથી તમે તે બંધાવી શકો છો. ઈંટ-ચુના અને પત્થરની પૌષધશાળાઓ તો સાધારણુ વાત કહેવાય અને શ્રી સંઘ ધારે તો સ્હેજે એવી શાળાઓ તૈયાર કરાવી શકે. પણુ તમે તો તેથીયે આગળ વધવા માગો છો. એટલે જો તમે સોનાની જ પૌષધશાળા તૈયાર કરાવી આપો તો કોઇને કંઇ વાંધા જેવું ન રહે. "

કેવળ સોનાની પૌષધશાળા એ અસંભવિતતા હતી. શ્રોતાઓ આ દરખાસ્ત સાંભળી મનમાં ને મનમાં હસ્યા. કયાં એક સાદો-સીધો ગરીબ માણસ અને કયાં સુવર્ણની પૌષધશાળા ? એ બનવું જ સૌને અશકય લાગ્યું.

છતાં દેદાશાહે સંઘની આજ્ઞા હોય તો કેવળ સુવર્ણની પૌષધશાળા બંધાવી આપવાનું સૌના આશ્ચર્ય વચ્ચે કબુલ્યું.

કોઇને લાગ્યું કે આ માણસ દિવાનો હશે–કોઇને લાગ્યું કે બિચારો ગજા વિનાનો માત્ર ચડીયાતા ભાવથી ઉશ્કેરાઇ ગયો હશે–કોઇએ ધાર્યું કે બ્હારથી સરળ દેખાવા છતાં શ્રીમંતાઇ અને સત્તામાં જરૂર સમુદ્ર જેટલો ગંભીર હશે.

મુનિ મહારાજ વચ્ચે પડ્યા. “ સુવર્ણની પૌષધશાળા ન સંભવે અને કદાચ સંભવિત હોય તો પણ તેનુ સંરક્ષણ કરવું બહુ મુશ્કેલ થઈ પડે. એ વિનોદ વાર્તાને આપણે જવા દઇએ. અને હવે મૂળ વાત ઉપર આવીએ.

“નહીં, ગુરૂદેવ! એ વિનોદ નથી–સુવર્ણની પૌષધશાળા કેવળ તરંગ નથી–મેં મારી શક્તિનો વિચાર કરીને જ એ કબુલાત આપી છે. આપ ફરમાવશો તો છેવટે સુવર્ણનાં પતરાં જડાવીને પણ પૌષધશાળાને નામાંકિત બનાવીશ. ” દેદાશાહે ખુલાસો કર્યો.

પૌષધશાળાને સોનાનાં પતરાંથી મઢવાનું સાહસિક ઔદાર્ય દર્શાવનાર આ પુરૂષ કોણ હશે તેનો પરખદામાં સૌ વિચાર કરવા મંડ્યા. પહેરવેશ અને બાહ્ય દેખાવ ઉપરથી તો કોઇને એમ લાગ્યું કે પોતાના ઔદાર્યવડે દિશાઓના મુખને ઉજ્જવલ કરનાર આ પુરૂષ વસ્તુતઃ બીજો કોઇ નહીં પણ દેદાશાહ પોતે જ છે. પણ જ્યારે બહુ લાંબી ચર્ચાના

પરિણામે એ વાત સ્પષ્ટ થઈ ત્યારે સૌના આશ્ચર્યનો પાર ન રહ્યો. વિનોદ કરનારા પણ મનમાં ને મનમાં લજવાયા.

બરાબર એજ અવસરે એ જ ગામમાં ત્રણસો ને સાઠ પ્રકારનાં કરીયાણાં ભરીને દેશ–દેશાંતરમાં વ્યાપાર અર્થે ફરતો એક સાર્થવાહ ત્યાં આવી ચડ્યો. આ દક્ષિણ દેશને રસાળ–ફળદ્રુપ–વૈભવી અને શોખીન–સમજી તે પોતાની સાથે સાડી પચ્ચાસ પોઠીયા ઉત્તમ કેશરના પણ લેતો આવ્યો હતો. ઘણાં ખરાં કરિયાણાં વેચાઇ ગયાં. પણ આટલું બધું કેશર એકી સાથે ખરીદવાની કોઇની હિમ્મત ન ચાલી. સાર્થવાહ વમાસણમાં પડ્યો. તેણે આ વૈભવી નગરને વિષે બાંધેલી બધી આશાઓ નિષ્ફળ નીવડી. જો આ કેસર અહીં ન વેચાય તો પછી તેની મુશ્કેલી પાર વગરની વધી પડે.

સાર્થવાહ ચિંતાના વમળમાં ઘસડાતો હતો. તેના વદન ઉપર શ્યામતા પ્રસરી રહી હતી. દેદાશાહે તેને ભારે ઉપાધિમાં જાણી, જાણવા માગ્યું કે “પ્રવાસી ? કંઇ ભારે મુસીબતમાં મૂકાયા હો એમ જણાય છે.

સાર્થવાહે કેશરની પડતર પોઠોની વાત કહી–સાથે સાથે નગરની પણ કેટલીક નિંદા કરી લીધી. પોતાના એક ધર્મબન્ધુને મુશ્કેલીમાંથી મુક્ત કરવા કેશરની બધી પોઠો ખરીદવાનો દેદાશાહે નિશ્ચય કર્યો. પણ એ બધું કેશર વાપરવું શી રીતે એ એક મહાન્ પ્રશ્ન થઈ પડ્યો.

તરતજ તેને સ્ફૂરી આવ્યું:—"આ કેશર પૌષધશાળાના બાંધકામમાં જ વાપરી નાખ્યું હોય તો કેમ ?" આત્માએ એ દરખાસ્ત સ્વીકારી લીધી. કેશર ખરીદાયું અને પૌષધશાળાઓના ઇતિહાસમાં એક અદ્ભુત પ્રસંગ ઉમેરાયો. દેદાશાહે એ ઓગણપચાસ ગુણો ચુના ભેગી મેળવી એ સુવાસિત, સુંદર, રંગીત ચુનો પૌષધશાળાના ઉપયોગમાં લેવાનો હુકમ ફરમાવ્યો. બાકીનું કેશર સિદ્ધાચળ આદિ તીર્થોમાં પ્રભુની પૂજા માટે રવાના કરવામાં આવ્યું. જે કીમતી કેશર ખરીદવાની ગામમાંથી કોઇની હિમ્મત ન ચાલી એ કેશર આ પ્રમાણે પૌષધશાળાના બાંધકામમાં વપરાતું જોવાથી નગરજનોને કેટલું આશ્ચર્ય ઉપજ્યું હશે તેની તો કેવળ અત્યારે કલ્પના જ થઇ શકે.

૭ માસની અંદર પૌષધશાળા તૈયાર થઇ. કેશરમિશ્રિત ચુનાવડે દીપતી દીવાલો અને કારીગરી જોવાને આસપાસના ગામોમાંથી હજારો સ્ત્રી–પુરૂષો દેવગિરિમાં આવવા લાગ્યા. દેદાશાહના ધર્મપ્રેમની મુક્તકંઠે ચોતરફ પ્રશંસા ચાલી રહી.

પૌષધશાળાને સુવર્ણનાં પતરાંથી મઢવાનું પણ તેઓ ન ભૂલ્યા. બોલેલું વચન પાળવામાં તેમણે જરીકે કસર ન રાખી. ઈતિહાસ આજે દેદાશાહના ઔદાર્યની, શ્રદ્ધાની અને વચનપાલનની સહસ્ર મુખે કીર્ત્તિકથા પોકારી રહ્યો છે !

# પ્રકરણ ૯ મું.

## જીવનનો સંધ્યાકાળ.

દેદાશાહનો ભાગ્યરવિ મધ્યાન્હમાં સોળે કળાએ તપી રહ્યો છે. માણસને ધનધાન્યનું સુખ હોય તો પુત્રનું સુખ ન હોય અને પુત્રનું સુખ હોય તો ઘરમાં ક્લેશ–કંકાસનો પાર ન હોય. એમ સંસારની કટુતા સર્વત્ર ઉચ્ચારાય છે. દેદાશાહ અને વિમળા એ કટુતાથી ઘણા નિર્લેપ હતા. તેમના ઘર આંગણે ઋદ્ધિ–સિદ્ધિ ઉછળતી હતી, તેમ તેમનુ સંતાનસુખ પણ એટલુંજ અનુપમ હતું. પેથડકુમાર પોતાનાં માતાપિતાનાં હૈયાંને પ્રફુલ્લિત કરી રહ્યો છે. એક તો તેમને પોતાની શ્રદ્ધા અને દેવગુરૂભક્તિમાંથી જ અનેરો સંતોષ મળે છે અને તે ઉપરાંત પેથડકુમારની બુદ્ધિમત્તા, સરળતા અને સાત્ત્વિકતા તેમને એક પ્રકારનું સ્વર્ગીય સુખ આપી રહી છે. સંસારમાં કેટલું નિરવધિ સુખ હોઇ શકે અને તેની સાથે કેટલી નિરભિમાન વૃત્તિ હોય તેના એક દૃષ્ટાંતરૂપ દેદાશાહનો પરિવાર હતો એમ પણ ખુશીથી કહી શકાય.

એ રીતે ઘણાં વર્ષો વીતી ગયા. પેથડકુમાર યૌવન દશાને પ્રાપ્ત થયો છે. ઘરનો ઘણો ખરો કારભાર પણ સંભાળી લીધો છે, તેની પ્રથમિણી નામની સુંદર અને

વિનયશીલા પત્ની પણ પોતાનાં વ્યવહારવડે સાસુ—સસરાનાં ચિત્તને આહ્લાદ અર્પી રહી છે.

પેથડકુમારના જન્મ પહેલાં વિમળા વ્હારથી ઉત્સાહિત દેખાવા છતાં હંમેશાં માતૃત્વ માટે વલોપાત ક્યાં કરતી. નારી જીવનમાં માતૃત્વપદની પ્રાપ્તિ એ સૌથી ઉંચામાં ઉંચું સદ્ભાગ્ય ગણાય છે, વિમળા જ્યાં સુધી એ સદ્ભાગ્યથી વંચિત રહી ત્યાંસુધી કોઇ દિવસ એવો નહી ગયો હોય કે જે દિવસે તેણીએ ગદ્ગદ્ કંઠે દેવપૂજા કરતાં શાસનદેવ પાસે પુત્રસુખની યાચના નહીં કરી હોય. ન્હાનાં બાળકો તેણીને પહેલેથીજ બહુ પ્રિય હતાં. પાડોશીઓનાં લગભગ તમામ બાળકોને માટે વિમળાનું ઘર એક માતૃમંદિર જેવું થઇ પડયું હતું. વિમળા પોતાનાજ સંતાનોની જેમ તેમને ચ્હાતી—તેમના ચ્હેરા ઉપર આનંદની રેખાઓ નિહાળી કૃતાર્થ માનતી. એટલું છતાં મનમાં ઉંડી ઉંડી એક કામના વર્ત્તતી અને તે એ જ કે “ મારો કૂળદીપક મારા કૂળને કયારે અજવાળશે ? ” વિમળાની એ કામના ફળીભૂત થઈ છે. એટલુંજ નહીં પણ વિમળા પોતાના પૌત્ર—ઝાંઝણ કુમારનું કોમળ મુખ જોવાને પણ ભાગ્યશાળી થઈ છે. અરિહંત ભગવાનની એકાગ્ર પૂજાભક્તિ, ધર્મગુરૂઓની વૈયાવચ્ચ અને સાધર્મી ભાઇ—બ્હેનોની સેવાનુંજ એ સુંદર ફળ છે એમ સમજી તે પોતાને ધન્ય માને છે. અનુકુળ સંયોગમાં કોઇ સામાન્ય સ્ત્રી હોય તો તે અભિમાનથી આંધળી બની જાય. પણ વિમળાને અને અભિમાનને હજારો ગાઉ જેટલું અંતર હતું.

ફળોથી લચી પડતો આંબો જેમ વધુ નમ્ર બને છે, તેમ વિમળા પણ દેવાધિદેવની કૃપા અનુભવી વિશેષ નમ્ર બની હતી. સુખ અને સંપત્તિ વધવા છતાં તેમના વ્રત-જપ-તપ ઔદાર્ય-અતિથી વિગેરેમાં લેશમાત્ર પણ ફેર પડયો ન હતો.

સવાર, બપોર અને સાંઝ એ જેમ કાળનો અનિવાર્ય ક્રમ છે તેમ જીવનને વિષે પણ પ્રભાત, મધ્યાન્હ અને સંધ્યા એ અવસ્થાઓ સ્વાભાવિક છે. વિમળા અને દેદાશાહના જીવન ઉપર સંધ્યાનાં રંગ ઉતરવાં લાગ્યા. આખી જીંદગીમાં તેમનાં હાથથી એવો કોઈ જ પ્રસંગ ન્હોતો બન્યો કે જેથી તેમને જીવનની સંધ્યા લેશમાત્ર પણ દુઃખદાયી ભાસે. પવિત્ર જીવનની સંધ્યા પણ એટલી જ પવિત્ર હોય છે. જેમનું આખું જીવન પ્રમાણિકતા—નીતિ અને ધર્મના માર્ગે વહ્યું હોય તેમને જીવનસંધ્યા તો શું, પણ મૃત્યુ સુધ્ધાંએ મહોત્સવરૂપ પ્રતીત થાય. છે. ઉભય દંપતી જીવનની ક્ષણભંગુરતા બરાબર સમજતા હતા. લક્ષ્મીની ચંચળતા પણ તેમનાથી અજાણી ન હતી અને એટલા માટે જ તેમણે પ્રમાદ કે લોભ રાખ્યા વિના જીવનનો અને ધનનો કેવળ સદ્વ્યય જ કર્યો હતો. તેમને કોઈની સામે તો શું, પણ પોતાની વિષે પણ ફર્યાદ કરવાનું કંઇજ કારણ ન હતું. તેમને મન જીવન જેટલું જ મૃત્યુ પણ સ્વભાવિક અને મંગળમય હતું.

અચાનક એક દિવસે વિમળાના શરીરમાં વ્યાધિએ દેખાવ દીધો. તપસ્યાથી જર્જરિત થયેલા દેહને માટે એ વ્યાધ જીવલેણ નીવડયો, વૈદ્યોને બોલાવી ચિકિત્સા કરાવી. દવા

અને સેવા–શશ્રુષામાં કંઇ ખામી ન રહેવા દીધી. પરંતુ તેણીના જીવનની ક્ષણો ગણાઈ ચુકી હતી. વિશુચિકાનો વ્યાધિ વસ્તુત: મૃત્યુના દૂતનો માર્ગ સાફ કરી રહ્યો હતો.

તેણીએ પેથડકુમારને પોતાની પાસે બોલાવ્યો. ઝાંઝણને વ્હાલથી દુર્બળ હાથવડે છાતી સરસો ચાંપ્યો. જીંદગીભરના અનુભવોનો સાર ભાળતી હોય તેમ તેણીએ પેથડને સંબોધીને કહ્યું કે—" બેટા ! લક્ષ્મી અને યૌવનના મદે ભલભલાઓને ઉન્મત્ત બનાવ્યા છે. આપણે ત્યાં તારા પિતાના પુણ્યપ્રતાપે લક્ષ્મીની મહેર વર્ત્તી રહી છે. પણ તે પહેલાં અમે કેટકેટલી મુશીબતો વેઠી છે, કેટકેટલાં વનવગડામાં આથડયા છીએ તેની તો તને કલ્પના પણ ભાગ્યે જ આવી હશે. પણ એ બધો ઇતિહાસ કહી તારા આત્માને નહીં દુભવું. તું બને તેટલું આત્મકલ્યાણ સાધજે. માતા તરિકે મને તારી ઉપર મોહ છે અને કોઇ પણ માતાને એવો મોહ સ્વાભાવિક જ ગણાય. છતાં હું તારા દેહના સુખ કરતાં આત્માના સુખને માટે વિશેષ ચિંતા ધરાવતી આવી છું. સંસારના ક્ષણિક ભોગોપભોગ પાછળ વલખાં ન મારીશ. નીતિમય ધાર્મિક જીવનમાં સુખનો જે મહાસાગર હોય છે તેની પાસે આ ચંચળ સુખવિલાસ કંઇ જ બીસાતમાં નથી."

વિમળાથી વધુ ન બોલાયું. શ્વાસોશ્વાસ ચડી આવ્યો પણ એટલા સંક્ષિપ્ત બોધે પેથડકુમારના મન ઉપર વિદ્યુતની અસર કરી. માતાનો નિર્મળ સ્નેહ અને તેમાંય આત્માનાં

ઉંડાણુમાંથી આવતા ધ્વનિએ તેને ચિત્રવત્ બનાવી મૂકયો. તે માત્ર એટલુંજ બોલ્યોઃ—" માતા ! હું તમારી કીર્ત્તિને જીંદગીની છેલ્લી ક્ષણો સુધી નિષ્કલંક રાખવા સતત સાવચેત રહીશ આપ નિશ્ચિત રહી. આત્મચિંતનને વિષે આરૂઢ થાઓ."

માતાની આંખમાંથી અશ્રુનો પ્રવાહ વહી નીકળ્યો. પેથડકુમારની સચ્ચરિત્ર વૃત્તિ તે સારી પેઠે સમજતી હતી. તેને હવે કંઇ વિશેષ કહેવા પણું ન રહ્યું. આત્મા ઉંડી સમાધિમાં ઉતરવા લાગ્યો—મ્હોમાંથી પંચપરમેષ્ઠિનું ઉચ્ચારણુ થઇ રહ્યું ! પેથડકુમાર પણુ જાણે કોઇ સ્નેહસ્વપ્નમાંથી ઉઠતો હોય તેમ જાગૃત થયો. નવકાર મંત્રના મંદ મંદ અવાજ તે શાંતિથી સાંભળી રહ્યો. આખરે વિમળાએ એક દીર્ઘ નિશ્વાસ મૂકયો, આંખો મીંચાઈગઇ અને પવિત્ર આત્મા ઉર્ધ્વગતિએ પ્રયાણ કરી ગયો.

વિમળાના સ્વર્ગવાસ પછી ઘરનું તેજ હણાઇ ગયું. સાધર્મીઓની સેવા–સુશ્રુષા બરાબર થાય છે, પણુ વિમળાને લીધે જે સભરતા ભાસતી તે હવે નથી રહી. પેથડકુમાર અને તેની પત્નિ વિમળાની ખોટ પુરી પાડવા ઘણાય મથે છે. પણુ એ ખોટ પૂરવી તેમના ગજાબ્હારની વાત હતી.

દેદાશાહને પણુ આ આઘાત અસહ્ય લાગ્યો. વિમળાના અવસાન પછી તેમણે પણુ પોતાની જીવનલીલા સંકેલવાની તૈયારી કરી. જીવનનો રસ સોષાઇ ગયો હતો. પેથડ અને ઝાંઝણુ તેમની ચાકરી કરવામાં કોઇ જાતની બાકી નથી રાખતા;

પણ દેદાશાહ તો આજે ભૂતકાળમાં જ જીવે છે. વિમળાની નિર્મળ મમતા, દરિદ્ર અવસ્થામાં બતાવેલ ધૈર્ય, હજારો પ્રકારે વહેતી તેણીની માતૃ ભાવના વિગેરે આજે ભરવસ્તીમાં પોતાને એકલો પડી ગયો હોય એમ માને છે.

વખત જતાં એ શોકમય દિવસ પણ આવી લાગ્યો. પહેલાંનો વજ્રજેવા અંગવાળો દેદાશાહ આજે પથારીમાં સૂતો છે. એક વખતે પોતાની હાકથી નાંદુરીના સૈનિકોમાં યુદ્ધનો રસ રેડનાર દેદાશાહ આજે પોતાના હાથથી પાણી પીવાને પણ અશક્ત બન્યો છે, એક વખતે બબ્બે ગાઉ સુધી અતિથિઓને આવકાર આપવા–મુનિ મહારાજાઓનું સ્વાગત કરવા જનાર દેદાશાહ સાવ દુર્બળ બની બેઠો છે. એટલું છતાં મુખમાંથી એક પણ નિઃશ્વાસ કે એક પણ કઠોર ઉદ્ગાર બ્હાર પડ્યા નથી. સમતા અને ધીરતાની મૂર્તિ સમા દેદાશાહ જીવનની સંધ્યાનાં રંગ ઝીલી રહ્યા છે.

પેથડકુમારના મ્હોં ઉપરનો ઉત્સાહ પણ ઓસરી ગયો છે. એક તો માતાનું મૃત્યુ તે હજી ભૂલી શકયો નથી, એટલામાં પિતાના જીવન ઉપર કાળનો વિકરાળ પંજો પ્રસરેલો જોઇ તે હિમ્મત હારી બેઠો છે.

"પેથડ! હવે તું ઉમ્મર લાયક થયો છે. સંસારનાં ટાઢ–તડકા જોવાં અને છતાં આત્માને સંપૂર્ણ નિર્મળ રહેવા દેવો એ જવાબદારી તારે સંભાળવાની છે. સંપત્તિ તો આજે છે અને કાલે કોણ જાણે કયાંયે ચાલી જશે. પણ જો તેં ધૈર્ય–સાહસ–

સચ્ચરિત્રતા પ્રાપ્ત કર્યાં હશે તો ગમે તેવા આપત્તિના સંયોગોમાં પણ તું તારો નિજાનંદ નહીં ગુમાવે. મારૂં જીવન તો એક મહાભારત છે. આખા મહાભારતનો સાર બે જ વાકયોમાં મુકીએ તો— **परोपकार पुण्याय, पापाय परपीडनं**— પુણ્યને અર્થે પરોપકાર કરવો અને બીજાને દુઃખ દેવું એ કેવળ પાપને માટે જ હોય છે; તેજ પ્રમાણે જો ભવની સાર્થકતા કરવી હોય તો મારૂં પણ એક જ વાકયમાં એજ કહેવું છે કે-બહાદૂર થજે—પરોપકાર અને આત્મકલ્યાણ તરફ સતત્ દૃષ્ટિ રાખજે." એ પ્રમાણે લગભગ એક કલાક સુધી દેદાશાહે પોતાના અનુભવોના રહસ્ય વર્ણવી સંભળાવ્યા. પેથડ તે સઘળું શાંતિથી સાંભળી રહ્યો. પિતાના એકેએક ઉપદેશને તેણે અંતરના સિંહાસને અભિષેકયા.

છેલ્લે દિવસે દેદાશાહે જે કોઇ આવે તેની સાથે ખમતખામણા કરવા સિવાય અને નવકારમંત્રના ઉચ્ચારણ વિના નકામો એક પણ શબ્દ ન કાઢયો. સદાચારી માણસને મૃત્યુ કેવું સ્વાભાવિક અને વેદનારહિત હોય છે તે દેદાશાહે બતાવી આપ્યું. નહીં હાય વોય, નહીં તડફડાટ કે નહીં આક્રંદ–વલોપાત. સંપૂર્ણ શાંતિ અને ધર્મારાધન કરતાં કરતાં જ દેદાશાહનો ઉજ્જ્વળ આત્મા સ્વર્ગનાં સુખ ભોગવવા ચાલ્યો નીકળ્યો. દેદાશાહની પાછળ લાખો સ્ત્રી–પુરૂષોએ આંસુની અંજલીઓ અર્પી. તેમનું નામ–અમર બની રહ્યું !

# પ્રકરણ ૧૦ મું.

## પેથડની પ્રતિજ્ઞા.

પુણ્યનો પ્રતાપ પ્રત્યક્ષ નથી થતો. પણ પુણ્યશાળી પુરૂષ જ્યારે ચાલ્યો જાય અને તેની સાથે સર્વ પ્રકારની શાંતિ અને સંપત્તિ પણ અદ્રશ્ય થતી લાગે ત્યારે પુણ્ય અને તેનો પ્રભાવ એવી બે વસ્તુઓ વિદ્યમાન છે એમ માન્યા વિના પ્રચંડ નાસ્તિકને પણ ન ચાલે. દેદાશાહની હૈયાતી રહી ત્યાં સુધી તેનો પુણ્યપ્રભાવ પણ ચડતી કળાએ પ્રકાશ્યો. પેથડ તેનો કૂળદીપક છે-પિતાએ જે યશ-કીર્ત્તિનું મંદિર ચણ્યું છે તેની ઉપર કળશ ચડાવે એટલો સમર્થ અને સચ્ચરિત્ર છે, પણ હજી તેની કસોટી થવી બાકી છે. આનાયાસે પ્રાપ્ત થયેલાં સુખ-વૈભવની વસ્તુતઃ આપણે કંઇજ કીમત આંકી શકતા નથી. પેથડકુમારને તેની ભાગ્યલક્ષ્મી ખરેખરૂં સુખ અર્પવા ચાહતી હતી અને તેથી તેનો માર્ગ પણ કંટકમય બનાવી રહી હતી.

પિતા અને માતાના સ્વર્ગવાસ પછી કેટલાક દિવસો તેણે ચિંતા અને ગ્લાનીમાં વીતાવ્યા. શિરપરનું છત્ર ઉડી જતાં મનુષ્યની જેવી દશા થાય તેવી જ તેની પણ દશા રહી. શોકજન્ય પરાભવને ખંખેરીને સાવચેત બન્યો ત્યારે તેની અવસ્થા પલટાઇ ગઇ હતી. દાનેશ્વરી પિતાનો પુત્ર આજે

કંગાળ બન્યો હતો—ધનિક પિતાના પુત્ર પાસે આજીવિકાના પણ સાંસા પડવા લાગ્યા હતા. માનવબુદ્ધિને આવાં પરિવર્ત્ત-નોનાં રહસ્ય તત્કાળ કળાતાં નથી, તેને વિધિની ક્રૂરતા સિવાય બીજું કંઇ સમજાતું નથી. પરંતુ વિપત્તિઓ અને કસોટી-ઓએ આજસુધીમાં મનુષ્યોના સામર્થ્યને જે રીતે ખીલવ્યું છે તે જોતાં તો સંપતિઓ કરતાં પણ વિપત્તિઓ જ અધિક ઉપકારક નીવડી છે એમ કોણ નહીં કબૂલે ? સુખના એકધારા ચીલામાં જીવનનું ગાડું હંકારનાર કદાચ સુખ—શાંતિ મેળવી શકે, પણ વિપત્તિના ખાડાખડીયાવાળા માર્ગે જીવનનો રથ હંકારનાર જ આખરે વિજય અને કલ્યાણ પ્રાપ્ત કરી શકે. પેથડકુમારનો જીવનરથ વિકટ માર્ગે ચડી ચુકયો હતો—પગલે પગલે તેના સામર્થ્ય અને બળની કસોટી થઇ રહી હતી. તે ભૂલી ગયો કે પોતે એક શ્રીમંત—વિશ્વવિખ્યાત પિતાનો પુત્ર છે. પોતાને તે સૌથી વધારેમાં વધારે દીન માનવા લાગ્યો. આત્મશ્રદ્ધાને ઉન્હી આંચ સરખી પણ ન લાગે તેમ તેણે મિથ્યાભિમાન અને ક્ષણજીવી આડંબરને તિલાંજલી આપી પરમ નમ્રતા, સાધુતા અને સરળતાને વધાવી લીધી.

એકદા તપગચ્છીય આકાશને વિષે સૂર્ય સમાન શ્રી ધર્મઘોષસૂરિ નામના સમર્થ અને પ્રતિષ્ઠિત આચાર્ય એ જ વિદ્યાપુર નામની નગરીમાં ચાતુર્માસ નિમિત્તે આવી ચડ્યા. આ આચાર્ય મહારાજની પ્રભાવશીલતા અને આધ્યાત્મિક શક્તિ વિષે લોકોમાં અનેક પ્રકારની વાતો ચાલતી. કોઇ કહેતું કે એક કામણગારી સ્ત્રી, જેના કામણ ટુમણને લીધે ભલભલા

સાધુ-સન્યાસીઓ પણ ઉપહાસ્યને પાત્ર બની લજવાયા હતા તેને આ આચાર્ય મહારાજે પોતાના મંત્રના બળથી એટલી તો લાચાર બનાવી દીધી હતી કે આખરે તેણીને આચાર્ય મહારાજ પાસે અંતઃકરણ પૂર્વક ક્ષમા માગવી પડી. કોઈ કહેતું કે એક ડાકિણી, જે નગરના ઘણાખરા માનનીય પુરૂષો અને અધિકારીઓને પણ સતત પજવતી તેણીને પણ આજ આચાર્ય મહારાજે પોતાના તપના પ્રભાવથી નગરીની હદ બ્હાર હાંકી કહાડી હતી.

ઉજ્જયિની નગરીને વિષે, મંત્ર-તંત્રને વિષે કૂશળ એવો એક યોગી જૈન સાધુઓને હંમેશા કનડગત કર્યા કરતો. તેને પણ આજ ધર્મઘોષસૂરિએ મંત્ર અને ઉપાસનાના બળથી એવો સીધો દોર બનાવી મૂકયો હતો કે તે જૈન સાધુઓને કનડવાને બદલે તેમની વિવિધ પ્રકારની સેવા કરતો થઇ ગયો. અસંખ્ય આધી-વ્યાધી ને ઉપાધિવાળાં સ્રી-પુરૂષોને તેમણે આજ સુધીમાં શાંતિ અર્પી હતી. રાજા-મહારાજાઓ અને સેનાપતિઓ પણ આ સૂરિમહારજની આજ્ઞાને માન આપતાં.

એ રીતે ધર્મઘોષસૂરિ મહારાજ સાક્ષાત્ સામર્થ્યનો જ અવતાર છે એમ મનાતું. તેમની નિસ્પૃહતા, ઉપદેશ પ્રભાવ અને માત્ર આકૃતિ ઉપરથી જ ગુણ-દોષ જાણી લેવાની શકિત વિષે લોકો આશ્ચર્યમુગ્ધ થઈ જતા.

આજે ઉપાશ્રયમાં શ્રોતાઓની ભીડ જામી છે. ધર્મઘોષ

સૂરિ મેઘ ગંભીર સ્વરે શ્રાવક અને સાધુઓના વ્રત–આચાર ઉપદેશી રહ્યા છે. આખી સભા ચિત્રવત્ બની એ ઉપદેશનું પાન કરી રહી છે. અઢળક ધનવાન શ્રીમંતો, અધિકારીઓ અને શ્રાવિકાઓની હાજરી એક દેવસભાનો ખ્યાલ ઉપજાવી રહી હતી. પેથડકુમાર પણ એજ સભાના એક ખુણામાં બેસી વ્યાખ્યાનનો રસ ઝીલી રહ્યો હતો.

સૂરિ મહારાજે પરિગ્રહ પરિમાણ વ્રત ઉપર રત્નસાર વહેવારીયાની કથા કહેવી શરૂ કરી: કથા પુરી થતાં આચાર્ય-શ્રીએ પ્રબોધ્યું કે:—" શુદ્ધભાવથી પ્રેરાઈને જે પ્રાણી થોડી પણ વિરતિ અંગીકાર કરે છે તેની દેવતાઓ પણ સ્તુતિ કરે છે. દેવતા દરેક રીતે સુખી અને સાધનસંપન્ન હોવા છતાં વિરતિ-પણું ગ્રહણ કરી શકતા નથી. એકેંદ્રિય આદિ જીવો કવલાહાર નથી કરતા તો પણ તેમને ઉપવાસનું ફળ મળતું નથી. કારણ કે તેઓ અવિરતિ છે. મન વચન અને કાયાએ કરીને એકેંદ્રિ-યાદિક સંસારી પ્રાણીઓ પાપ નથી કરતા તો પણ અંનત-કાળથી તેઓ અવરતિપણાને લીધે એકેંદ્રિયપણામાં જ રહે છે. તિર્યંચો પણ જો પૂર્વભવને વિષે ઈંદ્રિય અને મનને વશ કરી શકે તો આ ભવમાં કોરડાના, અંકુશના તથા આરના મારથી મુક્ત રહી શકે. સર્વત્ર વિરતિ જ ફળદાયક છે. "

મહારાજશ્રીનો અસરકારક ઉપદેશ સાંભળી કેટલાક શ્રાવકો અને શ્રાવિકાઓએ પણ પોતપોતાને ઉચિત એવા પરિ-ગ્રહ પરિમાણ વ્રત લીધા. પેથડકુમારને તો વ્રત લેવા જેવું કે

આચાર્ય મહારાજની સમિપે જઈ કંઇ પ્રાર્થના કરવા જેવું હતુંજ નહીં. તે તો છાનોમાનો પોતાના સ્થાનેજ બેસી રહ્યો.

આ વખતના પેથડકુમારનો દેખાવ પણ કેટલો કંગાળ હતો ? ગર્ભશ્રીમંતાઇનું આછું નૂર તેના વદન ઉપર તરવરતું હતું, છતાં એકાંત દરિદ્રતાને લીધે મલીનતાએ તેની ઉપર પોતાનો કાબુ જમાવી દીધો હતો. બારીકાઈથી જોનારને પેથડની આંખોમાં કંઇક અસાધારણ જ્યોતિ જરૂર દેખાય, પણ એ જોવાની કોઇને ફુરસદ ન હતી. તેના ફાટલાં-તૂટલાં કપડાં, હાથે-પગે ચોંટેલી રજ અને તેની અતિ નમ્રતા લોકોને કંઈ જ ખ્યાલ ન આપી શકી કે આ પેથડકુમાર એક વખતના કુબેર ભંડારી જેવા દેદાશાહનો એકલો વારસદાર છે. તેમને તો એમજ લાગ્યું કે આ કોઇ ગરીબ કુળનો સંતાન છે અને તેનામાં એકફુટી બદામ જેટલી પણ કીમ્મત નથી. ખરેખર, સંસારીઓ બાહ્ય દેખાવને જ સર્વસ્વ માની પોતે છેતરાય છે અને બીજાને પણ ભ્રમમાં ફસાવે છે. પેથડકુમારના બાહ્યદર્શને શ્રોતાઓના દીલમાં કંઇ સારી અસર ન કરી. આચાર્ય મહારાજનું લક્ષ પણ તેના તરફ ન વળ્યું.

એટલામાં એક શ્રાવક બોલી ઉઠ્યો:—"કૃપાળુ ગુરૂદેવ! સૌને વ્રત-નિયમ આપો છો તો પેલા ભાઈ દૂર રહ્યા રહ્યા ક્યારના વિચાર કરી રહ્યા છે તેમને કેમ વ્રત નથી આપતા ?" પેથડકુમાર તરફ આંગળી ચીંધતાં જ સૌ શ્રોતાઓનું ધ્યાન તેની તરફ ગયું. પેથડકુમાર મનમાં ને મનમાં જ શરમાઇને સમસમી રહ્યો! તેને થયું કે આવી હાંસીને પાત્ર બનવું

તેના કરતાં તો પૃથ્વી માર્ગ આપે તો તેમાં દટાઇ જવું એ કંઇ ખોટું નહીં. તેને પોતાના વેશ અને દરિદ્રતા ઉપર તિરસ્કાર છૂટયો. પોતાના જ ધર્મબંધુઓ આવી મશ્કરી કરે એ તેને અસહ્ય થયું; છતાં વિધિનો આદેશ પાળવા સિવાય અત્યારે તેને માટે બીજો કોઇ માર્ગ ન હતો.

સૌ જોઇ શકયા કે પેથડકુમાર તરફ આંગળી ચીંધવામાં તેની ગમ્મત કરવા સિવાય બીજો કોઇ આશય ન્હોતો. જેને પહેરવાને પૂરતા કપડાં પણ નથી, જેની આંખ અને મ્હોં ઉપર મેલના થર બાઝયા છે તે બિચારો પરિગ્રહ પરિમાણ વ્રત લે એ દેખીતી રીતે અશકય હતું.

" આજે ભલે દરિદ્ર દેખાય, પણ લાખ વર્ષે તો લક્ષાધિપતિ અને ક્રોડ વર્ષે તો ક્રોડાધિપતિ થવાનો ને ? " બીજા એક શ્રાવકે પેથડકુમારના પ્રકરણને આગળ ચલાવવાના ઇરાદાથી ટકોર કરી. ધર્મસભામાં છુપું હાસ્ય પ્રસરી રહ્યું.

આચાર્ય મહારાજને આ સ્થિતિ ન રૂચી. તેમણે કહ્યું:—" લક્ષ્મીનો અહંકાર એ ગૃહસ્થોને માટે બુરામાં બુરો અધઃપાત છે. કોણ નથી જાણતું કે લક્ષ્મી સ્વભાવે જ ચંચળ છે? ચંચળ વસ્તુનો ગર્વ ધરનાર ભલભલા ચમરબંધી પણ ધૂળ ચાટતા થઇ ગયા છે, તો પછી લક્ષાધિપતિ કે કોટ્યાધિપતિની તો વાતજ શા સારૂ કરવી જોઇએ? લક્ષ્મી કોઇને ત્યાં સ્થાયીપણાને નથી પામી. લક્ષ્મીનો તો મદ કોઇએ ન જ કરવો જોઇએ: એટલુંજ નહીં પણ કુળનો, બળનો,

રૂપનો, તપનો અને જ્ઞાનનો મદ પણ નહીં કરવાનો શાસ્ત્રકારોએ સ્પષ્ટ શબ્દોમાં આદેશ કર્યો છે. આજે જે દરિદ્રપણાને લીધે શેરીની ધૂળમાં આળોટે છે તે જ પુરૂષ આવતી કાલે પુણ્યપ્રભાવવડે કરીને સાત મહેલની અટારીએ નહીં વિરાજે એમ કોણ કહેવાને સમર્થ છે ? ચડતી–પડતી એ તો સંસારનો સ્વભાવ જ છે. ચડતીમાં કુલાઇ જવું અને પડતીમાં દબાઇ જવું એ કાયરતા છે–પુરૂષાર્થ નથી. ”

પેથડ તરફ અમીભરી નજર કરી આચાર્ય મહારાજે કહ્યું:–“શ્રીમંતો અને આડંબરીઓજ વ્રત લઈ શકે એવો નિયમ નથી. જે ધર્મમાં એવો પક્ષપાત રહેલો હોય તે ધર્મના નામને પણ લજવે છે. જીનશાસન તો સાગર જેટલું વિશાળ છે. એ દર્શનમાં શ્રીમંત કે ગરીબના ભેદ ન સંભવે. તમે કદાચ આજે ગરીબ હો તેથી શું થઈ ગયું ? તમારામાં જે અનંત સામર્થ્ય છે તેની પાસે લક્ષ્મીવંતનો વૈભવ કંઇજ હિસાબમાં નથી. તમે જે વખતે તમારા સામર્થ્યને ખીલવશો તે દિવસે આખું વિશ્વ તમારે પગે પડતું આવશે. કાયરો જ દીનતાવાળી દશા અનુભવી પોતાને કંગાળ માની લે છે. આત્મા કોઈ દિવસ કંગાળ નહોતો અને આજે પણ નથી. તમારે શરમાવાની કંઇ જ જરૂર નથી. તમે પુષ્કળ સંપત્તિના સ્વામી છો એમ માનો અને વ્રત લઇ તમારૂં આત્મકલ્યાણ ચિંતવો. ” આચાર્ય મહારાજના શબ્દોએ પેથડકુમારના અંતરમાં ઉંડી અસર કરી. શબ્દોમાં વહેતું વાત્સલ્ય તે જોઇ શકયો. તે ત્યાંથી ઉઠયો અને ધીમે ધીમે આચાર્યમહારાજની સમિપે પહોંચ્યો.

શ્રાતાઓ ઉત્સુકપણે એ દ્રશ્ય જોઇ રહ્યા. પેથડ જેવા મજુર માણસ કઇ રીતનું પરિગ્રહ પરિમાણ વ્રત અંગીકાર કરે છે તે જોવા સૌ શાંત બન્યા.

પણ પેથડે હાથ ન જોડ્યા. નિર્ભય ગતિએ જેમ આવ્યો હતો તેમ તે નિર્ભયપણે ઉભો રહ્યો. "મહારાજ શ્રી !" એ શબ્દો તેણે એટલા સંસ્કાર અને છટાથી ઉચ્ચાર્યા કે સૌને એમ ખાત્રી થઇ કે આ પુરૂષ દેખાવે જેવો મજુર છે તેવો જ સંસ્કારને વિષે સમૃદ્ધ છે. "ચિંથરે બાંધ્યું રતન તો ન હોય !" એમ પણ કોઇનાથી કહેવાય ગયું !

આચાર્ય મહારાજે પેથડના મુખ ઉપરની સંસ્કાર રેખાઓ ક્ષણવારમાં પારખી લીધી. તેના નયનોમાં છલકાતું તેજ, આ કોઇ અસાધારણ પુરૂષ છે એમ પુરવાર કરી રહ્યું. સૂરિજી મહારાજ ઘણા વિદ્વાન, લક્ષ્મીવાન, અને સત્તાવાન પુરૂષોના પરિચયમાં આવ્યા હતા. પોતાની સામે ઉભેલો નૌજુવાન જાણે એ બધામાં એક નવીજ ભાત પાડતો હોય તેમ તેમને થયું. "ચંદ્ર છૂપે નહીં બાદલ છાંયો" એ પંક્તિઓ તેમને યાદ આવી.

પેથડકુમારે સહજ શૈલીમાં કહ્યું. "સુવર્ણને એક દિવસ અભિમાન થયું. તેણે ફર્યાદ કરી કે મને ઘણી ઘણી રીતે કસવામાં આવે છે—મારી ઉપર હથોડીઓના પ્રહાર થાય છે—મને અગ્નિમાં ઝીંકવામાં આવે છે છતાં મને દુઃખ નથી થતું. મને માત્ર એક જ વાતનું દુઃખ રહ્યા કરે છે અને તે એ જ

કે મારી સરખામણી આ કાળા મુખવાળી ચણોઠી વડે થાય એ મને અસહ્ય લાગે છે.” આ સાંભળી ચણોઠી બોલી કે—“તારૂં અભિમાન તને ભલે એમ બોલાવે. તું બહુ રૂપાળું માનતું હોય તો પણ હું કંઇ તારા કરતાં રૂપમાં ઉતરૂં એમ તો નથી જ. મારા રંગ અને ગોળાકાર પાસે તો તારે શરમાઇ જવું પડે. તારામાં ગમે તેટલું મુલ્ય હોય તો પણ એ મુલ્યના નિશ્ચયમાં હું જ ઉપકારક અને આવશ્યક છું-તારી કીમત મારે લઇને જ થાય છે એ ન ભૂલવું જોઇએ. એ જ પ્રમાણે શ્રીમંતોની શ્રીમંતાઇ પણ ખરૂં જોતાં ગરીબોની ગરિબાઈને લીધે જ અંકાય છે. શ્રીમંતોના વૈભવ ગરીબોના બાહુબળથી જ ટકી રહ્યા છે. દુનીયામાં જો મારા જેવા પરિશ્રમ કરીને પેટ ભરનારા ન હોત તો શ્રીમંતોની શ્રીમંતાઈને કોણ જાણત ? ધનિકો ભલે ગરીબોનું ઉપહાસ્ય કરે, પણ પેલી ચણોઠીએ કહ્યું તેમ ગરીબાઇ જ શ્રીમંતાઇને અધિક દીપાવે છે. ગરીબાઇ છે તો જ શ્રીમંતાઇ છે. ખરૂં જોતાં શ્રીમંતોએ ગરીબોનો જ ઉપકાર માનવો જોઇએ. હું આજે ગરીબ છું-મારાં કપડાં ફાટલાં-તૂટલાં છે-મારા અંગ ઉપર મેલના પડ બાઝી ગયા હશે, પણ હું મારા બળને જે રીતે વિકસાવી રહ્યો છું તેનું તો તમને સ્વપ્ન પણ ભાગ્યે જ આવે ! અને આજે જેવો હું દેખાઉં છું તેવો કંઇ જન્મથી જ ન હતો. હું પણ વૈભવ શું છે તે જાણું છું, કીર્ત્તિ અને લક્ષ્મી કેટલા ચંચળ છે તે અનુભવી ચુકયો છું અને તેથી જ સૌ કોઇના ઉપાલંભ તથા કટાક્ષ સહન કરવાની શક્તિ મેળવી શકયો છું. મારા પિતા દેદાશાહના નામથી કોણ અજાણ છે ?”

" દેદાનો પુત્ર પેથડ ? " વ્યાખ્યાન સભાના ખુણે ખુણામાં એક વિજળીના જેવો ચમકાર વ્યાપી રહ્યો ! આચાર્ય મહારાજ પણ સ્થંભિત થયા ! તેમનું અનુમાન ખરૂં પડયુ ! આખી સભાનો રંગ પલટાઈ ગયો !

પેથડના શબ્દોએ વાતાવરણ ભરી દીધું હતું. કોઇની બોલવાની હિંમત ન ચાલી. સૂરિજીએ માત્ર એટલું જ કહ્યું કે:— " પરિગ્રહ પરિમાણુ વ્રત એ તો લોભરૂપી ગજેંદ્રને શિરે એક અંકુશરૂપ છે અને તે દેદાશાહના પુત્ર–પેથડકુમારને સર્વથા ઉચિત છે. "

તે પછી પ્રસંગોપાત સૂરીશ્વરે સમકિતની આવશ્યકતા વિષે વિવેચન કરી, ધનનું પરિમાણુ કરનાર દરિદ્રીઓ પણ પાછળથી કેવા ઉદાર અને ધર્માત્મા નીવડ્યા છે તે બધું શાસ્ત્રીય અને ઐતિહાસિક દૃષ્ટાંતો દ્વારા બતાવી આપ્યું. ગમે તેવા દીન–દરિદ્રને પણ પરિગ્રહ પરિમાણુ વ્રત લેવાનો અને સમ્યક્ત્વની ક્રિયા કરવાનો અધિકાર છે એમ પુનઃ પ્રતિપાદન કર્યું.

પેથડે હાથ જોડ્યા. સૂરીશ્વરે તેને પાસે બોલાવી તેના હાથની રેખાઓ તપાસી. રેખાશાસ્ત્રનું જે ઉંડું જ્ઞાન તેઓ ધરાવતા હતા તે પરથી મહારાજશ્રીને લાગ્યું કે આ યુવક વખત જતાં પુષ્કળ સંપત્તિ અને સત્તાનો પણ સ્વામી બનવો જોઇએ.

" કહો ત્યારે, કેટલું પરિમાણુ કરશો ? " શ્રી ધર્મઘોષ સૂરિએ પ્રશ્ન કર્યો.

" મારા જેવા માણુસને માટે વીસ હજાર ટાંકનું પરિમાણુ બસ થાય. " પેથડે નમ્રપણે ઉત્તર આપ્યો.

" આ વ્રત યાવજજીવન પાળવાનું છે એ ન ભૂલતાં. વિચારીને પ્રતિજ્ઞા કરો તો પાછળથી મુંઝાવાનું કંઇ કારણુ ન રહે. " પેથડ પોતે ભલે ન જાણુતો હોય, પણુ આચાર્ય મહારાજ તો પેથડનું ભાવી વાંચી શકયા હતા, તેથી આડકતરી રીતે કંઇક વિશેષ છૂટછાટ મુકવાનો તેમણે આગ્રહ કર્યો.

" પાસે એક કોડી પણુ ન હોય અને છતાં વીસ હજાર ટાંકનું પરિમાણુ પોતાને માટે બાંધે એ શું આપને ઓછું હાસ્યાસ્પદ લાગે છે ? " પેથડની નમ્રતા તેના શબ્દે શબ્દમાં તરવરી રહી.

" તમારે માટે પાંચ લાખનું પરિમાણુ મને બસ લાગે છે." આચાર્યશ્રીનો આ નિર્ણય અદ્દભૂત હતો. અજ્ઞાન-બાળ જીવોને તેમાં ભારે અતિશયોક્તિનો ભાસ થયો.

" પાંચ લાખ ? " પેથડ એકદમ બોલી ઉઠ્યો.

" અને તે પણુ વખત જતાં તને બહુ ઓછા લાગશે." પેથડની સત્તા અને સમૃદ્ધિનો ખ્યાલ આવતાં આચાર્યશ્રીએ સમાધાન કર્યું.

" પાંચલાખ ટાંકની તો મને કલ્પના પણુ નથી

આવતી." પેથડની આ પ્રકારની ભદ્રિકતા જોઇ મહારાજે પોતાની પરમ પ્રસન્નતા દાખવી અને કહ્યું કે:—

"જે પોતાની મહત્તા સમજી શકતા નથી તે જ વખત જતાં મહાન્ થાય છે. પેથડને આજે પોતાની ભાવી મહત્તાનું ભાન નથી. એ તેની નિરભિમાનતા સૂચવે છે. દેદા જેવા ધાર્મિક પિતાના પુત્રને જ એ ભદ્રિકતા શોભે. તેના હાથની રેખાઓ ઉપથી તેમજ બીજાં લક્ષણો જોતાં હું ખાત્રીથી એમ માનું છું કે આજનો એ કંગાળ પેથડ ભવિષ્યમાં એક નામાંકિત પુરૂષ થશે. તેની કીર્તિ દશે દિશામાં ફરી વળશે. જેઓ આજે તેની સામે જોઇ છુપું છુપું હસી રહ્યા છે તેઓ તેની મ્હેરબાની મેળવવા મથશે." આચાર્ય મહારાજની આ વાણી સાંભળી ઘણાખરા વ્યવહારીયા તાજ્જુબ બન્યા. શ્રી ધર્મઘોષ સૂરિજી જેવા પુરૂષને મુખે અતિશયોક્તિ કદાપિ ન હોય એવી તેમને પુરેપુરી શ્રદ્ધા હતી, થોડી પળો પહેલાં જે પેથડ પ્રત્યે કરૂણા અને કટાક્ષ વહેતાં તે પલટાઇ ગયા. પેથડની સામે સૌ ભક્તિભાવ ભર્યા આહ્લાદ પૂર્ણ હૃદયથી નીરખી રહ્યા.

"આપનું વચન મારે પ્રમાણ છે!" એમ કહી પેથડકુમારે ફરી હાથ જોડ્યા. સૂરીજી મહારાજે વિધિપુરઃસર વ્રત–સ્વીકારનો પાઠ ઉચાર્યો; અને વખત વીતતાં સભા પણ વિસર્જન થઇ.

પોતાના વર્તમાન અને ભાવીનો વિચાર કરતો પેથડ ઘેર પહોંચ્યો. એ વખતે તેની પત્નિ–પ્રથમિણી કંઇ ઉંડી

ગ્લાની ચિંતામાં, તેના આગમનની જ રાહ જોતી બેઠી હતી. આજે છેલ્લા કેટલાય દિવસ થયાં તેમને માત્ર એક જ વખત આહાર કરવાની અને એટલેથી જ સંતોષ માનવાની ફરજ પડી હતી. પ્રથમિણી એક ધનિક પિતાની પુત્રી હતી. પેથડની જેમ તે પણ સુખ અને વૈભવમાં ઉછરી હતી. તેણીએ ધાર્યું હોત તો તે પોતાના દુઃખી-દરિદ્ર પતિનો ત્યાગ કરી પિતાને ત્યાં જઇને રહી શકી હોત. પણ તેનું હૃદય સંસ્કારી હતું પતિના સુખ-દુઃખમાં ભાગ લઇ, પોતાના નારી જીવનને સાર્થક કરવાના ઉચ્ચ આદર્શ ધરાવતી હતી. વિવિધ સંકટો વેઠવા છતાં તેણીએ એ વિષે પોતાના પતિને કે કોઇ સગાં-સંબધી ને પણ ફર્યાદનો એક અક્ષર સુદ્ધાં કહ્યો નથી. તે પોતાના આત્માને જ સંબોધીને કહેતી કે—" દુઃખના દિવસો જેણે નથી વેઠ્યા તે વસ્તુતઃ સુખનું મુલ્ય ન સમજી શકે. દુઃખ એ તો દેવોના આશિર્વાદ ગણાય. મૂર્ખ-મૂઢ આત્માઓ જ દુઃખના તાપને અનુભવી હતાશ બની જાય છે. દુઃખ-ઉપાધી અને સાંસારિક વેદનાઓની ભઠ્ઠીમાંથી જેઓ હસતે મુખે પસાર થઇ શકે છે તે જ સુખનો સાચો રસાસ્વાદ ભોગવી શકે છે." અથાર્ત્ ગરીબાઇની મહત્તા તે સમજતી હતી. છતાં આજે પતિદેવ આવે ત્યારે તેમના થાળમાં શું ધરવું તેના વિચારમાં તે ગરકાવ હતી. પેથડે એ ચિંતાતૂર-મ્લાન વદન નીહાળી એક દીર્ઘ નિઃશ્વાસ મૂકયો. ઘેર આવતાં જ તેને યાદ આવ્યું કે આજે ઘરમાં અનાજ નથી. વ્યાખ્યાનમાં બેસી રહેવાથી તે અત્યાર સુધી પોતાની સ્થિતિ ભૂલી ગયો હતો.

પતિના દર્શને પ્રથમિણીના ચ્હેરા ઉપર સ્વર્ગીય સંતોષની જ્યોતિ ફરી વળી. તે એકદમ પાસેની કોઇ એક સખીને ત્યાં જઈ કઈંક માગી લાવી અને થોડાજ વખતમાં પેથડને પ્રેમ પૂર્વક ભોજનનો થાળ ધર્યો.

પેથડનું હૈયું ભરાઈ આવ્યું. પ્રથમિણીનો સ્નેહ અને આત્મભોગ જોઈ તેને દેવલોકનાં સુખ પણ તુચ્છ ભાસ્યાં જમતાં-જમતાં આજની વ્યાખ્યાન સભાની, સુવર્ણ અને ચણોઠીની તેમજ પરિગ્રહ પરિમાણ વ્રતની પણ ઘણી ઘણી વાતો પેથડે કહી દીધી.

# પ્રકરણ ૧૧ મું.

## માંડવગઢનો મહિમા.

માળવદેશમાં એક કાળે લક્ષ્મીના પૂર ઉભરાતા. માંડવગઢ એ તેનું મુખ્ય કેન્દ્ર સ્થળ હતું. ઇતિહાસ પ્રસિદ્ધ ઉજ્જયિનિ કરતાં પણ માંડવગઢે શ્રદ્ધા અને શ્રીમંતાઇનો વૈભવ અધિકતર પ્રમાણમાં ભોગવ્યો એવા પ્રમાણ મળી આવે છે. નદીઓના પાણી જેમ સાગરમાં ઠલવાય તેમ માળવ દેશની વિભૂતિઓ એક સમયે માંડવગઢમાં આવી વિરમતિ. લક્ષ્મી, સરસ્વતી અને શ્રદ્ધાનાં નિર્મળ જળનું તે એક સંગમ સ્થાન બન્યું હતું. આજે જો કે જૈન સ્તુતિયોમાં “ માંડવગઢનો

રાજીયો નામે દેવ સુપાર્શ્વ " એટલોજ અંશ રહી જવા પામ્યો છે પણ એ અમર ઉદ્દગાર ઐતિહાસિક મધ્યકાળની અસંખ્ય સુખ સ્મૃતિઓને જગવે છે. આજે માંડવગઢ એક પુરાતન અવશેષ રૂપે વિદ્યમાન છે. પરંતુ અમે તે સમયની આ વાત કહીએ છીએ તે વખતે માંડવગઢ અને અમરાપુરીમાં કાંઇ ઝાઝો ભેદ ન હતો. કોટીધ્વજોની ઉંચી અટારીઓ ઉપર તેમની કીર્ત્તિનીધજાઓ અહોનિશ ફરકતી, શૃંગાર, વિલાસ, વૈભવ અને વ્યાપારની સાથે ધર્મભાવના, શ્રદ્ધા, અને ભક્તિ પણ સાથે સાથે જ માંડવગઢના કીલ્લામાં ક્રિડા કરતાં. એને દુશ્મનોનો પણ ડર ન્હોતો. સૌને ખાત્રી હતી કે તેના મજબુત કીલ્લા અને સબળ સૈનિકો પાસે ગમે તેવો જંગબહાદૂર–પણ ગાંજી જાય. પૃથ્વી આખી રસાતળ જાય, પણ માંડવગઢનો વાળ ન ફરકે એવી સૌને પુરેપુરી ખાત્રી થઇ ચુકી હતી. રાત્રીના બીજા પ્રહરથી લઇને તે ઠેઠ અરૂણોદય થતાં સુધીમાં સંગીત, વિનોદ અને વિહાર નો પૂરબ્હાર વર્તતો. દરવાનો થોડી રાત્રી વીતતાં જ કીલ્લાના દરવાજા બંધ કરી, ક્ષેમકુશળતાનો ડંકો બજાવતા. માંડવગઢના કીલ્લામાં સાયંકાળ પછી તો મૃત્યુ પણ પગ મુકવાની હિમ્મત ન કરી શકે એમ મનાતું.

રાત પડી જવાથી, અને દરવાજા બંધ થઇ જવાથી ટાઢથી ધ્રૂજતા ત્રણ મુસાફરો બ્હાર ઓટલા ઉપર ટુંટીયા વાળીને પડયાં છે.

" સાંભળ્યું તો હતું કે માંડવગઢમાં મૂર્ત્તિમંત

શૌર્ય–વીર્ય અને પ્રતાપ વસે છે. પણ એને બદલે ઉલટું અહિં તો ભયનું જ સામ્રાજ્ય પ્રવર્ત્તતું હોય તેમ જણાય છે. દુશ્મનો ના ભયને લીધે પ્રજાને નગરના દરવાજા આમ બંધ રાખવા પડે એના વૈભવ અને પ્રતાપમાં પણ ધુળ પડી ! " યુવક પ્રવાસી થાકના કંટાળાથી ઉશ્કેરાઇને બોલતો હોય એમ લાગ્યું,

" સુખ અને વૈભવ હંમેશા સહીસલામતી જ શોધે છે. અનેજ્યાં માત્ર સલામતીની જ વાહવાહ બોલાતી હોય ત્યાં અધઃપતન પણ ડોકીયાં જ કરતું હોય છે. " ઉત્તરમાં મૃદુસ્વર સંભળાયા. એટલામાં પડખામાં સૂતેલા બાળકે પાસું ફેરવ્યું. ટાઢ અને થાકને લીધે તે પણ ઘસઘસાટ ઉંઘવા છતાં વચમાં વચમાં જરા રડી લેતું. માતપિતાનાં સ્નેહ દુર્બળ હૈયાં એ રૂદન સ્વર સાંભળી અધિક વ્યથા પામતાં. પણ આજે તેઓ લાચાર હતા.

"મારા હાથમાં જો સત્તા આવે તો હું પહેલવહેલું કામ એ કરૂં કે નગરીના સઘળા દરવાજા તોડીને આગમાં બાળી નાખું ! થાકયા પાકયા મુસાફરોને ભૂખ્યા તરસ્યા આખી રાત્રિ બ્હાર વીતાવવી પડે એના જેવી બીજી ક્રૂરતા કઈ હોય ! " પુરૂષના કંટાળાનો પ્યાલો ભરચક ભરાઇ ગયો હતો.

" એ તો આપનું અભિમાન આપની પાસે એમ બોલાવે છે. ઘરને બારણાંની જેટલી જરૂર તેટલી જ નગરીને પણ દરવાજાની જરૂર રહેવાની. છતાં એટલું તો ચોક્કસ કે અતિથિનો

સાદ સાંભળતાં ગૃહસ્થો તરત જ દોડીને દ્વાર ખોલે તેમ રખેવાળોએ પણ પોતાની વિવેક બુદ્ધિનો ઉપયોગ કરી સારા માણસોને અંદર લેવા જોઈએ." પ્રવાસી-સ્ત્રીએ વચલો તોડ કાઢયો.

પુરૂષ સ્હેજ ઝંખવાણો પડ્યો. પણ એ તોડ સાંભળી, પોતાની પત્નિના બુદ્ધિબળથી ગર્વિત પણ બન્યો. રાજકાજમાં તેમજ વહેવારમાં પણ સન્નારીઓનાં સૂચન આ રીતે કેટલાં ઉપયોગી થાય તેનો તેને કંઈક ખ્યાલ આવ્યો.

એટલામાં તો નિદ્રાએ આવીને તેમની ઉપર પોતાનો કાબુ જમાવ્યો. બન્ને જણાં લાંબા પ્રવાસથી થાકી ગયાં હતાં. અધુરામાં પુરૂં તેમણે માંડવગઢમાં જઈ ભૂખ-તરસને છીપાવવાની જે આશા રાખી હતી. તેમાં પણ તેઓ નિરાશા થયાં હતા. નિદ્રાએ ભૂખ-તરસ અને થાકને ભૂલાવવા તેમને પોતાની હુંફાળી ગોદમાં લીધા.

અંધકાર આખરે ઓગળ્યો. ઉષાએ પૂર્વના આકાશમાં કુંમકુંમ પગલાં કર્યાં. માંડવગઢની ઉંચી અટારીઓ અને મંદિરો ઉપર સુવર્ણ તેજ પથરાઇ રહ્યું. યુવકે જાગૃત થઇ એ દ્રશ્ય નિહાળ્યું. આ વૈભવવંતા પુરમાં પોતાનું સ્થાન ક્યાં એવો આત્મ પ્રશ્ન થયો. ઘડીભર વિચાર કર્યો. પણ જાણે કંઇ જ ચિંતા જેવું ન હોય તેમ એ મુંઝવણને માથેથી ફેંકી દઈ ટટ્ટાર થયો. લાવણ્ય અને સૌંદર્યની કરમાયેલી કળી જેવી સ્ત્રીને ઉઠાડી. ત્રણે જણા નગરીમાં જવા દરવાજા પાસે આવી ઉભા રહ્યાં.

# પ્રકરણ ૧૨ મું.

## જીવન યુદ્ધ.

પણ એ મુસાફરો કોણ? એકાએક તેમને માંડવગઢમાં આવવાની શું જરૂર પડી? વાંચકોને સ્વભાવિક રીતે જ પ્રશ્ન થશે.

એ મુસાફરોમાં એક તો પેથડના નામથી પરિચિત દેદાશાહના દરિદ્ર પુત્ર પૃથ્વીકુમારને અમારા વાંચકો ઓળખે છે. તેની સાથે તેની સ્ત્રી અને પુત્ર પણ વખાના માર્યા આજે માંડવગઢના આશ્રયે આવી ચડ્યા છે. જેને જગતમાં ક્યાંઈ આશ્રય ન મળે તેને માંડવગઢની ભૂમિ વાત્સલ્ય ભાવથી સત્કારે છે એમ પેથડે સાંભળ્યું હતું. તેણે સહકુટુંબ માંડવગઢમાં રહી જીવન યુદ્ધ લડવાનો નિશ્ચય કર્યો હતો. અહીં આ આવ્યા પછી ઘણા દીન અવસ્થા ભોગવતા વ્યાપારીઓ અઢળક લક્ષ્મી પ્રાપ્ત કરવા ભાગ્શાળી થયા હતા, કેટલાયે બુદ્ધિમાનો રાજ્યનો આશ્રય મેળવી પોતાનો પ્રભાવ પાડી શક્યા હતા, પેથડના મનમાં પણ એજ મહાત્વાકાંક્ષા રમી રહી હતી. તે હરકોઇ ભોગે જીવન યુદ્ધમાં વિજય મેળવવા મથી રહ્યો હતો.

નવકાર મંત્રનું સ્મરણ કરતો તે દરવાજા પાસે ઉભો છે. આગળ વધવા એક પગ ઉપાડે છે એટલામાં એક અસાધારણ દેખાવ તેની નજરે પડયો. પેથડ થંભીને ઉભો થઇ રહ્યો!

ડાબી બાજુ થોડે દૂર એક સર્પ ફણા વિસ્તારતો ક્રિડા કરી રહ્યો હતો.:અને તે ફેણ ઉપર જ એક કાળી દેવ ચકલી, કંઇ શુભ સંદેશ પાઠવતી હોય તેમ કલ્લોલ કરતી હતી. માંડવગઢમાં પ્રવેશતાની સાથે જ આવું દ્રશ્ય આંખે ચડે તેને કંઇક હેતુ અવશ્ય હોવો જોઇએ એમ પેથડે મનમાં નિશ્ચય કર્યો. એક તો ભયંકર સર્પ અને તે ઉપરાંત વળી શ્યામરંગી ચકલીને કલોલ્લ એ તેને પ્રથમ કોળીયે જ માખી આવવા જેવું અપશુકન લાગ્યું. તેણે આડો હાથ ધરી પ્રથમિણીને આગળ જતાં રોકી. પ્રથમિણી પણ એ સંકેત સમજી બે ડગલાં પાછળ હઠી.

એક વયોવૃદ્ધ પુરૂષ શાંતપણે આ વ્યાપાર જોઇ રહ્યો હતો. તેનાથી હવે બોલ્યા વિના ન રહેવાયું. “ભાઈ! શુકનશાસ્ત્રના અજ્ઞાનને લીધેજ આમ કચવાઓ છો. સર્પની ફેણ ઉપર કાળી દેવચકલી આનંદધ્વની કરે એના જેવા ઉત્તમ શુકન, શુકનશાસ્ત્રમાં પણ બહુ થોડાં હશે. તમે સરસ તક ગુમાવી. પણ ચિંતા નહીં. હજી એક ઘડી વિતાવ્યા વિના નગરમાં પ્રવેશ કરો તો તમારાં ભાગ્ય ખીલ્યાં વિના ન રહે”

“હું તો પ્રારબ્ધ અને પુરૂષાર્થ ઉભયમાં માનવાવાળો છું. આ શુકન મારા પ્રારબ્ધ કે પુરૂષાર્થની આડે આવે એમ નથી માનતો. છતાં જો એ શુભ શુકન હોય તો મને અલબત્ત થોડું આશ્વાસન મળે.” જતાં જતાં પેથડે ઉમેર્યું દરવાજો વટાવી ને માંડવગઢના રાજમાર્ગ ઉપર ચાલ્યો.

અજાણ્યા ગામમાં ઓળખાણ–પીછાન વિના કયાં જઇને ઉભું રહેવું એની પેથડને હવે મુંઝવણ થવા લાગી. પોતે એકલો હોત તો કોઇપણ દુકાનને ઓટલે પડી રહીને, ખાવા ન મળત તો છેવટે પાણી પીને પણ બે–ત્રણ દિવસ ગાળી નાખત. પણ આજે તે એકલો ન હતો. સ્ત્રી–પુત્રની જવાબ-દારી તેને માથે હતી. પોતાનું ગમે તેમ થાય, પણ એક વાર આ પરિવારને તો કોઇ સહિસલામત સ્થળે મુકવો જોઇએ.

માર્ગ ઉપર લોકોનો અવર–જવર શરૂ થઇ ગયો હતો. કોઇ મંદિરે દર્શન કરવા, ગુરૂવંદન કરવા તો કોઇ ધંધા અર્થે પ્રવૃત્તિવાળા જણાતા હતા. તેમને આ અજાણ્યા પ્રવાસીની શી દરકાર હોય ? પેથડે પણ પોતાને આગ્રહ કરીને કોઇ બોલાવશે અને આદર–સત્કાર પૂર્વક ઉતારો આપશે એવી આશા ન્હોતી રાખી. છતાં તેને રાહદારીઓની આ પ્રકારની બેદરકારી ખટકવા લાગી. ને વિચાર કરવા લાગ્યો:—“ બ-બ્બે–ત્રણ ત્રણ દિવસથી માર્યો માર્યો ફરૂં છું–ભૂખ ને થાકને લીધે પરેશાન થઈ ગયો છું. છતાં આ સેંકડો રાહદારીઓમાંથી કોઇને લેશ માત્ર પણ દયા નથી આવતી. કોઇ પૂછતું પણ નથી કે કયાંના છો અને અને કયાં જવા માગો છો ? ” પેથડ જેવા પુરૂષાર્થીને પણ દુર્બળતાએ ક્ષણવાર ઘેરી લીધો.

પ્રથમિણીનું લજ્જાભીરૂ હૈયું પણ અત્યારે સ્વસ્થ ન્હોતું. ઘરની ચાર દિવાલો વચ્ચે, સૂર્ય પણ જેનું મ્હોં ન જોઇ શકે. એવી રીતે રહેનારી આર્ય:સ્ત્રીને જયારે ભરબજા-રમાં નિરાશ્રિતપણે રઝળવાનો પ્રસંગ પ્રાપ્ત થાય ત્યારે તેમની

મનોવ્યથા એક માત્ર અંતર્યામી સિવાય બીજું કોઇ ન સમજી શકે. પ્રથમિણી સંસ્કારી હતી–સતીઓને શિરે આવેલા સંકટો તે સમજતી હતી. તેને લાગ્યું કે વન–વેરાનમાં એકાકી રઝળવું તેના કરતાં ભર વસ્તીમાં સેંકડો રાહદારીઓના દ્રષ્ટિ, કટાક્ષ અને ટીકાને પાત્ર બનવું એ વધારે દુઃખદાયક છે. પણ આજે તો તે પણ નિરૂપાય હતી. ઝાંઝણકુમારને આ વિપત્તિનો કંઇ બહુ ભારે ખ્યાલ ન આવ્યો. તે તો માતપિતાની છાયામાં, માર્ગની વચ્ચે પણ ઘરના જેવો જ સંતુષ્ઠ હતો.

“ ભાઇ ! જરા ધર્મશાળાનો માર્ગ ચીંધશો ? ” એક શ્રાવક ઉતાવળો ઉતાવળો ઘર તરફ જતો હતો તેને સંબોધીને પેથડે પ્રશ્ન કર્યો. આ પ્રશ્ન પૂછનાર જો આડંબરી, દમામવાળો અથવા તો શ્રીમંત હોત તો એ ઉતાવળીયા ભાઇએ સ્હેજ ઠંડા પડી ધર્મશાળાનો સીધો માર્ગ ચીંધ્યો હોત–કદાચ સાથે જઇને ઉતારાનો બંદોસ્ત કરી આપ્યો હોત, એટલું જ નહીં પણ થોડો વખત પોતાને ત્યાં રાખી તેમને માટે યોગ્ય ગોઠવણ જાતે કરી લીધી હોત. પરંતુ પેથડના પહેરવેશમાં તેને કંઇજ આકર્ષણ ન જણાયું. સીધો જવાબ આપવાથી કંઈ વધુ અર્થ સરે એમ પણ ન લાગ્યું. થોડીવાર તો તે પેથડની સામે જોઇ રહ્યો. કહ્યું:—સાવ અજાણ્યા લાગો છો ? સીધા ચાલ્યા જાઓ–કયાંઇંક આશ્રય મળી રહેશે. માંડવગઢમાં આશ્રયદાતાઓની કયાં ખોટ છે ? ”

પેથડ અને પ્રથમિણી આ ઉત્તર સાંભળી સ્તબ્ધ થયા,

પોતાનો જ એક સાધર્મી ભાઇ ધર્મશાળાનો માર્ગ બતાવવાને બદલે કે આશ્વાસનના બે શબ્દો કહેવાને બદલે, માથેથી ભાર ફેંકી દઇને ચાલ્યો જતો હોય તેવી ઉપેક્ષા દર્શાવે એ અસહ્ય લાગ્યું. ખરૂં જોતાં તો આ દંપતીનાં હૃદય એટલાં બધાં આળાં થઇ ગયાં હતાં કે તેમને આજે સંસારનો સામાન્ય આઘાત પણ મર્મભેદક લાગતો હતો; બાકી એ ઉપેક્ષા કે ઉતાવળમાં કંઈ જ અજાયબી પામવા જેવું ન હતું.

ધીમે ધીમે તેઓ એક આલીશાન અટ્ટાલિકા પાસે પહોંચ્યાં. આસપાસના ગામડાઓ અને શહેરોમાંથી પણ રોજ માંડવગઢમાં એટલા બધા નવા મુસાફરો આવતા કે કોણ કયાંનો છે તે પૂછવાની તસ્દી પણ કોઇ ભાગ્યશાળી જ લેતું. ધનદત્ત શ્રેષ્ઠીના નામે ઓળખાતું કુટુંબ એમાં એક અપવાદ રૂપ ગણાતું. ચોવીસે ચોવીસ કલાક એ શ્રેષ્ઠીનાં દ્વાર અતિથિના સત્કાર માટે ખુલ્લા રહેતા-જેવી જાહોજલાલી હતી તેવી જ તેમની અતિથિ સેવા પણ મશહુર હતી. પેથડ અને તેનો પરિવાર, પૂછતાં પૂછતાં એ શ્રેષ્ઠીની આલીશાન અટ્ટાલિકા પાસે આવી ઉભા રહ્યાં.

શેઠે તેમને ઉપર બેઠા બેઠા નિહાળ્યા. વય તો તેમનું લગભગ ચાલીસેક વર્ષની આસપાસ હશે. પરંતુ વ્યાપારની ઉથલપાથલે, નિત્ય નવા માણસોના પરિચયે અને સત્તાધીશો તેમજ ધર્માચાર્યો સાથેના નિકટ સંબંધને લીધે તેમને તટસ્થપણે ઘણા ઘણા અનુભવો થઇ ગયા હતા. પેથડને દૂરથી જોઇને જ તેઓ કળી ગયા કે “ યુવક પાણીદાર છે. તેની

ચાલવાની છટા જ કહી આપે છે કે તેના દેહમાં એક ઉન્નત આત્મા વસે છે. ” થોડીવાર સુધી તેઓ એકીટસે તેની સામે ને સામે જ નીહાળી રહ્યા.

“ આ કોનું મકાન છે ? અહીં અમને બે–ચાર દિવસ આશ્રય મળી શકશે ? ” પેથડના મુખમાંથી આ શબ્દો પૂરાપાધરા બ્હાર નીકળે તે પહેલાં જ ધનદત્ત શેઠનો એક નોકર ઉપરથી દોડતો આવીને તેમને આદરપૂર્વક લઈ ગયો.

ડેલી વટાવી તેઓ અંદર પેઠા. વચમાં જ એક નિર્મળ–સુવાસિત જળનો ફુવારો મંદ મંદ પણે વહી રહ્યો હતો. આસપાસ વિવિધ પ્રકારનાં ફુલઝાડ કોઇ કુશળ માળીની કાળજીની સ્પષ્ટ ઉદ્ઘોષણા કરી રહ્યા હતા. ફુવારો અને ન્હાના બગીચાની પેલી તરફ શેઠનું અંતઃપુર હતું–પણ ત્યાં યે કોઈ રાજ મહેલનું સૌંદર્ય અને ગાંભીર્ય આવી વસ્યાં હોય એમ લાગતું. પેથડને તે જોવા–વિચારવા કે અનુભવવાનો અવકાશ ન હતો. આશ્રય અને જીવન યુદ્ધના જ વ્યુહ રચવામાં તે અત્યારે મશગૂલ હતો.

પ્રથમિણી અને ઝાંઝણને અંતઃપુરમાં બેસાડી પેલો નોકર પેથડને ધનદત્ત શેઠ પાસે લઇ ગયો. શેઠે તેમને કૂશળવર્તમાન પૂછી પાસે બેસાડ્યા. અજાણ્યા અને ખાનદાન અતિથિઓ પોતાના થાક, ભૂખ કે મુશ્કેલીનાં લાંબા વર્ણન ન કરે એમ શેઠ પોતે સારી રીતે જાણતા હતા. તેથી જ તેમણે કેટલે દૂરથી આવો છો, શું ઉદ્દેશથી આવો છો વિગેરે પ્રશ્નો

પૂછી અતિથિનું દુ:ખ તાજું કરવાનો પ્રયત્ન ન કર્યો. મ્હોટે ભાગે ધંધા અર્થે જ આવા યુવકો માંડવગઢમાં આવે એમ તેમણે માની લીધું.

"આ ભાઈને માટે એક જૂદો ઓરડો કાઢી આપજો. અને તેઓ અહીં રહે ત્યાં સુધી તેમને જમવા-કરવાની વ્યવસ્થા પણ આપણા રસોડે જ રાખજો." પેથડની રૂબરૂમાં જ શેઠે પોતાના મુનિમને આજ્ઞા કરી.

પેથડની આંખમાં ઉપકારનાં આંસુ ઉભરાયા. શેઠે તે જોયા, પણ જાણે કંઇ બન્યુ જ નથી એવો દેખાવ કર્યો. થોડીવાર રહીને કહ્યું:—"અતિ શ્રમને લીધે થાકી ગયા હશો. સ્નાન-પૂજા આદિથી નિવૃત્ત થઈ ઘડીભર આરામ લ્યો." શેઠ સીધા અંત:પુર તરફ ગયા અને પેથડ એકલો પડયો. "હું કોણ છું-કેમ આવી ચડયો છું અને કેટલું રોકાવાનો છું" એ વિષે તો મને પ્રશ્ન સરખો પણ ન કર્યો, છતાં મારે માટે વ્યવસ્થા કરવામાં તેમણે એક પિતાના જેટલી વત્સલતા બતાવી આપી." પેથડના દીલમાં અસંખ્ય પ્રકારની કલ્પનાઓ થવા લાગી.

બીજી તરફ ધનદત્ત શેઠ અંત:પુરમાં ગયા અને ત્યાં રહ્યા રહ્યા તેમણે પોતાની પત્નિ દ્વારા પ્રથમણિના શ્વસુરકુળ વિષે કેટલીક હકીકત મેળવી લીધી, એટલું જ નહીં પણ અહીં કેવા સંયોગોમાં તેમને આવવું પડયું છે તે પણ જાણી લીધું. "દેદાશાહ જેવા ઉદાર ને શ્રીમંત પુરૂષનો પુત્ર આજે વખાનો માર્યો, માત્ર ઉદરનિર્વાહ અર્થે રઝળી રહ્યો છે તે સાંભળી

તેમને બહુ લાગી આવ્યું ! લક્ષ્મી કેટલી ચંચળ છે, વૈભવો કેટલા ક્ષણિક છે અને કર્મની લીલા માણસોને કેવા સ્વાંગ સજાવે છે તેનું ચિત્રપટ નજર આગળ તરી રહ્યું. પણ એ મનોદશા લાંબો સમય ન રહી. બે-ચાર ક્ષણો વીતતાં જ તેમનાં મ્હોં ઉપરના ભાવ પલટાયા. પોતાની સ્ત્રીને કહ્યું:—"આપણાં પૂરાં સદ્‌ભાગ્ય છે કે આ પરિવાર આજે આપણે ત્યાં આશ્રય અર્થે આવી ચડયો છે. દેદાશાહનું સ્મરણ પોતે જ પવિત્ર છે. તેનો પુત્ર આપણે ત્યાં રહે એ આપણી લક્ષ્મીની સાર્થકતા જ ગણાય. પણ આપણે તેને ઓળખી શકયા છીએ, એવું સૂચન ભૂલે ચૂકે પણ ન થવું જોઇએ." ધનદત્તશેઠની સ્ત્રીએ એ બધું સાંભળી લીધું. પોતાને ત્યાં આજ સુધીમાં રાજકુંવરોને પણ ઝંખવી નાખે એવા અતિથિઓ રહી ગયા છે, છતાં શેઠે કોઇ દિવસ આટલું સદ્‌ભાગ્ય નથી માન્યું. આ દિન-દરિદ્ર અને કંગાળ અતિથિમાં એવું તે શું છે કે શેઠને પોતાને ચિંતા રાખવી પડે છે તે બિચારી સ્ત્રી ન સમજી શકી. પેથડકુમારની આગતા સ્વાગતામાં કંઇ અડચણ ન આવી.

ધીમે ધીમે પેથડનું સન્માન વધવા લાગ્યુ. એક તો શેઠ પોતે તેની તરફ ખુબ મમતા બતાવતા હતા અને તે ઉપરાંત પેથડે પોતાની ભદ્રિકતા, તેજસ્વીતા અને સરળતાએ આખા પરિવારનો તેમજ નોકર-ચાકરનો સદ્‌ભાવ પણ જીતી લીધો હતો. ધનદત્ત શેઠ જ્યારે જ્યારે અવકાશ મળે છે ત્યારે પેથડની સાથે વાતોમાં ગુંથાય છે. દેવદર્શને કે ગુરૂવંદને જવું હોય ત્યારે પણ પેથડને તૈયાર થવાની સૂચના મળી જાય છે.

ગૃહપતિના આટલા બધા મમત્વનું કારણ ભાગ્યે જ કોઇ કળી શકયું.

પંદરેક દિવસ એ રીતે પસાર થઈ ગયા. શેઠ સમજ્યા કે પેથડ હવે નિરૂપાધિક બની ગયો હોવાથી તેને કોઇ પ્રકારની ચિંતા નથી. પેથડની નિશ્ચિતતા જોઇ શેઠ મનમાં ખુશી થયા.

પણ પેથડ તો કંઇ જૂદી જ સ્વપ્નસૃષ્ટિ રચી રહ્યો હતો. ઘણા દિવસને અંતે આવી શાંતિ મળવાથી તેને સંતોષ–આનંદ તો જરૂર થયો. પણ તેનો અંતરાત્મા સ્વતંત્ર રીતે ધંધો કરી, પગભર થવા તલસી રહ્યો હતો. શેઠની પાસે એ દરખાસ્ત કેવા શબ્દોમાં મુકવી એ તેને ન સૂઝયું. રોજ વિચાર કરે કે આજે તો જરૂર વાત કરી નાખું. પણ શેઠના પ્રેમ–મમત્વ પાસે બોલવાની હિંમત ન ચાલે. એક દિવસ બને તેટલી સાહસિકતાને મદદે બોલાવી શેઠને કહ્યું—" આજે ઘણા દિવસ થયા. આપના આશ્રયે આવ્યા પછી અમે સ્વર્ગલોકનાં સુખ અનુભવ્યાં. પણ હવે મને ધંધે વળગાડો અથવા તો ધંધો કરવાની રજા આપો તો ઠીક. " ધનદત્ત શેઠે ઘડીભર વિચાર કર્યો. શું જવાબ આપવો તે તત્કાળ નક્કી ન કરી શકયા. " પણ એટલી બધી ઉતાવળ શા સારૂ ? તમારા જેવા બે–ચાર જણાના ખાવાથી કંઇ મારી લક્ષ્મી ખૂટી નહીં જાય. તમે ખુશીથી અહીં જીંદગી પર્યંત રહેશો તો પણ મને કંઇ મનમાં નહીં થાય છતાં અવકાશે આપણે એ વાત કરીશું. " એ પ્રમાણે વાતને ટુંકામાં જ પતાવી શેઠ પોતાને કામે ગયા.

પણ પેથડને એથી સંતોષ ન થયો. તેણે સ્વતંત્ર પણે એક દુકાન માંડવાનો મનમાં નિશ્ચય કર્યો. કોઈના આશ્રયે પડી રહેવામાં તેને નબળાઇ લાગી. એક દિવસે તેનાથી ન રહેવાયું. શેઠને સંબોધી વિનયપૂર્વક કહ્યું:—" માત્ર અતિથિઓને અન્ન-વસ્ત્રનાં દાન આપવાથી જ સંપૂર્ણ કૃતકૃત્ય નથી થવાનું. આશ્રીતોની આત્મ શક્તિ ખીલે, તેમનો પુરૂષાર્થ પુરબ્હારથી પ્રકટે એ પણ આપના જેવા પુણ્યશાળી પુરૂષોએ જોવું જોઇએ હું અહીં આળસુપણે બેસી રહું તો આપ કંઈ વાંધો ન લો, પણ મારી શક્તિના દ્વાર રૂંધાઇ જાય-જીવનની અમૂલ્ય ક્ષણો એળે જાય અને મહાત્વાકાંક્ષાઓ પણ કરમાઇ જાય." શેઠ એ વાત સાંભળી રહ્યા. તેમને થયું કે " આ નૌજુવાનમાં ધાર્યા કરતાં પણ કઇંક અધિક ઝવેરાત છે. માત્ર સુખ-સગવડ અને વૈભવના અર્થી પુરૂષોમાં આટલી સાહસિકતા ન સંભવે.

" પણ તમે શું ધંધો કરશો ? " શેઠે પેથડની મહત્વાકાંક્ષા માપવા પ્રશ્ન કર્યો.

" ધંધો વસ્તુત: કોઇપણ હલકો નથી. પોતાની પ્રમાણિકતા ખંત અને મહેનતવડે કોઇપણ ધંધાને ઉજ્જવળ બનાવી શકાય છે. હું પોતે તો આપ ફરમાવો તો આવતી કાલે જ એક ઘીની દુકાન માંડીને બેસવા પણ તૈયાર છું " પેથડે ઉત્તર આપ્યો.

દેદાશાહના પુત્ર, પોતાના આશ્રયે આવે અને તેને

આ રીતે ઉદરનિર્વાહની ખાતર, ઘીની દુકાન માંડવી પડે એ વિચારતાં બહુ દુઃખ થયું. પણ એ દુઃખનો લેશમાત્ર ભાવ મ્હોં ઉપર દેખાવા ન દીધો. એક અનુભવની ખાતર પણ ઘીની દુકાન માંડવાનો વિચાર કંઇ ખોટો નથી એમ તેમણે ધાર્યું.

" ખુશીથી, ઘીની દુકાન માંડવી હશે તો તેનો આવતી કાલે જ બંદોબસ્ત થઈ જશે. પણ એક સરતે. તમને જ્યારે જ્યારે કંઇ અગવડ કે તંગી જેવું જણાય ત્યારે મારી પાસે આવવામાં અને માગવામાં કંઇ સંકોચ ન રાખવો " ધનદત્ત શેઠની એ સરત પેથડે આંખમાંના અશ્રુની સાક્ષીએ સ્વીકારી.

# પ્રકરણ ૧૩ મું

## પ્રારબ્ધનો પ્રભાવ.

ઇતિહાસ વિખ્યાત પેથડ સમો પુરૂષ ન્હાની શી 'ઘી' ની દુકાન માંડી બેસે એ જાણી અમારા ઘણાખરા વાંચકોને આશ્ચર્ય થશે. તેઓ પૂછશે કે " પેથડની બુદ્ધિ શું એટલી-બધી બ્હેર મારી ગઈ હતી કે તેને બીજો કોઇ સારો–ઉજળો ધંધો સૂઝવાને બદલે બસ ઘી–તેલના વેપારમાં જ પોતાની બુદ્ધિ અને શક્તિ ખર્ચી નાખવાનું યોગ્ય લાગ્યું ? " ઇસ્ત્રી-બંધ કપડાંનો આદર્શ જેમની આંખ આગળ રમી રહ્યો હોય

તેને ઘી-તેલની દુકાન ભલે તુચ્છ લાગે, પણ પૂર્વકાલીન જે શ્રીમંતોએ લાખો રૂપીયા પ્રમાણિકપણે ઉપાર્જી, ધર્મ અને પરોપકારનાં અનેકાનેક ચિરસ્મરણીય દ્રષ્ટાંત પુરાં પાડયાં છે તેઓમાંના મ્હોટા ભાગે આ જ રીતે ન્હાના-નજીવા ગણાતા ધંધા વ્યાપારમાંથી જ પુષ્કળ સંપત્તિ પેદા કરી છે. વસ્તુતઃ કોઇપણ ધંધો જો પ્રમાણિકપણે કરવામાં આવે તો તે સિદ્ધિને જ આપનારો થઇ પડે છે. જેને પોતાના બળ-બુદ્ધિ અને પ્રારબ્ધનો વિકાસ સાધવો છે તેમને મન ન્હાનામાં ન્હાનો ગણાતો ધંધો પણ આવકારદાયક જ હોય છે. પેથડે ઘી ની દુકાનમાં પણ એવી સરસ પ્રતિષ્ઠા જમાવી કે ધીમે ધીમે તેનું નામ શહેરવાસીઓની જીભ ઉપર રમી રહ્યું. માંડવગઢમાં તે " લુણીયો વાણીયો " એ ઉપનામથી ઓળખાવા લાગ્યો. હવે તો શ્રીમંતો અને રાજપુરૂષો પણ નિશ્ચિંત મને પેથડની દુકાનેથી જ ઘી ખરીદવા લાગ્યા છે. એક સામટું ઘી ખરીદવું તેના કરતાં લુણીયા વાણીયાને ત્યાંથી રોજ તાજું ઘી મંગાવવામાં તેમને કંઇક વિશેષ સ્વાદ અને સગવડ જણાય છે.

ઝાંઝણ પણ ઉમર લાયક થઇ ગયો છે. ધનદત્ત શેઠની કાળજી પણ ઘણીખરી ઓછી થઈ ગઇ છે. ખાનગીમાં પોતાના મિત્રોને ધનદત્ત શેઠે વારંવાર કહ્યું છે કે—" આ પેથડને તમે સામાન્ય વ્યાપારી ન સમજતા. તેનામાં કઇંક એવું તેજ છે કે જેને લીધે તે વખત જતાં માંડવગઢનું નામ અમર કરી જશે. " પણ હજી એ વખત નથી આવ્યો. પેથડ દુકાનનું ઘણુંખરૂં કામ ઝાંઝણને માથે જ રહેવા દે છે.

એ રીતે પોતાના પુત્રને ધંધાના ક્ષેત્રમાં ઠીક ઠીક કેળવી રહ્યો છે.

એક દિવસે પેથડ કંઇ કામસર બ્હાર ગયો હતો દુકાન ઉપર તકીયાને ટેકો દઇ ઝાંઝણુ બેઠો હતો. એટલામાં એક દાસી દોડતી આવીને કહેવા લાગી:—" મહારાણાશ્રી થાળ ઉપર બેસી રહ્યા છે–આજે જરા સરતચુક થઇ જવાથી વખતસર ન અવાયું જલ્દી જલ્દી થોડું ઘી આપને ભાઇ ! " માંડવગઢના પ્રતાપી મહારાણા જયસિંહદેવનીજ એ દાસી હતી. તેના શબ્દો અને ઢબમાં પણ વ્યગ્રતા ભરી હતી. રોજ વખતસર આવી, નિરાંતે બે–ચાર વાતો કરી ઘી લઈ જનારી દાસીને આજે આકુળવ્યાકુળ બનેલી જોઇ, ઝાંઝણુને પોતાના વિનોદી સ્વભાવ પ્રમાણે સ્હેજ કુતૂહળ કરવાનું મન થયું. તે થોડી વાર તો દાસીના ભય વિંહ્વળ મ્હોં સામેજ જોઇ રહ્યો.

" ભાઈ ! વિલંબ શા સારૂ કરે છે ? આજે વધારે વાત કરવાનો વખત નથી. મહારાણા શ્રી ગુસ્સે થશે તો તારૂં અને મારૂં પણ આવી બનશે. " દાસી વધુ ને વધુ વ્યગ્ર બનવા લાગી.

" એમ કઈ ઉતાવળે આંબા ન પાકે. અને બહુજ ઉતાવળ હોય તો બીજી ઘણી દુકાનો છે. બીજેથી લઇ લે. " ઝાંઝણે બે પરવાઈથી જવાબ આપ્યો. આ જવાબ સાંભળી દાસીનું મ્હોં લાલચોળ બની ગયું. એક તો મહારાણા તરફનો ભય; પોતાની કસુર અને તે ઉપરાંત આ છોકરાની નફટાઇ ભરી બેદરકારીથી તેણીનો રોષ બ્હાર ઉછળી આવ્યો.

" અલ્યા વાણીયા ! કંઇ બહુ રાઇ ભરાણી છે કે શું ? ત્હારે ત્યાં બીજા કરતાં સારૂં ઘી વેચાય છે એનું ઘમક ચડયું કે ? મહારાણાને ફર્યાદ કરીશ તે બીજી જ સવારે ગાંસડા-પોટલાં બાંધીને ચાલી નીકળવું પડશે ! મહારાણાશ્રીની દાસી એટલે કોણ તેનો તને કંઇ ખ્યાલ છે ? દાસીઓ અને દાસો જ રાજ્યોની મ્હોટી ઉથલપાથલો કરી શકે છે. " દાસીએ દમામથી પોતાનું કામ કઢાવવા ઇચ્છયું.

ઝાંઝણ એમ દમામથી ગાંજી જાય તેવો ન હતો દુઃખ-કષ્ટ, રાજકોપ શું છે તે જાણતો હતો. જેને પોતાના બાહુબળ ઉપર નભવું છે તે તો રાજા-મહારાજા તો શું પણ મ્હોટા ચમરબંધીની પણ પરવા ન કરે એમ તે પેથડકુમારના શિક્ષણ-માંથી શીખ્યો હતો. મહારાણા કે તેમની દાસી ગમે તે હોય, પણ દુકાનમાંની વસ્તુ વેચવી કે નહીં તે માટે પોતે કુલ મુખત્યાર છે એવું આત્મમાન તે ધરાવતો હતો. દાસીના પ્રકોપથી તેનું રૂંવાડું ન ફરકયું.

" મહારાણાતો ઠીક, પણ એમના એ મહારાણા હોય તો જઇને કહે કે ઘીના કંઇ ઝાડ નથી કે માગે એટલે તરત મોકલી દેવાય ! ઘીના પચ્ચી-પચાસ ઠામ પડ્યા હોય તેમાં રાજાને લાયક ઘી કયું છે તે તપાસતાં થોડીવાર પણ થાય અને એવું ઘી ન હોય તો ના પણ પાડવી પડે. એમાં ખોટો દમામ શું કામનો ? " ઝાંઝણની આંખમાં મસ્તી માતી ન્હોતી. તેના વાકયો બુદ્ધિમાન ને છાજે તેવાં હતાં, પણ વિનોદ સિવાય બીજો કંઈ આશય ન હતો.

"ભાઇ! લુણીયા વાણીયાના ઘી વિના મહારાજાને બીજુ ઘી ગમતું નથી એજ દુઃખની વાત છે. નહિંતર તારી સાથે આટલી બધી માથાકુટ પણ શા સારૂ કરીએ ?" દાસી એ જેવી હતી તેવી–સાચે સાચી વાત કહી દીધી. "ઘી તો બસ લુણીયા વાણીયાનું" એમ મહારાજા પોત જ માનતા હતા.

ઝાંઝણના દીલ ઉપર દાસીની વિનવણીની પણ કંઇ અસર ન થઇ. ઘી તો આજે નથી જ આપવું એ તેનો નિશ્ચય હતો. લાંબી ચર્ચામાં પણ તે પોતાના નિશ્ચયને જ વળગી રહ્યો. એ પ્રમાણે ઘણો વખત વહી જવાથી, દાસી ખાલી ઠામ લઇને રાજમહેલ તરફ વળી.

"અન્નદાતા ! ગામના વાણીયા એટલા બધા ફાટી ગયા છે કે સીધો જવાબ પણ હવે તો નથી આપતા ! તેમાં ય પેલો લુણીયો વાણીયો અને તેનો દીકરો તો જાણે ઉંચે આસમાનમાં વસતા હોય એવી જ બેદરકારીથી જવાબ વાળે છે. આજે આપને માટે ઘી લેવા ગઇ, અને કેટલાય કાલાવાલા કરવા છતા ધરાર ઘી ન આપ્યું. ખાલી હાથે મારે પાછું વળવું પડયું." દાસીએ વેર વાળવાના ઇરાદાથી રાજાને ઉશ્કેર્યો. તત્કાળ તો રાજા કંઇ ન બોલ્યો. તેણે બીજેથી ઘી મંગાવી આહારવિધ પૂરી કરી.

મહારાણા જયસિંહ દેવ ગુણજ્ઞ અને ચતુર પુરૂષ હતા. વાણીયાએ ઘી ન આપ્યું એમાં કઇંક રહસ્ય હશે એમ માની લીધું. પણ રાજાની જીજ્ઞાસા કંઈ એટલેથી થોડી જ શાંત થાય ?

જમીને આરામ લીધા પછી મહારાણાએ પોતાના એક હજુરીઆને આજ્ઞા કરી, " લુણીયા વાણીયાના છોકરાને મારી પાસે હાજર કરો. " હજુરીઓ તરત જ રવાના થયો અને લુણીયા વાણીયાના છોકરાની તપાસ ચલાવવા લાગ્યો.

આ તરફ ઝાંઝણે, દાસી સાથેનો પ્રસંગ સાવ ગુપ્ત જ રાખ્યો હતો. જો પેથડને એ વિષે થોડી પણ બાતમી મળી હોત તો પુત્રની ભૂલ સુધારવા અને રાજાની પાસે જઇ ક્ષમા માગવામાં એક પળનો પણ વિલંબ ન કરત, પરંતુ એવું કંઇ બને તે પહેલાં તો રાજાનો સિપાઇ આંગણાંમા આવી ઉભો રહ્યો.

" છે કોઇ ? લુણીયા વાણીયાના છોકરાને મહારાણા સાહેબ બોલાવે છે ! " કાળમુખા હજુરીઆએ બૂમ પાડી. પેથડ એ બૂમ સાંભળી ચમકયો. કોઇ દિવસ નહિ અને આજે જ મહારાણાશ્રી પોતાના પુત્રને, ખરા બપોરે બોલાવે તેનું કંઇ કારણ ન સમજાયું, ઝાંઝણને પૂછતાં જણાયું કે દાસીને તત્કાળ ઘી ન આપવાનું જ આ પરિણામ છે. વાત આટલે સુધી પહોંચશે એમ તો ઝાંઝણે પોતે પણ ન્હોતુ ધાર્યું.

પિતા અને પુત્ર બંને આફતને માટે તૈયાર થઇ રહ્યા. રાજા કોપ્યો હોય તો માંડવગઢ છોડવા સિવાય બીજો માર્ગ નથી એમ તેમને થયું. શહેરમાં પ્રવેશ કરતી વખતે જે શુકન થએલા તેનું પેથડકુમારને એકાએક સ્મરણ થઇ આવ્યું ! " ખરેખર, એ અશુભ કે શુભ શુકનતો બદલો આજે જ મળવો જોઇએ ! " પેથડ વિચાર કરવા લાગ્યો.

માર્ગમાં કચેરી તરફ જતાં જતાં પિતાએ ઝાંઝણને સંબોધીને કહ્યું:—"દાસીને તત્કાળ ઘી ન આપવામાં તેં ભૂલ કરી જ છે-રાજાની દાસી આવે ત્યારે બીજાં હજાર કામ હોય તો તે પડતાં મુકીને પહેલું તેનું માન જાળવવું જોઇએ. તેં એમ નથી કર્યું. એ ભૂલના પ્રાયશ્ચિત્ત તરિકે જતાં વેંત ક્ષમા માગી લેવી એ મને તો ઠીક લાગે છે."

"પિતાજી! જો આપ ફરમાવો તો મને ક્ષમા માગવામાં કંઇજ વાંધો નથી. પણ મને ચોક્કસ લાગે છે કે એમાં મેં ભૂલ કરી નથી અને જો ભૂલ ન કરી હોય તો પછી ક્ષમા શા સારૂ? વેચવાની વસ્તુ કોને આપવી કે કોને ન આપવી એ વ્યાપારી-ની સ્વતંત્રાનો વિષય છે. રાજાની દાસી હોય કે રાજા પોતે હોય પણ જો આપવી ન ઘટે તો હિમ્મત પૂર્વક ના કહી દેવા જેટલી તાકાત તો આપણામાં અવશ્ય હોવી જોઇએ. આપણે અલબત રાજાની પ્રજા છીએ, આજ્ઞાધિન રહેવું એ આપણું કર્ત્તવ્ય છે, પણ રાજા પોતે જ્યારે શાસનનો ભય દાખવી આપણી પાસે થી રાજભક્તિ માગે ત્યારે તો એ અસહ્ય થઇ પડે." ઝાંઝ-ણના દીલમાં ઉત્પાતનો અંશ સરખો પણ ન કળાયો. પિતાને તે સાંભળી પરમ પ્રસન્નતા ઉપજી.

"પણ રાજા એ વધારે પુણ્યશાળી જીવ ગણાય તેને શિરે રહેલી જવાબદારી, આપણી પાસે અધિક નમ્રતા અને ભક્તિ ઇચ્છે એમાં કંઇજ અસ્વભાવિક્તા નથી." પેથડે પોતાના વિચારો જણાવ્યા. ઝાંઝણે તે શાંતિથી સન્માન્યા.

" પિતાજી ! આપ નિશ્ચિંત રહેશો. હું બરાબર ખુલાસો કરીશ અને મને ખાત્રી જ છે કે મહારાણાશ્રી જો બુદ્ધિમાન હશે તો મારી આ કહેવાતી ભૂલ બદલ મને શિરપાવ આપ્યા વિના નહીં રહે. " પેથડના આશ્ચર્યનો પાર ન રહ્યો. પુત્રના લક્ષણ પારણામાંથી જ તે જાણતો હતો. છતાં પિતાનું સ્નેહ દુર્બળ શરીર અનેક આશંકાઓથી છવાઈ રહ્યું.

જોત જોતામાં તેઓ રાજમહેલ પાસે આવી પહોંચ્યા. મહારાણાશ્રી, રાજ્યના મુસદ્દીઓથી વિંટળાઇને એક ગાદી ઉપર શાંતિપૂર્વક બેઠા હતા. ઝાંઝણકુમારે પ્રથમ પ્રવેશ કરી અતિ વિનિતભાવે રાજાને અને આસપાસની સભાને પ્રણામ કર્યો.

મહારાણાના અંતરમાં પ્રકોપ કે આવેશનું યુદ્ધ ન હતું. તેમની શાંત મુખમુદ્રા ઉપર રાજવટને શોભે એવી ગંભીરતા રમી રહી હતી. ઝાંઝણને, મેલાં-ઘેલાં કપડામાં હાજર થએલો જોઇ મુસદ્દીઓ પણ આશ્ચર્ય પામ્યા. આની મહારાણાને એકાએક શું જરૂર પડી હશે તેની તેઓ કલ્પના કરવા મંડ્યા. એટલામાં તો રાજાજીએ પોતે જ સ્હેજ હાસ્ય સાથે ઝાંઝણને પૂછ્યું:—" આજે દુકાને તેં જ ઘી ન આપવાની હઠ પકડી હતી ને ? "

" જી. હા. " છોકરાના એ બે શબ્દો, શબ્દોમાંની નિર્ભયતા અને નિખાલસતાને લીધે સભામાં ગુંજી રહ્યા.

" કારણ ? "

" ખરેખર જ આપ કારણ સાંભળવા માગો છો ? જો

આપનું અંતર કોઈ પણ પ્રકારના વ્હેમ કે ક્રોધથી નિરાળુ હોય તો જ એ કારણો હું આપને જણાવી શકું. બાકી દાસી આવે કે તરત જ ઘી ન કાઢી આપવું એ ગુન્હો ગણાતો હોય તો હું એ ગુન્હાની સજા ખમવા તૈયાર છું." બાળક માત્ર નિર્ભય જ નથી. બુદ્ધિમાન અને કોઈથી ન ગાંજે એવી પ્રકૃતિનો છે એમ રાજાને અને આસપાસના મંડળને પણ ખાત્રી થઇ.

"તમારી ફરજ છે કે તમારે તમારો બચાવ રજુ કરવો. કારણો સાંભળ્યા પછી તમને કંઇ સજા કરવી કે મુક્ત કરવા એ અમારી મુન્સફી ઉપર આધાર રાખે છે." રાજાએ ઝાંઝણને બંધનમાં લેવાનો દાવ રચ્યો.

"ત્યારે પહેલાં તો મારાં કારણો જ સાંભળો. જે વખતે દાસી ઘી લેવા મારી દુકાન સામે ઝડપથી ચાલી આવતી હતી તે જ વખતે એક બીલાડીએ બરાબર ઘીના ઠામ પાસે જ જોરથી છીંક ખાધી. હું ઉઠીને ઉભો થયો અને બીલાડીને હાંકી કહાડી. આસપાસ જોયું તો બીજું કંઇ જણાયું નહીં. હું એ છીંકના રહસ્યને વિચારવા લાગ્યો. કોઇ દિવસ નહીં ને આજે જ, દાસીના આગમન વખતે જ બીલાડીને આટલા જોરથી છીંક કેમ આવી ? એ એક પ્રકારનું અપશુકન તો હતું જ. પણ અપશુકનના ખ્યાલને ઘડીભર બાજુ મુકી શકું. તત્કાળ મને એક બીજો વિચાર આવ્યો. ધારો કે ભૂલથી એ ઠામ રાત્રીના સમયે ઉઘાડું રહી ગયું હોય અને ગરોળી કે

સાપ જેવા ઝેરી પ્રાણીનું વિષ અંદર પડયું હોય તો તેની ગંધ માત્રથી બીલાડીને છીંક આવે એમ પણ કેમ ન બને ? આવું શંકાવાળું ઘી આપને ખાવાને માટે મોકલવું એ મને ઉચિત ન લાગ્યું. મને આશા છે કે મારો આ ખુલાસો આપને સંપૂર્ણ સંતોષકારક જ લાગશે. ઘી આપ્યું કોઇ ન જાણે, પણ ઘીને લીધે જો આપને થોડો પણ વ્યાધિ થાય તો અમારા બાવડા બંધાય, એટલુંજ નહીં પણ અમારે માથે અટાટની આવી પડે.

" એક બીજું કારણ પણ પ્રસંગોપાત કહી દઉં. રાજા જેવો એક દેવાંશી પુરૂષ રોજ દાસી ઉપર વિશ્વાસ રાખી, બ્હારથી ઘી જેવી વસ્તુઓ વાપરે એ પણ મને ઠીક નથી લાગતું. આજે તો દાસી આપને પ્રત્યે વફાદાર છે, પણ એ વફાદારી અચળ–અટલ રહેશે એમ શી રીતે માની શકાય ? આવતી કાલે જ દાસીને કોઇ પોતાના કાબુમાં લે અને ઘીમાં જ ઝેર ભેળવીને દગો રમે તો એ વખતે આ રાજ્યની અને રાજવટની પણ શી દશા થાય ? આટલી બધી અંધ શ્રદ્ધા અને વિશ્વાસ આપને અત્યારના સંયોગોમાં ન શોભે."
ઝરણના નીરની માફક નિર્મળભાવે વહેતી યુક્તિ પરંપરા રાજા સાંભળી રહ્યો. આંખોમાં આંજણ આંજી કોઇ હિતૈષી નવું તેજ પ્રકટાવતો હોય એમ જ તેને લાગ્યું. દાસ–દાસીઓ ઉપર આટલો આંધળો વિશ્વાસ રાખવા છતાં પોતે જીવી શકે છે એની તેને પોતાને પણ નવાઇ લાગી. ઝાંઝણનો એકે એક શબ્દ મુસદ્દીની દીર્ઘદૃષ્ટિને આબાદ સૂચવતો હતો.

" એક ત્રીજું કારણ પણ ભેગું ભેગું સાંભળી લ્યો, આજે તો આપણે ચોતરફથી નિર્વિઘ્ન છીએ. પણ આવતી કાલે કોઇ દુશ્મન રાજ્ય ઉપર ચડી આવે, વેપારીઓ ઘર ને દુકાનનાં બારણાં બંધ કરી ભરાઇ બેસે તે વખતે જો રાજ્યના કોઠારમાં ઘી–અન્ન પુરતાં પ્રમાણમાં ન હોય તો આપની શી દશા થાય ? આજે પણ ખાનપાનના વિષયમાં આપ કેટલા પરાધીન છો ? એક સાધારણ ગૃહસ્થ પણ બાર મહિના જેટલી ખરચી અગાઉથી સંઘરી રાખે છે–બીજા બધાં વિના ચાલે, પણ અન્ન–ઘી વિગેરે તો બને તેટલું સંઘરવું જ જોઇએ, એવો ગૃહસ્થોનો સર્વ સામાન્ય નિયમ હોય છે. આપ ગૃહસ્થ કરતાં હજારો નહીં, બલ્કે લાખો અંશે ચડીયાતા ગણાઓ. આપે અગાઉથી કેટલો સંઘરો કરી રાખવો જોઇએ તેનો આપ પોતે જ વિચાર કરો. આપ એક સાધારણ મજુરની માફક રોજનું રોજ મગાવીને વાપરો એ આપના દરજ્જાને તેમજ આપની કુશળતાને પણ બંધબેસતું નથી. આ બધાં કારણોને લીધે જ મેં દાસીને ઘી આપવાની ચોખ્ખી ના પાડી. અલબત્ત અવિનય તો થયો હશે, આપને પણ ક્રોધ ઉપજ્યો હશે, પરંતુ રાજા અને રાજ્યના કલ્યાણ માટે, એક પ્રજાજન તરીકે મારે એટલું જોખમ ખેડવું જોઇએ. આટલું જાણ્યા પછી ખુશીથી આપની મુન્સુફી પ્રમાણે મને સજા કરી શકો છો. "

સજા તો સજાને ઠેકાણે રહી, પણ આવા એક બુદ્ધિમાન શ્રાવકકુમારને શી રીતે નવાજવો એ જ મુંઝવણ રાજાના દીલમાં રમી રહી હતી. જે બાળક આટલો ચતુર અને દીર્ઘ-

દર્શી છે તો તેનો પિતા—તેનો શિક્ષક કેટલો ચતુર, દીર્ઘદર્શી અને નિર્ભય હશે તેનો તે વિચાર કરવા લાગ્યો. આવા પુરૂષો આ રાજની હદમાં વસે એ પણ રાજ્યનું જ એક ગૌરવ છે.

પ્રસન્ન ચિત્તવાળા મહારાણાએ ઝાંઝણને પોતાની પાસે બોલાવીને બેસાર્યો. દરબારીઓ અને ખુશામતીઓની આંખમાં ઈર્ષાની આગ સળગી રહી. પણ આ કુમારે પોતાની વાકચાતુરી—નિર્ભયતા અને મુસદ્દીગીરીએ રાજાને એવી તો ખુબીથી આંજી દીધો હતો કે રાજાના કૃપાપ્રસાદ આગળ એક પણ શબ્દ બોલવાની કોઇની હિમ્મત ન ચાલી.

આજ્ઞા થતાં જ મહા મુલ્યવાળો શિરપાવ અને સુંદર પોષાક હાજર થયો. મહારાણાએ તે ઝાંઝણકુમારને સમર્પણ કરતાં કહ્યું:—

" આજથી તમે બન્ને—પિતા—પુત્રને મારા રાજ્યના અમાત્ય તરિકે હું નીમું છું. તારાજેવા રાજસેવકોના બુદ્ધિબળ તેમજ ચારિત્રબળથી મારા રાજ્યનું અને પ્રજાજનનું પણ એકાંત હિત થશે એમ માનું છું. " એ પ્રમાણે અમાત્યપદ સંબંધી યોગ્ય વિધિ પૂરી થતાં પૂરા ઠાઠમાઠથી બન્ને જણા ઘર તરફ રવાના થયા. શૂળીને બદલે સિંહાસન મળ્યાની શાસ્ત્ર કથા આ પિતા-પુત્રના વિષયમાં ફળીભૂત થયેલી જાણી લોકોમાં નીતિ—ધર્મનો મહિમા ગવાવા લાગ્યો. પેથડને માંડવગઢમાં પ્રવેશ કરતાં જે શુભ શુકન થયા હતા તેનો પ્રભાવ સમજાયો. ધનદત્ત શેઠને પણ આ પ્રારબ્ધનો પ્રભાવ સાંભળી

અતિશય આનંદ થયો. તે દિવસથી પેથડ અને ઝાંઝણકુમારનું સન્માન દિનપ્રતિદિન વૃદ્ધિ પામવા લાગ્યું. તેમણે પણ પોતાની સત્તા અને લાગવગ જેમ બને તેમ ધર્મનાં કાર્ય કરવા પાછળ જ ખર્ચવાનો નિશ્ચય કર્યો.

# પ્રકરણ ૧૪ મું.

## બુંદથી બગડી-પણ હોજથી સુધરી !

રાજદરબારમાં સારી પ્રતિષ્ઠા પામવા છતાં પણ પેથડ અને ઝાંઝણ હજી સુધી નિરભિમાન જ રહ્યા છે, માંડવગઢના મહારાણા વિજયસિંહદેવ પોતાના આ બે સલાહકારોમાંથી એકેને પૂછયા વિના પાણી નથી પીતા એવી લોકવાયકા ગામમાં ચાલે છે. ઘણાને આશ્ચર્ય થાય છે કે રાજા-રજવાડામાં આટલી પ્રતિષ્ઠા હોવા છતાં પેથડ મંત્રી આ ' ઘી ' ની દુકાન શા સારૂ ચલાવી રહ્યા હશે ? રાજાએ રાજ્યની આવકમાંથી મ્હોટું વર્ષાસન આપી દીધું છે, નવાજેશો પણ નિરંતર મળ્યા કરે છે. આટલું છતાં વ્યાપારનો મોહ ન મૂકવો એ શું લોભની પરાકાષ્ઠા નથી ? જો કોઇ આવી વાત કાઢે છે, તો પેથડ તેનો એકજ જવાબ આપે છે:—" સારા પ્રતાપ આ દુકાનના ! રાજ્યની કૃપા તો આજે છે અને કાલે ન હોય પરંતુ દુકાનનો વ્યાપાર જો ભલી રીતે ચાલતો હોય તો કોઇના ઓશીયાળા થવાનો વારો ન આવે. આપણે તો વ્યાપાર

એજ સર્વસ્વ ગણાય. વ્યાપાર વિનાનો વાણીયો દેશને ભારભૂત છે. વ્યાપાર વડે જ વાણીયો દેશ-પરદેશની લક્ષ્મીને પોતાની પ્રિય માતૃભૂમિમાં વાળી શકે છે, વ્યાપારના પ્રતાપે જ તે ગરીબ-ગરીબોના સીધા સંસ્પર્શમાં આવી, તેમનાં સુખ દુઃખમાં ભાગ લઇ શકે છે. વ્યાપાર હોય તો જ કારીગરોને મજુરોને, ખેડુતોને હરકોઇ પ્રકારે ઉત્તેજન આપી શકાય છે. મંત્રીત્વ તો વિજળીના ચમકારા જેવું છે. વ્યાપાર એ આપણને પૂર્વજોએ સોંપેલો વારસો છે. તેને શી રીતે અવહેલી શકાય ?" એક તરફ વ્યાપાર અને બીજી તરફ રાજમંત્રણા સહજ ગતિએ વહ્યા કરતી. વધારે ખૂબી તો એ હતી કે રાજમંત્રણા કે દુકાનનો ભાર વસ્તુતઃ પેથડ ઉપર છે કે ઝાંઝણ ઉપર છે તેની પણ ભાગ્યે જ કોઇ તુલના કરી શકતુ. પિતાપુત્ર એ બન્ને જાણે એક જ આત્માના બે અંગ હોય તેમ તેમનો વહેવાર ચાલતો. તેમની વચ્ચે મતભેદ કે આંતરા જેવી કોઇ વસ્તુ ન હતી. મહારાણાએ પણ પિતાપુત્ર ઉભયને અમાત્ય પદના ગૌરવથી વધાવવામાં ખરેખરૂં ચાતુર્ય જ વાપર્યું હતું. ઝાંઝણકુમાર હજી પીઢ ન ગણાય. જો કે તેના વિવાહ થઇ ગયા છે અને પુત્રવધુ સૌભાગ્યદેવીએ ઘરનો કારભાર સંભાળી લીધો છે, છતાં મ્હોટા મ્હોટા કાર્યોમાં હંમેશા પેથડ મંત્રીની જ વાહવાહ બોલાય છે.

એક દિવસે પ્રાતઃકાળમાં રાજા વિજયસિંહદેવ નિત્યના નિયમ મુજબ પાટલા ઉપર બેસી, બળવાન્ મલ્લના હાથથી આખા શરીરે તેલનું મર્દન કરાવી રહ્યા છે. મહારાજા આજે કંઇક વિચારગ્રસ્ત હોય તેમ જણાય છે.

સામે જ અતિથિઓ જોવા લાગતા કાન્યકુબ્જનાં વિચક્ષણ દ્રષ્ટિવાળા મુસદ્દીઓ બેઠા બેઠા મહારાજાની પ્રત્યેક પ્રવૃત્તિ તરફ લક્ષ આપી રહ્યા છે. તેઓ ન્હાની ન્હાની પ્રવૃત્તિઓ ઉપરથી મનુષ્યનાં સ્વભાવ-ગુણ પારખવામાં કૂશળ ગણાય છે. એ કૂશળતાને લીધેજ કાન્યકુબ્જના મહારાજાએ તેમને માંડવગઢ મોકલ્યા છે. કાન્યકુબ્જની રાજકુંવરી હવે લગ્નને યોગ્ય થઇ છે. પિતાએ કુંવરીનો લગ્ન સંબંધ યોજવા ઘણે ઘણે સ્થળે તપાસ ચલાવી, પણ રાજકુંવરીએ પોતે જ માંડવગઢના મહારાજા શ્રી વિજયસિંહદેવની પસંદગી કરેલી હોવાથી, વસ્તુત: તેઓ રાજકુંવરીને યોગ્ય છે કે કેમ તે નક્કી કરવા આ મહેમાનો અહીં આવીને રહ્યા હતા.

મહારાજાનું મન એ વખતે કોઇ જૂદા જ વ્યાપારમાં રોકાયેલું હતું. અને મન જ્યારે શૂન્ય અથવા સ્વચ્છંદ હોય ત્યારે માણસને પોતાની ભૂલ તત્કાળ સમજાતી નથી. વિજયસિંહદેવજીથી પણ અકસ્માત્ એવી એક ભૂલ થઇ ગઇ એ ભૂલ જોઇને કાન્યકુબ્જના મહેમાનોનાં મ્હો લેવાઇ ગયાં.

ભૂલ નજીવી હતી, પણ મહેમાનોએ એ એક જ ભૂલ ઉપર મ્હોટું મહાભારત રચી કહાઢયું. વાત એવી બની કે જે વખતે તેલ મર્દન કરનારા મલ્લ હાથમાં સુગંધી તેલ લઇ મહારાજાના શરીરે ચોળી રહ્યા હતા તે વખતે તેલનું એક ટીપું મહારાજાના શરીર ઉપરથી નીતરીને ભોંય ઉપર પડયું. મહારાજાએ શૂન્યચિત્તે એ ટીપું હાથની આંગળીવતી લૂછી પાછું પગે

ચોળી દીધું–તેલના એક ટીપાને એ રીતે વ્યર્થ જતું બચાવ્યું. પણ આ વ્યાપારની પેલા પરીક્ષકોના મન ઉપર ભળતી જ અસર થઇ. તેમનામાં એકે વિચાર્યું:—"જે રાજા આટલો કંજુસ, કૃપણ અને લોભી હોય તે આપણી રાજકુંવરી લીલાવતી જેવી ઉદાર હૃદયવાળી કન્યાને માટે યોગ્ય ભર્ત્તાર તરીકે નિષ્ફળ જ નીવડે. જે રાજા તેલના એક ટીપા માટે આટલી કંજુસાઇ ધરાવે તે બીજી કીમતી વસ્તુઓનો ભોગ કોઇ કાળે ન આપી શકે." એ પ્રકારનો વિચાર કરતાં તેઓ ત્યાં થોડીવાર બેસી રહ્યા. પછી રાજાને જ્યારે સ્નાન કરવાનો સમય થયો ત્યારે વિવેકપૂર્વક નમન કરી ત્યાંથી ચાલી નીકળ્યા. મહેમાનોના બ્હારથી પ્રફુલ્લ દેખાતાં દેખાવ ઉપરથી મહારાજાને તેમની નિરાશાની ગંધ સરખી પણ ન આવી.

પેથડકુમારે કળવિકળથી મહેમાનોના અંતરમાં ચાલતી ચળવળ જાણી લીધી. તેને થયું કે "મહારાજા વિજયસિંહદેવને ત્યાં આવેલા મહેમાનો આ રીતે નાસીપાસ થઇને પાછા જાય એ તો માંડવગઢનું નાક કાપી લીધા બરાબર જ ગણાય. તેલના એક ટીપાને લીધે જે અનુચિત અસર થઇ છે તે મારે એક વફાદાર મંત્રી તરિકે કોઇ પણ ઉપાયે ભૂંસી નાખવી જોઇએ. કાન્યકુબ્જના મહારાજાની કુંવરી–લીલાવતી જેવી સુચતુર કન્યા આવા એક નજીવા કારણે માંડવગઢની મહારાણી બનતાં અટકી જાય તો એકંદરે એ માંડવગઢનું જ મંદભાગ્ય ગણાય."

કાન્યકુબ્જના મંત્રીઓને તે મળ્યો, ત્યારે પણ તેમણે

પોતે એ વાત ન કાઢી. માત્ર એટલુંજ કહ્યું કે:—હવે અમારે જવાનો વખત ભરાઇ ગયો છે. અમને વેળાસર અહીંથી રવાના થવાની પરવાનગી મળવી જોઇએ. ” પેથડકુમાર તેમની ઠંડી રીત ઉપરથી, તેમના મનનો આઘાત માપી ગયો. બહુજ આગ્રહ કરીને માંડ માંડ એક અઠવાડીયું વધુ રોકાવાનું તે સમજાવી શકયો. એક અઠવાડીયામાં કંઈ ખાટુંમોળું થોડું જ થઇ જવાનું હતું એમ વિચારી મહેમાનો રોકાયા.

હવે એક અઠવાડીયાની અંદર પેલી અસર ભુંસી નાખવાનો પેથડકુમારે નિશ્ચય કર્યો. સમય ટુંકો હતો, શંકા વજ્રલેપ જેવી હતી, છતાં પેથડકુમારે પોતાની બુદ્ધિ અને ભાગ્ય ઉપર શ્રદ્ધા રાખી એ કાર્ય હાથમાં લીધું.

બીજે દિવસે પિતા–પુત્ર, અર્થાત્ પેથડ અને ઝાંઝણ કુમાર વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થઇ:—

“ કાન્યકુબ્જના મહેમાનો નિરાશ થઇ ગયા છે. વિજયસિંહદેવે, શરીર પરથી નીતરતું તેલનું એક ટીપું, પાછું અંગ ઉપર મસળી દીધું એટલાજ ઉપરથી તેમણે રાજાને કંજુસ–કૃપણ માની લેવાની ભૂલ કરી છે. આપણી ફરજ છે કે એ ભૂલ ધોઇ નાંખવી. મને પોતાને એ વિષે કંઇ ચોક્કસ વિચાર નથી સૂઝતો. ” પેથડે સંક્ષિપ્તમાં વાતનો મર્મ કહી સંભળાવ્યો.

“ માત્ર બ્હારનો આચાર જોઇ, સ્વભાવની પરીક્ષા

કરનારાઓ એ જ રીતે ફસાય છે. મહેમાનોએ ગુણ જોવો જોઇએ તેને બદલે અવગુણ નીરખ્યો એ તેમની બુદ્ધિની ઉણપ જ બતાવી આપે છે. ખરૂં જોતાં તો એ વ્યાપાર ઉપરથી એટલું જ ફલિત થાય છે કે રાજા મહા ચતુર, વસ્તુ માત્રના સદ્‌વ્યયને વિષે કાળજીવાળો તથા કર્મચારીઓની ભૂલને પણ સુધારી લેનારો છે. લક્ષણોનાં નિદાન જેઓ ચીવટથી નથી વિચારી શકતા તેઓ આવા જ અનર્થો કરી વાળે છે. કાન્યકુબ્જના મહેમાનો પણ એ જ અનર્થના ભોગ બન્યા છે. વધારે દિલગીર થવા જેવું તો એ છે કે તેમણે ઉપજાવેલા અનર્થને લીધે લીલાવતી જેવી મહારાણી, આ માંડવગઢના રાજમહેલમાં આવતી અટકી જશે. એથી મહારાજાને જેટલી ખોટ ખમવી પડશે તેના કરતાં પણ પ્રજાને અધિક હાનિ સહન કરવી પડશે. રાજકારભારમાં, રાજા ગમે તેવો પ્રજાહિતૈષી કે ઉદાર હોય, પણ જો મહા-રાણી એટલી જ કાર્યકુશળ અને સહૃદય ન હોય તો પ્રજાને ઘણી વિટંબણા વેઠવી પડે. એટવે પ્રજા–સમાજની દૃષ્ટિએ પણ આ અનર્થ ન નભાવી શકાય. ઝાંઝણકુમારે પિતાના જ મનોવ્યાપારને વધુ સ્પષ્ટ કર્યા.

" પણ હવે એનો કંઇક તાત્કાલિક ઉપાય યોજવો જોઇએ. તને શું લાગે છે ? "

" બુંદથી બગડેલી બાજી હોજથી પણ નથી સુધરતી, એ મતલબની એક કહેવત છે. પણ એ કહેવત આપણે ખોટી પાડી શકીએ. "

તેલના હોજના હોજ ભરી રાજ્યનો અને રાજાનો વૈભવ પણ મહેમાનોને બતાવી આપવો, એમજ ને ? ” પિતાએ પ્રશ્ન કર્યો.

“ તેલના હોજ ભરીએ તો તેઓ એમ સમજે કે પેલી ટીપાવાળી અસર ભુંસવાને માટે જ આ બધી બાજી ગોઠવાઈ છે. આપણે એક જૂદું જ નિમિત્ત ઉભું કરીને, તેલને બદલે ઘીના જ હોજ ભરાવીએ તો મહેમાનોને કોઇ પ્રકારની શંકા ન જ રહે. ” ઝાંઝણની આ યુક્તિ પિતાના અંતરમાં આરપાર ઉતરી ગઈ.

થોડી વાર વિચાર કરીને ઝાંઝણકુમારે પુન: કહ્યું:—“ આપણે સ્હેજ જૂદી રીતે કામ લેવું પડશે. એક તો તેલને બદલે ઘીના હોજ ભરાવવા અને તેમાં મનુષ્ય પ્રાણીને બદલે આપણી અશ્વશાળાનાજ અશ્વોને સ્નાન અર્થે ઉતારવા. આથી મહેમાનોના મન ઉપર અદ્‌ભૂત અસર થશે. તેઓ માત્ર બાહ્ય વ્યાપાર જોઈને જ રાચનારા છે-રહસ્યને સમજી શકતા નથી. એટલે ઘીના હોજમાં ઘોડાઓને સ્નાન કરતાં જોઇ, તેલના એક ટીપાની ખાતર આ બધી યોજના થઈ છે એવો તો તેમને સ્વપ્ને પણ તર્ક નહીં આવે. ”

પેથડકુમારને પણ એ યોજના અક્ષરશ: રૂચી ગઈ. તેણે પહેલી તકે મહારાજા વિજયસિંહદેવ પાસે જઇ, છેલ્લા બે-ત્રણ દિવસનીં અંદર કેવા પ્રસંગો બન્યા હતા તે કહી સંભળાવ્યું. તેલમર્દન વખતની સ્હેજ બેદરકારી આટલી વિપરીત

અસર કરશે એવો તો તેમને ખ્યાલ વટિક પણ ન્હોતો આવ્યો. પછી પેથડકુમારે એ ભૂલને સુધારવા માટે નક્કી કરી રાખેલી યોજના પણ મહારાજાને નિવેદન કરી. " આ વણિક મંત્રી કેટલો બાહોશ, દીર્ઘદર્શી અને સતત સાવચેત રહે છે ? " એવો વિચાર આવતાં તે મંત્રી સામે કૃતજ્ઞ દૃષ્ટિએ નીહાળી રહ્યો, પેથડ મંત્રી ન હોત તો જરૂર કાન્યકુબ્જની રાજકન્યા પોતાની ન થતાં અન્યનીજ બનત એમ પણ તેને લાગ્યું, જે કન્યાને મેળવવા માટે તે પોતાનું સર્વસ્વ ખર્ચી નાખવા તૈયાર હતો કન્યાને પારકી થતી બચાવવામાં પેથડ કુમારે જે બાહોશી અને રાજભક્તિ દાખવી છે તેનો વિચાર કરતાં તે મનમાં ને મનમાંજ મંત્રીને અસંખ્ય ધન્યવાદ આપવા લાગ્યો, પૂર્વના પૂણ્યના બળેજ રાજાને આવા મંત્રી મળે એમ માની તે સંતુષ્ઠ થયો.

" રાજન્ ! આવતી કાલેજ રાજાજ્ઞા, બ્હાર પડવી જોઇએ ! ખરજથી જર્જરીભૂત થયેલા અશ્વોને સ્નાન કરાવવા માટે મહારાજા પોતાની તરફથી ઘીના હોજ ભરાવશે, પ્રજાજનો તેમજ રાજ્યના નોકરો પણ ખુશીથી એ ઘીના હોજમાં પોતાના અશ્વોને સ્નાન કરાવી શકશે. " મંત્રીએ આજ્ઞાપત્રિકાનો આશય કહી સંભળાવ્યો.

" પણ એટલું બધું ઘી એકાએક શી રીતે મેળવી શકીશું ? " રાજાએ પ્રશ્ન કર્યો.

" એ ચિંતા મને ભળે છે. આપ બેફીકર રહો, પ્રજાને કે

રાજ્યને પણ એક પાઇનું ખર્ચ નહીં થાય, પેથડે ઠંડે કલેજે જવાબ વાળ્યો.

મહારાજાને થયું કે " આ તે માણસ કે દેવ ? મંત્રીઓ તો આજ સુધીમાં અનેક જન્મ્યા હશે ? પણ આવો ઉદાર, સમયનો જાણ અને ધુરંધર મંત્રી તો કદાચ માંડવગઢના ઈતિહાસમાં આ પહેલો અને છેલ્લો જ હશે ? "

મુકરર કરેલા દિવસે ઘીના હોજ ભરચક ભરાઇ ગયા, પેથડકુમારે પોતાના ઘરમાંથી એક નીક કાઢી, ચિત્રાવેલીના પ્રતાપે નિર્મળ ઘી વડે હોજ ભરી દીધા, અશ્વોને ખરજના રોગથી મુકત કરવાની આ અનાયાસે સાંપડેલી તકનો પ્રજાએ સદુપયોગ કરી વાળ્યો, કાન્યકુબ્જના મંત્રીઓ પણ આ દૃશ્ય જોઇ હેરત પામ્યા, ઝાંઝણકુમારે ટકોર કરી કેઃ—" પાણીનું એક ટીપું પણ વ્યર્થ નહીં જવા દેનાર મહારાજા વખત આવ્યે ઘીના હોજ નિઃસંકોચપણે કેવા ઉભરાવી શકે છે તે ભલે દુનીયા આ ઉપરથી જોઇ લે ! " મહેમાનોના દીલમાં, આજે કેટલાક દિવસથી રમી રહેલી શંકાઓનાજ જાણે ખુલાસા થતા હોય તેમ તેમને લાગ્યું, મહેમાનોની પ્રસન્નતા પાર વિનાની વધી પડી, લીલાવતીને માટે રાજા વિજ્યસિંહદેવ કરતાં અધિક યોગ્ય પુરૂષ બીજો કોઈ ન હોઇ શકે તેની તેમને સોએ સો ટકા ખાત્રી થઇ ગઇ, લોકો પણ કહેવા લાગ્યા કેઃ—" બુંદથી બગડેલી બાજી પેથડ મંત્રી જેવા પુરૂષોજ હોજ ભરીને સુધારી શકે, બીજાની મગદૂર નથી. "

# પ્રકરણ ૧૫ મું.

## પ્રપંચનો પ્રારંભ અને પરિણામ.

સંસારના સઘળા મહાપુરૂષોએ સમસ્વરે ઉચ્ચાર્યું છે કે આખરે સત્ય અને પ્રમાણિકતાનો જ જય થાય છે." પણ એ વિજય જો પ્રથમથીજ નિશ્ચિત અને નિષ્કંટક હોતતો સંસાર અને સ્વર્ગમાં કંઈજ ભેદ ન રહેત સત્ય, સરળતા, ઉદારતા, ભદ્રિકતા આદિ જે જે ગુણો વડે સંસારમાં સ્વર્ગની ઝલક ઉતરે છે એજ ગુણો જ્યારે કસોટીએ ચડે છે ત્યારે નિર્બળો નિરાશ થઇ, લમણે હાથ મુકી, નિશાન ગુમાવે છે. પુરૂષાર્થીઓ અને અચળ શ્રદ્ધાળુઓજ એ કસોટીમાં પાર ઉતરે છે, એવો કયો મહાપુરૂષ છે કે જેની સંસારના સામાન્ય મનુષ્યો અથવા દુર્જનોએ આકરામાં આકરી કસોટી ન કરી હોય ? સેંકડો ઉત્પાતો અને ઉપદ્રવોમાંથી સહિસલામતપણે પાર ઉતરેલા સત્યવીરો જ ઇતિહાસમાં પોતાની નામના અમર કરી જાય છે. જો એ કસોટી ન હોય તો સત્ય, શ્રદ્ધા, વીરતા વિગેરે દૈવી ગુણોની મહત્તા પણ આજે આટલી અખંડ ન હોત. પેથડ કુમારની કીર્ત્તિ, પ્રતિષ્ઠા જેમ જેમ વધુ પ્રચાર પામતી ગઇ તેમ તેમ તેના દ્વેષીઓના અંતર પણ ઇર્ષાથી સળગવા લાગ્યા, આજકાલનો એક સાધારણ વેપારી, માંડવગઢમાં કંગાળવેશે આવી, ધીમે ધીમે રાજા અને રાજતંત્રને પોતાની આંગળીના ઈસારાથી ચલાવે એ તેમને અસહ્ય થઈ પડયું પેથ-

ડની પાસે ચિત્રાવેલીની અમુલ્ય ઋદ્ધિ છે અને એ ઋદ્ધિને પ્રતાપેજ તે ઘીના હોજ ભરી રાજાને રીઝવી શક્યો એમ કેટલાક પ્રપંચીઓએ નક્કી કર્યું જો કોઇપણ ઉપાયે એ ચિત્રાવેલી લઇ લેવામાં આવે તો પેથડ ને ઝાંઝણ પાછા પડે એમ પણ તેમને લાગ્યું ! પણ એ અદ્‌ભુત વસ્તુ એકાએક શી રીતે ઝુંટવી લેવી તે પેથડના વિરોધીઓ માટે એક મહા પ્રશ્ન થઈ પડયો.

વિરોધીઓ અથવા જેને તેના દ્વેષીયો કહી શકાય તેઓમાં ગુંગો નામનો એક પ્રધાન પણ હતો. પહેલા તો ગુંગાનું સર્વત્ર બહુમાન થતું તેણે પોતાની કપટકળા અને ખટપટના પ્રતાપે રાજ્યમાં એક પ્રકારની એવી સજ્જડ ધાક બેસારી દીધી હતી કે ગુંગાની સામે એક શબ્દ સરખો ઉચ્ચારવાની પણ કોઈ હિમ્મત કરી શકતુ નહીં. તે સ્વાર્થી, ઉતાવળીયો અને જોહુકમી હોવાથી એકંદરે પ્રજાને આંખના પાટા જેવો થઇ પડ્યો હતો. પેથડકુમાર સત્તામાં આવતા પ્રજાએ છુટકારાનો દમ ખેંચ્યો. ગુંગાની સત્તા શિથિલ થતી જોઇ તેઓ મનમાં પ્રસન્ન થવા લાગ્યા. ગુંગાએ આ બધુ થોડીવાર તો જોયા કર્યું. પેથડને પંજામાં લેવા તે દાવ શોધવા લાગ્યો.

ગુંગે માંડવગઢના મહારાજાના કાન ભંભેરવા માંડ્યા. મહારાજા પોતે પેથડના અનેકાનેક ઉપકારોથી દબાયેલા હતા. પેથડની નિસ્પૃહતા અને રાજભક્તિએ તેમના ઉપર ઉંડી અસર કરી હતી. પરંતુ ગુંગાના એકધારા આગ્રહે તેમના મનોબળનો અજેય ગણાતો દુર્ગ પણ તોડી નાખ્યો. રાજાઓ

કાનના કાચા હોય છે એ સિદ્ધાંતનો ગુંગે પણ લાભ લીધો. એક દિવસે મહારાજાને આનંદમાં વાર્તાવિનોદ કરતા જોઇ ગુંગે પોતાના પ્રપંચના શસ્ત્ર સજ્યા અને ધીમેથી રાજાને સંબોધીને કહ્યું કે:—" આપણા પેથડમંત્રી પાસે ચિત્રાવેલી નામની એક અદ્‌ભૂત વસ્તુ છે એના પ્રતાપે તે એક જ ઘડા-માંથી જોઇએ તેટલું ઘી મેળવી શકે છે. તેને તે વસ્તુ આપણા જ રાજ્યની એક ભરવાડણ પાસેથી પ્રાપ્ત થઇ છે. ખરૂં જોતાં તો એ વસ્તુ રાજ્યની જ ગણાય અને આપના જેવા ઉદાર નરેશના મહેલમાં જ શોભે. પણ પેથડમંત્રી એવા પાકા છે કે કોઇને એ વિષે કંઇ વાત સરખી પણ નથી કહેતા. ઘીના હોજ ભરાવી આપની ઉપર જાણે મ્હોટો ઉપકાર કર્યો હોય એમ તેમણે આડકતરી રીતે સૂચવ્યું, પણ આપના પ્રતાપે જે ચિત્રાવેલી તેણે પ્રાપ્ત કરી છે તે સંબંધે ઉપકાર કે આભારનું એક વેણ તેણે કદિયે કહ્યું છે ? પાસે ચિત્રાવેલી હોય તો એવાં અદ્‌ભૂત કાર્યો તો બાળક પણ કરી શકે ? વાણીયાઓ મનના કેટલા મેલા હોય છે તે આ એક જ દાખલા ઉપરથી જણાશે." ગુંગાનું છેલ્લું વાક્ય રાજાને બહુ અપ્રિય લાગ્યું. પેથડમંત્રી મનનો મેલો હોય એ માનવા અને સાંભળવાની તેના અંત-રાત્માએ ચોખ્ખી ના પાડી.

ગુંગે એ સ્થિતિ નીહાળી. તેની બાજી, સ્હેજ પલટી. " લોકો તો ભાતભાતની વાતો કરી રહ્યા છે. ગામને મ્હોઢે કંઇ ગરણું થોડું જ બંધાય ? પેથડમંત્રી જેવા પુરૂષના અછતા દોષો બોલવા એ કોઇને પણ ન શોભે. તે ગમે તેવો હોય,

પણ એકંદરે રાજ્ય અને ધર્મની અનેકવિધ સેવાઓ કરી રહ્યો છે. એમ તો તેના દુશ્મનને પણ કબુલવું પડે. ” ઇર્ષાના ઝેરમાં પણ તે સાકર મેળવવા લાગ્યો. રાજાને તે શબ્દો પ્રિય લાગ્યા. પરંતુ તેની અંદર જ છુપું ઝેર રહેલું હતું તે રાજા ન જોઇ શકયો. ગુંગે ધીમે ધીમે ઝેરની માત્રા વધારવા માંડી.

“ ઋદ્ધિ-સિદ્ધિ પેથડમંત્રીને ત્યાં હોય કે રાજાના મહેલ હોય એ બંધુ આપણા માટે તો સરખું જ છે. ગમે ત્યાં હોય, પણ આપણા રાજ્યને વિષે જ એ કાંઈ થોડા અભિમાનનો વિષય ન ગણાય. પરંતુ એમાં એક વાત વિચારવાની રહે છે. વાણીયાને ત્યાંથી તે ચોરાઇ-લૂંટાઇ જવાની દહેશત રહે, પણ જો રાજાની પાસે તે હોય તો એકલા રાજકૂળને જ નહીં, પણ પ્રજાના ઉપયોગને માટે પણ તે કામે લગાડી શકાય. રાજ્યની લક્ષ્મી કેમ વધે, રાજ્યની પ્રતિષ્ઠા કેમ સ્થાયી બને એ જ આપણે તો જોવું જોઇએ. “ ગુંગાની આ યુક્તિપરંપરા સાંભળી રાજા થોડે ઘણે અંશે મૂર્છિત બની રહ્યો. રાજાને એમ લાગ્યું કે “ ચિત્રાવેલી રાજમહેલમાં હોય તો કેવું સારૂં ? ” ભોળા રાજાને અત્યારે કોણ સમજાવે કે સિદ્ધિઓ માત્ર લુંટવાથી કે દબાવવાથી જ નથી પ્રાપ્ત થઈ શકતી. મનુષ્યની પુણ્યભાવના જ્યારે પ્રબળ બને છે ત્યારે જ તે ઉંચે આસ્માનમાંથી આવી પડે છે અને પુણ્યના બળથી જ તે ટકાવી શકાય છે. પેથડકુમાર એ ચિત્રાવેલીને મેળવવા કયાં જંગલમાં ગયો હતો ? શું એક ભરવાડણ જ પોતાની મેળે સામે આવીને દુકાને આપી ગઇ ન્હોતી ? પેથડકુમારે પોતાના ભાગ્યબળથી

જ શું તે ન્હોતી આકર્ષી ? કાનના કાચા એવા મહારાજાને કોણ કહી શકે કે યોગ્યતા વિનાની સિદ્ધિ પણ આખરે વ્યર્થ જ નીવડે છે ? જો એમ ન હોત તો પુણ્યશાળીઓ એ પ્રાપ્ત કરેલી અસંખ્ય ઋદ્ધિ-સિદ્ધિઓ વડે આ જગત્ ક્યારનું, યે ઉભરાઇ નીકળ્યું હોત. પરંતુ માંડવગઢનો મહારાજા આજે એકલો હતો. તેને યથાર્થ વસ્તુસ્થિતિ સમજાવે એવું કોઇ હાજર ન હતું. તે ગુંગાની જાળમાં લાલચ વડે ફસાઇ રહ્યો હતો.

" બીજું તો ઠીક, પણ એ ચિત્રાવેલી કેવી હોય તે મારે જોવું તો જોઇએ ! " રાજા ઉંડી ઉંઘમાં રહ્યો રહ્યો બોલતો હોય તેમ બોલ્યો. પેથડકુમારનું સરળ-ભદ્રિક મુખ તેની નજર આગળ રમી રહ્યું. તેને આ માંગણીથી શું લાગશે એ વિચારથી રાજાનું મન ખળભળ્યું.

ગુંગાએ તરત જ એક માણસ મોકલી પેથડમંત્રીને બોલાવી લીધા. લોઢું તપતું હોય તે જ વખતે હથોડાના પ્રહાર કરવાથી મનમાનતો આકાર આપી શકાય છે એ વાત ગુંગાને સમજાવવી પડે એમ ન હતું. તે મહારાજાની મોહમુગ્ધ દશાનો લાભ લેવા જ તલપી રહ્યો હતો.

પેથડને પોતાની તરફથી આદરભાવ અર્પી ગુંગાએ એક સારા-આગળ પડતા આસન ઉપર બેસાર્યો. એમાં પણ મહારાજાને પ્રસન્ન કરવા સિવાય બીજો કંઈ જ હેતુ ન્હોતો. પેથડે મહારાજાની મુખમુદ્રા સામે નીહાળ્યું. તેઓ કંઇ ઉંડી મુંઝવણમાં હોય એમ લાગ્યું-ચ્હેરા ઉપર વિષાદની

મલિનતા પથરાયેલી હતી. થોડી ક્ષણો પર્યંત સૌ ચુપચુપ બેસી રહ્યા.

“ આપને એટલા માટે બોલાવવા પડયા કે મહારાજા સાહેબ, આપની પાસે જે ચિત્રાવેલી છે તે માત્ર નીરખવા માગે છે. ” પોતાની ઉપર જ ક્રોધ કરતો હોય તેમ બોલ્યો “ કેવી ગંભીર ભૂલ ? આપને બોલાવ્યા તે જ વખતે સાથે સાથે ચિત્રાવેલી લાવવાનું પણ કહેવરાવ્યું હોત તો કેવું સારૂં થાત ? એ સરતચૂક જ થઇ ગઇ આ ઉતરતી અવસ્થામાં હવે મગજ નબળું પડી ગયું છે-બહુ લાંબી વાતો યાદ પણ નથી રહેતી.” ગુંગા પ્રધાને પહેલોજ દાવ ફેંકયો. તેને ખાત્રી હતી કે તેમાં જીત તો પોતાની જ થવાની હતી.

ગુંગની આ ઉદ્ધત માગણીનો શું જવાબ વાળવો એ તત્કાળ પેથડને ન સૂઝયું. તેણે મહારાજના મ્હોં સામે શૂષ્ક દ્રષ્ટિએ નીહાળ્યું. મહારાજા પણ તેની સામે ન જોઇ શકયા. લજ્જા કે સંકોચના માર્યા તેઓ નીચે જ જોઇ રહ્યા હતા.

“ ચિત્રાવેલી ? મહારાજશ્રી જોવા માગે છે ! તેઓ માલેક છે—સર્વસ્વ તેમનું જ છે—તેઓ ગમે ત્યારે જોઇ શકે છે ! ” જવાબ તો આપવો જ જોઇએ એમ માની પેથડે અર્થહીન ઉદ્ગાર કહાડયા.

“ મહારાજા એમ માને છે કે એવી સિદ્ધિઓ વાણીયા-ભાઇને ત્યાં હોય તે કરતાં તો એક ક્ષત્રિય રાજવીને ત્યાં અધિક શોભે ! એની સાર્થકતા પણ વાણીયાના ઘર કરતાં

રાજદરબારમાં સવિશેષ થાય! મહારાજા જોવા માગે છે એનો અર્થ પણ એજ છે કે મહારાજાને પોતાને તે મેળવવાની આતૂરતા છે." ગુંગાએ એટલું કહીને એકે એકે મહારાજા અને પેથડની સામે જોયું. મહારાજાના કાનને એ શબ્દો અપ્રિય લાગ્યા, હૃદયને ગમ્યા. લોભવાસના સળવળી. એ સળવળાટ ઉપર ગુંગનાં વાકયો આહ્લાદક થઇ પડયા.

મહારાજાની દાનત બગડતી ચાલી છે; ગુંગ તેને પ્રપંચથી ઉત્તેજી રહ્યો છે એ બધું પેથડ સમજી ગયો. ભોળા રાજાને નીચ પ્રધાનની ખટપટનો ભોગ થતો નીહાળી પેથડને દુઃખ થયું. દુઃખ કરતાં પણ અધિક તો રોષ ઉપજ્યો. પરંતુ તે પોતાની લાગણીઓ ને કાબુમાં રાંખતા શીખ્યો હતો. ભૂખ, તરસ, થાક વિગેરેને કાબુમાં રાખવા કરતાં હર્ષ શોક, ક્રોધની લાગણીઓને કાબુમાં રાખવી વધારે મુશ્કેલ છે એમ જાણીને જ તે વૃત્તિ સંયમ પ્રત્વે ખાસ ધ્યાન આપતો.

"પણ મહારાજા પોતે કેમ કંઇ બોલતા નથી? તેમને પોતાને જે વસ્તુ જોઇતી હોય તે ખુશીથી તેઓ મારી પાસેથી ઈસારા માત્રથી લઇ શકે છે. શું હું એટલો બધો દૂર અને ભિન્ન ભાસું છું કે તેમને ગુંગ પ્રધાન જેવા એક પુરૂષની મદદ યાચવી પડે છે? કોઇ દિવસ નહીં ને આજે જ મારા અને મહારાજા વચ્ચે આ અંતરાય શા સારૂ?"

મહારાજાના હોઠ ફફડયા. પણ તેઓ કંઈ બોલે તે પહેલાં જ ગુંગે શરૂ કરી દીધું:—"એ બધા તર્કવિતર્ક

અસ્થાને છે. મહારાજાને તમે પરમ આત્મીય જેવા જ લાગો છો અને લાગશો. હું જરા ઉતાવળીયો છું એટલે વચમાં બોલી ઉઠ્યો. મારા એ દુર્ગુણને તમે બધા નભાવતા આવ્યા છો તેમ આ વખતે પણ નભાવી લો. બાકી મહારાજાની ઈચ્છાનો જ મેં પડઘો પાડ્યો છે. ચિત્રાવેલોમાં એવી મ્હોટી બીસાત પણ શું છે ? ”

“ વન-વગડામાં રઝળતી વેળા ઘણા ઘણા પ્રકારની વેલીઓ નજરે ચડે છે. પણ પરીક્ષા વિના કેમ કળી શકાય કે આ ચિત્રાવેલી જ છે ? એક વાર બરાબર જોઈ લઉં તો બીજી વાર ઓળખવામાં કંઇ મુશીબત ન પડે. ” મહારાજાએ પોતાની લોભવૃત્તિને છુપાવી.

પેથડને એ બચાવ હસવા સરખો લાગ્યો. મહારાજા પોતાની લોભ-વાસના શા સારૂ છુપાવતા હશે ? તેણે કહ્યું— મહારાજ ! ચિત્રાવેલી એ કંઇ ઠેકઠેકાણે નથી ઉગી નીકળતી. એ તો કોઇ મહા પુણ્યશાળીને જ પૂર્વકર્મના ભાગ્યોદયે પ્રાપ્ત થાય છે. અને પ્રાપ્ત થવા છતાં ય તેની કીમત પણ કોઈ વિરલા જ કરી શકે છે. એ વેલી નથી, પણ જીવત ભાગ્યબળ છે. જેને મળવાને તે નિર્માયેલી હોય છે તેને તે ઘેર બેઠા આવી મળે છે અને જેના ભાગ્યમાં નથી હોતી તેને તો તે ઉલટી દુ:ખદાયક થઇ પડે છે, છતાં આપને તે જોઇતી જ હોય તો હું આપની પાસે ધરવા તૈયાર છું. મારા ભાગ્યમાં હશે તો મને એ કરતાં પણ અધિક ફળદાયક સિદ્ધિ મળી રહેશે. ”

“ બરાબર છે. મહારાજા કરતાં વિશેષ ભાગ્યશાલી જીવ

આ જગતમાં બીજો કયો હોય ? એ તો વિધિની જ ભૂલ કે એ ચિત્રાવેલી રાજદરબારમાં આવવાને બદલે આપના જેવાને ત્યાં આવી ચડી. પણ વિધાતાની ભુલ મહારાજા પોતે આજે સુધારી લેશે. " ગુંગે મહારાજાને સારૂં લગાડવા અને છેલ્લો દાવ ફેંકવા આ વાકયો ઉચ્ચાર્યા.

પેથડે એક ન્હાનો સરખો નિશ્વાસ મૂકયો. રાજાએ તે સાંભળ્યો. પણ અત્યારે તો ચિત્રાવેલીની મોહિનીમાં જ તે મુગ્ધ હતો. નીશ્વાસ પણ સાંભળ્યો ન સાંભળ્યો કર્યો.

ઝાંઝણની મારફત ચિત્રાવેલી હાજર કરવામાં આવી. મહારાજાએ હાથમાં લઇ તેનો રૂપરંગ બરાબર જોઇ લીધા. આ ન્હાની સરખી વેલીના ગુણથી ઘીના હોજ ભરાય તેનો વિચાર આવતાં તેના મ્હો ઉપર હર્ષ અને આશ્ચર્યના ભાવ તરવર્યા. એક વાર પરીક્ષા કરવામાં શી હાની થવાની હતી એવો ખ્યાલ આવ્યો.

રાજાએ પોતે એક પાસેના જળાશયમાં તે ચિત્રાવેલી તરતી મૂકી. પાણીનો સ્પર્શ થતાં જ વેલી એક ભયંકર સર્પના આકારમાં પરિણમી ! કોઇ તેની પાસે જવાની હિમ્મત ન કરી શકયું. ગુંગ તો આ વિચિત્ર પરિણામ જોઇ દિગ્મૂઢ બની ગયો. આમાં કંઈક દગો છે એવી તેને ખાત્રી થઇ. તે મનમાં ને મનમાં મુંઝાવા લાગ્યો.

પેથડનું મન પવિત્ર હતું–તેના પેટમાં કંઇ પાપ ન હતું. તે તો મહારાજાની ઇચ્છા પ્રમાણે આ ચિત્રાવેલી તો શું,

પણ તે કરતાંય અધિક કીમતી વસ્તુ રાજાના ચરણુમાં ધરવાને તૈયાર હતો. તેને ખેદ તો માત્ર એકજ વાતને લીધે થયો કે ભોળો રાજા આજે બીજાના હાથમાં હથીયાર બની પોતાનું ગૌરવ ગુમાવી રહ્યો છે.

સર્પની પાસે જવાની કોણુ હિમ્મત કરે ? અને ચિત્રાવેલી જેવી દેવદુર્લભ વસ્તુ જતી પણુ કેમ થાય ? ગુંગ પ્રધાનની સામે જોયું. તેનું મ્હોં પશ્ચાતાપને લીધે કાળું ધબ બની ગયું હતું.

ઝાંઝણુ કુમારે ટકોર કરી:–" પ્રધાનજી જરા હિમ્મત આણી સર્પના રૂપમાં પરિણુમેલી વેલીનો આપનાજ પવિત્ર હાથે ઉદ્ધાર કરો ! " સાક્ષાત્ મૃત્યુથી કોઇ કંપે તેમ ગુંગ પ્રધાન ધ્રુજી ઉઠ્યો આ પ્રસંગે, ગુંગ ગમે તેવો દુષ્ટ હોય તો પણુ તેને પજવવો એ પિતા–પુત્રને નિર્દયતા લાગી. તેમણે ગુંગને કંઇજ આગ્રહ ન કર્યો.

" ગુંગ પ્રધાન ! ભાગ્ય વિનાની ઋદ્ધિય મેળવવા જતાં કેવું પરિણામ આવે એ જોયું ને ? તમારે માટે એ ઋદ્ધિ નથી, પણ પ્રત્યક્ષ કાળ છે એમજ સમજજો. પણ મારો ધર્મ તમને કાળના મુખમાં જતાં બચાવી લેવાનું ફરમાવે છે. ગમે તેવા પાપીને પણ ક્ષમા કરવી એ મારો સિદ્ધાંત છે તમે ઈર્ષાથી અંજાઇ મારૂં અનિષ્ટ કરવાનો આશય રાખ્યો હશે, પણ મહારાજાના પુણ્ય પ્રતાવે આજે તમે જીવિતદાન મેળવો

છો. આ ચિત્રાવેલીજ આજે તમારૂં મૃત્યું ઉપજાવત. પણ હરકત નહીં. તમારી ઇર્ષા પોતે જ તમને શીક્ષા કરશે." એટલું કહી પેથડકુમારે કાંડા ઉપર વલપના આકારનું કંઇક બાંધ્યું અને જળમાં કૂદી પડ્યો. વલપનો સ્પર્શ થતાં સર્પ પુન: વેલી રૂપે જ પ્રતીત થયો. જાણે એક દુ:સ્વપ્ન આવી ગયું હોય તેમ સૌને લાગ્યું.

"મારે એ વેલી નથી જોઇતી. પુરા પુણ્ય વિના આવાં સાધન પણ સર્પ સમાન બને છે એટલો એક ઉપદેશ જ મારે માટે બસ છે. મેં લોભ-લાલચથી અંધ બની તમને દુભવ્યા તે માટે મારૂં અંતર પશ્ચાત્તાપથી સળગી રહ્યું છે. તમે જો મારામાં અચળ શ્રદ્ધાવાળા છો તો આ ચિત્રાવેલી તમારી પાસે હોય કે મારી પાસે રહે એ બધું સરખું જ છે. પણ મને એ વાતનું ભાન ન રહ્યુ. ગુંગના કહેવાથી ભરમાયો, આડે માર્ગે દોરાયો અને તમારાં રાજભકત હૃદયને નકામાં વલોવ્યાં. ખુશીથી આ ચિત્રાવેલી તમે પોતે જ લઇ જાઓ." મહારાજાએ એ પ્રસંગનો એ રીતે ઉપસંહાર કર્યો. પેથડના પુણ્યબળની કસોટી થઇ. ગુંગ ઝંખવાણો પડી, રાજ્યની હદ ત્યજી ચાલી નીકળ્યો. પેથડ અને ઝાંઝણનાં માન-અકરામ તથા વર્ષાસન વગેરેમાં પણ પહેલાં કરતાં ઘણો વધારો થયો. પિતા-પુત્ર, આ પ્રકારની કસોટીમાં ફત્તેહ મેળવી શકયા તે માટે તેમણે અંત:કરણપૂર્વક જીનશાસનનો અને શાસનદેવનો પણ ઉપકાર માન્યો.

# પ્રકરણ ૧૬ મું.

## પેથડની શાસન સેવા

માંડવગઢમાં અને તેની આસપાસના પ્રદેશમાં પેથડ મંત્રીનું નામ લોકોની જીંહ્વા ઉપર રમી રહ્યું ગુંગા જેવા ખટપટીઆ પુરૂષોએ પેથડને નિસ્તેજ કરવા ઘણા ઘણા પ્રયત્નો કર્યા પણ એ પ્રયત્નોનું પરિણામ ઉલટું પેથડનાજ લાભમાં આવ્યું. વાદળાથી સૂર્ય આચ્છાદિત થતાં લોકો જેમ સૂર્યને નીહાળવા આતૂર બને છે તેમ પેથડના ગુણાનુરાગીઓ પણ અંતરાયોથી ઘડી ભર ઢંકાએલા પેથડનો વિજય નીહાળી તેના ભાગ્ય પુણ્ય અને પરોપકાર વૃત્તિનાં મુકત કંઠે વખાણ કરવા લાગ્યા. પેથડના સ્થાને જો કોઈ સામાન્ય માણસ હોય તો આ વખાણ અને કીર્ત્તિને લીધે વધુ ઉન્મત્તજ બની જાય. પરંતુ પેથડનો આત્મા સંસ્કારી હતો. રાજદ્વારી પ્રપંચોમાં વિજય મેળવ્યા પછી પણ તે વિષે મગરૂર થવાને બદલે પોતાના આત્મકલ્યાણ સાથે આ બધાને શું સંબંધ છે તે તપાસતો. ધન–યૌવનની જેમ કીર્ત્તિ પણ એક માયાવી મોહિનીજ છે એમ તે માનતો. રાજ્યની કૃપાને પણ તે ચિરસ્થાયી ન્હોતો સમજતો.

તેના તેજો દ્વેષીઓ આજે પાછા પડયા છે. મહારાજાની સંપૂર્ણ મહેર તેની ઉપર વર્ષી રહી છે. ભાગ્યયોગે અખુટ સંપત્તિ પણ ચરણ પાસેજ રેલાઇ રહી છે. એક દિવસે પ્રાતઃ-કાળમાં ઉઠી તે વિચારવા લાગ્યો કે શું જીવનની આજ સાર્થકતા

હશે ? મારા પિતા પાસે પણ એક વાર આવીજ સંપત્તિ હતી એટલું છતાં અમારે ભૂખ તરસ અને થાકની કેટલી કઠણ પરીક્ષાઓ આપવી પડી ? સંપત્તિ અને કીર્તિને શાસ્ત્રકારોએ વિજળીના ચમકારા જેવીજ લેખી છે એ કંઈ ખોટું નથી. એનો જો સદુપયોગ કરતાં ન આવડે તો માનવભવ હારી જવાય ! જીવનના છેલ્લા દિવસો જીન શાસનની સેવામાંજ સમર્પવાનો તેણે સંકલ્પ કર્યો.

આસપાસની ઉપાધિઓથી છુટવા, તીર્થયાત્રાએ નીકળવાની તેણે તૈયારી કરી. મહારાજા વિજયસિંહદેવે જ્યારે એ વાત જાણી ત્યારે તેમને દુઃખ થયું પેથડ જેવો બાહોશ સલાહકાર રાજ કાજમાંથી નિવૃત્ત થઇ આત્મહિત સાધવામાં તત્પર થાય એ તેમને ન રૂચ્યું. પરંતુ પેથડના આગ્રહ પાસે તેમને નમતું મુકવુ પડયું મહારાજાની આજ્ઞા મેળવી પેથડ મંત્રી જાત્રાએ જવા નીકળ્યો.

પણ વિધિની એક વિચિત્રતા તો જુઓ! "ન માગે દોડતું આવે" એ પંકતઓ કેટલી અર્થસૂચક છે ? પેથડ મંત્રીને આજે કોઇ વાતની ઉણપ નથી. છતાં વિધિએ તેના ભંડાર ભરી દેવાની જ કાં જાણે પ્રતિજ્ઞા ન લીધી હોય તેમ તે આજે પોતાની કૃપા તેના ઉપરજ ઢોળી રહી છે ! દુનીયામાં જાણે કે એક માત્ર પેથડજ પુણ્યશાળી હોય એમ માની તેને પગલે પગલે ઋદ્ધિ વડે નવરાવી રહી છે. જીરાઉલા પાર્શ્વનાથ ભગવાનના દર્શને જતાં પેથડ મંત્રીને એવીજ એક અપૂર્વ તક પ્રાપ્ત થઇ.

પાર્શ્વનાથ ભગવાનની સંપૂર્ણ વિધિપુરઃસર પૂજા–ભકિત કર્યા પછી પેથડ મંત્રી આબુ ઉપર ચડયા વનમાં નિર્જન સ્થળોમાં ફરવાનો અને વિવિધ ઐાષધીઓની પરિક્ષા કરવાનો મૂળથીજ તેમને શોખ હતો. આબુ ઉપરની વિકસિત વનરાજીએ તેમને આકર્ષણ કર્યું. તેઓ સંસારની ઉપાધિઓને અળગી કરી જીનેશ્વરની ગુણમાળાનું રટણ કરતા ખુબ આગળ નીકળી ગયા. થોડે દૂર ગયા પછી તેઓ અટકયા, એક મનોહર વેલી ઉપર તેમની દ્રષ્ટિ મંડાઇ રહી !

" અહો ? સુવર્ણ સિદ્ધિમાં જે વેલીના પાનનો રસ અતિ ઉપયોગી ગણાય છે તેજ આ વેલી કેમ ન હોય ? રૂપ–રંગ–આકાર એ બધું બરાબર આ વેલનેજ મળતાં આવતાં હોય એમ જણાય છે. " તેણે જાળવીને એ વેલીનાં કેટલાક પાન પોતાની સાથે લઇ લીધાં.

ઉતારે આવીને તેણે ઝાંઝણને બધી હકીકત કહી સંભળાવી ઝાંઝણ કુમારે કહ્યું:— " ભલે, એ વેલી સુવર્ણ સિદ્ધિમાં ઉપયોગી હોય તો પણ આપણને આજે તેની શી જરૂર છે ? વધુ વક્ષ્મી ઉલટી આપણને સવિશેષ ઉપાધિમાં કેમ ન મૂકે ? આપણે જ્યારે યાત્રાએ નીકળ્યા છીએ ત્યારે એવી સિદ્ધિઓનો વિચાર કરવાને બદલે, પરમાર્થનોજ ઉયયોગ રાખીએ એ શું વધુ ઇચ્છવા યોગ્ય નથી ?

" પણ આમાં તો ભાગ્યદેવીનો કંઇ જૂદોજ સંકેત હોય તેમ મને લાગે છે. આપણે લક્ષ્મી અને સુવર્ણનો ઉપયોગ

આપણા પોતાને માટે તો નથીજ કરવાના જો શાસનનો પ્રભાવ વિસ્તારવામાં તે કામે લાગી શકે તેમ હોય તો લક્ષ્મી ચાંદલો કરવા આવે તે વખતે શા સારૂ મ્હોં ધોવા જવું ? ’ આ રીતે અનાયાસે પ્રાપ્ત થયેલી લક્ષ્મીનો ત્યાગ કરવો એ મૂર્ખતા ગણાય ? શાસન સેવાના કાર્યમાં તેનો ઉપયોગ કરતા આપણને કોણ અટકાવી શકે તેમ છે ? “ પેથડ મંત્રીએ ઝાંઝણની શંકાનું નિવારણ કર્યું. તે પણ પિતાની સાથે સહમત થયો.

પેથડને અનુભવ સાર્થક થયો. તેણે અનુમાન બાંધ્યું હતું તે પ્રમાણે તે વેલી સુવર્ણ સિદ્ધિના પ્રયોગમાં એક અપૂર્વ સાધન રૂપ થઇ પડી. ઝાંઝણ કુમારે પુષ્કળ લોહ મંગાવી‘ વનમાંને વનમાંજ સુવર્ણ તૈયાર કર્યું અને કોઇ ન જાણે તેમ ઉંટડીઓ ઉપર લાદીને માંડવગઢ તરફ રવાના પણ કરી દીધું.

પેથડના પરિવારની તીર્થયાત્રા તેમને માટે ફળપ્રદ નીવડી સુવર્ણનો મ્હોટો સમુહ પ્રાપ્ત થવાથી મંત્રીનું ઘર એક મહાન અતિથિશાલા જેવુંજ બની ગયું ! ગરીબો તેમજ સ્વધર્મબંધુઓને માટે, પેથડને ત્યાં એક કલ્પવૃક્ષ જ ઉગી નીકળ્યું એમ પણ ખુશીથી કહી શકાય. જેઓ પોતાના સ્વાર્થને તુચ્છકારી, કેવળ પરોપકાર કે શાસન સેવાનીજ ધગશ રાખે છે તેમને ભાગ્યદેવી કેટકેટલી રીતે વધાવે છે ? પેથડ અને ઝાંઝણ પણ બીજું બધું ભૂલી જીન શાસનની સેવામાં જ દિવસો વીતાવવા લાગ્યા.

# પ્રકરણ ૧૭ મું.

## ધર્મઘોષસૂરિ

પેથડ મંત્રી પોતાના પરિવારની મધ્યમાં બેઠા બેઠા ભૂતકાળની કેટલીક સ્મૃતિઓ વિષે ચર્ચા ચલાવી રહ્યા છે. જે માંડવગઢમાં પ્રવેશ કરતાં પહેલાં પગ ધ્રુજતા હતા તેજ માંડવગઢ આજે તેમને માટે સુખ શાંતિ અને વૈભવનું કેન્દ્રસ્થાન કેવી રીતે બન્યું તે અમારા વાચકો જાણે છે. એક વખતનો દરિદ્ર પેથડ, જેને આશ્રય આપવા પણ કોઇ તૈયાર ન હતું તે આજે માંડવગઢનો મુકુટ વિનાનો મહારાજા ગણાવા લાગ્યો છે એ પણ ભાગ્યનીજ એક લીલા નહીં તો બીજું શું ? પેથડ મંત્રી પોતે પોતાના ગતકાળના દિવસો યાદ કરી, અભિમાનના સંયોગોમાં પણ નિરભિમાન રહેતા શીખ્યા છે–પોતાના પરિવારને પણ એજ પ્રમાણે સર્વથા અભિમાનરહિત રહેવાનું સતત ઉપદેશે છે.

એટલામાં ધનદત શેઠ ત્યાંજ પધારતા હોવાની એક અનુચરે બાતમી આપી, પેથડ મંત્રી પોતાના એક વખતના આશ્રયદાતાને ભુલી જાય એ શું કોઇ કાળે પણ બનવા યોગ્ય છે ? તેઓ રાજદરબારમાં તેમજ બીજા પ્રસંગોમાં પણ ઉક્ત શેઠશ્રીનું પુરેપુરૂ બહુમાન જાળવતા, એટલુજ નહિ પણ જ્યારે જ્યારે તેમને નીરખતા ત્યારે ત્યારે પેથડનું મસ્તક ભક્તિભાવથી

નમી પડતું. ધનદત શેઠ પોતાને ત્યાં પધારે છે એમ જાણતાંજ તે એકદમ ઉઠીને ઉભા થયા અને પહેરેલે કપડે ધનદત્ત શેઠને આવકાર આપવા બ્હાર દોડી આવ્યા.

ધનદત્ત શેઠ વયોવૃદ્ધ થયા હતા. પેથડ તો તેમનો પાસે બાળકજ ગણાય. વિનય પૂર્વક પેથડ તેમને નમ્યો અને બન્ને જણા અંદરના દિવાનખાનામાં ગયા. જાત્રા સંબંધી કેટલીક વાતચીત થયા પછી વર્તમાન રાજનીતિ, મહારાજાની ભદ્રિકતા, ગુંગની ખટપટ વિગેરે કેટલાક વિષયો ચર્ચાયા.

" માધવ નામનો એક ભાટ આપની પાસે આવવા માંગે છે " દરવાને આવી ખબર આપ્યા. માધવને નીચેથી ઉપરના દીવાનખામાં લાવવામાં આવ્યો. તેનો દેહ પરસેવાથી ભીંજાઇ ગયો હતો. તેના મ્હોં ઉપર અત્યધિક શ્રમનાં સ્પષ્ટ ચિન્હ દેખાતાં હતાં.

બિચારો કોઇ અણધારી આફતથી ઘેરાઇ ગયો હશે–મદદ માગવા માટેજ દોડતો આવી ચડયો હશે, એવું પેથડ મંત્રીએ તેમજ ધનદત્ત શેઠે અનુમાન કર્યું. માધવ મનમાં એ વાત થોડેઘણે અંશે પણ સમજી ગયો, પોતે આવા સંયોગોમાં એવું અનુમાન કરે એમ તેને લાગ્યું.

" મહારાજ ! હું આપને વધાઈ આપવા માટેજ દૂરથી દોડતો આવ્યો છું મેં સાંભળ્યું છે કે ધર્મઘોષ સૂરિ આપના પૂજ્ય ગુરૂ છે, અને તેમના આગમનની વધામણી આપનાર ન્યાલ થઇ જાય છે. " ધર્મઘોષ સૂરિનું નામ સાંભળતાંજ

મંત્રી, તેમજ ધનદત્ત શેઠની આંખમાં પણ એક પ્રકારનું અપૂર્વ તેજ રમી રહ્યું ! મંત્રીને પહેલાના દરિદ્ર દિવસો યાદ આવ્યા ! એક વખતની વ્યાખ્યાન સભામાં જે વખતે શ્રોતાઓ તેનું ઉપહાસ કરતા હતા તે વખતે પેથડનો બચાવ કરનાર–તેને હિમ્મત આપી ઉતેજનાર આજ ધર્મગુરૂ હતા ! વ્રતનો મહિમા સમજાવી અપરિગ્રહવ્રત ઉચરાવનાર, તેમજ ભવિષ્યના પડદાને ઉચકી પ્રબળ ભાગ્યરેખાનું સૂચન કરનાર પણ એજ પ્રભાવિક પુરૂષ હતા ! પોતાના ઉપકારક ગુરૂરાજની પધરામણી થવાની છે, એ સમાચાર સાંભળી સર્વનાં હૃદય આનંદથી ઉછળી રહ્યા !

માધવને તેની આશા અને ધારણા કરતાં પણ આધક દ્રવ્ય મળ્યું, ધર્મઘોષ સૂરિની પધરામણી પછી બીજા ગમે તેટલા ધર્મકૃત્યો થાય, પણ માધવનું દારિદ્રય તો તેજ ઘડીએ દફે થઇ ગયું.

ધર્મઘોષ સૂરિ એટલે જૈન શાસનતા પુનિત પ્રભાવનીજ એક પ્રતિમા, તેમની હાજરી હોય ત્યાં હંમેશા ચોથો આરો જ વર્તે, ભલભલા રાજા મહારાજાઓ અને સુભટો પણ એ પ્રતાપી આચાર્યના ચરણમાં શિર ઝુકાવી ધર્માશિષ યાચતા, ચારિત્ર અને તપનો પ્રકાશ તેમના અંગે અંગમાંથી નીતરતો. માર માર કરતો વૈરી પણ એ ત્યાગમૂર્તિને જોઇ થંભી જતો. તેમની વ્યાખ્યાનવાણી જાણે એક સુધાની જ સરિતા હોય એમ શ્રોતાઓને લાગતું. તેઓ શાસ્ત્રમાં પ્રવીણ તો હતા જ, પણ તે

સાથે દેશ–કાળની સમીક્ષા પણ બહુજ ચીવટથી કરી શકતા ક્યાં કેવા પ્રકારના ઉપદેશની જરૂર છે તે સમજતા અને આંખો મીંચીને એકજ ચીલે ચાલવા કરતાં સમય અને સંજોગો પ્રમાણે ચાલવામાં અધિક ડહાપણ સમાએલું છે, એમ પોતાના અનુયાયીઓ તેમજ શિષ્યોને પણ સમજાવતા સમસ્ત સાધુસમુદાયમાં ધર્મઘોષ સૂરિનું નામ પરમ પ્રીતિ, ભક્તિ અને શ્રદ્ધાને પાત્ર બન્યું હતું. એ બધા ઉપરાંત સૂરિજીમાં એક વિશેષતા હતી. શ્રીમંતો કે સત્તાધીશોની તેમને લેશમાત્ર પરવા ન હતી, ગમે તેવો દીન–દરિદ્ર શ્રાવક સંતાન પણ તેમની પાસે નિરાંતે બેસી ઉચિત આશ્વાસન મેળવી શકતો, મનુષ્યનાં બાહ્ય લક્ષણો ઉપરથી તેઓ તેમના ભાવીની ઝાંખી પણ કરી શકતા, પેથડ મંત્રીના ભાગ્યોદયનું પહેલવહેલું સૂચન કરનાર એજ પુરૂષ હતા.

બને તેટલા સમારોહથી આચાર્યશ્રીનું સામૈયું કરવાની પેથડ મંત્રીએ વ્યવસ્થા કરી, મહારાજાએ પોતેજ જોઇએ તેટલાં સાધનો રાજ્ય તરફથી પુરાં પાડવાનું ફરમાવ્યું.

જે દિવસે ધર્મઘોષ સૂરિએ પોતાના વિશાળ શિષ્યસમુહ સાથે માંડવગઢમાં પ્રવેશ કર્યો તે દિવસે વસ્તુતઃ માંડવગઢના આકાશમાં સોનાનો સુરજ ઉગ્યો હતો એમ ખુશીથી કહી શકાય. મંત્રીની ધર્મવૃત્તિ ઉપર સમગ્ર નગર પહેલેથી જ મુગ્ધ હતું. એમના જ એક કીર્તિશાળી ધર્મગુરૂની પધરામણી થતી જોઇ કોને આનંદ ન

થાય ? મોતીઓ વડે ચોક પૂરાયા. ઠેકઠેકાણે સજ્જનો અને સન્નારીઓએ આચાર્યને વધાવ્યા ! આનંદ-કલ્લોલ અને ઉત્સાહના પૂરમાં સમસ્ત માંડવગઢે સ્નાન કર્યું !

ધીમે ડગલે ગૌરવભરી ચાલથી ચાલતા, સહસ્રાવધી ભક્તોના વંદનને ઝીલતા આચાર્ય મહારાજ ધર્મશાળામાં પહોંચ્યા. પ્રાથમિક ક્રિયાથી નિવૃત્ત થઇ, એક સુવર્ણ શી દીપતી પાટ ઉપર બેસી, માંડવગઢની પ્રજાને કેટલોક ઉપદેશ સંભળાવ્યો. પ્રભાવના પામી સૌ નગરજનો વીખરાયા.

એક તરફ સત્તા અને સૌજન્યની મૂર્ત્તિ સમો, માંડવગઢનો મુકુટ વિનાનો મહારાજા-પેથડકુમાર અને બીજી તરફ સાધુતા અને પરમાર્થની પ્રતિમા સમા આચાર્ય મહારાજ ! આવો સુયોગ તો પૃથ્વીના પડ ઉપર કવચિત્ જ બનતો હશે! પેથડમંત્રીના દીલમાં શાસનભક્તિના અંકુર તો કયારના યે ફુટી નીકળ્યા હતા. તેને યોગ્ય પોષણ અનાયાસે આવી મળ્યું ! મંત્રીવર્ય બીજા તમામ સાંસારિક તેમજ રાજકીય કામકાજને ગૌણ માની, જે વડે જીનશાસનનો પ્રભાવ વધે, જીન શાસનના અનુયાયીયો સુખ-શાંતિમાં રહે એ પ્રકારની પ્રવૃત્તિમાં જ તલ્લીન રહેવા લાગ્યા. દુઃખ, અભાવ, રોગ, અશાંતિનું નામ નિશાન પણ કયાંઇ ન રહ્યું !

વ્યાખ્યાનની સભા સમાપ્ત થયા પછી એક દિવસે ધર્મ-ઘોષ સૂરિજીએ પેથડને પોતાની પાસે બોલાવી કહ્યું: “ મહાનુભાવ ! પરિગ્રહ પરિમાણ વ્રતનું સ્મરણ તો છે ને ? ”

" કેટલાય દિવસથી હું પણ એ જ વાત કહેવાને તલવતો હતો. આપના પુણ્ય પ્રતાપે એ વ્રતનો મહિમા ફળ્યો છે. આપે જ મને વધુ છુટ રાખવાનો આગ્રહ કર્યો હતો. પરંતુ એ પ્રકારની છૂટી ન રાખવા બદલ મને આજે મુદ્દલ પાશ્ચાતાપ નથી થતો. આજે દેવ-ગુરૂના પુણ્યપસાયથી મારી પાસે અખુટ ધન સંપત્તિ છે. આપ આજ્ઞા ફરમાવો તે પ્રમાણે હું તેનો સદ્વ્યય કરવાને તૈયાર છું " પેથડમંત્રીએ પોતાનું હૃદય નિષ્કપટપણે ગુરૂ મહારાજ પાસે ખોલ્યું.

" સાધર્મી ભાઇઓના સુખ-કલ્યાણ અર્થે તો તું તારી સંપત્તિનો છૂટથી વ્યય કરી રહ્યો છે એ મારા લક્ષબ્હાર નથી. એટલે એ વિષયમાં કંઇ માર્ગ ચીધવાની જરૂર નથી રહેતી. સંપત્તિને અચળ રાખવાનો એક જ મહામાર્ગ છે અને તે એ જ કે સંપત્તિનો ઉપયોગ જીનમંદિરો પાછળ જ કરી નાખવો. જીન મંદિરો એ વાસ્તવિક રીતે જીનશાનના જ જીવંત પ્રાસાદો છે. કાળના પ્રબળ વ્હેનમાં જીનાલયો જ પ્રાચીન કીર્ત્તિ અને ગૌરવને વ્હાલથી જાળવી રાખશે. આજે તારી પાસે એટલી દોલત છે કે હિંદુસ્તાન ભરના નામાંકિત શહેરોમાં એક એક જીનાલય તું ખુશીથી બંધાવી શકે. " સૂરિજીનો ઉપદેશ પેથડમંત્રીના અંતરમાં આરપાર ઉતરી ગયો. તેમને તો ગમે તે પ્રકારે સંપત્તિનો સદ્વ્યય કરવાનો જ હતો. વ્યય સિવાય લક્ષ્મીની બીજી કોઇ સાર્થકતા નથી એમ તે ક્યારનો ય સમજી શક્યો હતો. દેદાશાહે પણ સુવર્ણના પતરાવાળી ધર્મ-શાળા બંધાવી પોતાનું નામ અમર કર્યું હતું એ તેના

સંતાનના સ્મરણુહાર તો ન જ હોય. તે પિતાના પગલે ચાલી પિતાના યશોમંદિરને માથે કળશ ચઢાવવા માગતો હતો.

ઇતિહાસ તેના મનોભાવની આજે પણ સાક્ષી પૂરે છે. પેથડમંત્રીએ તત્કાળ બંધાવેલા જીનાલયોના નામ–ઠામ આજે પણ નીચે પ્રમાણે મળી આવે છે. ધર્મઘોષ સૂરિશ્વરજીનો અને પેથડમંત્રીનો સમાગમ અપૂર્વ રંગે દીપી નીકળ્યો હતો એમ કોણ નહીં કહે ?

અઢાર લાખ રૂપીયા ખરચીને માંડવગઢમાં જ, ફરતી ૭૨ દેરીઓએ કરીને સહિત એવું શ્રી શત્રુંજયાવતાર નામનું દેરાસર તૈયાર કરાવ્યું. અત્યંત ઉંચા મંડપવાળું–ઓંતેર રૂપાના દંડ અને કલશવાળું શ્રી શાંતિનાથનું મંદિર શ્રી સિદ્ધાચળને વિષે નિર્માવ્યું. ઓંકારપુરમાં મ્હોટા તોરણોવાળું જીન મંદિર રચાવ્યું. તે ઉપરાંત શારદાપત્તનને વિષે, તારાપુર વિષે, પ્રભાવતી નગરીને વિષે, સોમેશ પત્તનને વિષે, વાંકાનેર વિષે, માંધાતા નગરને વિષે, ધારાનગરીને વિષે, નાગરદ નગરને વિષે, નાગપુરને વિષે, નાશીકને વિષે, વડોદરાને વિષે સોપાકરને વિષે–ચારૂપને વિષે, રત્નપુરને વિષે, કોરડાગામને વિષે કરહેરા તીર્થને વિષે, ચંદ્રાવતી નગરીને વિષે, ચિત્તોડને વિષે ચીખલ નગરને વિષે, બિહારને વિષે, વામનસ્થલીને વિષે, જયપુરને વિષે, ઉજ્જયિનીને વિષે, જાલંધર નગરને વિષે, સેતુબંદરને વિષે, દેશને વિષે, પશુસાગરને વિષે, પ્રતિષ્ઠ નગરને વિષે, વર્ધમાન નગરને વિષે, પર્ણબિહારને વિષે,

હસ્તિનાપુરને વિષે, દેપાળપુરને ગોકપુરને વિષે, જેસંગપુરને વિષે, બિંબપુરને વિષે, સ્થુરાદરીને વિષે, અધોભૂમિને વિષે, સલક્ષણુપુરને વિષે, જીર્ણુદુર્ગ–જુનાગઢને વિષે, ધવલપુર–ધોળકાને વિષે, મંકોડીપુરને વિષે, વિશ્રમપુરને વિષે, મંગળ વગઢને વિષે વિગેરે. ઉક્ત મંદિરોને શિરે ફરકતી ધજાઓ આજે પણ પેથડમંત્રીના ધર્મ–ઉદાત્ત હૃદય ભાવનાને ફરકાવી રહી છે!

# પ્રકરણ ૧૮ મું

## ઉપકાર–એક વશીકરણ.

કેટલાક પુરૂષો એવા હોય છે કે જેમની દયા–કરૂણા–કૃપા એક ઝરણુની જેમ વગર કારણે પણ સતત વહ્યા કરે છે–બદલાની ઈચ્છા વિના કે કીર્ત્તિની પરવા વિના તેઓ મન, વચન ને કામથી જગતના જીવો ઉપર હંમેશા ઉપકાર કરવાની જ ભાવના રાખતા હોય છે. એથી ઉલટું કેટલાક એવા પુરૂષો પણ હોય છે કે જેમના સ્વભાવમાં જ ઈર્ષા–દ્વેષ ભળી ગયા હોય છે–વગર કારણે દ્વેષ કરવો, વિના સ્વાર્થે કોઇનું બુરૂં તાકવું એ તેમનો પ્રિય વિષય બની રહે છે, હેમુ લગભગ આ છેલ્લી કોટીનો પુરૂષ હતો. તે બુદ્ધિમાન હતો–પ્રતાપી હતો પણ અભિમાનમાં તે એટલોબધો અંધ હતો કે તે કોઇની કીર્ત્તિને સાંખી શકતો નહીં. પૃથ્વીકુમાર પોતે ગરીબ અવસ્થામાંથી

આગળ વધતો વધતો આખરે માંડવગઢનો મુકુટ વગરનો મહારાજા બન્યો છે એ વાત તેણે જ્યારે પહેલવહેલી સાંભળી ત્યારે તેનું અભિમાન ઘવાયું. હેમુની પોતાની લાગવગ પણ કંઇ જેવીતેવી ન હતી. દેવગીરીમાં બ્રાહ્મણ જાતિના એક આગેવાન તરિકે, તેમજ ત્યાંના મહારાજાના એક સલાહકાર તરિકે તેની પ્રતિષ્ઠા સુવિદિત હતી. પેથડની ઉન્નતિ તેને કંઇ જ હાનિ કરી શકે તેમ ન હતી, પેથડની પ્રતિષ્ઠા તેના માર્ગમાં કંઇ અંતરાય ઉપજાવી શકે એ અશક્ય હતું. છતાં તે પેથડની કીર્ત્તિકથા સાંભળી અંદર ને અંદર સળગ્યા કરતો. દીલની દાઝ તે કોઇને કહી શકતો નહી, પણ તેથી તો તેનું મનોદુઃખ ઉલટું વૃદ્ધિ જ પામતું. તેણે જ્યારે સાંભળ્યું કે પેથડકુમાર પોતાની અઢકળ લક્ષ્મી, ભારતવર્ષની ભૂમિને દેવમંદિરો વડે શણગારવામાં વાપરી રહ્યો છે ત્યારે તેણે નિશ્ચય કર્યો કે દેવગિરિની ચાર દિવાલોની બ્હાર ગમે તેમ થાય, પણ ખુદ દેવગિરિમાં તો જૈનશાસનનું એક પણ મંદિર બાંધવા ન દેવું સમસ્ત બ્રાહ્મણ જાતિ આ નિશ્ચયમાં તેને સહાયક થવા તૈયાર હતી.

ધર્મઘોષસૂરિજી પાસે એક દિવસ આ વાત નીકળી. હેમું પ્રધાન જૈનોનો મ્હોટો દ્વેષી છે અને દેવગિરિને વિષે એક પણ જૈન મંદિર ન બાંધવા દેવાનો તેનો મક્કમ નિશ્ચય છે એ વાત સાંભળતાં જ સૂરિજીએ મંદ હાસ્ય કર્યું. બ્રાહ્મણો અને જૈનો વચ્ચે ઘણા લાંબા સમયથી એક પ્રકારનો વિવાદ ચાલ્યો આવે છે એ તેઓ જાણતા હતા. ઘણેખરે સ્થળે બ્રાહ્મ-

ણોએ જૈનોના મંદિરોને અકારણે બંધ રખાવ્યાની હકીકત તેમના ધ્યાનમાં હતી. તેમણે પોતે જ બ્રાહ્મણોના દ્વેષને ટાળવા, જૈન શાસનની મહત્તા સમજાવવા અને એ બન્ને બંધુ સંપ્રદાયો વચ્ચે એક વાકયતા સ્થાપવા સકળ પ્રયત્નો કર્યા હતા. તેઓ કહેતા કે અજ્ઞાન માણસો ઇર્ષાને લીધે ગમે તેમ બકે, પણ જ્યારે વિશ્વના બુદ્ધિમાન માણસો જૈનદર્શનનું આંતરરહસ્ય ઉકેલવા લાગશે ત્યારે જૈન શાસન સામેનો વિરોધ આપોઆપ સમી જશે-બ્રાહ્મણો, ક્ષત્રીયો અને જૈનો પણ એક પ્રજા તરિકે પરસ્પરસમાં જોડાઇ જશે.

" પણ હેમું પ્રધાનને આટલીબધી ઇર્ષા શા સારૂ હોવી જોઇએ, એ મને નથી સમજાતું. " પેથડકુમારે સૂરિજી પાસેથી કંઇક અધિક ખુલાસાની આશાથી પ્રશ્ન મૂકયો.

" માણસ ગમે તેટલો કૂશળ હોવાનો દાવો રાખે, પણ તે પોતાની આસપાસની અસરોથી સાવ નિરાળો ન રહી શકે. દેવગિરિમાં જૈનોનું એક પણ મંદીર બંધાવા ન દેવું એ કેવળ હેમુનો પોતાનો નવો નિશ્ચય નથી. કૂલપરંપરાગત સંસ્કારોએ જ તેની પાસે એ નિશ્ચય કરાવ્યો છે. અલબત્ત તે ઈર્ષાળુ અને અભિમાની છે એમ મેં સાભળ્યું છે, પરંતુ સાથે સાથે તે વિચારશીલ અને ખંતીલો છે એમ પણ હું જાણી શકયો છું. એવાઓને જીતવા-પોતાના બનાવી લેવા એ સહજ નથી, તો પણ પ્રયત્નસાધ્ય છે. " એક રાજદ્વારી પુરૂષ ને શોભે તેવી ગંભીરતાથી સૂરિજીએ ઉત્તર આપ્યો.

" માંડવગઢની સત્તા અને સૈન્ય હેમુપ્રધાન જેવા પાં-ચ-પચીસને પુરાં પડી શકે તેમ છે—" પેથડકુમારે નવી જ પ્રસ્તાવના શરૂ કરી. સૂરિજી વચમાં જ બોલી ઉઠ્યા:—

" એ માર્ગ રાજમાર્ગ નથી. સત્તા અને સૈન્યથી રાજ્યો જીતી શકાય, અણધારી આપત્તિઓને વિદારી શકાય, પણ એના વડે વિરોધીઓનાં હૃદય તો ન જ મેળવી શકાય, સત્તા અને સૈન્ય બહુબહુ તો સમોવડીયાને થોડીવાર દબાવી દઈ શકે, પરંતુ એ દાબ વધુ વખત નથી નભતો. વખત આવ્યે તે પુનઃ ઉછળે છે અને કલેશ-વૈરનો અગ્નિ ફાટી નીકળે છે. પછી તેને કાબૂમાં લેવો અશક્ય બને છે. ક્રોધને ક્ષમાથી જીતવો, વેરને પ્રેમથી જીતવો એ જ સર્વ ધર્મશાસ્ત્રોનો સનાતન ઉપદેશ છે. "

" ત્યારે હેમુને જીતવાનો એવો જ કોઈ રાજમાર્ગ દર્શાવો તો હું એ માર્ગે જવા તૈયાર છું " પેથડે શ્રદ્ધાભરી વાણીમાં નિવેદન કર્યું.

" દેવગિરિને વિષે જીનપ્રાસાદ બંધાવવો એ આપણું લક્ષ છે. એ લક્ષને સિદ્ધ કરવા આપણે પહેલવહેલા હેમુને મેળવી લેવો જોઈએ. હેમુની સત્તા ત્યાંના બ્રાહ્મણ સમાજ ઉપર છે—કારણ કે તે બ્રાહ્મણ સમાજનો મુખ્ય અગ્રણી છે. રાજા પણ હેમુની સલાહને માન્ય રાખે છે. હેમુને મેળવી લેવા છતાં જો થોડાઘણો વિરોધ રહી જશે તો તેને શમાવતાં બહુ

વાર નહીં લાગે. લશ્કરના વડાને જીતવાથી આખું લશ્કર જીતાઇ જાય છે. હુવે હેમુને વશ કરવા એક નવો જ માર્ગ હાથ ધરવો પડશે. તને અલબત્ત આથી આશ્ચર્ય તો થશે જ, પણ જરા ઉંડો ઉતરીને વિચારશે તો તને પોતાને પણ આ ઉપાય કેટલો શ્રેયઃસાધક છે તે દેખાઇ આવશે.

મારી વાત બરાબર સમજાય એટલા માટે એક સામાન્ય ઉદાહરણ આપું. ઘર બંધાવવું હોય ત્યારે પહેલવહેલા પાયા ખોદવા પડે. મૂર્ખ માણસ એ વખતે વિચારે કે મકાનની દીવાલો તો ઉંચે લઇ જવાની છે તો પછી ખાડા ખોદી ભોંયના ગર્ભમાં પત્થર નાખવાથી શું વળવાનું હતું ? પરંતુ ડાહ્યા માણસોની યુક્તિ અને કળા જૂદા જ પ્રકારની હોય છે. તેઓ કહેતા આવ્યા છે કે જ્યારે ખૂબ જોસથી આગળ વધવું હોય ત્યારે થોડું પાછું પણ હઠવું જોઈએ. દીવાલોને જો બહુ ઉંચે લઇ જવી હોય તો તેટલાજ પ્રમાણમાં નીચે પાયામાં પણ ઉંડા ઉતરવું જોઇએ. હેમુને પોતાનો બનાવવા માટે તારે પણ એવોજ થોડો ભોગ આપવો પડશે.

તે અભિમાની છે, તેને કીર્ત્તિ કરતાં કોઇ વસ્તુ અધિક પ્રિય નથી. તારે તેની કીર્ત્તિમાં ઉમેરો કરી, તેનું હૃદય જીતી લેવું જોઇએ. ઉપકાર પણ એક સબળ વશીકરણ છે. જ્યાં સર્વ પ્રકારનાં સાધનો પાછાં પડે છે ત્યાં ઉપકાર સફળ નીવડે છે. માટે મારી તો એવી જ સલાહ છે કે હેમુને વશ કરવા તારે ઓંકારપુરમાં તેના જ નામની એક દાન શાળા બંધાવવી.

એ દાનશાળાની કીર્તિ ફેલાતાં જ હેમુ આફરીન બનશે અને સદાને માટે તારો મિત્ર બની રહેશે. "

આચાર્ય મહારાજની સલાહ પેથડકુમારના હૃદયમાં રમી રહી. જેને તે પોતાના બાહુબળથી જીતવા માગતો હતો તેને ઉપકારના વશીકરણથી પોતાનો મિત્ર બનાવવાનો તેણે નિશ્ચય કર્યો. હેમુને માટે તેને મુદ્દલ પ્રીતિભાવ ન હતો. છતાં જીનમંદિરની પ્રતિષ્ઠા અર્થે તે ગમે તેટલો ભોગ આપવા તૈયાર હતો.

પેથડકુમારે તરત જ પોતાના માણસોને આજ્ઞા સંભળાવી દીધી. ઓંકારપુરમાં હંમેશા હજારો યાત્રાળુઓ આવતા. સાધુ–સંન્યાસીઓ, યાત્રીઓ અને પ્રવાસીઓનું તે એક મ્હોટું મથક હતું એમ પણ ખુશીથી કહી શકાય. જાણે હેમુ પ્રધાન પોતે જ પોતાના ખર્ચે આ દાનશાળા બંધાવતો હોય એમ લોકોને વિષે જાહેર કરી દીધું. દાનશાળા તૈયાર થયા પછી દરેક દરેક યાત્રીને વગર મહેતને આહાર–પાણી આદિની પૂરતી સામગ્રી મળી રહે એવી વ્યવસ્થા પણ પેથડ મંત્રીએ પોતેજ હેમુના નામથી કરી વાળી.

પછી તો તળાવની પાળ તૂટતાં પાણીના ધોધ વહી નીકળે તેમ હેમુ પ્રધાનની કીર્તિકથા પણ દશે દિશામાં પ્રસરી ગઇ ! ઓંકારપુરની દાનશાળાનું નામ એકે એક પ્રવાસીની જીભ ઉપર રમી રહ્યું ! રોજ હજારો મુસાફરો હેમુ પ્રધાનની

દાનશાળામાં આશ્રય તથા આહાર મેળવી અંતઃકરણના આશીર્વાદ અર્પવા લાગ્યા.

"પણ હેમુ પ્રધાન આટલોબધો ઉદાર અને ધર્મપ્રેમી હશે એ તો આજે જ જાણ્યું!" એક પ્રવાસી બીજા પ્રવાસીને પૂછવા લાગ્યો.

"મેં પણ તેની કંજુસાઇ અને અભિમાન વિષે ઘણું ઘણું સાંભળ્યું હતું. તેના સ્વભાવમાં આટલો બધો ફેરફાર અચાનક થાય એ તો ખરેખર આશ્ચર્ય જ ગણાય!" બીજા મુસાફરે પોતાનો અનુભવ વર્ણવ્યો.

"પરંતુ મનુષ્યના ચારિત્રમાં ક્યારે કેવો ફેરફાર થાય તે તો ખુદ બ્રહ્મા પણ શી રીતે કહી શકે? આજ નો કૃપણ આવતી કાલે ઉદાર બને અને દરિદ્ર આવતી કાલે રાજાધિરાજ બને એ જ સંસારની વિચિત્રતા છે!" સાધુની વાણીમાં ત્રીજા મુસાફરે ઉચ્ચાર્યું.

એ પ્રમાણે જૂદા જૂદા ભાવાર્થવાળી વાતચીતમાં પણ હેમુ પ્રધાનની જ કીર્ત્તિ ગવાય રહી જેવી રીતે પુષ્પની પરાગ ભ્રમરની પાંખે ચઢી દૂર દૂરની વેલીઓને નવજીવન અર્પે છે તેમ અતિથિઓના સહસ્રકંઠે ગવાતી હેમુની કીર્ત્તિ દૂર દૂરના પ્રદેશમાં પ્રસરી રહી!

અને એ કીર્ત્તિકથાનો પ્રવાહ દેવગિરિના રાજદ્વાર પર્યંત પણ પહોંચી ગયો. જ્યારે જ્યારે ઓંકારપુરની દાનશાળા વિષે, પ્રવાસીઓ તેમજ પર્યટકો પ્રસંસાના ઉદ્ગાર, હેમુ

પ્રધાન પાસે કાઢતા ત્યારે ત્યારે એ રાજનીતિ વિશારદ પુરૂષ મનમાં ને મનમાં જ સ્હેજ હસી લેતો. "મારા નામની દાનશાળા હોઇ શકે જ નહીં–કારણુ કે મારા સગા હાથે તો મેં દાનમાં એક પણુ પાઈ નથી આપી. આ લોકોને કોઇ એક પ્રકારનો મહા ભ્રમજ ઉપજ્યો લાગે છે. બે દિવસ પછી જ્યારે એ ભ્રમ ભાંગશે ત્યારે લોકો પોતાની મેળે બોલતા બંધ થઇ જશે." લોકોના ધન્યવાદને તે મુંગે મ્હોઢે કેવળ સાંભળી લેતો.

હવે આપણે માંડવગઢ તરફ પણુ દષ્ટિપાત કરી લઇએ. રાજમાર્ગ પર આવેલા ભવ્ય મહાલયના એક ખંડમાં એક દેદીપ્યમાન પુરૂષ બેઠો છે. તેના મુખમુદ્રા ઉપર ગંભીર વિચારની છાયા તરવરી રહી છે. આશા અને નિરાશા વચ્ચેના સંદિગ્ધ ભાવો ઉપજતા અને તત્કાળ લય પામતા દેખાય છે. છતાં તેના નિશ્ચળવાળાં નેત્રો જાણે જગતને એકજ દષ્ટિપાત વડે વશીભૂત કરવાનું સામર્થ્ય ધરાવતા હોય તેમ પળવાર દેવગિરિના માર્ગ ઉપર નજર નાખી. બીજીજ પળે મહાલયના દરવાજા તરફ દષ્ટિ ફેરવી સત્તાપૂર્ણ સ્વરે દરવાનને પાસે બોલાવ્યો.

"જેમલ !" સ્વામીનો અવાજ કાને પડતાંવેંત જેમલે હુકકાને ભીંત પાસે ટેકવી ઉતાવળે પગલે, આજ્ઞાની રાહ જોતો ઉભો રહ્યો.

"જા. ઘોડો તૈયાર કર. મારે અત્યારે જ પ્રયાણુ કરવું છે."

જેમલ નમન કરી અશ્વશાલા તરફ ગયો.

પેલો સત્તાધારી પુરૂષ પોતાના ખાનગી ખંડ તરફ વળ્યો તેણે પોતાના વ્યકિતત્વને છુપાવવા એક રાજદૂતને છાજે તેવો સાધારણ વેષ પહેર્યો ;અને પોતાના જ હાથ વતી એક પત્ર લખી, માર્ગમાં પડી ન જાય તેવી સંભાળથી ભેઠમાં મૂકયો.

" ઘોડો તૈયાર છે." જેમલનો અવાજ આવ્યો.

એક વાર આકાશ તરફ નજર નાખી નવકાર મંત્રનું સ્મરણ કરી, તે નીચે આવ્યો ઘોડાને થાબડયો અને શાંતિથી સ્વાર થયો. શ્રદ્ધા અને આત્મબળનું તેજ તેની મુખમુદ્રા ઉપર રમી રહ્યું. પવનના વેગ જેવા પાણીદાર અશ્વ પણ પળવારમાં તો માંડવગઢની દૃષ્ટિમર્યાદાને ઓળંગી ગયો. રસ્તે જતાં માંડવગઢના નાગરિકોની મમતાળુ દૃષ્ટિ એ સ્વાર અને તેના વેગવંતા ઘોડા તરફ ચોંટી રહી. સવારથી તે લઈને તે સાંજ સુધી હજારો દીન–દુઃખી મનુષ્યોના આશીર્વાદ એ પ્રવાસી પુરૂષના આંગણે વરસતા. કોઈ રાજનીતી કે ભાગ્યદેવીની પ્રતિમા સમો એ શ્રીમંત કોણ હશે ?

એ મુસાફર દેવગિરિ તરફ પ્રયાણ કરી રહ્યો હતો. અને દેવગિરિ પણ કાંઈ ન્હાનુંસૂનું શહેર ન હતું. તે એક વિશાળ અને સમૃદ્ધિવાન રાજધાનીનું શહેર હતું. રાજાની આજ્ઞા કરતાં પણ ત્યાંના મંત્રીશ્વરની ઇચ્છા વધારે માનનીય અને આદરણીય ગણાતી કારણ કે દેવગિરિના રાજાધિરાજનું હૃદય જીતનારો મંત્રી યોગ્ય ઉપચારો વડે રાજા અને પ્રજા ઉભયની પ્રીતિ સંપાદન કરી શકયો હતો. તે સ્વભાવે કઠોર છતાં

મહત્તાનો પૂજારી હતો. સનાતન ધર્મ પ્રત્યેનો પક્ષપાત તેના હૈયામાં વસતો. અસંખ્ય વિતંડાવાદી પંડીતો અને ધર્મઝનુની બ્રાહ્મણો, મધમાખીઓની પેઠે અહોનીશ તેને ઘેરી લેતા જૈન ધર્મનુ ખંડન અને વૈદિક વિધિઓનું મંડન એજ તેમનો મુખ્ય વ્યાપાર હતો સહવાસીઓના સતત્ પરિચયને લીધે મંત્રીશ્વર પણ જૈનધર્મ પ્રત્યે ઘૃણા વાપરતો થઇ ગયો હતો. દેવગિરિમાં એક પણ જૈન મંદિર ન બંધાય એ તેની પ્રચંડ પ્રતિજ્ઞા હતી. પણ આ પ્રતિજ્ઞામાં તેની આંતરિક શ્રદ્ધા કરતાં ઝનુની બ્રાહ્મણ પંડીતોની ઉશ્કેરણી જ મુખ્ય હતી.

પ્રભાતની આછી લાલી જ્યારે દેવગિરિના દેવમંદિરો અને પ્રાસાદો ઉપર ઉતરતી હતી ત્યારે પેલો પ્રતાપશાલી પુરૂષ, કેટલાક દિવસના અંતર પછી, દેવગિરિના દુર્ગદ્વારમાં પ્રવેશ્યો. સાધારણ પોષાકમાં પણ એ ઓજસભર્યું સૌંદર્ય, વિચાર અને સ્વાત્મબળથી ભવ્ય લાગતી ભવ્ય મુખાકૃતિ, જાણે દેવગિરિના દરેક મનુષ્ય પર મહત્તાની છાપ પાડતાં હોય તેમ જણાયું. અશ્વ અને આરોહી, મંત્રીશ્વરના મહાલય પાસે આવી ઉભા રહ્યા.

“ દ્વારપાળ ! જરા મંત્રી મહારાજને કહો કે માંડવગઢનો એક રાજદૂત આપ શ્રીમાનના દર્શન ચાહે છે ” અશ્વથી નીચે ઉતરતાં પ્રવાસીએ મંત્રીને મળવાનો નિશ્ચય જણાવ્યો.

મંત્રીશ્વર હેમુ એ વખતે શું કરતો હતો ? પંડીતો

અને બ્રાહ્મણોની સભામાં બેઠો બેઠો તે સનાતનધર્મના વ્યાખ્યાનો સાંભળી રહ્યો હતો એટલામાં દ્વારપાળે માંડવગઢથી એક રાજદૂત આવ્યાના સમાચાર આપ્યા. તે પ્રણામ કરી શિષ્ટાચાર પ્રમાણે દુર ઉભો રહ્યો. માંડવગઢનું નામ સાંભળતાંજ દંભ અને બે પરવાઇભર્યા સ્વરમાં મંત્રીએ ઉચ્ચાર્યું.

" આવવા દ્યો. "

મંત્રી પાછા પંડીતોના વિતંડાવાદમાં ગુંથાયા થોડીવારે રાજદુત સભામાં આવી પહોંચ્યો હેમુએ એ નવા આવનારને પગથી લઈ મસ્તક પર્યંત બરાબર નીરખી લીધો.

" મંત્રીશ્વરનો જય હો ! " રાજદુતે આસન સ્વીકારતાં નમ્ર અને વિવેક ભર્યા સ્વરમાં પોતાનું વ્યકિતત્વ સૂચવ્યું એ સ્વરમાં પણ પ્રતિભા અને સત્તાનો ધ્વની ગુંજી નીકળ્યો.

બધા એકી સાથે નવા આગન્તુક તરફ જોઇ રહ્યા.

" કયાંથી માંડવગઢથી આવો છો ? " ગંભીરતાપૂર્વક મંત્રીશ્વરે કહ્યું.

" હા. જી. " રાજદુતે વિનયથી જવાબ વાળ્યો.

" ત્યારે તો જૈનધર્મી હશો. " તિરસ્કાર ભર્યું હાસ્ય હસતાં મંત્રીશ્વરે કહ્યું.

" જૈન શાસન મને વંદનીય છે. છતાં મને અન્ય ધર્મ પ્રત્યે તિરસ્કાર નથી. " રાજદૂતે શાંતિથી ઉત્તર આપ્યો.

મંત્રી હેમુ રાજદૂતના એ શબ્દો ઉપર પુનઃ હસ્યો.

ખુશામતી પંડિતો પણ એ હાસ્યમાં જોડયા. મંત્રીને મીઠું મનાવવા સિવાય પંડિતોના હાસ્યનો બીજો હેતુ ન હતો.

"તમારો તો અહિંસા પરમો ધર્મ: એ જ સૂત્ર છે, ખરૂં ને?" જાણે જૈનધર્મનું સંપૂર્ણ રહસ્ય પોતે ક્યારનો યે સમજી ગયો હોય તેમ હેમુએ એ સૂત્ર ઉચ્ચાર્યું.

"ભૂતદયા, પ્રમાદરહિત રહીને છ કાયની રક્ષા એ અમારા ધર્મનો મુખ્ય ઉપદેશ છે અને આપ પણ ભૂતદયાથી ક્યાં વંચિત છો?"

"કોણ કહે છે કે હું તમારા જૈનો જેવી દયા પાળું છું?" સભામાં પડઘો પડ્યો.

"લોકો કહે છે. ઓંકારપુરમાં આપે બંધાવેલી ધર્મ-શાળા ભૂતદયાનો જ એક પ્રત્યક્ષ પુરાવો છે." સભામાં સળવળાટ થયો. બ્રાહ્મણ પંડિતો હેમુ પ્રધાનના મ્હોં તરફ, ઘુરકતા શ્વાન પેઠે દ્વેષથી બળતા નયને જવાળની રાહ જોવા લાગ્યા.

"ઓંકાપુરની દાનશાળા મેં બંધાવી જ નથી મંત્રીએ ખુલાસો કર્યો.

"છતાં કીર્તિ તો આપના નામની જ ગણાય છે." રાજદૂતની આંખમાં કુતૂહળ રમી રહ્યું.

"માંડવગઢના કૂશળ રાજદૂત!" મંત્રીશ્વર બોલ્યો, "બળિરાજાની દાનવિરતા પોતાના નામ પાછળ જ હતી, કર્ણ કીર્ત્તિની ખાતર પોતે જ દાનેશ્વરી ગણાયો, પરંતુ

દેવગિરિના એક સામાન્ય મંત્રીની કીર્ત્તિની ખાતર, અન્ય વ્યક્તિ દાનશાળા બંધાવી પોતે નિર્લેપ રહે એવો સાધુ જન આ માયાવી સૃષ્ટિમાં કોણ હશે ? ”

રાજદૂત ઉભો થયો. પ્રધાન હેમુના હાથમાં, કાળજી પૂર્વક ભેઠમાં સંઘરી રાખેલો પત્ર ધીમેથી મૂકયો. પ્રધાને તે પત્ર મનમાં જ વાંચી લીધો. પત્રમાંના એક એક શબ્દે તેના કઠોર હૃદયમાં સ્નેહ પ્રીતિ, શ્રદ્ધાના કોમળ ભાવો જગાડ્યા.

“ ધન્ય પેથડકુમાર ! ખરો ઉદાર સાધુ જન ! ” અભિમાની મંત્રીના મુખમાંથી એવા ઉદ્‌ગાર નીકળી પડ્યા.

સભાજનો મંત્રીના આશ્ચર્ય ચકિત વદન તરફ જોઇ રહ્યા.

રાજદૂત ! ઓંકારપુરમાં મારા નામની દાનશાળા બંધાવનાર પેથડકુમાર છે એવું તો હું આ ક્ષણે જ જાણી શકું છું. પોતાની કીર્તિને ઢાંકી રાખી જેણે મારી મહત્તા આ પ્રમાણે વધારી મૂકી છે તેનો બદલો હું કેવી રીતે વાળી શકીશ એ મારાથી સમજાતું. જૈનધર્મ આટલો ઉદાર છે ? જૈનોમાં આટલા નિસ્પૃહ પુરૂષો હોય છે ? મંત્રીશ્વરને કહેજો કે દેવગિરિનો પ્રધાન આપનો સંપૂર્ણ આભારી બન્યો છે. ” હેમુએ રાજદૂત તરફ ફરી કહ્યું.

રાજદુતના નયનોમાં આશાનું તેજ પ્રકટયું. તેણે ધીમેથી કહ્યું:—“ મહારાજ ! આભાર કરતાં કર્તવ્યની કીંમત વધારે હોય છે. અને તેથી જ માંડવગઢના મંત્રીશ્વરે

દાસને આપની પાસે પ્રેર્યો છે. જેટલી કીર્તિ આપને માન્ય છે તેટલું જ કર્તવ્યને પ્રિય ગણો તો બહુ જમે-ઉધાર ન રહે."

"ઉપકારનો બદલો કેવળ શબ્દથી જ ન વળાય એ હું બરાબર સમજું છું. રાજદૂત! કર્તવ્યને મારા હૃદયમાં સ્થાન છે."

"તો મહારાજ! વચન આપો." રાજદૂતે જાળવીને પ્રસ્તાવ મૂકયો.

"ઉપકારના મૂલ્ય પાસે વચનની શી બીસાત છે?" પ્રધાને પ્રસ્તાવને આડકતરી રીતે સ્વીકાર્યો. સભાને તો આ વાર્તાલાપમાં કેવળ કુતૂહળ સિવાય કંઇ વધુ રસ ન પડયો. છતાં આ મુલાકાતનું શું પરિણામ આવે છે તે જાણવા સૌ ઉત્સુક રહ્યા.

"કર્તવ્યપૂજક મહાજન!" શાંતિપૂર્વક મધુર સ્વરે રાજદૂતે કહ્યું, "પેથડકુમાર ધર્મવીરોનો દાસ નહીં પણ દાસાનું-દાસ છે. જીનમંદિરો ઠેર ઠેર સ્થાપી શાસનની, ધર્મભાવનાની અને જગતની શોભા સમૃદ્ધિમાં ઉમેરો કરવો એને તેમણે જીવનનું એક મુખ્ય કર્તવ્ય માન્યું છે આપ દેવગિરિના તીર્થમાં જીનમંદિર સ્થાપવાની અનુકૂળતા કરાવી આપો એમ તેઓ ઇચ્છે છે. પ્રધાનજી! ધર્મમાં પક્ષપાત ન રાખશો. દાસને આજ્ઞા આપો એટલે હું આપની ઉદારતા પેથડકુમારને વ્યક્ત કરી મારા પ્રયત્નમાં સફળ બનું."

સભાનો રંગ પલટાયો. હેમુ પ્રધાનની નાડીમાં લોહીની ધારા વધુ વેગથી ધબકવા માંડી. તેણે દૂતની સામે નિશ્ચલ-ભાવથી નીહાળ્યું. બ્રાહ્મણોના દીલમાં વજ્રપાત જેવો ખળ-ભળાટ થયો. "ધુતારો! જૈનધર્મી! બિચારા પ્રધાનને ફસાવ્યા!" એવા છુટા છવાયા ઉદ્‌ગારો સંભળાયા.

પ્રધાને દૂતની પીઠ થાબડતાં, ગંભીરતા સાથે કહ્યું:—"દૂત! આજે મારી પ્રતિજ્ઞા તોડું છું સંપ્રદાય મોહનાં પાટાં દૂર ફેંકી દઈ, દરેક ધર્મ તરફ સમભાવથી નીહાળવાનું વ્રત લઉં છું. જૈન બનવાની તો મારામાં લાયકાત ન હોય, પણ જૈન શાસનના સઘળાં શુભ અનુષ્ઠાનો-ને વિષે યથાશક્તિ ભાગ લેવા મારી તત્પરતા જાહેર કરૂં છું. પેથડકુમારને કહેજે કે તેમના નિ:સ્વાર્થ ઉપકારથી તેમનો એક વખતનો વિરોધી આજે તેમનો પરમ મિત્ર બને છે." પ્રધાનના નેત્રમાં નમ્રતા છલકાઈ રહી. રાજદૂતે તેમની સામે જોયું. પ્રધાનના કાનમાં કંઇક કહ્યું.

"કોણ પેથડકુમાર? તે તમે પોતે?" માનપૂર્વક હેમુ પ્રધાન દૂતને ભેટી પડયો.

"જાદુગર! કાળમુખો!" બ્રાહ્મણો અને પંડિતોએ રોષયુક્ત સ્વરે ઉદ્‌ગાર કહાડયા.

દેવગિરિના મહારાજા પણ સંપ્રદાયની અંધશ્રદ્ધામાં ગળા સુધી ડુબેલા હતા. જૈનધર્મની અવગણના એ તેમને મન અવગણનાજ ન હતી—એક કર્તવ્યતા બની હતી. તેની

પાસે જવાથી પોતાને ઇન્સાફ મળશે એમ બ્રાહ્મણો માનતા હતા. પરંતુ પેથડકુમારે કયા પ્રયોગથી એ રાજાનું હૃદય જીત્યું અને જીનમંદિર બંધાવવા માટે કેટલી વિટંબણાઓ વેઠી તે તો વાચકો હવે પછી જોશે.

હેમુ પ્રધાને, રાજદૂતના વેશમાં આવેલા પેથડકુમારને એક સુંદર રાજપ્રાસાદમાં ઉતારો આપ્યો. અભિમાની મંત્રીના દીલમાં એક જ ઉદ્દગાર ઉભરાઇ રહ્યો:—" ધન્ય પેથડકુમાર ! ખરો સાધુજન ! "

# પ્રકરણ ૧૯ મું.

## દેવગિરિમાં જીનમંદિર.

કર્તવ્યપ્રિયતા અને વિલાસપ્રિયતા એ બન્ને એક સ્થળે ન રહી શકે. પેથડકુમારને વિલાસ કરતાં પણ કર્ત્તવ્ય અધિક પ્રિય હતું. મંત્રીશ્વર હેમુના વિલાસ વૈભવ તથા આતિથ્ય સત્કારમાં તે પોતાનું લક્ષ ન ભૂલ્યો, દેવગિરિમાં જીનેશ્વરનું મંદિર બંધાવવાના અને બ્રાહ્મણોના ખોટા વિરોધને જમીનદોસ્ત કરવાનાંજ મનોરથોમાં તે અત્યારે મગ્ન હતો.

પ્રાત:કાલના બાળ સૂર્યની રકિતમા જ્યારે દેવગિરિના રાજપ્રસાદને રંગી રહી હતી ત્યારે દેવગિરિનો નરેંદ્ર રાજા રામદેવ નિત્ય કર્મથી પરવારી ક્ષત્રિ ધર્માનુસાર વન ક્રિડા

ખેલવા તૈયાર થયો. સૈનિકો પણ પોતાની પદ્ધત્તિ પ્રમાણે સજ્જ થયા. દેવગિરિના રાજમાર્ગ ઉપર થઇને એ સ્વારી દમામ સાથે નીકળી. એજ વખતે એક મહાલયના જરૂખામાં એક વ્યકિત શિકારમાં ઉત્સુક થયેલા નરેશ તરફ એકી નજરે નીહાળી રહી હતી. તેના હ્રદયમાંથી અજાણતાં એક ઉંડો નીશ્વાસ નીકળ્યો. તેનાથી બોલાઇ જવાયું:—

“ હિંસા ? નિર્દોષ પ્રાણીઓનો સંહાર ? કોની ખાતર ? વીરતાની ખાતર ? ધર્મની ખાતર ? હિંસાથી તો એ બન્ને દૈવી ગુણો શરમાય ! વાસનાના સંતોષ અર્થે અનેક પ્રાણીઓના બલિદાન એ ક્ષત્રિધર્મની હાંસિ નહીં તો બીજું શું ? માનવમાં રહેલી શયતાનીયત જ આવા ચાળે ચડાવે છે.”

તેણે એકદમ પોતાનો સૈનિક વેશ પહેરી લીધો “ જય જીનેશ્વર ! ” કહી થોડીજવારમાં તે સ્વારીની પાછળ અશ્વારોહી બની ચાલી નીકળ્યો !

“ આ નવો યોદ્ધો કોણ ? શા સારૂ ? કયાં જતો હશે ? ” તે જાણવાની પણ અત્યારે કોઇને તમા ન હતી.

રાજકુમારી રમાદેવી જે પૂજાનો થાળ લઇ એક ખંડમાંથી બીજા ખંડમાં જતી હતી તેની દષ્ટિ આ નવા યોદ્ધા તરફ ખેંચાઇ કુતૂહળતાથી તે જરા ચમકી. પૂજનથાળનાં થોડા પુષ્પો પેલા યોદ્ધાના મસ્તક ઉપર જઇ પડયાં શરમથી રમાદેવી જાણે ક્ષમા યાચતી હોય તેમ થંભી ગઇ !

યોદ્ધાએ ઉંચે નીહાળ્યું ! દષ્ટિ પરસ્પર મળી. પૂર્વ

જન્મની ઓળખાણુના અક્ષરો એક બીજાની કીકીમાં કોતરાઇ રહ્યા. પણ એ નેત્રસુખ લાંબો સમય ન ટકયું. યોદ્ધો-કર્ત્તવ્ય પ્રિય યોદ્ધો આગળ ચાલ્યો ગયો. કુમારિકા ઘણીવાર સુધી તેની તરફ જોઇ રહી.

" મંજુલા ? એ કોણ હતું ? " રમાદેવીએ માર્ગ તરફ આંગળી ચીંધી આતુરતાપૂર્વક હૃદયની ઉછળતી લાગણીઓને અટકાવી પ્રશ્ન કર્યો.

" બા ! આ તો દેવગિરિ ! અનેક નવીન મુસાફરો આવે ને જાય ? કોની ખબર રાખીએ ? "

" પણ મંજુલા ! કોઇના પ્રત્યે નહીંને આજ યોદ્ધા તરફ મને પૂજ્યભાવ કાં સ્ફુરતો હશે ? મેં રાગ દૃષ્ટિએ એની સામે મીટ માંડી. એના પ્રત્યેક અંગમાં રસની સરિતા ઉભરાઈ રહી હતી. દૃષ્ટિમાં નમ્રતા, સ્નેહ અને ઓષ્ઠ ઉપર હાસ્યની મનોરમતા પથરાયેલી હતી. હું ખરૂં કહું છું, મંજુલા ! આવી પરવશતા મેં કોઇ દિવસ અનુભવી ન્હોતી. બુદ્ધિ પૂછેછે-" તારે અને એ પુરૂષને શું ? ગમે તે હોય ? " પણ બુદ્ધિની આજ્ઞા હું પાળી શકતી નથી. કેવી નબળાઇ અને છતાં સ્નેહનો કેવો વિજય ? દુનીયા આમજ ચાલતી હશે ? કેમ મુંગી મરી રહી ? "

" શું બોલું ? બા ! હું તો તમારી આ વાતમાં કંઇ ન સમજી. તમે ભણેલાં-ગણેલાં. હું એવી વાતોમાં શું સમજું ?"

રાજકુમારિકાએ એક નિઃશ્વાસ નાખ્યો. મધ્ય ખંડમાં ગઇ પણ તના હૃદયમાં ચેન ન હતું

એ અશ્વારોહી કોણ? રાજકુમારિકા રમાદેવી ભલે તેને ન ઓળખે પણ આ વાર્તાના વાચકો તેને સારી રીતે ઓળખે છે. તે બીજો કોઈ નહીં પણ જીનશાસનની મહત્તાની મૂર્ત્તિ સમો પેથડકુમાર પોતેજ હતો. તેજ રાજા રામદેવની વનક્રીડા જોવા ગુપ્ત વેશે કોઇને પણ કહ્યા વિના બ્હાર નીકળી પડયો હતો.

રાજા રામદેવ બીજા શીકારીઓની જેમ હિંસક ન હતો. તેના અંતરમાં ધર્મને સ્થાન હતું. રસિકતાનો પણ ઉપાસક હતો. છતાં કોઇ કોઇવાર આ રીતે વનની મોજ લેવા એકા એક નીકળી પડતો. તે પોતાના અનુચરો સાથે એક ગાઢ જંગલમાં આવી પહોંચ્યો. નદી, પર્વતો, ખીણો અને ઘનઘટા વડે કુદરતે આ વનને શણગાર્યું હતું.

"ભીમા? ઘણે દૂર નીકળી આવ્યા છતાં શીકાર ન મળ્યો!" રાજાએ કહ્યું.

"તો બાપુ! આજ શુકન વાડે નાંખો."

"હું ક્ષત્રીય, મારી ટેક પ્રાણ જાય તો પણ ન બદલાય! ભીમા? આજ તો સિંહનો શિકાર ન કરૂં ત્યાં સુધી અન્નપાણી મારે અગરાજ છે."

"હં–હં–બાપુ! ગજબ કર્યો, રાજાની ફુલ જેવી કાયા અને આવો હઠ? અન્નપાણી તો કાયાનો આધાર છે. અમારો

અન્નદાતા ભૂખ્યો રહે અને અમે કાળાં મ્હોઢાં કરી પેટ ભરીએ એ કેમ બને ? અમારે એ અન્નપાણી ન ખપે." ભીમાની આંખમાં જળજળીયાં આવ્યા.

"ભીમા ? એક આત્માની પાછળ આઠ–આઠ જણા અન્નપાણી વિના તરફડે એતો મારાથી ન ખમાય, હું ભૂખ્યો રહું. પણ બીજાને ભૂખ્યા ન રાખી શકું. જાઓ, મારી આજ્ઞા છે કે તમે સૌ દેવગિરિ તરફ જાઓ !"

"બાપુ ! આપને આ ઘોર જંગલમાં એકલા મુકી અમારાથી એક ડગલું પણ પાછળ ન જવાય."

મારી આજ્ઞા છે. તેનું પાલન કરવું એ તમારો ધર્મ છે."

આઠે સૈનિકો ભીની આંખે પાછા ફર્યા. આ શોકમય દૃશ્ય પેલા ગુપ્ત સૈનિકે દૂરથી નીહાળ્યો. તેના નેત્રમાં માનનાં કીરણો ઝળકી રહ્યાં.

સૈનિકો દેવગિરિ તરફ વિદાય થયા. રાજાએ ધનુષ્યબાણ હાથમાં લઇ સિંહની શોધમાં આગળ પ્રયાણ કર્યું. પેથડ કુમાર પણ તેની પાછળ ગયો.

દેવગિરિની આસપાસ વસનારાઓમાં એક એવી વાત પ્રચલિત હતી કે આ જંગલમાં ઘણે દૂર જનાર કોઇ પણ માણસ સહિસલામત પાછું ફરી શકતું નથી. કારણકે મનુ-

વ્યનું ભક્ષણ કરનારો કોઇ એક રાક્ષસી માયા, ઘણા કાળથી આ જંગલમાં વસતી હતી અને જંગલને નિર્જન કરી પોતાના સામ્રાજ્ય જેવું જ તેને બનાવી મૂકયું હતું.

રાજા રામદેવ આ વિસ્તીર્ણ જંગલના મધ્ય ભાગમાં પ્રવેશ્યો. પ્રવેશતાં વેંત જ એક ભયંકર અવાજ કાને પડ્યો. જંગલ ગાજી ઉઠયું. રામદેવ આનંદાવેશમાં એ અવાજ તરફ વળ્યો. એક ન્હાનકડું સરોવર દૃષ્ટિગોચર થયું. ત્યાં તો સબળ પુરૂષના પરાક્રમને પણ ધ્રુજાવે એવી સિંહગર્જના બીજીવાર સંભળાણી. રાજા હિમ્મત રાખી સરોવરની પાળ ઉપર ચડ્યો. જુએ છે તો એક મદોન્નમત્ત સિંહ નિર્ભય ચિત્તે પાણી પી રહ્યો હતો. પણ એ સિંહની બરાબર સામે આ બીજું કોણ હશે?

એક યૌવનપૂર્ણ નવયૌવના, આછાં વલ્કલ પહેરી, અવયવોને ઢાંકતી, સર્પિણી જેવા કેશકલાપને સરોવરના જળમાં પાથરી દેતી, સ્ત્રી જાતિ છતાં સિંહને સામે પાણી પીતો જોઇ જરાં પણ ભય વિના કુતુહળતા પૂર્વક તેને જોઇ રહી હતી. અબળાનું અસીમ ધૈર્ય અને આત્મબળ રાજાએ જોયું. કર્ણ પર્યંત ધનુષ્યની દોરી ખેંચી તીક્ષ્ણધારવાળું તીર સિંહ તરફ છોડયું. સિંહની પીઠ પર આવતાં જ તે છંછેડાયો. રાજા સામે છલંગ મારતો આગળ ધપ્યો. રાજાએ તત્કાળ બીજું તીર ફેંક્યું. પણ કમનસીબે તે વ્યર્થ ગયું. બસ, રાજાની સામે સાક્ષાત મૃત્યુ આવી ઉભું રહ્યું. સિંહની

છેલ્લી છલંગે રાજાના હોશકોશ હરી લીધા. જેવો તે થાપો મારવા જાય છે તેવું જ સડસડાટ કરતું એક તીર સિંહના મસ્તકમાં વાગ્યું. સિંહ તમ્મર ખાઈને ધરતી ઉપર ઢળી પડ્યો. રૂધીરથી જમીન ભીંજાઇ ગઈ. આ તીર મારનાર કોણુ ? રાજા વિચારમાં પડ્યો. ક્ષણુ વાર સ્નાન કરતી સુંદર સ્ત્રી તરફ જોયું. ક્ષણુ વાર આસપાસ જોયું. પરંતુ પેલી નવયૌવના અને પોતાના સિવાય અન્ય કોઈ વ્યક્તિ હોય એમ ન લાગ્યું. રાજા રામદેવ ભ્રમમાં પડ્યો. સિંહનો શિકાર તો થયો પણુ આ છેલું તીર કોનું ?

એટલામાં તો ભીંજાયેલા વલ્કલમાંથી, જેના અંગનું અપૂર્વ સૌંદર્ય નીતરી રહ્યું છે એવી ધુમસને ભેદી સમુદ્ર જળમાં સ્નાન કરી આવેલી ઉષા જેવી, કાશ્મીરી રમણીઓના સર્વ સૌંદર્યનો સરવાળો કરી વિધાત્રીએ સુંદરતાની મૂર્ત્તિ ઘડી કાઢી હોય એવી એક વનદેવી સમી નારીને પોતાની તરફ આવતી રાજા રામદેવે જોઇ. તે ક્ષણુવાર ચિત્રવત્ બની ઉભો રહ્યો. આવા ઘોર-વિકટ અરણ્યમાં, જ્યાં સબળ પુરૂષો પણુ ભયભીત બને તેવા એક સ્થાનમાં આ કોમળાંગી ક્યાંથી ? આ નારી કેટલા મનોબળવાળી હશે ? આવા સ્પષ્ટ-અસ્પષ્ટ વિચારો વિજળીના આંચકાની જેમ તેના મનમાં આવીને પસાર થઇ ગયા.

“ આ ભયાનક વનમાં જો કોઇએ સિંહનો શીકાર કર્યો હોય તો તે માત્ર આપ જ છો—આપની પીછાન આપશો ? ”

પોતાના ભીનાં વસ્ત્રોને સંકોરતી, શરમથી દૃષ્ટિને ભૂમિ સાથે જડી રાખતી પેલી નવયૌવનાએ ઉચ્ચાર્યું.

હું દેવગિરિનો રાજા રામદેવ. સુંદરીના પ્રશ્નનો ટુંકો જવાબ વાળ્યો.

" કોઇ શરણાગતને આપ આશ્રય આપો કે નહીં ? "

" એ તો મારો ક્ષાત્રધર્મ—એમાં પૂછવાપણું જ ન હોય. "

" તો આ વનવાસીને આપના મહેલમાં સ્થાન મળશે ? "

" એટલે ? "

" આપ મારો રાજરાણી તરિકે સ્વીકાર કરશો ? "

રાજાની મોહનિદ્રા અધિક ગાઢ બની. નવયુવતીની એ ચેષ્ટા, લાવણ્ય અને સૌંદર્યે રાજાનું ભાન ભૂલાવ્યું. કંચન અને કામિની જોવાના મોહમાંથી પોતાને સર્વથા કોણ બચાવી શકયું છે ? રાજા માની લીધેલી વનદેવીના કટાક્ષથી ઘવાયો. તેને એક પ્રકારની ધ્રુજારી છૂટી. ચપળ પ્રેક્ષક જ એ વખતે જોઇ શકે કે એ સુંદરીના નેત્રમાં સ્નેહનો તો માત્ર આભાસ જ હતો—ક્રૂરતા અને પ્રપંચને લીધે અધિક તો ચંચળતાનો જ પ્રભાવ હતો. ખરૂં જોતા આ રમણી બીજી કોઇ નહીં પણ લોકોમાં જે એક રાક્ષસી તરિકે પંકાએલી હતી તે જ આજે આવું અદ્‌ભૂત રૂપ ધરી રાજા રામદેવ પાસે આવી ઉભી હતી. રાજા જેમ જેમ મોહવશ બનતો ગયો તેમ તેમ કપટ વડે સૌધર્મમયી બનેલી એ રાક્ષસીને

બનેલી એ રાક્ષસીને પોતાનો વિજય પાસે ને પાસે આવતો હોય તેમ લાગ્યું.

"તમારા જેવી યૌવનવતી સ્વર્ગીય નારી મારા રાજમહેલને દીપાવે એ મારૂં પરમ સૌભાગ્ય." રાજાએ આજુબાજુનો સ્હેજ પણ વિચાર કર્યા વિના વચન આપી દીધું.

પછીતો લજ્જાથી શરમાઇ જતી હોય તેમ એ સુંદરીએ પોતાનો હાથ રાજાના કંઠની આસપાસ ફેલાવ્યો. અને નવનીત જેવું કોમળ લાગતું અંગ ધીમે ધીમે કઠોર સ્વરૂપમાં પલટાવી નાખ્યું. ક્ષણ પહેલાં જે સૌંદર્યની મૂર્ત્તિ લાગતી તેજ નારીએ રાક્ષસી સ્વરૂપ ધારણ કર્યું. તાડના વૃક્ષ જેટલી ઉંચી વિકરાળ મુખવાળી, પાતળા દેહવાળી અને ભયંકરતાની મૂર્ત્તિ જેવી તે બની ગઇ. રાજાના કંઠમાં સ્થાપેલો કોમળ હસ્ત ભયંકર નખવાળો અથવા તો જલ્લાદની છુરી જેવો બની ગયો. નખનો તિવ્ર આઘાત થતાં રાજા ચમકયો. તેણે આ ભીષણરૂપ નીહાળ્યું–પ્રેમ મેળવવા જતાં પ્રાણ બચાવવાનું ધર્મ સંકટ ઉપસ્થિત થયું તેનું ભાન આવ્યું.

રાજા સ્હેજ આઘે ખસ્યો. માયાવી વનદેવીએ પોતાનો એક હાથ લંબાવી, બાળક દડાને ઉપાડે તેમ તેને અદ્ધર ઉપાડયો. એટલામાં પહાડ ઊપર વિજળી પડે અને ચૂરેચૂરા કરી નાખે તેણ સડસડાટ કરતું એક તીર છૂટયું અને પેલી રાક્ષસીના હાથમાં ભોંકાયું. રાજા કે રાક્ષસી એ બેમાંથી કોઇ ન સમજી શકયું કે આ તીર એકાએક કયાંથી આવ્યું? માયાવી

નારીનો હાથ શિથિલ બન્યો એટલે રાજા દસ ડગલાં જેટલે દૂર જઈને ઉભો રહ્યો. ત્યાં તો એક બીજું તીર આવ્યું અને રાક્ષસીના વજ્ર દેહને ભેદી જમીન સાથે જડાઇ ગયું આજે કેટલાય કાળથી નિર્દોષ મનુષ્યોને પોતાના પંજામાં સપડાવી તેમના લોહીનું પાન કરી, હિંસા અને ક્રૂરતામાં જ રાચનારી રાક્ષસીનું કલેવર પૃથ્વી ઉપર પડ્યું. પોતાને અરણ્યની એક માત્ર સમ્રાજ્ઞી માનનાર રાક્ષસીને પોતાના જુનાં પાપકર્મનું સ્મરણ થયું.

થોડી પળો એમને એમજ વીતી ગઇ. પેથડકુમારને હવે વધુ વખત છુપા રહેવાનું ઉચિત ન લાગ્યું. ને ધીમે અને મક્કમ પગલે રાજા રામદેવ પાસે આવી ઉભો રહ્યો તના હાથમાં તીર–કમાન હતા. મુખ ઉપર પુરૂષાર્થનું ઉજ્જવળ ગૌરવ ચમકતું હતું. નેત્રોમાંથી દયા અને માનવતાનું અમી ઝરતું હતું. “ નરેંદ્ર ? ઉપરા ઉપરી એ આસુરી આપત્તિઓમાંથી આપને બચેલા નીરખી અમને આનંદ થાય છે.” એ ઉદ્દગારોનો પ્રત્યેક શબ્દ નમ્રતાથી ભરેલો હતો.

સિંહનો શિકાર કરતી વખતે અદ્રશ્યમાંથી એક તીર આવેલું અને માયાવી રાક્ષસીના પંજામાંથી છોડાવવા દેવદૂત જેવા કોઇ એક પુરૂષે પુરૂષાર્થ કરેલો એ વાતનું રાજાને તત્કાળ સ્મરણ થયું.

“ સિંહના આક્રમણ વખતે તીર ફેંકનાર આપજ ને ?”

“ જી, હા ” પેથડકુમારે નિરભિમાનપણે જવાબ આપ્યો.

"ત્યારે તો આ રાક્ષસીની માયામાંથી મને મુકત કરાવવા આપેજ તીર ફેંકયું હશે!"

સ્મિત હાસ્યે એનો ઉત્તર વાળી દીધો.

"આપનું નામ?"

"મારૂં નામ પેથડકુમાર."

"કોણ? પેથડકુમાર?" એટલું કહેતાં જ રાજા રામદેવ પોતાના કોઇ જુના પરિચિતને ભેટે તેમ ભેટી પડયો. તેની આંખમાં હર્ષ અને ઉપકારનાં આંસુ ભરાઈ આવ્યાં.

"મારાં પ્રાણ બચાવનારને હું કયા ઇનામથી નવાજું?"

"મહારાજ? બદલાની ઇચ્છા એ સ્વાર્થ છે. આપની દયા અને સ્નેહ મેળવી શકું તો મને બીજી કોઇ વસ્તુના અભિલાષા નથી."

"મંત્રીશ્વર હેમુએ મને તમારી મહત્તાની વાત એક વાર કરી હતી. જીનશાસનનો પ્રતાપ વિસ્તરાવાની એક માત્ર ભાવના તમારા જીવનનું ધ્યેય છે એ વાત પણ મેં પૂર્વે ઘણીવાર સાંભળી છે. જીનમંદિરો પાછળ તમે કરેલો લખલૂટ ખર્ચ એતો બાળકોને પણ સુવિદિત છે. પણ એ બધાં સાથે તમે આવા પરાક્રમી, ઉપકારક અને વીરતાવાળા હશો એ તો હું આ પહેલીજ વાર અનુભવી શકયો. જૈન સંઘમાં કેવળ એહિંસા જ નથી, પણ વીરતા પણ સાથે જ વસેલી છે. એ જોઇ મારા રોમે રોમમાં પ્રફુલ્લતા વ્યાપે છે. ખરેખર જૈન

સંઘ એ નિર્બળ કે કાયર પુરૂષોનો જ વાડો નથી, પણ તે વીર-પરાક્રમી પુરૂષોનો એક અજેય કીલ્લો છે. મને મારી આસપાસના બ્રાહ્મણો-પંડિતો વિગેરેએ કેવો ભરમાવ્યો છે?"

"મારાવડે મારા પૂજ્ય શ્રી સંઘની આવી મહત્તા પ્રચાર પામે એને હું જીવનની એક અમૂલ્ય લ્હાણ સમજું છું. નરેંદ્ર? આપની ગુણદૃષ્ટિ માટે હું આપનો અત્યંત ઋણી બન્યો છું."

"પણ તમારા ઉપકારનો બદલો હું ન આપું તો મને લાંછન લાગે-ક્ષાત્રધર્મ કલંકિત થાય."

"આપની મહત્તા જ એ શબ્દો આપની પાસે બોલાવી રહી છે. મને અંગત સ્વાર્થ કે બદલાની ઇચ્છા જેવું કંઇજ નથી, એમ મારે સંપૂર્ણ વિનય પૂર્વક આપને કહી દેવું જોઇએ."

"હું તમને સોગન આપું અને તમારે માગી લેવું પડે તેના કરતાં સ્હેજે તમે તમારૂં ઇપ્સિત માગી લો એ વધારે ઠીક."

"તો દેવગિરિમાં જીનમંદિર બંધાવવાની આજ્ઞા મને મળવી જોઈએ. એજ મારી છેલ્લી વિનંતિ અને મનઃકામના છે." પેથડકુમાર એટલું કહીને રાજાના મુખ સામે જોઇ રહ્યો.

"બસ, માગી-માગીને એટલુંજ માગ્યું? પણ હું તમને બરાબર સમજી શકયો હોઉં તો મને લાગે છે કે એ

સિવાય બીજું કઇ માંગવાપણું જ તમને હવે નથી રહ્યું જીન-મંદિર બંધાવવા સામે મારા રાજ્યના બ્રાહ્મણોનો કેવો વિરોધ છે તે મારાથી અજ્ઞાત નથી. આજથી એ વિરોધ સદાને માટે નષ્ટ થાય છે તમને મારા રાજ્ય તરફથી મંદિરને માટે પૂરતું સ્થાન મળશે. એટલું જ નહીં પણ બીજી જે કોઇ મદદ જોઇતી હશે તેપણ તમને મળ્યા કરશે. હું પોતે તમારા જેવા વીર પુરૂષો જે સંઘમાં વસતા હોય એ સંઘનો દાસ બની રહીશ.”

એ પ્રમાણે વાર્તાલાપ કરતાં, હૃદયના ભાવોને ઠલવતાં એ વીર પુરૂષો દેવગિરિના દરવાજામાં પ્રવેશ્યા.

ઇતિહાસ કહે છે કે તે દિવસથી બ્રાહ્મણોનો જૈન સંઘ પ્રત્યેનો દ્વેષ છેક નિર્મૂળ થયો, દેવગિરિમાં દેવવિમાનની સ્પર્ધા કરે એવું જીનમંદિર પેથડકુમારે બંધાવ્યું. તેની વીરતા અને આત્મભોગની કીર્ત્તિ ઠેર ઠેર પ્રસરી ગઈ ? પરમ ધૈર્ય, અચળ શાંતિ અને વીરોચિત પરાક્રમથી અસાધ્ય જેવી વસ્તુઓ પણ કોઇ રીતે સિદ્ધ થઇ શકે છે, તે પેથડકુમારે પોતાના જીવનથી બતાવી આપ્યું. રાજા રામદેવ હેમુમંત્રી અને પેથડ કુમાર સહોદર જેવાજ બની રહ્યા.

# પ્રકરણ ૨૦ મું.

## રાગમાં વિરાગ

મહાન્ પુરૂષો સંસારનાં અનેક ખડકો ઓળંગી પેલેપાર પહોંચે છે. નિર્બળો એ વિકટતાની કલ્પનામાત્રથી હતાશ બની, લમણે હાથ મુકી વચમાંજ બેસી જાય છે. દેવગિરિમાં વિરોધીઓની ભારે મુશ્કેલીઓ વચ્ચે જીનમંદિર બંધાવ્યાં પછી પેથડકુમારને કેટલો આત્મસંતોષ થયો હશે. તેની કલ્પના થઇ શકતી નથી. આવી આવી મહત્વાકાંક્ષાઓ તો તેના પુરૂષાર્થ પાસે કોણ જાણે કેટલીયે વાર સિદ્ધ થઇ હશે. તે આજે એક મહાન્ વીરને છાજે તેવા આત્માનંદમાં નિમગ્ન હતો.

ગ્રીષ્મ ઋતુ ચાલતી હોવાથી પ્રખર સૂર્યના કીરણો પૃથ્વીને તપાવી રહ્યાં હતાં. સર્વત્ર શૂન્યતાનો આભાસ થતો હતો, દેવગિરિના રાજમહેલમાં એક અતિથિ તરિકે વસવા છતાં અને શીતોપચારક સામગ્રીની બહુલતા છતાં ગ્રીષ્મની ઉષ્ણતા પેથડકુમારને બેચેન બનાવી રહી હતી. તે એક સ્વચ્છ સુંદર શય્યા ઉપર પડયો પડયો, ઘણું કરીને માંડવગઢના રાજતંત્રનોજ વિચાર કરતો હતો.

" જો તો મંજુલા ? આ એજ યોદ્ધો ને ? " પેથડકુમાર જે પલંગ ઉપર આળોટતો હતો તેજ પલંગની સામે આરસના

પત્થરની કોતરેલ નકશીદાર જાળીમાંથી અવાજ આવ્યો. પેથડકુમારે તે તરફ પોતાની દૃષ્ટિ ફેરવી. એજ વખતે જાળીમાંથી બે તેજસ્વી નયનનો ચમકાર તેણે અનુભવ્યો.

"હા, બા," એમ કહી દાસીએ રમાદેવીનો હાથ ખેંચ્યો.

રમાદેવીએ એક નીશ્વાસ નાખ્યો, તે અવાજ પત્થરની દિવાલ સાથે અથડાઇ પાછો ફર્યો. પેથડકુમાર ઉભો થયો. જરા વધુ ધ્યાન સાથે જોયું તો બે કામણગીરી કીકીઓ પોતાની સામેજ જોઇ રહી હતી.

પેથડની ભ્રકૂટી વચ્ચે કરચલી પડી, ક્ષણવાર વિચાર કરી દૃષ્ટિને ખંડના મુખ્ય દ્વાર તરફ વાળી આ ખંડમાં આમ ગુપ્ત રીતે જોવાનો શું ઉદ્દેશ છે તેનો તે વિચાર કરવા લાગ્યો. ધીમે ધીમે દ્વાર પાસે આવ્યો, તેનું અનુમાન સાચું ઠર્યું ખરેખર ત્યાં રાજમહેલની બે રમણીઓ ઉભી હતી.

પેથડકુમારને પાસે આવતો જોઇ એક તો તરત ત્યાંથી ચાલી ગઇ. રમાદેવી ગભરાઇ ! પોતાનાજ રાજમહેલમાં તેને આમ ગભરાવાનું કશું કારણ ન હતું. છતાં સામે એક અપરિચિત અતિથિ છે. અને પોતે રાજકુમારી છે એ ભાન આવતાં શરમની મારી તે ગભરાવા લાગી, "દાસીની જેમ એકદમ અહીંથી ચાલી જઉં !" એવો વિચાર આવ્યો, પણ પગ ન ઉપડયા, પેથડકુમારના મુખ ઉપર વિલસતી શૂરતા અને ધર્મશીલતાની પ્રભાનું પાન કરવા તેને આ સાહસ કર્યા વિના ન ચાલ્યું.

પેથડકુમાર આ દૃશ્ય પળવાર જોઇ રહ્યો. મુગ્ધાની આ અવદશા તરફ સ્હેજ હસવું પણ આવ્યું.

રમાદેવીએ અભિમાનથી ઉંચું જોયું જાણે કે અજાણ્યા પ્રવાસી તરફ પોતે હંમેશા આછા તિરસ્કારની નજરથી નિહાળતી હોય એવો ડોળ કર્યો. જો કે આજે તો તે પૂરેપૂરી પરવશ બની હતી, પણ રાજપુત્રી તરિકેનું અભિમાન તેની રગેરગમાં વ્યાપ્યું હતું. પોતાના સાહસ તરફ બીજા હસે એ તેને ભયંકર ગુન્હો લાગ્યો. છતાં એક માત્ર પેથડકુમાર પાસેજ તે આવી ગરીબ ગાય જેવી કેમ બની હશે તેનો ખુલાસો તેને મળી શકયો નહીં. ન સમજી શકાય એવી અવ્યકત વેદના અને પૂજ્યભાવ એ બન્નેના દ્વંદ્વમાં તે સપડાઇ ગઈ હતી. પોતે સ્વતંત્ર–સત્તાશીલ હોવાનું મનમાં બરાબર સમજતી હતી છતાં એક વાર જોયા પછી તે અજાણતાંજ પરવશ બની ચૂકી હતી. તે સંકોચાતી સંકોચાતી બારીની છેક નજીક આવી સ્વસ્થ બની અને પેથડકુમારના શાંત–ગંભીર–નિર્વિકાર મ્હોં સામે જોઈ રહી.

“ આપ માંડવગઢના મંત્રીશ્વર કે ? ”

“ જી, હા. ” એમ કહી રમાદેવીના મુખ ઉપર નાચતા ભાવો તે જોઇ રહ્યો.

“જીન મંદિરની અહીં આપે પ્રતિષ્ઠા કરાવી અને બ્રાહ્મણ પંડિતોને નમાવ્યા એટલે આપને વિજયનો કેફ ચડયો

કેમ ? " રમાદેવીએ પેથડકુમારને પોતાનું તેજ બતાવવા કૃત્રિમ સત્તાવાહી સ્વરોમાં કહ્યું.

" વિજયમાં હસવું અને પરાજયમાં રડવું એ કાયર જનોનું કામ છે. ગુરૂની આજ્ઞા અને જીનેશ્વરનો સિદ્ધાંત એજ મારે મન સર્વસ્વ છે." પેથડકુમારે સ્વસ્થતાપૂર્વક વિવાદમાં ઝુકાવ્યું.

" તો પછી તમારા આ હાસ્યનું શું કારણ ? "

" સૌંદર્ય અને અધિકાર–જેને શાસ્ત્રકારોએ વિજળી અને તરંગની ક્ષણભંગુરતા સાથે સરખાવ્યાં છે તે સૌંદર્ય અને સત્તાના મોહમાં કેટકેટલાં બાળજીવો અંધ બની સંસારની ઉંડી ખાઇમાં ગબડતા જાય છે તે જોઇ મને ઘણીવાર દયા મિશ્રિત ઉપહાસ છૂટે છે. એ સિવાય મને પોતાને તો સંસારનો બીજો કોઇ મલિતભાવ સ્પર્શી શકે તેમ નથી." પેથડકુમારની આંતરિક પવિત્રતા જાણે રાજમહેલને પણ ધર્મસ્થાન બનાવી મુકતી હોય એમ લાગ્યું.

કુમારના મંદ હાસ્યે રમાદેવી જેવી અભિમાનીની રાજકન્યાનું ગૌરવ ક્યારનુંયે લુંટી લીધું હતું. તે પાછું મેળવવા તેણીએ વ્યર્થ પ્રયત્ન કર્યા–પણ એ અભિમાન આઘે ન આઘે નાસતું જતુ હોય અને પોતે એકલી પડી જતી હોય એવી મુંઝવણ થવા લાગી એક અપમાનિત નારીની જેમ રમાદેવી ઉભી રહી.

" મંત્રીશ્વર ? આપ રાજા નથી, રાજાના દાસ છો. આપ

ક્ષત્રીય નથી, એક શ્રાવક છો. એ લક્ષમાં રાખજો." રમાદેવીએ પોતાનું છેલ્લું તીર ફેંકી દીધું. તેના કપાળ ઉપર કરચલી પડી. મ્હોં ઉપર આવેશની રક્તિમા ફેલાઇ.

"કૂળ અને પદ્ધિનું અભિમાન ન કરવાની મને મારાં શાસ્ત્રો પોતેજ આજ્ઞા કરી રહ્યા છે. ગુરૂકૃપાએ જેણે સંસારનું કંઇકે સ્વરૂપ સમજી લીધું હોય તેને સ્વપ્નમાં પણ એવું અભિમાન ન સંભવે. હું રાજા નથી–એક મંત્રી છું એ વાત અલ્બત ખરી છે. પણ એ કરતાં યે વધારે ખરી વાત તો એ છે કે હું મંત્રીશ્વર નથી–પણ એક સામાન્ય વ્યાપારી છું–નહિં નહિં એક દસકા પહેલાં એક મજુર કરતાં પણ વધુ સારી સ્થતિ ન હતી. મેં જે વિચિત્ર અવસ્થાઓ અનુભવી છે તેનો જ્યારે જ્યારે હું ખ્યાલ કરૂં છું ત્યારે મારાં અભિમાન–અહંકાર એ સૌ આપોઆપ ગળી જાય છે."

આવા નિરભિમાન પુરૂષ સાથે શી રીતે લઢવું એ બિચારી બાળાથી ન સમજાવ્યું. લઢવાનું તેને ખાસ કંઇ પ્રયોજન ન હતું. છતાં વિવાદને બ્હાને થોડી વાતચીત થાય, હૈયામાં તૃપ્તિ ઉપજે એવું દર્શન સુખ મળે એજ તેની મહત્ આકાંક્ષા હતી. બાજી હાથથી જતી જોઇ તેણીએ દાવ પલટાવવાનુંજ ઉચિત માન્યું:—

"તે ગમે તેમ હો. તમે એક રાજપુત્રી સાથે વાત કરી રહ્યા છો—" રમા હજુ આગળ બોલવા જાય તે પહેલાંજ પેથડકુમારે કહ્યું:—" તેની કલ્પના કરવી એ કંઇ કઠિન વાત

નથી. પણ રાજપુત્રી કરતાંયે રાજપુત્રી તરિકેનું ઉગ્ર અભિમાન મારી સામે આવી ઉભું રહ્યું હોય એમ મને વધારે લાગે છે. સત્તાની ભ્રમણાજ એ અભિમાનની જનની છે. રાજકુમારીને એ ન શોભે."

આ શબ્દો રમાદેવીની છાતીને વીંધી આરપાર ઉતરી ગયા. નિઃશસ્ત્ર–વસ્તુતઃ પરવશ બનેલી બાળાનું આ છેલ્લું આયુધ પણ નિષ્ફળ નીવડયું.

" એવી કઇ પુત્રી જગતમાં જન્મી છે કે જેને પોતાના પિતાની વીરતા બદલ અભિમાન ન હોય ? હું એક વીર પિતાની પુત્રી છું–એવા પિતાની પુત્રી છું કે જેનું શરણ મેળ-વવા તમારા જેવા મંત્રીઓને પણ પાછળ પાછળ ફરવું પડે છે."

"સત્તાથીજ જગતમાં સામ્રાજ્ય સ્થપાય છે એમ માન-વામાં તમારી ભૂલ થાય છે. તમારા પિતા જો પ્રતિષ્ઠિત અને વીર ગણાતા હોય તો તે કેવળ સત્તાથી નહીં પણ સત્તાની સાથે રહેલા બંધુભાવ–સ્નેહભાવથી સ્નેહ જ જગતને વશીભૂત કરી શકે છે." પેથડકુમાર ગંભીરતા પૂર્વક આ અભિમાની છતાં મુગ્ધ બાળા તરફ જોઇ રહ્યો રમાદેવી પણ જાણે કુમારના પ્રભાવમાં અંજાતી હોય તેમ નમ્ર બની, પોતે અજ્ઞાન છે અને જ્ઞાની બનવાની જીજ્ઞાસા ધરાવે છે એમ બનાવવા સ્હેજ આગળ આવી દ્વારના સ્થંભને હાથ ટેકવ્યા.

" સત્તા છે એટલે તો દેવગિરિના પ્રતિસ્પર્ધીઓ બાપુને

પગે પડતા આવે છે–તેમનાથી ડરતા ચાલે છે." શિક્ષકે ભણાવેલા આંક બાળક બોલી જાય તેમ રમાદેવી બોલી.

"પણ હવે એટલું વિશેષ સમજો કે સત્તાએ સ્થુલ આસૂરી સંપત્તિ છે. સ્નેહ એ દૈવી શકિત છે. એક દેહને વશ રાખે છે બીજી અંતરને બાંધી લે છે."

"ત્યારે આપે અહીં જીનમંદિર પહેલી વાર બંધાવ્યું તે સ્નેહના જ બળથી, એમ ને ?"

"હા, જી." પેથડકુમાર શાંત રહ્યો.

થોડી વાર રહીને તેણે કહ્યું:—"પણ એ હકકીત આપ આપના પિતા પાસેથીજ સીધી રીતે મેળવો તો વધુ ઠીક. આપના પિતા સત્તાધીશ રાજા છે, પણ જો તેમના નિર્મળ સ્નેહથી હું લોભાયો ન હોત તો આજે તમારા પિતાની શી દશા હોત તે કહેવું એ કેવળ મુર્ખાઇ જ ગણાય ? વનમાં ઉપરાઉપરી બે જીવ લેણ ઘટનાઓમાંથી તેઓ શી રીતે મુકત થયા એ વાત ખુદ રાજા પાસેથીજ જાણી શકશો."

ઘણું કરીને રમાએ એ દુર્ઘટના વાળી વાત કોઇ સખી પાસેથી થોડેઘણે અંશે જાણી લીધી હશે. તેથીજ તે પેથડ-કુમારના આ સખ્તાઇવાળા શબ્દો સાંભળી ધ્રુજી ઉઠી !

"તો પછી એવા સ્નેહ અને સ્વાર્થમાં શો ભેદ ? તમે સ્નેહના બદલામાં તમારો સ્વાર્થ સાધ્યો. જીનમંદિર બંધાવ-વાની તમારી સ્વાર્થી ઇચ્છા ફલીભૂત કરી અને સ્નેહનો બદલો વ્યાજ સાથે વાળી લીધો. બધી સ્વાર્થનીજ ગડમથલ દેખાય

છે. પરમાર્થને નામે પણ જ્યાં જુઓ ત્યાં સ્વાર્થનાજ યુદ્ધ થતાં જોઉં છું."

"જેટલું જ્ઞાન મળ્યું છે તેટલોજ જો ગુરૂગમ મળ્યો હોત તો આ જ્ઞાન દીપી નીકળત. આપને સર્વત્ર સ્વાર્થનીજ ગંધ આવે છે. પણ કેટલાંક બ્હારથી દેખતાં સ્વાર્થ, અંદરથી નિઃસ્વાર્થ-નિષ્કામ હોય છે એ તમે હજી હવે સમજી શકશો. ધર્મ ભાવનાના મુળમાં કાયમ નિઃસ્વાર્થતાજ ભરેલી હોય છે."

"એ પણ આડંબર !" રમાદેવીની આંખમાં વિજયનું તેજ ઝળકયું.

"શાનો આડંબર ?"

"કીર્ત્તિનો-મહત્તાનો એક તરફ ધર્મભાવનાનો ઢંઢેરો પીટાવો છો અને બીજી તરફ તમારી કીર્ત્તિનો નાદ સુણાવો છો. આમાં ધાર્મિકતા કયાં તે જરા સમજાવશો ?"

રમાને લાગ્યું કે હવે ચર્ચામાં રંગ આવ્યો છે. અને એ રંગ જેમ વધુ રહે તેમ વાત કરવાની-પેથડકુમારને મુંઝવવાની વધુ ગમત પડશે એમ પણ માની લીધું. પરંતુ પેથડકુમાર એવા વિતંડાવાદથી ગાંજી જાય તેમ ન હતું.

"મહત્તાની આકાંક્ષા સાવ નિર્મૂળ થઇ છે એમ કહેવાની ધૃષ્ટતા તો હું શી રીતે કહી શકું ? પણ હું આપને પૂછુ છું કે હેમુ મંત્રીની સાથે લેશ પણ પરિચય પાડયા વિના

તેમના નામની દાનશાળા બંધાવી, કીર્ત્તિનો બધો ફાળો તેમને નામે ચડાવી દીધો હતો એમાં મારો કયો સ્વાર્થ હતો ?"

"સ્વાર્થ ? ઉંડો સ્વાર્થ ! સામાન્ય માણસો ન કળી શકે એવો ગુપ્ત સ્વાર્થ ! અને છતાં નિઃસ્વાર્થપણાનો દાવો રાખો છો ? એક લક્ષ સાધવા આવાં આવાં તો અનેક બ્હાના બતાવવાં પડે. મને તમારા જેવો કુશળ ગુરૂ નથી મળ્યો તોપણ એવાં સ્વાર્થ તો હું બરાબર પકડી જાણું છું." આ અણુધાર્યાં વિજયની ઉષ્મા રમાદેવીના રોમે રોમમાં વ્યાપી ગઈ.

"ઉંચી કોટીનો સ્વાર્થ તો તમે સ્વીકારશો ને ? અને પરમાર્થ એ પણ વિશાળ સ્વાર્થ સિવાય બીજું શું છે ? પણ જેને દૂધમાંથીયે પોરા કાઢવાની ટેવ પડી હોય તેની પાસે યુક્તિઓ આપવી નિરર્થક છે. બાકી મેં જીનશાસનનો પ્રભાવ વિસ્તારવા સિવાય બીજો કંઈ સ્વાર્થ નથી સેવ્યો તેની હું તમને ખાત્રી આપું છું." પોતાનો પરિચય એક મુગ્ધાને આ રીતે આપવો પડે એમાં પેથડને પોતાને જાણે ન્હાનપ લાગતી હોય તેમ સંકોચાયો.

"સાધુતાનો ડોળ તો સારો રાખતાં આવડે છે." અભિમાનથી રમાદેવીએ માથુ ઉંચકયું.

"દંભ અને સાધુતા એ બે વસ્તુઓ એકી સાથે નથી રહી શકતી. દંભ આંખને પળભર આંજી નાંખે, પરંતુ સાધુતા તો આંધળાને પણ દેખતા બનાવી શકે છે–ભૂલેલાને માર્ગ બતાવે છે."

"તો મને માર્ગ બતાવશો ?" અભિમાન રહિત બની, જાણે પેથડકુમાર પાસે ભકિતભાવ શીખવા ચ્હાતી હોય તેમ કોમળ સ્વરે રમાદેવી બોલી,

"દલીલો આપતાં આવડે, સ્વાર્થ પકડતા આવડે અને સામાને નિસ્તેજ કરતાં આવડે તેને નવું જ્ઞાન કોણ આપી શકે ?" ચર્ચાનો અંત લાવવાના ઇરાદાથી પેથડકુમારે છેલ્લો આક્ષેપ કર્યો.

રમાદેવીની સ્નેહભાવના જાગૃત થઇ તિરસ્કારે મોહકતાનું સ્વરૂપ ધર્યું. ધીમે ધીમે તે બોલી:—" ખરેખર આપ જેવા શુરવીર છો તેવાજ પંડિત પણ છો."

"પંડિત બનવા કરતાં હું જીનશાસનનો ભકત બનવા વધુ ઉત્સક છું."

"ત્યારે મારે શેમાં ઉત્સકતા રાખવી ?"

"ત્યાગમાં."

"ત્યાગ એ તો ઉદાસીનતા, રસ, ઉલ્લાસ અને આવેશ માત્રનું બલિદાન જો એમ ઇચ્છામાત્રથી આપી દેવાનું હોત તો આ સંસાર વૈરાગીઓનો એક અખાડો જ બની ગયો હોત મને પહેલાં રાગી બનવા દ્યો. પછી ખુશીથી ધીમેધીમે ત્યાગના માર્ગે લઇ જજો. એક વસ્તુનો પરિચય અને તેની તૃપ્તિ મારામાં એક કાળે જરૂર ત્યાગ જગાડશે." જાણે કહેવાનું બધું કહેવાઇ ગયું હોય તેવી તૃપ્તિ રમાના વદન ઉપર પથરાઈ.

પેથડકુમારે તેનો જૂદોજ અર્થ કર્યો. કહ્યું:—" તો સુખેથી તમે સંસારી બનો. સંસારમાં પણ નિર્લેપ રહેવાનો પ્રયત્ન કરજો. સંસારને જ ત્યાગની એક શાળા બનાવજો." તે પોતાના ખંડમાં પાછો ફરવા ઉદ્યત થયો.

" પણ એ પ્રકારે મને નિર્લેપ રહેતાં કોણ શીખવશે ?" રમાએ પાછું નવેસરથી પ્રકરણ ખોલ્યું.

" આત્મા પોતેજ પોતાનો ગુરૂ બને છે."

" એ આત્માજ કોઇનો દાસ બની ગયો હોય તો ?"

" તો એ અધીશ્વર પાસેથીજ જ્ઞાનના સંસ્કાર મેળવી લેજો. શાસનદેવ આપનું કલ્યાણ કરશે."

તે ચાલવા જાય છે એટલામાં રમાદેવીએ તેનો હાથ પકડયો અને જાણે છેલ્લીવાર કરગરતી હોય તેમ કહ્યું—" ત્યારે શું આપ તો કલ્યાણ નહીંજ કરી શકો ?"

કપાળ ઉપરનો પરસેવો લૂછતાં કુમારે ઉચ્ચાર્યું:— " આપનો પવિત્ર દેહ પરપુરૂષના સ્પર્શથી ન અભડાવો. હું આપનો અતિથિ છું–એક સામાન્ય વહેવારીયો છું–જ્યારે આપ એક રાજપુત્રી છો."

" હું રાજપુત્રી છું એ વાત તમારા મ્હોઢેથી સાંભળવા નથી માગતી અને પવિત્રતા કે ભ્રષ્ટતાની વાતતો એક કોરેજ રહેવા દ્યો. આપ જેવા જ્ઞાની અને શૂરવીરના સ્પર્શથી જો હું ભ્રષ્ટ થઉં તો પછી એ ભ્રષ્ટતા પણ મારે મન પવિત્રતાજ ગણાશે.

" એટલે ? " ઘવાયેલા આત્મામાંથી અચાનક અવાજ નીકળ્યો.

" હું કોઇ પવિત્ર સુકાનીની જ શોધમાં હતી. મારા પૂર્વના શુભ કર્મોએજ આપને અહીં સુધી મોકલ્યા. "

બે ક્ષણ પૂર્વે ઉગ્ર અભિમાનની મૂર્ત્તિ સમી લાગતી કુમારિકાને આટલી દીન બનેલી જોઇ કુમારનું દીલ દ્રવ્યું. તેણે કહ્યું:—" એ અર્પણતા નથી. વાસનાનો પોકાર જ તમને ઉન્માર્ગે દોરી જાય છે. ભ્રષ્ટતાને પવિત્રતા સમજતાં પહેલાં તો સંસ્કાર અને વિવેક રસાતળે પહોંચી જવાં જોઇએ. તમે આજે મોહાંધ બન્યા છો. કોઇ સદ્‌ગુરૂની પાસે—"

" પાણીગ્રહણને પણ તમે મોહાંધ ના કહેશો ? " કુમારિકા રમાદેવીએ પરવશપણે કહેવા માંડયુ " મેં જ્યારથી આપને સૈનિક વેશમાં જતા જોયા છે ત્યારથી મારા દીલમાં કેવા ભાવ ઉભરાઇ રહ્યા છે તે એક મારા સિવાય બીજું કોણ સમજી શકે તેમ છે ? "

" એકનું પાણિગ્રહણ થઈ ગયુ છે, એટલું જ નહીં પણ યૌવનના આવા વિકારોની સામે ઝુઝવા અમે બન્નેએ ચતુર્થ-વ્રત પણ આત્મ સાક્ષીએ લઇ ચૂકયાં છીએ એ વ્રત એટલે જ અખંડ બ્રહ્મચર્ય ! " રમાદેવીને આ બધું ઢોંગ જેવું લાગ્યું. પોતાની માગણીનો અસ્વીકાર કરવાનાં બ્હાનાં જણાયા. તેણીએ નીચું મુખ કરી, પગના અંગુઠામાં સાડીની લટકતી

પાટલીને દબાવી મંત્રીશ્વરના ખભા ઉપર હાથ મૂકવાનો પ્રયત્ન કર્યો.

પેથડકુમાર ચમકયો. " આ ચેષ્ટા આપને ન શોભે ! " એમ કહીને ત્યાંથી નાસી જવા ઉતાવળો થયો. અનેક પ્રકારના તર્કવિતર્ક વડે તેનું મગજ ઉભરાઇ ગયું. પરઘરવાસ અને તેની જ પુત્રીંની આવી માગણી ! પોતાના દેહ અને અંગરાગ પ્રત્યે તેને ધિક્કાર છૂટયો. વળી આવી રીતભાત કોઇ જોઇ જાય તો પોતાની ઉપર કેવા અણધાર્યાં આક્ષેપ ઉતરે તેની કલ્પના આવી ! દુનીયાની જીભ કેટલી નિર્દય અને નિષ્ઠુર હોય છે ? નિષ્પાપીને પણ હંમેશા ચેતીને ચાલવાની ફરજ પાડે છે.

થોડી વારે તે સહેજ સ્વસ્થ થયો. " રમાદેવી ? પેથડ-કુમારના દેહને ચાહતા હો તો એ દેહ ક્ષણભંગુર છે–પરાયો છે–રોગ–દુ:ખ–શોક–જરા–મૃત્યુને આધીન છે. અને હૃદયને ચાહતા હો એ હૃદયમાં રહેલી શાસન પ્રભાવનાને તમારા જીવનનું એક વ્રત બનાવજો. નહિંતર કોઇ રાજપુરૂષને પરણી સુખી થાઓ એ મારી છેલ્લી આશિષ સ્વીકારશો ! એ કરતાં હું કંઇ વધારે કહી શકું તેમ નથી. "

" આ એકાંતે સ્થળમાં, અકલ્પ જોખમો વચ્ચે તમે ઉભા છો એ હું બરાબર જોઇ રહી છું. એક વાર હા કહો એટલે આખી જીંદગી સુધી હું આપના હૃદય અને સ્નેહની પૂજક બની રહીશ. "

" હૃદય ઉપર મારો અધિકાર નથી. એ આકાશકુસુમની આશા ત્યજી દેવામાં જ ક્ષેમકુશળ રહેલાં છે."

" ભલભલા યોગીઓ જે આશા તજી શકતા નથી તે આશા તજવાનું એક બાળિકાને કહેવું એ વ્યર્થ છે."

" એનું જ નામ મોહ." કુમાર એનું સ્વષ્ટીકરણ ન કરી શકયો.

" મોહ ? મને જો તમારા સૌંદર્ય ઉપરજ મોહ ઉપજ્યો હોત તો હું કોઇ તમારા કરતાં પણ અધિક સૌંદર્યવાન જ રાજકુમારને ખુશીથી શોધી શકત. મંત્રીશ્વર ? આ હૃદયમાં સૌંદર્ય પ્રેમને સ્થાન છે. પણ એ ઉપરાંત આપનું ધર્મજીવન મને વધુ પ્રિય લાગે છે અને એ જીવનની જ હું ઉપાસિકા થવા માગું છું." એટલું કહી રમાદેવીએ એક નિઃશ્વાસ મૂકયો.

ત્યાગીને પણ ઘડીભર સંસારી બની જવાનું મન થાય એવાં તેજસ્વી, સૌંદર્યમય, સ્નેહાર્દ્ર મુખ સામે પેથડકુમાર જોઈ રહ્યો. તે મનુષ્ય હતો, પણ તપશ્ચર્યા અને સાધનાવડે વૃત્તિઓને દમવાનું દેવદુર્લભ સામર્થ્ય તેણે પ્રાપ્ત કર્યું હતું. તેણે નમ્રતા પૂર્વક કહ્યું:—" ધર્મજીવનની ઉપાસિકાને એવો મોહ ન શોભે. તે પોતાનું આત્મકલ્યાણ ગમે ત્યાં સાધી શકે છે."

" એ મારાં હતભાગ્ય છે કે આપને મારી પ્રત્યેક વાતમાં મોહ અને પરવશતાનોજ ભાસ થાય છે. સ્નેહનો આમ તિરસ્કાર કરી શું આપ સુખી થશો ?"

પેથડકુમાર હવે થાકી ગયો હતો, સંક્ષિપ્તમાં પતાવવાની ખાતર તેણે પૂછયું:—" ત્યારે આપ કોને ચાહો છો ? દેહને કે દીલને ? "

" આપના દેહ ઉપર લોભાઉં તો, મંત્રીશ્વર ? હું વ્યભિચારિણી ગણાઉં અને આપ જે હૃદય અન્યને સમર્પી ચુકયા છો તે પડાવી લેવાની કોસીશ કરૂં તો મારા જેવી બીજી સ્વાર્થી નારી કોણ ? "

" ત્યારે ? આપ શું કહેવા માગો છો. ? "

" હું આપના નિર્મળ આત્માને પૂજીશ. આપે લગ્નથી મને સ્વીકારી હોત તો મારી ઘણીખરી જવાબદારી ઓછી થાત, પણ તમારાથી તે બની શકે તેમ નથી હવે તો હું મારી સાધનાના બળવડે આપના આત્મા ઉપર અધિકાર વર્તાવવા પ્રયત્ન કરીશ વખત જતાં આપ પોતેજ જોઇ શકશો કે દેહના સુખમાત્રનું બલિદાન આપી, કેવળ અર્પણ મમતાના પંથે ચાલનારી રમાદેવીઓ કંઇ ઘેર ઘેર નથી જન્મતી- " એ શબ્દો પુરા થતાંજ તે વિધુતના વેગે ત્યાંથી ચાલી ગઇ. વાતાવરણમાં એ ભાવનાના પડઘા ગુંજી રહ્યા.

ગઇ ? તેજ અને બળની મોહક પ્રતિમા જેવી બાળિકા ચાલી ગઇ. રોષ કે લોલપતાની આછી રેખા પણ તેના ચ્હેરા ઉપર પડવા ન પામી !

પેથડકુમાર વિચાર કરવા લાગ્યો:—નિર્મળ ગંગા પેઠે

ઉતરી આવનાર એ રાજકુમારિકા શા સારૂ આવી અને શા સારૂ એકાએક ચાલી ગઇ? જેની હાજરી તેને પોતાને ક્ષણ પૂર્વે જાળરૂપ લાગતી તેજ હાજરી તેનું હૃદય શા માટે ઝંખી રહ્યું હશે?

બીજે દિવસે રાજકુમારી વિષે લોકોમાં અનેક પ્રકારની વાતચીતો ચાલી રહી! અનેકોએ અનેક પ્રકારના અનુમાન બાંધ્યા. રાજકુમારી એકાએક શા સારૂ અદ્રશ્ય થઇ ગઇ? કોઇએ આળ મૂકયાં, કોઇએ તેની હિંમ્મતના વખાણ કર્યા-કોઇએ આમાં ભારે કાવતરૂં હોવાનું જણાવ્યું.

એકજ દિવસના થોડા પરિચયથી પેથડકુમાર એ કુમારિકાને બરાબર ઓળખી શકયો હતો. તે મનમાં એમ ચોક્કસ માનતો હતો કે એ સ્નેહોદાર રાજકુમારિકા વખત જતાં હજારો પતિત નર-નારીઓનો ઉધ્ધાર કરવા સમર્થ થશે!

યોગ્ય સમયે કુમારે દેવગિરિના આતિથ્યનો ત્યાગ કર્યો પણ હૃદયમાં કોતરાયેલી એ તેજસ્વી પ્રતિમાને ભૂલી શકયો નથી તેને પળે પળે એ વિચિત્ર બાળાની વિચિત્રતા સાંભરી આવે છે. માંડવગઢમાં આવવા છતાં તેનું હૃદય તો હજી દેવગિરિના રાજમહેલમાંજ રમી રહ્યું છે. તે પોતેજ પોતાને ઘણીવાર પૂછે છે કે "કેવી અભિમાની કુમારિકા? કેટલી સાહસિકતા? સ્વપ્નવત્ બની ગયેલી એ સુંદરી પુનઃ શું હવે નહીંજ મળે?" એ પ્રશ્નોના ઉતર આપવાની આજે તો કોઇનામાં તાકાત નથી.

# પ્રકરણ ૨૧ મું.

## રાતાં વસ્ત્રનો ભેદ.

પીઠ પાછળ ઘા કરવા એ દુષ્ટ જનોનો સ્વભાવ હોય છે. સીધી રીતે જ્યારે તેઓ ફાવી શકતા નથી ત્યારે તેમને અનેક પ્રકારના પ્રપંચોનો આશ્રય શોધવો પડે છે. મહામંત્રી પેથડકુમારની વધતી જતી પ્રતિષ્ઠાથી મનમાં ને મનમાં બળી-ઝળી રહેલા કેટલાક સ્વાર્થીયાઓએ પેથડકુમારની ગેરહાજરીનો લાભ લઇ તેની વિરૂદ્ધ ખટપટ શરૂ કરી દીધી. એક તરફ પેથડકુમાર જીનમંદિરો બંધાવવાની ધમાલમાં હતો ત્યારે બીજી તરફ માંડવગઢમાં ખટપટનું જૂદુંજ કાવતરૂ રચાવા માંડયું.

સંજોગવશાત્ માંડવગઢની મહારાણીને જ્વરવિકાર થયો. વૈદ્યો વગેરેએ તેનું મૂળ કારણ શોધી કાઢવા ઘણી માથાકૂટ કરી પણ નિદાન ન થયું. મહારાણી લીલાવતીને માંડવગઢમાં લાવવાનું માન એક માત્ર પેથડકુમારની બુદ્ધિ શક્તિનેજ આભારી હતું એ વાત પૂર્વે કહેવાઇ ગઇ છે. કાન્યકુબ્જના દરબારીઓ જ્યારે માંડવગઢના મહારાજાના શરીર ઉપરથી નીતરેલા એક ટીપાને પુનઃ શરીર ઉપર ચોળાતું નીરખી વીમાસણમાં પડ્યા હતા અને મહારાજાની કૃપણતા વિષે તર્કવિતર્ક કરી રહ્યા હતા ત્યારે તેમની શંકાનું નિર-

સન કરવા, અથવા તો માંડવગઢની જતી આબરૂને જાળવવા ઘીના હોજ ભરાવનાર મંત્રી પેથડકુમારજ હતા. એ રીતે એ પ્રેમિકોને પરસ્પરના ગાઢ સંબંધમાં લાવવા માટે પેથડકુમારે જ બધી વ્યવસ્થા કરી હતી. જો એ યુક્તિ તેને ન સૂઝી હોત તો લીલાવતીનું જીગર અત્યારસુધીમાં ક્યારનુંયે ચીરાઇ ગયું હોત. મંત્રીશ્વરનો એ ઉપકાર લીલાવતી કેમ ભૂલે ? મંત્રીને તેણી પોતાનો ભાઇ સમજે છે—સહોદર ભાઇ કરતાં પણ અધિક નિર્મળ પ્રેમથી ચાહે છે. જ્યારે જ્યારે કંઇ અણધારી આફત આવે છે ત્યારે ત્યારે મહારાણી લીલાવતી બીજા કોઇને ન પૂછતાં પહેલી સલાહ પેથડકુમારની જ લે છે. રાજા પોતે એ વહેવારથી અજ્ઞાત નથી. મંત્રીની પવિત્રતાએ રાજા અને રાણી ઉપર અદ્‌ભૂત અસર કરી છે. મંત્રી અને મહારાણી વચ્ચેનો પ્રીતિભાવ એ રાજાના અભિમાનનું એક કારણ બન્યું છે.

હવે જોગાનુજોગ એવો બન્યો કે પેથડકુમાર જ્યારે દેવગિરિના મહારાજાની કૃપા સંપાદન કરવા મથી રહ્યો હતો તે જ વખતે આ તરફ માંડવગઢમાં મહારાણી લીલાવતીની તબીયત બગડી. સ્થિતિ એવી આવી કે શરીર તદ્દન લેવાઈ ગયું. મહારાજાની માનીતી મહારાણીની સારવાર કે સેવા સુશ્રુષામાં કંઈ ખામી ન રહે એ દેખીતું જ છે. તેમનો પડતો બોલ ઝીલી લેવા સંખ્યાબંધ દાસ—દાસીઓ સદા તૈયાર રહેતાં. રાજા જયસિંહદેવ પોતે પણ ઘણો ખરો વખત મહારાણીની રોગ શય્યા પાસેજ વીતાવે છે. છતાં મહારાણીની આંખ અને

હૃદય તો પેથડકુમારનેજ શોધે છે. ઘણા વર્ષો થયાં પતિને ઘેર રહેલી સ્ત્રી જેવી રીતે પોતાના માડીજાયા ભાઇને એકવાર મળવા ઝંખે તેવી રીતે મહારાણી પણ પોતાના ધર્મબન્ધુ પેથડકુમારને જોવા ઉત્સુક દેખાય છે. એક–બે વાર નહીં પણ દિવસે અને રાતે પાંચ–પચીસ વાર પોતાના અનુચરોને તે પૂછે છે કે " મંત્રીશ્વર ક્યારે આવશે ? "

મંત્રીશ્વરને માટે આટલી બધી તાલાવેલી શા સારૂ ? મંત્રી આવીને પોતે કંઈ થોડો જ રોગ લઇ લેવાના હતા ? મહારાજા ખુદ જેનું મનોરંજન કરવા મથતા હોય તેને વળી મંત્રી જેવા અદના પુરૂષની ઝંખના શા સારૂ હોવી જોઇએ ? આવા આવા અનેક પ્રશ્નો અને આક્ષેપો છુપી રીતે થાય છે. મહારાણી તો પોતાની નિર્દોષતામાં જ મસ્ત છે. જગતની ઝેરીલી જીભ પોતાના અપવાદ બોલશે એવી તો તેણીને કોઇ દિવસ કલ્પના પણ ક્યાંથી આવે ? પણ દીવસ જતાં એજ આફત સામે આવીને ઉભી રહી. રાજાના દીલમાં વ્હેમનું શૂળ ભોંકાયું. તેનું છુપું દર્દ તેને બેચેન બનાવી રહ્યું.

રાણી લીલાવતી જ્વરના વેગમાં બબડી—" કોઇ માણસ મોકલીને મંત્રીશ્વરને બોલાવો ! " રાજા જયસિંહ હજી હમણાજ ત્યાં આવી પલંગની બાજુએ ગુપચુપ ઉભો હતો. તેણે એ શબ્દો સાંભળ્યા. ઝીણી અને છુપી વેદનાએ વ્યક્ત સ્વરૂપ ધરવા પ્રયત્ન કર્યો. પણ હજી તો આમાંથી કંઇ કંઇ ગુપ્ત રહસ્યો બ્હાર આવશે એમ ધારી પ્રપંચ બુદ્ધિએ તેને સાહસ

કરતાં અટકાવ્યો. છતાં તેની દ્રષ્ટિમાં તિરસ્કાર તરી આવ્યો. બાહ્ય આડંબરમાં પણ અણગમાની મલીનતા અધિક સ્પષ્ટપણે દેખાવા લાગી.

રાજા રોજ એ પ્રમાણે આવે છે અને કોઇ વાર છુપી રીતે તો કોઇ વાર પ્રત્યક્ષપણે મહારાણીની મનોદશા અનુભવે છે. માંદગીના દિવસો એ રીતે એક પછી એક વિતવા લાગ્યા.

"બાઇ સાહેબ ! મંત્રીશ્વર પધારે છે !" એક દિવસે અચાનક દાસીએ આવી સમાચાર આપ્યા.

અશક્ત રાણીએ પાસુ બદલ્યું. જાણે કોઇ ખોવાયેલી ચીજનો માંડમાંડ પત્તો મળ્યો હોય તેમ તે થોડીવાર તો દાસીના મ્હોં સામે જોઇ રહી ! ભાઇના આગમન-સમાચાર લાવનાર એ દાસી પ્રત્યે તેને અપૂર્વ વ્હાલ છુટયું.

ઉઠીને બેસવાનો રાણીએ પ્રયત્ન કર્યો. મખમલના બે તકીયાને અઢેલી તે જરા સ્વસ્થ બની.

"ભલે આવે." કહી, દરવાજાના માર્ગ તરફ અમીભરી નજર નાંખી.

ધીમે પગલે મંત્રીશ્વર પેથડકુમાર અંદર આવ્યા, માંડવગઢના મહારાણી આમ એકાએક બીમાર થઇ ગયાં હશે અને પોતાને ઝંખતા હશે એવી કલ્પના પણ તેને ન્હોતી આવી. તે રાણીના દુર્બળ દેહને નીરખી સ્હેજ ગભરાયો. પાસેના એક આસન ઉપર બેઠો.

" અહીં મારો જીવ જાય તોય તમને શું ? " રાણીએ મહા મહેનતે ઉભરો ઠલવવાની શરૂઆત કરી દીધી.

" બસ, ભૂતકાળ તો બધો ભૂલીજ ગયા ને ? મેં જો આપના દેહ અને સ્નેહની સંભાળ ન રાખી હતી તો આપ માડવગઢના મહેલ જોઇ શકત ખરાં ? અને વધારે ખાત્રી જોઇતી હોય તો કાન્યકુબ્જના દરબારીઓને પૂછી જો જો. " ટુંકામાં મંત્રીએ ભૂતકાળનો ઇતિહાસ ઉકેલ્યો.

રાણીની આંખમાં પાંપણ સુધી આંસુ આવ્યાં. તે બોલી "પણ હવે તમને વધુ તકલીફ નહીં આપું. મારે કંઈ હવે વધુ નથી જીવવું-જીવી શકું એમ પણ નથી લાગતું."

આટલી બધી નિરાશા કેમ આવી તે મંત્રીથી ન સમજાયું તે આશ્વાસન આપવા જતો હતો પણ તેનો કંઠ રૂંધાયો

" હોય એ દિવસો પણ હતા. તું મને અહીં સુધી લાવ્યો અને તારા દેખતાં તારી હાજરીમાંજ જઉં તો મારા જેવું ભાગ્યશાળી કોણ ? " રાણી બોલતાં બોલતા વધુ અશક્ત બની. દાસીઓએ ધીમે પંખે પવન નાખવો શરૂ કર્યો. પેથડકુમાર સ્હેજ વધુ નજીક આવ્યો અને પોતાના હાથના ટેકાથી રાણીના લથડતા મસ્તકન ટેકવ્યું.

" બ્હેન ! વધારે ન બોલશો. તમને અધિક શ્રમ પડતો જણાય છે ! " મંત્રીએ કહ્યું.

" તું જીનમંદિર બંધાવી આવ્યો અને કીર્ત્તિની વરમાળ વર્યો તો હું પણ હવે સ્વર્ગે સંચરી નવજીવનનો લ્હાવો

લઇશ. ” એટલું કહેતામાં રાણી બેશુદ્ધ બની. મંત્રીશ્વરે ગભરામણમાં આવી પોતાના ખેસવતી તેનો પસીનો લુછી નાખ્યો પાસે બેઠેલા વૈદ્ય પણ આ દ્રશ્ય જોઈ રહ્યા. સઘળે સૂનસાન થઇ રહ્યું.

એટલામાં પેથડકુમાર જાણે નિદ્રામાંથી જાગતો હોય તેમ ચમકયો. ઝડપથી ઉભો થયો અને પાસે ઉભેલી એક દાસીને સંબોધીને કહ્યું:—“ મારે ઘેર જા અને તારી બાઇને કહેકે મંત્રીએ શાચવીં રાખેલું પેલું ખંભાતનું લાલ વસ્ત્ર આપો.”

દર્દીના બીછાના પાસે જુદી જુદી ઔષધીઓની જરૂર પડે એ સમજી શકાય. પરંતુ મંત્રીશ્વરને એક એક લાલ વસ્ત્રની શું જરૂર પડી તે કોઈનાથી ન સમજાયું. આમાં કંઇક ગુઢ સંકેત હોય એમ સૌને લાગ્યું.

થોડી વાર રહીને દાસી પાછી ફરી. કેસરી રંગની આછી છાંટવાળું લાલ વસ્ત્ર તેના હાથમાં હતું. એ વસ્ત્ર જોતાં જ મંત્રીશ્વરની આંખમાં આશાવાદ ઉભરાયો. જાણે કે વિશ્વના સઘળા રોગ–ઉપસર્ગ આ વસ્ત્ર પાસે શાંત થઇ જવાનાં હોય એટલું આશ્વાસન લાધ્યું.

વૈદ્યો આઘા ખસ્યા. મૃતપ્રાય રાણીના શિથિલ અંગ ઉપર મંત્રીશ્વરે એ લાલ વસ્ત્ર ઓઢાડયું. તે મનમાં ને મનમાં બોલ્યો:—“ જે ચતુર્થવ્રતધારીઓના આત્મબળને દેવતાઓ અને ઇંદ્રો પણ પ્રશંસે છે એ વ્રતધારીનું આ પવિત્ર વસ્ત્ર,

મ્હારી આ ધર્મભગિનિનું સંપૂર્ણ રક્ષણ કરો—ઉપસર્ગો—વિઘ્નો નાશ પામો."

વૈદ્યો મંત્રીશ્વરના મ્હોં સામે અને મંત્રીશ્વર રાણીજીના મ્હોં સામે નીહાળી રહ્યા. મંત્રીને દૃઢ શ્રદ્ધા હતી કે વ્રતધારીનું વસ્ત્ર પણ મનોવાંછિત ફળ પ્રકટાવ્યા વિના ન રહે.

બે—ચાર ક્ષણો વીતતાં જ રાણીએ પાસું બદલ્યું. સૌને અતિ આશ્ચર્ય થયું. ક્ષણ પહેલાંની અતિ શિથિલ કાયામાં આ પ્રમાણે શક્તિનો સંચાર શી રીતે થયો તે ન સમજાયું.

"ભાઇ ?" સ્વપ્નમાં લવતી હોય તેમ રાણી બોલી, પેથડકુમારનો હાથ પકડવા પ્રયત્ન કર્યો. "હવે આરામ છે—ગભરાશો નહીં." એટલું કહી વળી તે ઉંઘમાં પડી.

રાણીની માંદગી અને ઉપચારમાં એકવાત તો કહેવાની રહી જ ગઇ છે. રાજા જયસિંહ, રાણીના બેભાન થવાના સમાચાર સાંભળી ત્યાં ક્યારનોયે આવી પહોંચ્યો છે. પોતાને કોઇ ન જોઇ શકે તે માટે એક થાંભલાને અઢેલીને આઘે ઉભો છે. બ્હેનની માંદગીની ગભરામણ જોઇને મંત્રી પણ તે તરફ લક્ષ આપી શક્યો નથી. રાજા શું જોઇ રહ્યા છે ?

રાણીએ પોતાનો હાથ મંત્રીના હાથ ઉપર મૂક્યો છે. મંત્રી રાણીના શૂષ્ક હાથને વાત્સલ્યભાવે પંપાળે છે.

"હાશ, સારૂં થયું કે તું વ્હેલો વ્હેલો આવી પહોંચ્યો. હવે મને આરામ થશે, મારૂં બધું દર્દ ચાલ્યું જશે." ઘેનમાં ને ઘેનમાં જ રાણીએ કહ્યું.

મહારાજાએ આ છેલ્લા શબ્દો બરાબર સાંભળ્યા. તે વ્હેમાયો તો હતો જ. તેની આંખમાંથી ઝેર વરસી રહ્યું. સોમા નામનો પેથડકુમારનો એક ઝેરીલો ખવાસ ઉભો હતો તેણે રાજાનો હાથ દાબ્યો.

રાજા ધીમે ધીમે રાણીના પલંગ પાસે આવ્યો. મંત્રીશ્વરે ખસીને પોતાનું આસન લીધું. રાજાએ એક ભયંકર દૃષ્ટિ રાણી તરફ ફેંકી પણ રાણીને તો તેનું કશું યે ભાન ન હતું. બીજી જ પળે મંત્રીશ્વર સામે જોઇ આવેશમય સ્વરે ઉચ્ચાર્યું:—

" દેવગિરિથી વિજય વરીને આવ્યા. પણ રાજા કરતાં રાણી સાહેબની કીમત વધારે–એટલે મને મળવાની ફુરસદ ન મળી અને સીધા અહીં જ આવ્યાં–ખરૂં ને ? " પેથડકુમારના પેટમાં કઇં જ પાપ ન હતું. તે રાજાના મુખ સામે આશ્ચર્યદૃષ્ટિએ જોઇ રહ્યો.

" હમણાં જ આવ્યો, અને રાજમાતાની તબીયત બહુ જ ખરાબ છે એમ જાણતાં સીધો અહીં પહોંચ્યો. " નિર્દોષભાવે મંત્રીએ કહ્યું.

" તમારે જયસિંહ મહારાજના તાબામાં રહીને રાજસેવા કરવાની છે એ તમારા ધ્યાનમાં છે ને ? " વચમાં જ પેલો ખવાસ બોલી ઉઠયો.

“ મહારાજ તો મારા અન્નદાતા ! હું તેમનો રાજભક્ત મંત્રી ! છતાં માંડવગઢના મહારાણી રોગશય્યા ઉપર તરફડતા હોય તે વખતે બીજાં કામકાજ પડયાં રહે એ જોવાનું કામ મ્હારૂં છે–તમારૂં નહીં અને સોમા ! હું તને જ પૂછુ છું કે મા મરવા પડી હોય તે વખતે પુત્ર, બાપની પાસે જઇ બેસી રહે તો શું એ કુલાંગાર ન ગણાય ? ” છેલ્લા શબ્દો મંત્રીએ જરા ઉગ્રભાવે ઉચ્ચાર્યા. સોમાએ રાજા સામે જોયું અને બીજી જ પળે પેથડકુમાર તરફ અર્થપૂર્ણ દૃષ્ટિપાત કર્યો.

રાજા પોતે મૌન હતો. પણ તેની દૃષ્ટિમાં શંકા અને અભિમાન હતાં. પેથડે તે જોયું. “ આપને કંઇ અવિશ્વાસ આવતો હોય તેમ જણાય છે. સ્નેહમાં આવો ભેદ કયારથી?”

“ જ્યારથી તેં ઘીના હોજ ભરાવી આ રાણીને અહીં આણી ત્યારથી. ” પેથડકુમાર બધી પરિસ્થિતિ સમજી ગયો.

અશક્ત રાણીએ એ શબ્દો સાંભળ્યા. તેણીનો આવેશ કાબુમાં ન રહ્યો. હાથને ટેકવી તે ઉભી થવા ગઇ પણ પાછી તકીયા ઉપર પછડાઇ.

“ રાજાજી ! ભૂલો છો, યોગ્યતા વિના વસ્તુની કીમત કરવા જાય તો તે ખત્તા જ ખાય. મંત્રીશ્વરના બુદ્ધિબળની મદદ ન આવી પહોંચી હોત તો આ મહેલમાં મારાં પગલાં ન હોત. ”

“ બહુ સારૂં. ” કહી રાજા ઉઠયો. સોમો પાછળ પાછળ

ચાલ્યો. પેથડકુમાર તો આ પલટાયેલી બાજી જોઈ ઉંડા વિચારમાં ગરકાવ થયો.

" બધાય બદલે તો ભલે, પણ મંત્રીશ્વર ! તું ન બદલતો હો. ભાઈ ? પછી હું કયાં જઇશ ? " રાણીની આંખમાંથી અશ્રુની ધાર વહેવા લાગી.

" માજી, આંસુ ન પાડો. સોમાની શીખવણીએ રાજાનું મગજ ભમાવ્યું છે. પણ તેની ફીકર નહીં. પેથડકુમાર અભિમાન નથી કરતો બાકી આપની સામે ઉંચી આંગળી કરનાર જો કોઈ રાજ્ય હોય તો તેને પણ ઉથલાવવાની તાકાત આ બાહુમાં છે. "

" ના, ભાઇ, જેવાની સાથે તેવા ન થઇએ. આપણી ખાનદાની શરમાય ! આ ગુંચવણમાંથી માર્ગ શોધી કાઢજે ! " રાણીએ પોતાનાં આંસૂ લૂછી નાખ્યા. મંત્રીશ્વર પણ ઉંડો નિશ્વાસ નાખી ઘર તરફ વિદાય થયા.

બીજી તરફ રાજા પોતાના મહાલયમાં આવ્યો. સોમાએજ વાત ઉચ્ચારી:—" બાપુ ? જોયું ? "

" સોમા ? જોવાનું બધું જોઇ લીધુ છે, હવે વધારે જાણવાની જરૂર નથી. હું ધારૂં છું કે હવે હું ગાંડો થઈ જઇશ. "

" પણ બીજું તો ઠીક, પણ રાણીજીએ ઓઢેલું પેલું લાલ વસ્ત્ર તો જોયું ને ? " સોમાએ કુંકી કુંકીને ઝેર ઠલવવા માંડયું.

ઉત્તરમાં રાજાએ માત્ર માથું ધુણાવ્યું.

" એ વસ્ત્ર પણ મંત્રીશ્વરનું જ હો કે બાપુ ! "

" ખરૂં. રાજ્યની સમૃદ્ધિ ખુટી ગઇ કે મારા સેવકનું એક તુચ્છ વસ્ત્ર રાણીને પહેરવું પડે. "

" બાપુ ! પણ એ તો બધા ભેદભરમો–ઉઘાડા પડતાં શી વાર ? "

" સોમા ! હવે હદ થાય છે ! ક્ષત્રીય બચ્ચો મરવાનું કબુલ કરશે, પણ તે આવી અમર્યાદ અવદશા નહીં જોઇ શકે ! " રાજાએ તલવાર ઉપર હાથ મૂકયો. સોમાએ સમય સંભાળ્યો અને કહ્યું:—

" રાજરાજેન્દ્ર ! "

" બસ, મારો એક જ નિશ્ચય છે. કાં તો એ નહીં અને કાં તો હું નહીં. "

સોમાએ કાન કુંકયા. " એમ જ " એટલું કહી રાજા ત્યાંથી ફર્યો. સોમાને પાછો બોલાવી ભલામણ કરી—" કાલે તો પાર પડી, જવું જોઇએ. રાજ્યમાં ગમે તે થાય તેની મને પરવાજ નથી. અને આવતી કાલે તો તું મંત્રીશ્વર પણ બની ચૂકયો હોઇશ. "

" આપની દયા હોય તો મને પદ્મિના બાપની યે પરવા નથી. " છેલું નમન કરી સોમો વિદાય થયો.

સોમાની સોગઠીયો ગોઠવાઇ ગઇ, હર્ષાવેશમાં તે રાજ

મહેલના પગથીયાં ઉતરતો હતો એટલામાં પાસેજ કોઇના હસવાનો અવાજ આવ્યો. તે ચમકયો. "અત્યારે અહીં કોણ ? મારી બાજી કોઇ જાણી ગયું તો નહીં હોય ?" આસપાસ જોયું. પણ કંઇ દેખાયું નહીં. "ભ્રમ હશે" એમ કહી તે આગળ ચાલ્યો. તેને અંધારા ખુણામાંથી જોઇ રહેલ એક વ્યક્તિએ આ દૃશ્ય જોયું અને અદૃશ્ય થઇ ગઇ !

# પ્રકરણ ૨૨ મું

## પ્રપંચનો પાસો.

રાણી લીલાવતીનું આરોગ્ય દિનપ્રતિદિન સુધરતું ચાલ્યું. હવે તો થોડી શક્તિ પણ આવી હતી, રાજમહેલમાં તેમજ શેરીએ અને બજારે પણ વાતો ચાલતી કે–જ્યારથી મંત્રીશ્વર પેથડકુમારે કેશરી છાંટવાળું લાલ વસ્ત્ર રાણીજીને ઓઢાડયું છે ત્યારથી રાણીનો રોગ શાંત થતો જાય છે, કોઇને આ વસ્ત્રના ઇતિહાસની કે પ્રભાવની પૂરેપૂરી ખબર ન હતી, તેઓ પોતપોતાના સંસ્કાર પ્રમાણે સારી–નરસી કલ્પનાઓ કરી પેથડ અને રાણીજીના માથે આળ ઓઢાડવાનું પણ ચુકતા નહીં.

તે દિવસે અમાવાસ્યા હતી પ્રપંચીઓના અંતરની કાલીમા જેવીજ શ્યામતા સર્વત્ર ફેલાઇ હતી, રાજા જયસિંહ

અને તેના પાસવાનોએ આ સમયનો બરાબર ઉપયોગ કરી વાળવાની તૈયારીઓ કરી રજનીનો અંધકાર પોતાના સઘળા પાપોને આબાદ છુપાવી લેશે એમ પણ તેમણે માની લીધું હશે. માંડવગઢની પ્રજા શાંતિની સોડમાં પડી, નિદ્રા લઇ રહી હતી.

મંત્રીશ્વરના મહેલની પાછલી બાજુએ બે જણા આવીને ઉભા રહ્યા. મંત્રીશ્વર અને તેમની પત્ની થોડીવાર પહેલાં પંચ-પરમેષ્ઠીનું સ્મરણ કરી પૃથક્ પૃથક્ શયનાગારમાં ગાઢ નિદ્રા લેતા હતા ગુપચુપ ઉભેલા બે જણાએ થોડા વિચાર કર્યો. રાત્રીની ભિષણતા જેવીજ ભયંકરતા તેમના ચ્હેરા ઉપર છવાયેલી હતી. ધીમે ધીમે એ બન્ને જણ એક ઉઘાડી બારી જોઇ ઉપર ચડયા.

એક સુશોભિત પલંગ ઉપર પ્રૌઢ વિચારનો-તેજસ્વી પુરૂષ સૂતો હતો, તેણે પાસુ બદલ્યું. પેલા હરામખોરો એક ખુણામાં ભરાઇ, લાગ જોઇ રહ્યા. એ રીતે થોડી પળો પસાર થઇ ગઈ.

" હવે નસકોરાં સંભળાય છે. કાંટો ઉખેડી નાખવાની આવી સરસ તક બીજીવાર નહીં મળે." એક વ્યકિત બોલી.

" પણ આ તો સિંહની ગુફામાં હાથ નાખીએ છીએ. જરા સાવચેતીથી કામ લેજો. ઘા છટકયો તો કાલે સવારે જીવતા રહેવું ભારે થઇ પડશે. " બીજી વ્યકિતએ નાહિમ્મત દર્શાવી.

" ભીરૂ ? કાયર ? આટલો નામર્દ હતો તો સાથે શું કામ આવ્યો ? સમજ કે આવતી કાલે પેથડ નહીં પણ સોમોજ માંડવગઢના મંત્રીશ્વરનું પદ શોભાવતો હશે ? ન્યાયનો કાંટો આપણા હાથમાં આવશે, પછી કોની તાકાત છે ? " એમ કહીને પેલી વ્યક્તિએ આગળ વધી મ્યાનમાંથી તલવાર કાઢી.

ઓરડામાં પણ અંધકાર છવાયેલો હતો પેલા આવનારે આઘો-પાછો કોઇ પ્રકારનો વિચાર નહીં કરતા ઉતાવળા બની નિદ્રાધીન પુરૂષ ઉપર તલવારનો ઘા કર્યો. પણ બીકને લઇને હો કે અંધકારને લઇને હો-ગમે તેમ પણ એ ઘા પુરૂષ ઉપર નહીં પણ શય્યા સાથે અથડાઇ સામો ઉછળ્યો પેથડકુમાર એકદમ જાગૃત થયો. તેને લાગ્યું કે પ્રપંચના પાસા નખાઇ ચુકયા છે. એક પણ ઘડીનો વિલંબ કર્યા વિના તે ઉભો થયો. પાસે પડેલી તલવાર ખેંચી સામે ઉભો.

બન્ને જણા આ બગડેલી બાજી જોઇ ધ્રુજી ઉઠયા નાસી જવું કે આ નરકેસરી સામે ઝુઝવું એ બેમાંથી કોઇ પ્રકારનો ચોક્કસ નિર્ણય તત્કાળ કરી શકયા નહીં. જો નાસી જાય છે તો સવારેજ મંત્રીશ્વર તેમને પ્રાણદંડની આજ્ઞા ફરમાવી હતા-નહતા કરી શકે છે મહારાજા પોતે પણ વચમાં આવી શકે એમ ન હતું અને જો ઝુઝવા જાય છે તો આ કેસરીસિંહ પાસે બચવું અશકય ભાસે છે.

આખરે એક છેલ્લો પાસો તો ફેંકવો એમ ધારી સોમાએ

પેથડકુમાર ઉપર તલવારનો ઘા કર્યો. કુમારે બે ડગલાં પાછળ હઠી દાવ ચુકવ્યો અને પછી તો બાર મેઘની ગર્જના સાથે આકાશમાંથી વિજળી પડે તેમ પેથડકુમારે પોતાની સમશેરનો સ્વાદ ચખાડયો સોમાએ આ ઘા ઢાલ ઉપર ઝીલ્યો ઢાલના બે કકડા જમીન ઉપર પડયા અને બન્ને જણ નાસવા બારી તરફ ફર્યા.

તારકાના આછા પ્રકાશમાં મંત્રીએ સોમાને ઓળખ્યો. સોમો ઝંખવાયો. પણ હવે તેની સઘળી વિચારશક્તિ નાશ પામી હતી. બારી સુધી આવ્યા પછી તેને લાગ્યું કે આમ વચમાં નાસી છુટવાથી એકે ઉદ્દેશ સિદ્ધિ નહીં થાય. દુનીયામાં બદનામ થઇશ અને કદાચ દંડ પામી જીંદગી હારી જઈશ. તેણે પોતાના સાથીનો હાથ પકડયો.

“ દોસ્ત ? હવે ન્હાસવામાં કંઇ માલ નથી. કાં તો મંત્રી પદ કાં તો સ્મશાન ચિત્તા એ બેમાંથી એકનીજ પસંદગી કરવાની રહે છે. ”

સોમો પોતાના સાથીને લઇને પાછો ફર્યો અને ક્રોધાંધ બની મંત્રીશ્વર ઉપર નવેસરથી તુટી પડયો. મંત્રીએ તેને પોતાની બાથમાં સપડાવ્યો.

એ લાગ સાધી બીજાએ ખંજર કાઢયું સોમાએ હાકલ દીધી:—જો જો ચુકતો નહીં—એકજ ઘાએ કામ ખલ્લાસ થવું જોઇએ.

પણ એટલામાં એક ત્રીજી વ્યકિતએ આ ધીંગાણાની

ભૂમિ ઉપર અકસ્માત્ દેખાવ દીધો. તેણે ખંજરધારીનો હાથ અદ્ધરથી જ પકડયો. સર્વ ચમકયા અને આ અચાનક દૈવી સહાય કયાંથી આવી પહોંચી તેનો વિચાર થઇ પડયો.

આ ગડમથલમાં સોમો છટકયો અને તેની પાછળ તેનો સાથી પણ બારીએથી કૂદી અંતર્હિત થઈ ગયો. પળવારમાં સર્વત્ર શાંત થઇ ગયું વરસાદ અને ગાજવીજ પછી શાંતિ પથરાય તેમ શાંતિ છવાઇ.

પેથડકુમારે આ નવી મૂર્તિ તરફ ધ્યાનપૂર્વક જોયું તેને સ્મરણ થયું કે થોડાજ દિવસ ઉપર આ બાળાને રાજ–કુવરીના જાજવલ્યમાન ભપકાળાં દેવગિરિના રાજ મહેલમાં જોઇ હતી. પણ રમાદેવી આમ સહસા સાધ્વીનો વેષ કેમ સજે અને આવી અંધારી રાતે એકાકી બદમાસોની પાછળ કેમ ભમે તે તેનાથી ન સમજાયું રમાદેવીએ પણ તેનો કંઇજ ખુલાસો ન કર્યો.

શાબાશ ? મંત્રીશ્વર ? દુનીયાને આમજ છેતરો છો ને ? પેથડકુમારની કલ્પના પણ કામ ન કરે એવો નવોજ અધ્યાય રમાદેવીએ ઉછાળ્યો.

“ આપ શું કહેવા માગો છો ? ” આશ્ચર્યભાવે પેથડ-કુમારે પૂછયું.

“ માંડવગઢના ચૌટે–ચૌટે ને શેરીએ શેરીએ વાતો થાય છે એ બધું ખોટું અને તમે એકલા સાચા, એમજ ને ? ”

“ શાની વાતો ? ”

" બીજી શાની ? આપના દંભની." રમાદેવીએ જરા સખ્તાઇ દાખવી.

" સત્યની પાસે દંભની તાકાત નથી કે ફરકી પણ શકે!" એટલીજ આત્મશ્રદ્ધાથી ઉત્તર વાળ્યો.

" સત્ય શું શબ્દમાં જ સમાઇ જતું હશે કે ?" ધીમેથી કાનમાં કહ્યું. " રાણી લીલાવતી અને તમારો સંબંધ "

અચાનક આભ ટૂટી પડે અને સાથે ધરતી કંપ થાય તેટલો આંચકો પેથડકુમારે અનુભવ્યો. થોડીવાર તો શું કહેવું તે સમજી ન શકયો. એક તો તાજેતરના તોફાને તેને થકવી દીધો હતો અને અધુરામાં પુરૂં આ વિજળીનો આંચકો નસે નસને નીચોવી રહ્યો. આખરે તે બોલ્યો:—

" એ મ્હારી ધર્મની બ્હેન અને હું તેનો ધર્મનો ભાઇ. અને મારે પોતે તમને મારી પવિત્રતાની ખાત્રી આપવી પડશે ? યાદ છે તે દિવસે દેવગિરિના રાજમહેલમાં મને વિનવવા કોણ આવ્યું હતું ? મારા અંતરમાં જો જરીકે પાપને સ્થાન હોત તો શું તે વેળા પ્રગટ થયા વિના રહેત ? "

" તો પછી લોકોને આવી વાતો ઉડાડવાનું શું કારણ ? "

" દુનીયા ઝખ મારે છે. મને એવી વાતો સાંભળવાનો પણ અવકાશ નથી. હું મારૂં આત્મકલ્યાણ વિચારૂં–હજારો પ્રજાજનોના હિતા હિતનો ખ્યાલ રાખું કે લોકોની વાતો સાંભ-

ળવા બેસું ? દુનીયા તો હંમેશા પોતાના જ હૈયાનાં મેલ સામામાં નીરખશે—પોતાના જેવા જ બીજાને ધારશે. પવિત્રતાને ઢાંકીદઇ તેની જગ્યાએ કાળાશ બનાવવી એ તો જીભનો સહજ વેપાર છે." આ ઉદ્‌ગારો આત્માના એટલા ઉંડાણમાંથી નીકળતા હતા કે રમાદેવી મંત્રમુગ્ધ બની સાંભળી રહી.

"મને વાતવાતમાં ખુલાસો કરવાની ટેવ નથી. મારી ઉપર જેને શ્રદ્ધા ન હોય તેને માત્ર વાણીથી શ્રદ્ધા ઉપજાવવાનો વ્યર્થ પ્રયત્ન કરતો નથી. પણ હવે જ્યારે તમે સાંભળવાજ માગો છો અને તમે મારી ઉપર અણીને વખતે ઉપકાર કર્યો છે ત્યારે મારે પણ તમને ખરી વસ્તુસ્થિતિ સમજાવવી પડશે.

રાતા વસ્ત્રનું રહસ્ય મારા સિવાય અને મારી ધર્મપત્નિ પદ્મિની સિવાય બીજું કોઇ નથી જાણતું. એ અજ્ઞાનતાએ જ આ વ્હેમમાં ઘણો ભાગ ભજવ્યો છે. ઘણાને લાગ્યું હશે કે મંત્રીના અ. વસ્ત્રમાં કંઈક અદ્‌ભૂત વશીકરણ હશે—કંઇ મંત્ર-તંત્ર ભર્યા હશે. અને એ વાત સાવ ખોટી છે એમ પણ કેમ કહેવાય ? તમને પોતાને જ, મારી વાત સાંભળ્યા પછી ખાત્રી થશે કે અજ્ઞાન માણસો—રાજા જયસિંહ સુદ્ધાંએ જે કલ્પનાઓ કરી હતી તે કેટલી વિચિત્ર અને અસ્થાને હતી.

ખંભાતમાં ભીખા નામનો એક વહેવારીયો હતો. તેની સંપત્તીનો તો કંઇ હીસાબ જ ન હતો એમ કહું તો ચાલે. તેણે ધર્મભાવથી ઉલ્લાસ પામી સાતસેં સુંદર પરિધાન વસ્ત્રો રંગાવ્યા, અને જૂદા જૂદા શહેરમાં પોતાના સાધર્મી ભાઇ-

ઓને ભેટ મોકલ્યાં. અમારે ત્યાં પણ એજ પ્રકારનું એક વસ્ત્ર આવ્યું. અમે ભારે ધામધુમથી તે વસ્ત્રનું સામૈયું કર્યું અને તેને ઘેર લઇ આવ્યા. "વસ્ત્રનું સામૈયું" એ સાંભળી તમને જરૂર અજાયબી તો થશે. પણ ખંભાતના ભીખા વહેવારીએ પોતાના સદ્‌ગુરૂના ઉપદેશથી ચતુર્થવ્રત ગ્રહણ કર્યું હતું અને એ વ્રતગ્રહણના ઉત્સવ અર્થે જ તેણે આપ્રકારનાં કીમતી વસ્ત્રો દેશદેશાંતરમાં સાધર્મી ભાઇઓને મોકલ્યા હતા. હવે જે વસ્ત્ર એક ચતુર્થવ્રતધારી-સંયમી પુરૂષે મોકલ્યું હોય તે કેટલું પ્રભાવશાળી હોય એની કલ્પના તમે પોતે જ કરી લેશો."

"રાણી લીલાવતીને ઓઢાડેલું વસ્ત્ર તે આજ કે ?" વચમાં જ રમાદેવીએ પ્રશ્ન કર્યો.

"વસ્ત્ર તો એ જ. પણ હજી તેનો ઇતિહાસ બાકી છે. તેને જોયા પછી અમને બન્નેને વિચાર થયો કે આ વસ્ત્ર પહેરવાનો આપણને કંઈ અધિકાર ખરો ? ચતુર્થવ્રતધારીનું વસ્ત્ર પહેરવા જેટલી યોગ્યતા ન કેળવી હોય તો એક ગરીબ માણસ રાજાના જેવો વેષ પહેરે એના જેવું જ વ્યર્થ ગણાય. જેમ વેષ પહેરવાથી માણસ એકદમ રાજા ગણાઇ જતો નથી, વેષની પાછળ સત્તા, બળ, વૈભવ અવશ્ય હોવાં જોઇએ તેમ ચતુર્થવ્રતધારીનું વસ્ત્ર પહેરવા છતાં જો આપણે વ્રતધારી ન બની શકીએ, ચારિત્રને વિશેષ ઉજ્જ્વળ ન રાખી શકીએ તો કેવળ શોભા વધારવા સિવાય તેનો બીજો કંઇ અર્થ ન થાય.

આ પ્રમાણે ખૂબ વિચાર કરી અમે બન્ને જણાએ પતિ

પત્નિએ બીજે જ દિવસે ગુરૂની પાસે જઇ ચતુર્થવ્રત અંગીકાર કર્યું. એ વ્રતના પ્રતાપે એ વસ્ત્રમાં પણ કાંઇક એવું અદ્દભુત સામર્થ્ય પ્રકટયું છે કે એના સ્પર્શ માત્રથી રોગ, ઉપસર્ગ વ્યાધિ સર્વ તત્કાળ શાંત થઇ જાય. લોકો એ વાત શી રીતે સમજે ? તેમને તો સંપૂર્ણ પવિત્ર વહેવારમાં પણ અપવિત્રતાની જ બદબો આવે છે ! પણ મને તેનું મુદ્દલ દુઃખ નથી થતું હું જાણું છું કે ધાર્મિકોની કસોટી હંમેશા એ રીતેજ થતી આવી છે મારી પણ કસોટી તો થવીજ જોઇએ ને ? તમને દૈવી સહાય તરિકે અહીં સુધી લાવવામાં પણ શું એ પવિત્ર વસ્ત્રે ભાગ નથી ભજવ્યો ? ”

સૂર્યનો ઉદય થતાં જેવી રીતે ધૂમસના આવરણ દિગન્તમાં વેરાઇ જાય તેમ રમાદેવીની સઘળી શંકાઓ દૂર થઇ ગઇ.

લીલાવતી અને પેથડકુમારનો સંબંધ કેટલો પવિત્ર છે તેની તેને ખાત્રી થઇ.

“ પણ રાજા પોતે આ ષડયંત્રમાં ભાગ લઇ રહ્યો છે. તમારી ઉપરનો વ્હેમ કંઇ ભયંકર પરિણામ આણશે. ” શાંતિથી રમાદેવીએ સૂચવ્યું.

“ રાજા અન્યાયી બને તો છો બને. ઇશ્વરી ન્યાય તો મારા પક્ષમાંજ રહેવાનો દુનીયાના પામર મનુષ્યોની શા સારૂ બહુ પરવા રાખવી જોઇએ ? ” આત્મશ્રદ્ધાપૂર્વક પેથડકુમારે ઉત્તર આપ્યો.

એટલામાં પક્ષીઓના મંજુલ કલરવ સંભળાયા, મનુષ્યોના પગનો અવાજ પણ સંભળાયો, સોનેરી વાદળીઓ દિશાને રંગી રહી. પેથડકુમારે ધ્યાનપૂર્વક જોયું તો એ વખતે રમાદેવીએ એક સ્વચ્છ શ્વેત વસ્ત્ર પહેર્યું હતું. તેના મ્હોં ઉપર શુચિતાની પવિત્ર આભા વિલસતી હતી. એક વખતની ભભક ભરી રાજકુમારીકા આટલી સાદી–ત્યાગી બને એ દ્રશ્ય જોઇ તેના મનમાં કંઈ કંઇ અવનવા ભાવો સ્ફુર્યા.

"મેં તમારી આ દશા કરી ?" અપરાધીની જેમ પેથડકુમારથી બોલાઇ જવાયું.

"કોઇ કોઇની દશાને પલટી શકે એમ શું તમે માનો છો ? હું એક દિવસના તમારા સ્હેજ પરિચયથી જે શીખી છું, તે જીંદગીભર કદાચ ન શીખી હોત છતા તમે મારી આવી દશા કરી એમ કહેવા કરતાં તમે તો માત્ર નિમિત્ત હતા, વસ્તુતઃ મારા પૂર્વના પુણ્યેજ મને આ દિશા સૂઝાડી છે એમ કહું તો કંઈ ખોટું ખરૂં ?" ગૌરવપૂર્વક રમાદેવીએ કહ્યું.

"પણ આ શુભ પરિવેષમાં જો સંસારની જરિકે વાસના રહી જશે. તો ઉપર આભ અને નીચે ધરતી સિવાય બીજું કોઈ અવલંબન નહીં રહે. હજી વિચારવાનો સમય છે. કઠણ વ્રત લેતાં પહેલાં તેની મુશ્કેલીઓનો વિચાર કરજો. અસિની ધાર ઉપર ચાલવું એ કંઇ જેવી તેવી વાત નથી."

"સંસાર ત્યાગ્યો છે એટલે સંસારની વાસનાઓ મને પજવી શકે તેમ નથી. છતાં જો એવી અણુકલ્પી સ્થિતિ ઉભી

થશે તો જરૂર કોઇ સદ્ગુરૂનું શરણુ શોધીશ. ” સદ્ગુરૂ કહેતાં કહેતાં રમાદેવીના ઓષ્ટ ઉપર હાસ્ય રમી રહ્યું.

“ રાજ્યના વૈભવને જે લાત મારી શકે, ઉછાળા મારતા યૌવનને અંકુશમાં રાખી શકે. અંધારી રાતે કાવતરાખોરોની ખબર લઈ શકે અને એટલું છતાં જળકમળવત્ રહી શકે તેનો ગુરૂ પણ કેટલો સમર્થ હોવો જોઇએ ? ” પેથડકુમારે મૂળ વ તને ઉડાવી.

“ પણ મારે અને તમારે શું ? ” જાણે કંઇક યાદ આ-વ્યું હોય તેમ તે વ્યગ્ર સ્વરોમાં બોલી. “જુઓ, તમે દુનીયાનું કલ્યાણ કરજો જૈન શાસનની પ્રભાવના વિસ્તારજો અને હું કોઈ ન જાણે તેમ મારા દેહનું કલ્યાણ કરીશ, ક્ષત્રીયનું લોહી આ નસોમાં વહે છે એટલે જ્યારે શાંતિથી એક સ્થળે બેસી નહીં શકાય ત્યારે આમ એકાએક ઉતરી આવીશ, એટલું કહીને તે ત્યાંથી સડસડાટ ચાલી નીકળી, પેથડકુમાર તેની પ્રભાવપૂર્વક ગતિ તરફ જોઇ રહ્યો, મહાલય પાસેની વૃક્ષઘટામાં તે અદૃશ્ય થઇ ગઇ.

પેથડકુમારે એક ઉંડો નિશ્વાસ નાખ્યો. એક રાત્રીમાં આ બધું શું બની ગયું તેનો એક પછી એક એમ વિચાર કરવા લાગ્યો. એટલામાં તેની સ્ત્રી પણ ત્યાં આવી પહોંચી. પતિને વિચારમગ્ન જોઇ તે કંઈક પૂછવા જતી હતી, ત્યાં તો નીચે મોટો કોળાહળ થતો હોય એવા ભણકાર આવ્યા. પેથડની વિચારશૃંખલા તૂટી. રાજાના સૈનિકોએ આવીને તેને ઘેરી લીધો.

ગઇ રાત સુધી હજારો નર–નારીઓ ઉપર સત્તા ચલાવનાર મંત્રીની આ દશા જોઇ, તેની સ્રીની આંખમાં આંસુ ઉભરાયા. પેથડે તે હૃદયદ્રાવક દૃશ્ય જોયું. 'ઝાંઝણકુમારને બોલાવીને કહ્યું કે:—“ કોઇ ગભરાશો નહીં. આ તો એક દુઃસ્વપ્ન છે. કાલે સવારે એ સ્વપ્ન ઉડી જશે અને પાછાં આપણે મળીશું. રાજાખટપટમાં ભાગ લેનાર હંમેશા સુખ–શાંતિથી ન રહી શકે, એમ આપણા ગુરૂ મહારાજાએજ ન્હોતું કહ્યું ? ”

રાજખટપટની ઉડતી વાતો પેથડના પુત્રે તેમજ પદ્મિનીએ થોડી થોડી સાંભળી હતી. પણ એ નોબત આટલેસુધી આવશે એમ કોઇએજ ન્હોતું ધાર્યું.

પેથડકુમારને મધ્યમાં રાખી, શસ્રબદ્ધ સૈનિકો ત્યાંથી ચાલી નીકળ્યાં, પદ્મિની, ઝાંઝણકુમાર અને ઘરના દાસ દાસીઓ દિગ્મૂઢ બની આ દશા નીહાળી રહ્યા. શોક અને ગ્લાનીનું ઘમઘોર વાદળ છવાયું.

# પ્રકરણ ૨૩ મું.

## પ્રજાનું તોફાન.

માંડવગઢના રાજમહેલ ઉપર સૂર્યનું પહેલું કીરણ પડ્યું ત્યારે, રાત્રીની બેચિનીથી અસ્વસ્થ બનેલો રાજા વિજયસિંહ પોતાના નિત્યકર્મ પરવારી બેઠો હતો. એટલામાં નીચે મનુષ્યોનો કોળાહળ સંભળાયો.

રાજા અટારી તરફ ફર્યો, માનવનો મહાસાગર ઉલટયો હોય એમ લાગ્યું. સર્વ નાગરિકોના મ્હોં ઉપર ગંભીર ગમગીની અને આક્રોશ તરવરી રહ્યાં હોય એમ તે સ્પષ્ટ જોઇ શક્યો, આટલો કોળાહળ, આટલી ઉશ્કેરણી અને આટલું તોફાન પ્રાતઃકાળ થતાંજ શા સારૂ ?

લગભગ પચાસ જેટલા શસ્ત્રધારી સૈનિકોની વચમાં દેવોના ઇંદ્ર જેવો પેથડકુમાર ગૌરવપૂર્વક ધીમે પગલે ચાલતો એજ અટારીની પાસે નજીક ને નજીક આવતો હતો.

સોમાની છાતી વેંત વેંત ઉછળતી હતી. પેથડકુમારને કેદ કરવાથી જાણે ત્રણભુવનનું રાજ્ય મળી ગયું હોય તેમ તે આનંદ વિહ્વળ બન્યો હતો. પરન્તુ લોકોની મેદનીએ તેને એ આનંદનો પૂરો ઉપભોગ કરવા ન દીધો. આટઆટલી ગુપ્તમંત્રણાથી પ્રપંચના પાસા નાખવા છતાં કોણ જાણે કેમ પણ લોકો બધી વાત કળી ગયા. અને હજી સૂર્યોદય થાય તે પહેલાંજ નાગરિકોનાં ટોળે ટોળા રાજગઢની આસપાસ ફરી વળ્યા.

તેણે વિજયી દૃષ્ટિએ એક વાર મહેલની અટારી તરફ જોયું. રાજા જયસિંહે સોમાને ઓળખ્યો. બન્નેનાં નયન ગુપ્ત ઉદ્દેશથી નાચી રહ્યાં. પેથડકુમારની સામે મીટ માંડીને નીહાળવા જેટલી તાકાત રાજા પોતે આજે ગુમાવી બેઠો હતો તેના અંગે અંગમાં ઝેરનો નીસો હતો. તેણે પેથડકુમાર તરફ વળતી નજરને માંડ માંડ રોકી.

મંત્રીશ્વરે રાજાનો નીસો અવલોકયો. તેણે મેઘગંભીર સ્વરે રાજાને ઉદ્દેશીને કહ્યું:—

“મહારાજ ! સામે આવીને ન્યાય કરો. મ્હોં છુપાવશો, પણ ગેરઇન્સાફ તો હજાર જીભે ગમે ત્યાં પોકારી ઉઠશે–ગેરઇન્સાફ અન્યાય ક્યાંય ઢાંકયો નથી રહ્યો. અને સજાજ કરવી હોય તો સામે ચોગાનમાં આવી, આ હજારો માણસોની મેદની વચ્ચે ખુશીથી સજા ફરમાવો. તમારા ન્યાયદંડમાં કેટલું બળ છે તે એકવાર પ્રજા પણ ભલે જાણી લેતી, મંત્રીની સેવાનો બદલો તો આજે ઠીક મળે છે ! પણ આ ક્ષણિક જીંદગીમાં એવાં હર્ષ શોક ન શોભે ! મને ખેદ થાય છે તે તો એટલાજ પૂરતો કે સોમા જેવો એક અદનો માણુસ મારો ન્યાય તોળી રહ્યો છે !”

“વિશ્વાસનો બદલો વિશ્વાસઘાત રૂપે વાળતાં જો તમને કંઇજ શરમ ન થઇ તો મારે પણ મારો ન્યાયદંડ ઉગામવો જ જોઇએ.” રાજાએ આવેશથી જવાબ આપ્યો.

“વિશ્વાસઘાત ? “સવી જીવ કરૂં શાસનરસી, ઇસી ભાવદયા મન ઉલ્લસી” એ ભાવના જેના લોહીના અણુ–અણુમાં મળી ગઇ હોય તે કોઇ દિવસ વિશ્વાસઘાતનો વિચાર પણ કરે ? મારે જો વિશ્વાસઘાતજ કરવો હોત તો આજે માંડવગઢ એ માંડવગઢ ન હોત, માંડવગઢને બદલે દેવગિરિ કે વિદ્યાપુરનું જ સિંહાસન અહીં કયારનું યે સ્થપાઇ ચુકયું હોત, હું વિશ્વાસઘાત કરૂં ? કોની સારૂ ? સ્વર્ગભુવનના વૈભવ પણ જેને મન તુચ્છ છે તે શું આ લોકની મોહિનીઓ પાછળ

પોતાનો ધર્મ વેચી નાખે ? રાજન્! જરા મનુષ્ય પરીક્ષા કરતા શીખજો. માંડવગઢના કાંગરાં ધર્મથીજ અત્યાર સુધી ટકી રહ્યા છે. અધર્મથી તેને જમીનદોસ્ત થવા દ્યો. પછી ભલે શ્મશાન ભૂમિ જેવી એ રાજધાનીમાં સોમા જેવા પાંખંડીઓ પોતાની સત્તા ચલાવે !" પેથડકુમારનો એક એક શબ્દ એક એક તણખા જેવો હતો. રાજાને તે બાળી રહ્યો હતો, એટલુંજ નહીં પણ પ્રજાનું લોહી પણ ઉકળી રહ્યું હતું.

પ્રજાની દ્રષ્ટિ પણ આજે તો ફરી ગઈ હતી. કેમ જાણે પેથડકુમારજ રાજા હોય અને રાજા વિજયસિંહ તેનો પ્રતિસ્પર્ધી હોય, એક ન્યાયી હોય અને બીજો અન્યાયી હોય એવી મનોદશા વર્ત્તતી હતી.

પણ આ બધી ખટપટનો ઉત્પાદક સોમોજ છે એમ જણાતાં લોકોનો કેટલોક ભાગ તેની તરફ ફર્યો. લાકડીઓ ઉછળી અને કેટલાક પત્થરના ઘા બરાબર સોમાની પાસે આવી પડ્યા. સોમો ગભરાયો. સશસ્ત્ર સૈનિકોને પણ કોની સામે બચાવ કરવાનો હતો તે ન સૂઝ્યું. નાસવા જતાં સોમાની પાઘડી પડી ગઈ. ખેસ લોકોના પગમાં ભરાયો અને તેના લીરે લીરા થઈ ગયા તે પડતો આખડતો માંડમાંડ રાજમહેલમાં જઈ ભરાયો.

પ્રજાના વિપ્લવ પાસે કયો રાજા ધૈર્ય ધરી શકે ? ગમે તેમ પણ પ્રજાની શક્તિ એક પ્રચંડ શક્તિ છે. જ્યાં સુધી તે સુષુપ્ત દશામાં હોય છે ત્યાં સુધીજ રાજાઓ અને અધિકારીઓ

તેનો મનમાનતો ઉપયોગ કરી શકે છે, બાકી એ શક્તિ વિફરે છે ત્યારે વિકરાળ સિંહની માફક તે ઘુરકે છે અને સર્વત્ર ત્રાસ ફેલાવે છે.

વિજયસિંહ દેવ પણ આ દૃશ્ય જોઇ ગભરાયા. જેની સલાહ અને સૂચનાથી તેણે પ્રજામાં નામાંકિતતા મેળવી હતી. તે પૃથ્વીકુમાર તો આજે તેની સામે હતો. કોની સલાહ લેવી અને શો નિર્ણય કરવો તે તેને ન સૂઝયું. તેણે લોકોને શાંત કરવા અવાજ કર્યો:—" બસ. શાંત થાઓ ! "

લોકોએ તે શબ્દો સાંભળ્યા. સર્વેએ ઉંચું જોયું. " સાંભળો, મહારાજા શ્રીની સલાહ સાંભળો ! " એમ કેટલાકો બડબડયા.

" તમે સર્વે અહીં તોફાન કરી, એક રીતે રાજસત્તાનું જ અપમાન કરી રહ્યા છો. મારા દેખતાં મારા માણસનું અપમાન થાય એ મને અસહ્ય છે. છતાં હજીપણ હું તમને માફ કરવા તૈયાર છું; તમે સૌ તમારા સ્થાને ચાલ્યા જાઓ. ન્યાય ચુકવવો એ રાજ્યનું કામ છે. તમારે તેમાં દખલગીરી ન કરવી જોઈએ.

" આ કાવતરાખોર સોગો એ આપનું માણસ અને લોકોના ભલાની ખાતર રાત દિવસ જોતરાં ખેંચનાર આ પેથડકુમાર એ આ રાજ્યનું માણસ નહીં એમજને ? " ટોળામાંથી એક જણે રાજા સામે જવાબ વાળ્યો.

" આટલેથી નહીં સમજો તો, " રાજાએ આગળ

ચલાવ્યું, " તમારાં ઘરબાર લૂંટાશે-છૈયાં છોકરાં રઝળશે અને જાનમાલની બરબાદી થશે. તમારા તોફાનથી કંઇ રાજ-સત્તાનો અચળ ન્યાય નિયમ નહીં ફરે. "

" ઘરબાર લૂંટાય અને મંત્રીશ્વર પેથડકુમાર અન્યાયનો ભોગ થાય એ બેમાંથી જો એકની પસંદગી કરવાની હોય તો અમે સૌ સમસ્વરે કહીએ છીએ કે અમારા ઘરબાર ભલે લૂંટાય-અમારો મંત્રીશ્વર તો અમારી મધ્યમાં જ રહેવો જોઇએ, તેનો એક વાળ સરખો પણ વાંકો ન થવો જોઇએ, મંત્રીશ્વરના પ્રતાપે અમે દેશના ગમે તે ખૂણામાં રહી, ગુમાવેલી સંપત્તિ ફરી મેળવશું. " મેઘગર્જના જેવા પડઘા ચારે કોરથી આવવા લાગ્યા.

રાજાને લાગ્યું કે આવા તોફાન વખતે દલીલો ન હોય. તેણે પોતાના સૈનિકોને આજ્ઞા કરી કે—" ગમે તેમ મારી કુટીને પણ લોકોને વિખેરી નાંખો. "

રાજાનું ફરમાન થતાં સૈનિકો દંડા લઈ ઉતરી પડ્યા. પેથડકુમારે તેમને હાથના ઇસારાથી રોકવા કહ્યું:—" હું તમારો ગઈ કાલનો મંત્રી તમને કહું છું—" શબ્દો અધૂરા રહ્યા. રાજાએ અટારીએથી ઉચાર્યું:—" મંત્રી કોઇ જ નથી -હું તમારો રાજા તમને ફરમાવું છું કે બળજોરીથી પણ લોકોને વિખેરી નાખો. "

" પશુબળ વાપરતાં પ્રજાનો ચિરસ્થાયી પ્રેમ નહીં પાળો, રાજન્ ! જુલમથી પ્રજાની આંતરડી કકળી ઉઠશે—

ઉંડા સંતપ્ત નિઃશ્વાસ છૂટશે અને રાજસિંહાસન તો શું પણ ઇંદ્રાસનને પણ બાળીને ભસ્મ કરવાની શક્તિ એ નિઃશ્વાસમાં છે એ ન ભૂલતા. જેને તમે વિજય માનો છો એ વસ્તુતઃ પરાજય છે. " પોતાનો જીવન સિદ્ધાંત મંત્રીશ્વરે ફરી વ્યક્ત કર્યો. રાજાએ મંત્રી તરફ માથું ધુણાવી એક ખૂની નજર નાખી.

" પ્રેમ અને પશુબલના સિદ્ધાંત તો હવે સ્વર્ગે જઇને ત્યાંના દેવોને સંભળાવજો. માનવી ધોરણ કેટલા સખત હોય છે તે હવે જોશો, મંત્રીશ્વર ! "

એક તરફ સૈનિકો ડંડા લઇને ઘુમવા લાગ્યા, અને બીજી તરફ રાજા તથા મંત્રી એ દેખાવ શાંતિથી જોઇ રહ્યા. કેટલાકોને ડંડાના ઘા લાગ્યા, તેઓ લોહીલુહાણ બની ઘર તરફ નાઠા. કેટલાકોએ દૂરથી પત્થર નાંખ્યા, કેટલાકોએ ન બોલવાના શબ્દો બોલી પોતાનો ક્રોધ ઠલવ્યો. પણ અવ્યવસ્થિત ટોળું રાજાના વ્યવસ્થિત બળ પાસે વિજય મેળવે એ સાવ અશક્ય ઠર્યું.

" સોમા ? હવે મને ક્યાં લઇ જવાનો છે ? " પેથડકુમારે ઠંડે કલેજે પૂછ્યું.

કંઇ પણ સીધો ઉત્તર આપવાને બદલે સોમાના માણસો, ઇસારા માત્રથી પેથડકુમારને રાજમાર્ગ ઉપર થઇ લઇ ચાલ્યા.

થોડે દૂર જતાં રાણી લીલાવતીનો મહેલ આવ્યો. લોકોનો ભારે કોળાહળ સાંભળી તે અશક્ત હોવા છતાં માંડ

માંડ ઝરૂખામાં આવીને ઉભી હતી. પેથડકુમાર મંત્રીશ્વરને કેદ થએલો જોઇ તેના આશ્ચર્યનો પાર ન રહ્યો. તેની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. મંત્રીશ્વરે તે શોકવિહ્‌વળતા દૂરથી નિહાળી.

બ્હેન? વીરાને વળાવતી વખતે આંસુ ન શોભે ! માંડવગઢની મહત્તાનો મેં દેશભરમાં ડંકો બજાવ્યો છે ! હવે કંઈ ખાસ કર્તવ્ય કરવાનું નથી રહ્યું. જીવનની ઝાઝી દરકાર કોઇ દિવસ કરી નથી અને આજે પણ નથી કરતો. વિધિના અન્યાય સહી સહીને જેણે જીવનની મોજ, લુંટી હોય તેને પામર મનુષ્યનો અન્યાય શું કરી શકવાનો હતો ? ધર્મ-કર્તવ્યમાં કોઇ દિવસ પણ પ્રમાદ ન કરશો. આ ભાઇને ભુલી જજો. જન્મ મૃત્યુની અનંત ઘટમાળમાં કોણ જાણે કેટલાંયે ભાઈ-બ્હેનનાં સગપણ ભૂલી ગયા હઈશું. આ એક સ્નેહસંબંધ ભૂલવામાં આટલો બધો વલોપાત શા સારૂ ? ”

રાજાએ દૂર રાણી લીલાવતી અને પેથડકુમારને વાત કરતા જોયા. તેનો વ્હેમ વધુ મજબુત થયો. તેની આંખમાંથી અંગાર વરસ્યા. નીચ ! કુલટા ! ” એવા શબ્દો આપોઆપ તેના મુખમાંથી સરી પડ્યા.

આખરે મંત્રીશ્વર બંદિવાન બન્યો. રાણી લીલાવતી દુઃખથી બેભાન બની શય્યાવશ થઇ. રાજાનું ચિત્ત પણ સ્વસ્થ ન હતું. લોકોની મેદની વીખરાવા છતાં તે લોકલાગણીના જ વિચારોમાં અત્યારે તલ્લીન હતો.

એટલામાં કોઈનાં પગલાં સંભળાયા. તે સ્વસ્થ થયો.

" કોણ ? સોમો ? "

" હા, ધર્માવતાર ! " સોમો રાજાની સામે બેઠો.

" શું કર્યું એ વિશ્વાસઘાતકનું ? લીલાવતીના દેહ ઉપરનું પેલું લાલ વસ્ત્ર મારી નજર આગળ રમી રહ્યું છે અને અંતરમાં સેંકડો વીંછીના દંશની વેદના પ્રકટાવી રહ્યું છે ! "

" હું એ સ્થિતિ બરાબર સમજું છું, અન્નદાતા ! પેલી દાનશાળા પાસેના ગુપ્ત ગૃહમાં મંત્રીશ્વરને એવી રીતે પૂર્યા છે કે પવન પણ તેમનો પત્તો ન મેળવી શકે. "

" પણ જોજે હો, સોમા ? આખી પ્રજા તેને ચાહે છે. રાજના ઘણા નોકરો પણ તેને દેવતુલ્ય માને છે. ત્યાંથી કોઈ તેને છટકાવી ન દે એટલો જાપતો રખાવજે ! "

" સોમાને ભલામણ ન હોય. " હર્ષાવેષમાં સોમો બોલ્યો.

" પણ બાપુ—" જયસિંહ સોમા તરફ જોઇ રહ્યા. " આ રાણીજી અહીં હશે ત્યાં સુધી ચોવીસે ચોવીસ કલાક તોફાનની બીક રહેવાની. એ જરૂર મંત્રીને નસાડવા કાવતરૂં રચશે. તેને કાન્યકુબ્જના માણસોની મદદ છે. આપનો શો મત છે ? "

" એ ચિંતા મને પોતાને છે. તું એટલું કર, આપણા રાજવૈદ્યને બોલાવી લાવ ! "

થોડી વારે વૃદ્ધ રાજવૈદ્ય પધાર્યા. તેમની સાથે વાતનો

પ્રસંગ કાઢવાની રાજાજી તજવીજ કરતા હતા એટલામાં એક દાસીએ કહ્યું:—રાણીજીની મૂર્છા કેમે કરતાં વળતી નથી. ”

“ ઠીક. તું જા. વૈદ્યરાજ દવા મોકલે છે. ” રાજાએ સખ્તાઇથી જવાબ આપ્યો.

વૈદ્યરાજને સંબોધીને રાજાએ કહેવા માંડયું:—“ રાજ-વટ કેવી હોય છે તે તમે જાણો છો. રાણી લીલાવતી એ મારા હૈયામાં શૂળની જેમ ખુંચી રહી છે. પણ મારે બહુ નિર્દય થવું નહીં પોસાય—” પછીના શબ્દો બહુજ આસ્તેથી રાજાએ વૈદ્યરાજના કાનમાં કહ્યા.

“ બરાબર, બાપુ ! એક દિવસ બેભાન રહે એવી દવા હમણાંજ મોકલું છું. ” એટલું કહી વૈદ્યરાજ ધીમી ગતિએ ઘર તરફ વિદાય થયા.

યથાવસરે દવાનું પડીકું આવ્યું. સોમાએ કહ્યું:—“ આ પડીકું માત્ર સુંઘાડવા પૂરતું છે. ”

રાજાએ એ દવાનો પ્રયોગ કરવામાં વિલંબ ન કર્યો. ને રાણી પાસે આવ્યો. પેલું રંગીન વસ્ત્ર પહેલા કરતાં સહસ્ત્ર-ગણી અધિક મમતાથી રાણીને વળગીને રહ્યું હતું. તે જોતાં જ રાજાની આંખમાં ખુન ભરાયું. મંત્રીશ્વર અને રાણી વચ્ચેનો, તાજો વાર્ત્તાલાપ તેને યાદ આવ્યો. “ કંઈ હરકત નહીં–બન્ને કાંટા આવતી કાલે ઉખડી જશે. ” ધીમે ધીમે શુદ્ધિમાં આવતી રાણીને રાજાએ પોતે પેલું પડીકું સુંઘાડયું. રાણી સર્વ સુખ--દુ:ખ ભૂલી ઘસઘસાટ નિદ્રામાં પડી.

લગભગ અર્ધ રાત્રી વીત્યા પછી, રાજગઢની પાછલી ગુપ્ત બારી ઉઘડી. કાળા પોશાકમાં સજ્જ થયેલા ચાર માણસો એક પાલખી ઉપાડીને બ્હાર આવ્યા.

“ જો જો જરિકે અવાજ કે ગરબડ ન થાય. સવાર થતા સુધી તો બધું કામ ખલાસ થઇ જવું જોઇએ. દાનશાળા પાસેના જંગલમાં જ વિધિ કરી વાળજો. ” એટલું કહી એક માણસ પાછો રાજગઢમાં ગયો. બારી દેવાઇ. પાલખીવાળાઓ પાલખીને ઉપાડી જંગલ તરફ ચાલ્યા. બધે સૂમસામ હતું. ચંદ્રે પણ વાદળમાં પોતાનું મુખ છુપાવ્યું હતું.

# પ્રકરણ ૨૪ મું.

## મારાઓ પોતે જ મરે છે ?

માંડવગઢમાં જ્યારથી ઉત્પાત મચ્યો છે ત્યારથી એક ગાંડી જેવી જોગિણી લોકોને અવારનવાર દર્શન આપે છે. કોઇવાર રાજમહેલમાં તો કોઇવાર દાનશાળા પાસેના ગાઢ અરણ્યમાં, કોઇવાર દુકાનને ઓટલે તો કોઇવાર અતિથિઓને ઉતરવાની ધર્મશાળામાં તે ફરતી જોવામાં આવે છે. લોકો કહે છે કે તે નરાતમ ગાંડી જ હોવી જોઇએ. જેને કંઇ ઉદ્દેશ ન હોય, કંઇ ચોક્કસ પ્રવૃત્તિ ન હોય, જેને ખાવા-પીવાનું કે હરવા-ફરવાનું પણ ભાન ન હોય તેને ગાંડપણ સિવાય બીજું

હોય પણ શું ? તેનાં વસ્ત્ર અને રૂપરંગ પણ રોજ નવાં–નવાં. કોઇદિવસ ચિંથરેહાલ એકાદવસ્ત્ર ધારણ કરે તો વળી કોઈ દિવસ એક સ્વચ્છ વસ્ત્ર પહેરે, અને કોઇવાર માત્ર કાળી કામળી ઓઢીને જ સરીયામ માર્ગ ઉપર ઉતાવળે પગલે દોડતી જણાય ! સમયમાં પણ તે તેવું જ ગાંડપણ બતાવે છે. એકાદવાર મધ્ય રાત્રીએ એક લતામાંથી બીજા લતામાં દોડતી દેખાય તો વળી કોઈ દિવસ મધ્યાન્હના ઉગ્ર તાપ નીચે પોતાની કાયાને તપાવતી બેઠી હોય. તે આખે શરીરે ભસ્મ ચોળે છે. હાથમાંનું ત્રિશૂળ તો ઘડીવાર પણ રેઢું મૂકતી નથી. જાણે ત્રિશૂળ જ સર્વસ્વ હોય તેમ જીવની પેઠે જાળવે છે. મ્હોંને કોઇવાર કાળા કોલસાથી રંગે છે તો કોઇવાર માત્ર ભસ્મથી આચ્છાદિત કરી રાખે છે. ખડખડાટ અટ્ટહાસ્ય અને વ્યગ્રતા એ તેનાં વિશિષ્ઠ લક્ષણો બન્યા છે એવો સામાન્ય લોકમત છે. તે ક્યાંઇ ઘડીવાર જંપીને બેસતી નથી; અને બેસવુ જ હોય ત્યારે તે દૂરના એકાંત-નિર્જન અરણ્યપ્રદેશમાં ચાલી જાય છે. તે ક્યાં ખાય છે–ક્યાં પાણી પીવે છે તે પણ કદાચ બહુ ઓછા જણ જાણતા હશે. તે વાયુની જેમ અપ્રતિબદ્ધ વિહારી છે–તેને ક્યાંઇ જવામાં સંકોચ નથી. સૌ કોઇ તેની સામે જોઇ રહે છે. લોકોને ઘડીવાર વિચિત્ર પ્રકારનો વિનોદ મળે છે. અંતઃપુરમાં પણ તેને નિષેધ નથી. ગાંડાં માણસોને તે વળી વિધિ-નિષેધ શાં ?

પેથડકુમારને બંદીખાને નાખ્યા પછી કંઇક અણધાર્યો ઉત્પાત થવો જોઇએ એમ આ જોગણ મનમાં ધારી બેઠી હતી.

એવામાં એક રાત્રીએ રાજમહેલની પાછલી બારીએથી એક એક પાલખી જતી તેના જોવામાં આવી.

તે પાલખીની પાછળ ધીમે પગલે ચાલી. આખું માંડવગઢ નિદ્રાની મોહિનીમાં ચકચુર હતું. બીજી તરફ નિશાદેવી પોતાની રમણીયતાના ભંડાર વિશ્વના ખોળે ઠલવી રહી હતી. રસિકો કહે છે કે નિસ્તબ્ધ રાત્રીના જેવી એકધારી ને શાંત રમણીયતાના સંસારની બીજી કોઇ વસ્તુમાં નથી. છતાં આજ સુધીમાં જેટલાં કાવતરાંઓ-ખુનામરકીઓ અને વધ થયાં છે તે મ્હોટેભાગે રાત્રીને વિષે જ થયાં છે. કુદરતે આપેલી રમણીયતાનો દુષ્ટ મનુષ્યો કેવો દુરૂપયોગ કરે છે ?

પાલખી ઉપાડનારાઓ શહેરની સીમા ઓળંગી આગળ ચાલ્યા. ધીમે ધીમે તેઓ એક ગાઢ વનમાં દાખલ થયા. જોગિણીએ ધારીને જોયું તો દાનશાળા પાસેનું પરિચિત જંગલ તે આજ હોય એમ લાગ્યું.

જંગલમાં થોડે દૂર ગયા પછી એક જણ એકાએક બોલી ઉઠ્યો:—" સબૂર ! પાલખી નીચે મૂકો. કોઇના પગલાંનો અવાજ આવતો હોય તેમ જણાય છે. " એક તો ચારે જણા થાકી ગયા હતા અને તેમાં આ બ્હાનું મળ્યું એટલે તેમણે જાળવીને પાલખી નીચે ઉતારી સૌએ ચારે દિશામાં દૂર દૂર જોવાનો પ્રયત્ન કર્યો. " આ તો જંગલ કહેવાય ! અહીંઆ તો દિવસે પણ માણસ આવતાં ભય પામે. હશે કોઇ વનચર પશુ-પંખી. પણ ચાલો આપણે જરા ચલમ-બલમ પી લઇએ. " એક જણ બોલ્યો.

બીજાએ ચકમક સળગાવી દેવતા પાડ્યો અને ચલમનો ધૂમાડો તેમના કાળાં કર્મની શાક્ષી પૂરવા ઉર્ધ્વલોકમાં દોડ્યો.

વિચિત્ર વેષધારી યોગિની એક ઝાડની ઓથે સંતાઈને બેઠી. હવે તે નિશ્ચિંત બની હતી. આ જંગલમાં તે પોતાનું બળ બતાવી શકશે એવી શ્રદ્ધા જાગી. પણ અત્યારે તો કંઈક જૂદા જ પ્રકારના તર્ક વિતર્ક તેના મનને બેચેન બનાવી રહ્યા હતા. હાથમાંનું ત્રીશૂલ પગ પાસે મૂકી, એકવાર તેની સામે નીહાળ્યું. હાથના કાંડા મસળ્યા. વળી તે સ્વસ્થ બની વિચાર કરવા લાગી:—

" આ પાલખીમાં રાણી લીલાવતી સિવાય બીજું કોઈ હોય એ છેક અસંભવિત છે. જેવો રોષ પૃથ્વીકુમાર ઉપર તેવો જ રોષ આ રાણીજી ઉપર પણ ઢળ્યો હશે. મંત્રીશ્વરને કેદમાં પૂરવા સિવાય બીજી સજા ન કરી શકયો. પણ પોતાની સુખ–દુ:ખની સાથી–પોતાની એક વખતની પ્રિયતમાને તે આજે યમલોકમાં મોકલવા તૈયાર થયો છે. અરેરે! નારી જાતિ કેટલી દીન છે? એકવાર તેની પાસે નિરાંતે બેસી ખુલાસો મેળવવાની પણ રાજા તકલીફ નથી લેતો. પુરૂષની સ્હેજ શંકા માત્રનું બલિદાન સ્ત્રીએ થવું જ જોઈએ એ અધિકાર પુરૂષને કોણે આપ્યો હશે? નિર્બળો ઉપર સબળનો જુલમ આમ કયાં સુધી વર્ત્તશે? સબળ પોતે નથી સમજતો કે તેની એજ સબળતા એક વખતે તેને પોતાનો જ નાશ કરાવશે. "

વળી વિચારમાળાના મણકા પલટાયા. " રાણી લીલા-

વતી જ જો પાલખીમાં હોય તો તે આટલે દૂર આવ્યા પછી કાં મારાઓની સામે પોતાનો વિરોધ ન દર્શાવે ? કાં તે અઘટિત જુલમ આમ મુંગે મ્હોઢે સહન કરી લે ? ત્યારે શું તે ખરેખર બોલવાને જ અસમર્થ હશે કે જાણીબુઝીને તે મરવા તૈયાર થઇ હશે ? જો તે સાવધ હોય તો છેલ્લે મરતાં પહેલાં એકવાર પાલખીની બ્હાર મ્હોઢું કાઢી, સૃષ્ટિના સૌંદર્યનું પાન કર્યા વિના ન રહે. અંતિમ શય્યા ઉપર તરફડતું પ્રાણી પણ એકવાર તો મરતાં પહેલાં આકાશ સામે નીહાળી લે છે અને પછી જ પોતાના પ્રાણ છોડે છે. લીલાવતી જો સાવધ–જાગૃત હોય તો જરૂર એવો પ્રયત્ન કર્યા વિના ન રહે. ઘણું કરીને એ શંકાશીલ રાજાએ તેને પ્રથમથી જ બેશુદ્ધ બનાવી દીધી હશે. ” આવા આવા અનેક તર્કો એ યોગિનીના દીલમાં આવ્યા અને પસાર થઈ ગયા.

એટલામાં પેલા પાલખી ઉપાડનારા મારાઓને અંદર અંદર કંઇક વાતો કરતાં સાંભળ્યા. યોગિનીએ તે તરફ કાન માંડ્યા:—

“ અલ્યા ! આપણે આટલે સુધી આવ્યા તો ખરા, પણ રાજમાતાનો વધ આ હાથથી શી રીતે થઇ શકશે ? ”

“ ખરૂં પૂછો તો મને પણ એજ વિચાર આવે છે. ક્યા ભવ સારૂ આ પાપનાં ભાતાં બાંધવાં ? બહુ બહુ તો રાજા હદમાંથી કાઢી મૂકશે. એથી વધુ તે શું કરી શકે એમ છે ? કાઢી મૂકશે તો બીજા કોઈ રાજ્યની ઓથ શોધશું. પણ કુમળી

કળી જેવી રાણી ઉપર આ હાથ તો ન જ ઉપડે ! ” બીજાએ અનુમોદન આપ્યું.

“ નીમકહરામ ? જો એટલી તાકાત ન્હોતી તો શા સારૂ અમારી સાથે આવ્યો ? ઝખ મારવા ? આટલે સુધી આવીને ફરી જાય છે ? શરમ નથી આવતી ? ” મારાઓનો વડો ઉછળતા હૈયે બડબડયો.

ચલમ ચલમને ઠેકાણે રહી અને વાતવાતમાંથી ગાળાગાળી ઉપર ચડયા હકીકત એવી હતી કે એક મુખ્ય માણસ સિવાય બીજા ત્રણ જણ રાણીની હત્યા કરવા ખુશી ન હતા. તેમના દીલમાં માનવદયા સ્ફુરી રહી હતી એમ પણ કહેવાનો અમારો આશય નથી. તેમણે આજ સુધીમાં આવા કેટલાયે માણસોને લીલામાત્રથી સ્વધામ પહોંચાડી દીધા હતા, દયાના અંકુર જેવી કોઈ વસ્તુ એ કઠિન કાળજામાં ન હતી. પણ આ વધ તો સૌ કરતાં જુદા જ પ્રકારનો હતો. એક રાજમાતા મૂર્ચ્છિત અવસ્થામાં તેમની સામે પડી હતી. રાજા અન્યાય કરતો હતો અને સમસ્ત માંડવગઢની પ્રજા છંછેડાયેલી હતી એ પણ તેઓ જાણતા હતા વળી રાજમાતાએ કંઇ ભયંકર અપરાધ કર્યો હોય અને અપરાધની શીક્ષા તરીકે આ સજા થતી હોય એમ પણ માની શકયા ન હતા. પત્થર એતો પાણીને સ્થાન હોય છતાં આજે પાષાણને ભેદી કરૂણાનું પાણી વહી નીકળ્યું. પત્થર જેવા કઠિન હૈયાં કોઈ કોઇ વાર કેવા પીગળે છે તે આજના તેમના વહેવાર ઉપરથી જણાયું

જોગિનીએ માર્ગમાં બે–ત્રણવાર આ મારાઓ ઉપર અચાનક હલ્લો લઈ જવાનો અને ત્રિશુલથી વીંધી નાંખવાનો વિચાર કર્યો હતો. પણ નિષ્ફળતાના વિચારે એની હિમ્મત ન ચાલી. તેણીએ મારાઓની અંદરનો આ કજીયો કાન દઈને સાંભળ્યો.

રાણી લીલાવતીનું પણ ઘેન હવે ધીમે ધીમે ઉતરવા લાગ્યું. મારાઓની ગરબડ સાંભળી તે ચમકી આસપાસ જોયું તો પોતે રાજ મહેલમાં નહીં, પણ એક પાલખીમાં હોય એમ જણાયું પડદો સ્હેજ ઉચકી નીરખ્યું તો આ બધો શો ભેદ હતો તે સ્પષ્ટ થયું વગર બોલ્યે તે છાનીમાની પડી રહી.

" પણ અલ્યા શામળા ! રાણી અને મંત્રીશ્વર વચ્ચેનો સંબંધ કંઇ ખબર છે ? "

" હેં હરામખોર ! ધર્મના થાંભલા જેવા પેથડ ઉપર આળ ચડાવતાં તારી જીભ નથી કપાઈ જતી ? "

" કાનને દોષ છે. બાકી તો માતા મેલડી સૌની ખબર લેશે. "

" ખરેખર ધરતીમાંથી ધરમ ગયો. છળકપટ વધી પડયા.

આજ કાલનો પેલો સોમલો ધણીરણી અને આપણે તેના કહેવાથી આ પાપ કરવાં ! ભગવાન્ પૂછશે ત્યારે શું મ્હોં દેખાડશું ? "

રાણીએ સૂતાં સૂતાં આ વાતચીત સાંભળી પાલખીમાં

પડી રહેવું તેને ઠીક ન લાગ્યું તેણીએ જાળવીને પડદાના બે છેડા હાથથી વાળ્યા અને બ્હાર નીકળવાનો ઉપક્રમ કર્યો. રાણીને બ્હાર નીકળતી જોઈ ચારે જણા ગભરાયા. હજી તેઓ કાંઇ નિર્ણય કરી શકયા ન્હોતા.

“ તમે કોણ છો ? ” રાણીએ વાતની શરૂઆત કરવા પૂછયું.

“ માડી ! તારા દીકરા ! ” એકે જવાબ આપ્યો.

તરતજ મુખ્ય માણસે હાથમાં તલવાર લીધી. તેને લાગ્યું કે હવે વિલંબ કરવાથી બાજી બગડશે “ દીકરા ” શબ્દ સાંભળી રાણીને પણ થયું કે “ રાત દિવસ હિંસા કરનારાઓના હૈયામાં પણ કેટલી દયા–માયા છે ? આ પ્રસંગ ન મળ્યો હોત તો આ ઘાતકીનાં હૈયાં કયારે વાંચત ? ” પણ એ તો રાણીજીની ચોકખી ભૂલ હતી બધાજ કંઈ રાણીને માતા માનનાર ન હતા મુખી તો રાજાની પાસેથી ઈનામ લેવાની આશાએ તલપાપડ થઇ રહ્યો હતો.

“ ભાઇ ! ગભરાશો નહીં તમે તમારો ધર્મ બજાવો રાજાનો ક્રોધ જો મારા ખુનથી જ શાંત થાય એમ હોય તો આ દેહ પણ એમનોજ છે. ”

ચારે જણાં રાણી સામે તાકી રહ્યા મૃત્યુની છેલ્લી ઘડીઓ ગણાતી હોય તે વખતે પણ આટલી શાંતિ અને આટલું ધૈર્ય ! તેમના જીવનમાં આ પ્રસંગ અપૂર્વ હતો.

ઘણાએ રોતા–કકળતાં–તરફડતાં પ્રાણીઓનાં વધ તેઓ કરી ચુકયાં હતાં. આટલી દ્રઢતાથી શરણે થનાર તો આ રાણી પહેલ વહેલી જ હતી.

"ખુશીથી તું તારૂં ખડગ ચલાવ! વ્હેમી સંસારની જુઠી જંજાળમાંથી મને છોડાવ!" રાણીએ છેલ્લો હૂકમ સંભળાવી દીધો.

મુખી તલવાર લઇને આગળ આવ્યો. "રહેવા દેજે હો!" બીજો બૂમ પાડી બોલ્યો. ત્રીજાએ કેડમાંથી એક ખંજર કાઢયું.

"પહેલાં તો આનું જ કાસળ કાઢવા દે" એમ કહી મુખી પેલા આડે આવનારની સામે ઉછળ્યો. કોણ કોને મદદ કરે છે તે સમજવું મુશ્કેલ હતું. ચારે જણા અંદર અંદર ઘવાવા લાગ્યાં. પોતાને મારી નાખવા આવનાર આ મારાઓને લોહી લુહાણ થતા જોઇ રાણીનું હૃદય વલોવાયું.

"કેવી અણધારી ઘટના?" એમ કહેતા પેલી જોગિના એકદમ ઉભી થઇ અને રાણી પાસે આવી.

"તમે જરીકે મુંઝાશો નહીં, હું મંત્રીશ્વર પૃથ્વીકુમાર અને તમને બરાબર ઓળખું છું. જો કુદરતે સહાય ન કરી હોત તો આ તોફાન મારે જાતે ઉપજાવવું પડત." થોડા સમયમાં બની શકે તેટલો ખુલાસો કરી નાખવાના હેતુથી, જોગિનીએ આ શબ્દ ઉચ્ચાર્યા.

પૃથ્વીકુમારનું નામ એક જોગિની પણ જાણે છે અને વળી તેના પ્રત્યેના સ્નેહની ખાતર કંઇક તોફાન મચાવવા માગતી હતી એ જાણી રાણીને આશ્ચર્ય થાય એ સ્વાભાવિક છે. તેનાથી સહેજે પૂછાઇ જવાયું:—"તમે મંત્રીશ્વરને શી રીતે ઓળખી શકયા ?"

"એ બધી વાત કહેવાનો અત્યારે સમય નથી. આ મારાઓ જોકે અત્યારે પોતાનાજ પાપે અહીં મરવા પડયા છે, પણ કોઇ સાંભળી જાય અને વાતને લઇ જાય એ ઠીક નહીં, બધો ખુલાસો આપોઆપ થઇ જશે." જોગિનીએ તત્કાળ ટુંકમાંજ જવાબ આપી દીધો.

"પતિની અપ્રસન્નતા પછી જીવવું એ કરતા આ જંગલમાં જ વન્ય પશુઓના ભોગ થવું શું ખોટું ?" રાણીએ પ્રશ્ન કર્યો.

"તમારી પવિત્રતા પોતેજ તમને જીવાડવા વાંછતી હોય એમ હજી પણ તમને નથી લાગતું ? હજારોના પ્રાણ લઇ લઇને મસ્ત બનેલા આ ખુંટીયાઓ અંદર અંદર નજીવા કારણે કપાઇ મરે એમાં તમારા પુણ્યબળનો કંઇજ સંકેત નહીં હોય ?"

"પણ મારાથી વધુ ચાલી શકાય એમ નથી. અને કદાચ ચાલુ તો પણ મારૂં રક્ષણ તમને ભારે થઇ પડે."

"એ ચિંતા મારે કરવાના છે તમારે તો માત્ર સ્હેજ ચાલવું અને મારી સૂચનાને અનુસરવું બીજી જોગણોની જેમ

મને પામર ન સમજતા હું પણ તમારા જેવીજ એક રાજ-કુમારિકા છું માત્ર પૃથ્વીકુમારના થોડાજ પરિચયે મને ઘેલી બનાવી મૂકી છું પણ એ બધું અત્યારે નહીં કહું. ”

જોગિનીના ઉત્તેજનથી રાણી લીલાવતી પાલખીમાંથી બેઠી થઇ બ્હાર આવી, એ વખતે અરૂણોદય થઇ ચુકયો હતો. પગલે પગલે પકડાવાની ધાસ્તી હતી, જોગિના રાણી લીલા-વતીને પાસેની દાનશાળાના એક ગૃહમાં લઇ ગઇ. રખેવાળે આ દેખાવ જોયો પણ તેને કંઇ શંકા ન થઈ.

એક દિવસ એમને એમ પસાર થઇ ગયો. સાંઝે જોગિના દાનશાળામાં આવી. સાથે થોડાં મેલાં જેવા કેટલાંક વસ્ત્ર પણ લઈ આવી હતી.

“ તમારે આ વસ્ત્ર પહેરવાં પડશે. ” જોગિનીએ લીલા-વતીને ઉદ્દેશીને કહ્યું.

“ શા સારૂ ? ”

“ એક નાટય પ્રયોગ ભજવવો છે તેટલા સારૂ સ્હેજ મસ્તી કરતા જોગિણીએ ઉત્તર આપ્યો.

“ પ્રયોગ કોને બતાવવાનો છે ? ”

“ તમારા વ્હેમી પતિદેવને–બાજા કોને ? ”

“ મશ્કરી જવા દો. ખરી વાત કહી નાંખો. ”

“ ત્યારે ખરી વાત તો એ છે કે તમારે તમારાં આ

વસ્ત્ર બદલી નાખી, માંડવગઢમાં આવવું પડશે. સાંઝને હવે બહુવાર નથી, પછી તો માંડવગઢના દરવાજા પણ દેવાઇ જશે."

મંત્રથી મુગ્ધ બનેલા બાળકની જેમ રાણી લીલાવતીએ એકદમ પહેરવેશ પલટાવ્યો અને કોઇને જાણ ન થાય એમ તેઓ બન્ને મંત્રીશ્વરની પત્ની અને તેના પરિવારની મધ્યમાં આવી રહ્યા, પેથડકુમારની સ્ત્રી અને પુત્ર ઝાંઝણકુમાર આ અણધારી ઘટના સાંભળી ખુબ સંતુષ્ઠ થયાં, પુણ્યના–પવિત્રતાનો મહિમા વધુ સ્પષ્ટતાથી સમજાયો.

# પ્રકરણ ૨૫ મું.

## ગાંડો હાથી.

બબ્બે દિવસ થયાં આજે રાજા અને પ્રજામાં ગંભીર ગમગીની છવાઇ છે–કોઇના જીવને નિરાંત નથી. એક પેથડકુમાર બંદીવાન બનતાં જાણે સમગ્ર માંડવગઢ મલીન બની ગયું હોય તેમ નિસ્તેજ દેખાય છે. જયાં જુઓ ત્યાં એક પેથડકુમારનાં પરાક્રમો અને તેની રાજભક્તિનાં જ યશોગાન ગવાઇ રહ્યાં છે. આવા હિતૈષી મંત્રીને બંદિવાન બનાવવા બદલ પ્રજાજનો રાજાને અપરાધી માને છે. બીજી તરફ રાજા જયસિંહદેવ પણ કંઈ સુખ–શાંતિ નથી માણતો. આ બધું શું થઈ ગયું અને હવે શું થશે તેની ચિંતાએ તેની ઉંઘ–ભુખ–

તરસ છીનવી લીધી છે. રાજમહેલ તેને સૂનાસૂના લાગે છે. પ્રજાનો શાંત બળવો તેને સાલે છે. મંત્રીશ્વર વિનાની કચેરી તેને જડવત્ લાગે છે. પોતાના પ્રકાશથી આસપાસના મણિને તેજ પૂરનાર હીરો અદૃશ્ય થાય અને મણી ઝાંખા પડી જાય તેમ રાજસભા અને રાજગઢ પણ દૈવત વિનાનાં બની ગયાં છે. આવી સ્થિતિમાં રાજાના અંતરમાં પશ્ચાત્તાપના અગ્નિ સીવાય બીજું શું સંભવે ?

પણ હજી તેને પોતાની ભૂલ નથી સૂઝી. તે માને છે કે જે કર્યા વિના ન ચાલે તેજ કરવું પડયું છે, છતાં આમાં કઈંક ઉતાવળ થઇ છે, ન માનવાનું માની લીધું છે એ પ્રકારના પ્રછન્ન વદના, તેના રોમેરોમમાં વીંછીના દંશની વેદના જગાડે છે.

કમનસીબે બે દિવસ થયાં પેલા મારાઓ પણ પાછા ફર્યા નથી. લીલાવતીના પ્રાણ કઈ રીતે નીકળ્યાં હશે—છેલ્લી ઘડીએ તેના ચિત્તમાં કેવો વલોપાત થયો હશે એ વિચાર આવતાં રાજાની આંખ આડે અંધકાર ફરી વળે છે. લીલાવતીનાં જુનાં પ્રણયપ્રસંગો તેની સ્મૃતિએ ચડે છે અને તેનું હૈયું ભરાઈ આવે છે. પણ ખરેખર આખરે એ વિશુદ્ધ હૃદયા પણ કલંકિની નીકળી—વિશ્વાસઘાતક નીવડી એમ સમજી તે પોતાના મનને સ્વસ્થ બનાવે છે.

અને પેલો મંત્રીશ્વર ? કોણ જાણે તેણે એ લાલ વસ્ત્રમાં એવી તે કઈ ભુરકી નાખી કે રાણી લીલાવતી પોતાના રોગ-શોક ભૂલા ગઇ અને મંત્રાને જ ઝાંખી રહા ! કેવા પ્રપંચ ! કેવી જાદુગરી ?

એટલામાં હાથીશાળામાંથી એક મદોન્મત્ત હાથી ગાંડો બનીને નાઠો છે એવી બૂમ સંભળાઇ. ચોતરફ કીકીયારી અને નાશભાગનો શોરબકોર મચી રહ્યો. રાજા પોતાની વિચાર-નિદ્રામાંથી જાગૃત થયો. પાસેના એક અનુચરને કહ્યું—"જાઓ, તપાસ કરો અને ગાંડા હાથીને પહેલી તકે પકડવાનો પ્રબંધ કરો."

અનુચર રવાના થયો. પણ તરતજ તેણે પાછા વળીને સમાચાર આપ્યા કે "ગાંડા હાથીના ભયથી રાજગઢનાં દરવાજા પણ ઉઘાડવાની કોઇની હિમ્મત ચાલતી નથી. પહેરેગીરો પોતપોતાના થાણાં રેઢા મૂકીને, જીવ બચાવવાની ઇચ્છાથી નાસી છૂટ્યા છે."

રાજાની આંખમાં લાલાશ તરી આવી. ત્યાં તો પાસે જ મેઘગર્જના જેવો અવાજ આવ્યો. રાજાએ ઉઠી ઝરૂખામાંથી જોયું તો સ્હેજ દૂર પેલો હાથી એક જબ્બર વૃક્ષને સૂંઢમાં ઘાલી, પૃથ્વી ઉપર પટકી રહ્યો હતો. હાથીનો વિકરાળ દેખાવ, તેની મદોન્મત્તતા અને નિરંકુશતા રાજાને પોતાને જ અપૂર્વ લાગી. તેણે આજ સુધીમાં ઘણા ગાંડા હાથી જોયાં હતા. પણ કોઈ ગાંડો હાથી આટલી હદે ક્રૂર અથવા નિરંકુશ હોય એવી તેને કલ્પના સુદ્ધાં ન્હોતી આવી. હાથીએ સૂંઢમાંનું વૃક્ષ આખરે ન્હાની શી ઝુંપુડી ઉપર પટકયું અને તેજ ક્ષણે કડડડ કરતી ઝુંપડી જમીનદોસ્ત થઇ ગઇ. સારા ભાગ્યે ઝુંપડીમાં વસનારાઓ આગળથીજ બીજે સારે સ્થળે ભરાઇ

બેઠા હતા. પરંતુ એ એક ઘર પડતાં આસપાસના પડોશીઓનાં જીવ કકળી ઉઠ્યાં.

વધુ તપાસ કરતાં જણાયું કે આજે માંડવગઢના દરવાજાં પણ ઉઘડવા પામ્યાં નથી. એટલે બ્હારનો કોઈ બહાદૂર માણસ આવીને ગાંડા હાથીને અંકુશમાં રાખે એ અસંભવિત હતું, તેમ બંધ દરવાજાને લીધે પેલો હાથી પણ બ્હાર નાસી શકે એમ ન હતું. હાથીની સાથે રોજ કુસ્તી કરનારા પહેલવાનો પણ આજે તો ભયથી સંતાઈ ગયા હતા. માંડવગઢની પ્રજાને આજે કોઇ ભયમુક્ત કરી શકે તેમ ન હતું.

રાજાએ પોતે હાથમાં તલવાર લઇ હાથીની સામે જવાની હિમ્મત ભીડી. પણ સલાહકારોએ તરત જ સૂચવ્યું કે—" આને કેવળ હાથીની મદોન્મત્તતા જ ન માનતા. આ એક પ્રકારનો દૈવી કોપ છે. એની સામે ઝુઝવું એ સાક્ષાત યમદેવની સામે ઝુઝવા બરાબર છે.

મંત્રીશ્વરની સમયસૂચકતાનું તેને પુનઃસ્મરણ થયું. આજે જો મંત્રીશ્વર પેથડકુમાર પોતાની પાસે હોત તો કોઇપણ ઉપાયે તે આ હાથીને અંકુશમાં લીધા વિના ન રહેત. રાજાના પશ્ચાત્તાપના અગ્નિમાં ઘી હોમાયું. તે અંદર ને અંદર બળવા લાગ્યો.

" બચાવો ! બચાવો !" ની કીકીયારી ફરીવાર રાજાના કાને પડી. એક તો મુંઝાયેલો હતો જ, તેમાં પ્રજાની કારમી ચીસ સાંભળી તે ધ્રુજી ઉઠયો. પોતાની નબળાઇનું ભાન થતાં

તેણે એક નિઃશ્વાસ મૂકયો. મૃત્યુ એ તેને મન બહુ મ્હોટી વાત ન હતી, પણ આજે તો તેને કોઇ દિવસ નહીં એટલી બધી જીવવાની જરૂર હતી. તેને હજી મંત્રીશ્વર અને રાણી લીલાવતીના છેલ્લા સમાચાર સાંભળવાના બાકી હતા. જાણે કે જીવનનો ઉદ્દેશ અધૂરો રહી જતો હોય એમ સમજી તેણે ગાંડા હાથીની સામે જવાનો વિચાર છેક માંડી વાળ્યો.

વખત વીતતો ગયો તેમ માંડવગઢના નિવાસીઓના ભય તેમજ ચિંતા વધતી ચાલી. થોડા સમયમાં જ મદોન્મત્ત હાથીએ માર્ગપરના જંગી વૃક્ષો ભૂમીસેગાં કરી બધે વેરાન જેવુ કરી નાખ્યું હતું. આલીશાન મકાનોના થાંભલા હચમચાવી ઉંચી હવેલીઓને પણ ડગાવી દીધી હતી. તેને ગમે તેવી મ્હોટી અટ્ટાલીકાઓ પણ બાળકની ઘોલકી જેવીજ ભાસતી હતી. આગના કોપમાંથી કે પાણીના પ્રલયમાંથી ન્હાસીને માણુસ બીજેસ્થળે આશ્રય શોધે, પણ વિદ્યુતની ગતિએ દોડતા ગાંડા હાથીના ઝપાટામાં કઇ ક્ષણે સપડાઇ જવાય એ નકકી ન હતું—તેથી લોકો ન્હાસાન્હાસી કરવાને બદલે જ્યાં ઠીક લાગ્યું ત્યાં જ સ્થિર થઇ ગયાં હતાં. બાળકો પણ રોવાનું ભૂલી ગયા. કોઇ જાદૂગરે જેમ કુંકમાત્રથી મકાનો અને ગૃહોને નિર્જન બનાવી મૂકયાં હોય એવો દેખાવ થઇ રહ્યો.

આટલું છતાં આશ્ચર્યની વાત તો એ હતી કે પેલી જોગિની હાથમાં ત્રિશૂલ લઇ, માથાના વાળને છુટા મૂકી દઇ માંડવગઢની શેરીમાં ઘૂમ્યા કરતી. બારીઓમાંથી લોકોએ સાદ પાડીને

આ ઘેલી બાઇને એક સ્થળે ભરાઇ બેસવાની સલાહ આપી. પણ તેણીએ એ સલાહને હસવામાં જ ઉડાવી દીધી. કેવું એ નિર્મળ હાસ્ય હતું ? મૃત્યુના ભયથી પર–સંસારની સર્વ ચિંતાઓથી મુક્ત તે સ્વચ્છ હૃદયનું હાસ્ય પણ એટલું જ મનમોહક હતું. તે કહેતી કે:—" ગાંડા માણસ અને ગાંડા હાથી વચ્ચે તો હંમેશા દોસ્તી જ હોય ! "

વધારે આશ્ચર્ય તો લોકોને ત્યારે જ થયું કે યોગિની પાસે થઇને ગાંડો હાથી પસાર થવા છતાં તેનાથી દસેક ડગલાં પાછો હઠયો અને જાણે સ્નેહ સીંચતો હોય તેમ સામે નીહાળી, ધીમે ધીમે આગળ ચાલ્યો ગયો. જોગિનીના દર્શન માત્રથી તેનું ગાંડપણ પીગળી જતું હોય એમ જણાયું.

" જોગિની કોઇ જાદુ–મંતરવાળી તો જરૂર હશે. " એમ લોકો અંદર અંદર વાતો કરવા લાગ્યા. પણ પાછી એ લોકોએ જ શંકા ઉઠાવી કે " જો જાદુમંતર હોય તો પછી ચોરના માથાની જેમ આમ શેરીએ શેરીએ કાં ભટક્યા કરે ? "

તેણીના પરિધાનમાં આજે કંઇક જૂદી જ જાતની વિચિત્રતા હતી. તેણીએ એક સ્વચ્છ વસ્ત્ર માત્ર અંગે વીંટાળ્યું હતું. પણ ગળામાં કેસરી છાંટવાળું આરાતુ વસ્ત્ર શા સારૂ એ કોઇ ન સમજી શક્યું.

આ તે જ વસ્ત્ર હતું કે જે ઓઢવા માત્રથી રાણી લીલાવતીનાં રોગ–શોક શમી ગયાં હતાં, આ તે જ વસ્ત્ર હતું કે જેણે રાજાને શંકાથી વ્યાકૂળ બનાવી અર્ધ ઉન્મત્ત જેવો બનાવી

મૂક્યો હતો, આ તે જ વસ્ત્ર હતું કે જેને લીધે મંત્રીશ્વરને કેદમાં પુરાવું પડયું હતું અને ટુંકામાં આ તે જ વસ્ત્ર હતું કે જેની અંદર ચતુર્થવ્રતધારીની પુણ્યપ્રાભાવિકતા અણુએ અણુએ પ્રસરી રહી હતી.

જોગિની ફરતી ફરતી રાજાના મહેલ નીચે આવી ઉભી રહી. રાજાને આ તપસ્વિનીની નિર્ભયતાએ મોહમુગ્ધ કર્યો. મ્હોતની પરવા વિનાની આ બાઇ કોણ હશે? તેણે તેને એક–બે વાર જોઇ હોય એમ લાગ્યું પણ આવા ભયંકર સમયમાં તે શા સારૂ બ્હાર રઝળતી હશે તે ન કળાયું. આતૂર નયને જાણે તે કોઇની રાહ જોતી હોય એમ પ્રસન્નવદને મહેલની નીચે ઉભી રહી. રાજા પણ તેને જ જોઇ રહ્યો હતો.

થોડી ક્ષણો વીતી–ન વીતી એટલામાં પેલો ગાંડો હાથી પણ ત્યાં આવી પહોંચ્યો. સમસ્ત શહેરને ત્રાહી ત્રાહી પોકરાવનાર આ હાથી જોગિનીને જોતાં જ ઠંડોગાર થઇ ગયો. ઉગ્ર જ્વરના આવેશથી ધ્રજતો માણસ જેમ ઔષધ પીતાંની સાથે નરમ બની જાય તેમ એ હાથી પણ જોગિનીને જોઇ નરમ બન્યો. જોગિની એક વીરની જેમ પગલાં માંડતી તેની સામે ચાલી નીકળી. રાજા અને તેના સેવકોનાં મનમાં કંઇ કંઇ તર્કવિતર્ક થવા લાગ્યા.

જોગિનીએ શું કર્યું? ગળામાંનું પેલું લાલ વસ્ત્ર હવામાં ઉડાડયું–એક છેડો હાથમાં રાખી બીજા છેડા વતી હાથીને સન્માનતી હોય તેમ તેની સામે ધરી રાખ્યું. પાષાણની મૂર્ત્તિ જેવો હાથી ત્યાં જ ઉભો રહ્યો. આંખ અને

હાથનો ઇસારો થતાં તે ત્યાં ને ત્યાં જ બેસી ગયો. જોગિનીએ પેલું વસ્ત્ર હાથીને ઓઢાડી દીધું.

એટલો વિધિ થયા પછી જોગિનીએ સૌને સૂચવ્યું કે:—" હવે માંડવગઢના નર–નારીઓ નિશ્ચિત થાય ! હાથીનું ગાંડપણ ઉતરી ગયું છે ! " ઘડીભર તો કોઇએ આ વાત સાચી ન માની. પણ કેટલોક વખત જવા દીધા પછી સૌને ખાત્રી થઇ કે એક ડાહ્યા નિશાળીયાની માફક હાથી પણ શાંત થઈ ગયો છે.

માવત વિગેરેએ આવી હાથીનો કબજો લીધો. હાથી પણ જાણે પોતાની ભૂલનો પસ્તાવો કરતો હોય તેમ હાથીશાળામાં ગયો. બંધ થયેલાં ઘરનાં બારી–બારણાં ઉઘડ્યાં. જે કામ ભલભલા શૂરવીરો ન કરી શકયા એ કામ એક બાઇ–ગાંડી જેવી બાઇ કરી શકી એ જોઇ બધે આશ્ચર્ય ફેલાયું.

રાજાને પોતાને આ લાલ વસ્ત્રનાં માહાત્મ્ય અને આ બાઇની વીરતા જાણવાની ઇચ્છા થાય તે સ્વાભાવિક છે. તે એકદમ નીચે આવ્યો. અને જોગિની સામે અતિ નમ્રભાવે ઉભો રહ્યો. જોગિનીએ તો આગળથી જ ધારી રાખ્યું હતું કે રાજા જો માણસ હોય તો તેનું અંતર વીંધાયા વિના ન રહે. રાજાને તે પુન: રાજમહેલ ભણી લઈ ગઇ અને શાંતિથી એ સ્થળે બેસવાની ઇસારત કરી.

# પ્રકરણ ૨૬ મું.

## શંકા-વ્હેમ ટળે છે !

" કહો, રાજન્ ! વાતને ક્યાંથી શરૂ કરીશું ? " એક સુસજ્જીત ગૃહમાં દાખલ થતાં, સ્હેજ પાછા ફરીને જોગિનીએ કહ્યું.

રાજા જયસિંહની બુદ્ધિ કામ કરતી કંટાળી ગઇ હતી. એક બાળકમાં અને તેનામાં અત્યારે બહુ લાંબો તફાવત ન હતો. જોગિનીના શબ્દો સાંભળી તે સ્હેજ ચમકયો-શબ્દોના અર્થનો વિચાર કરવા લાગ્યો.

એમ વાત વાતમાં જો ચમકશો તો આપણી વાત લાંબી નહીં ચાલે, હજી તો તમારે ઘણી કઠણ છાતી રાખીને આખી કથા સાંભળવી પડશે-અપ્રિય પણ પરિણામે હિતાવહ સત્વો સાંભળવાં પડશે. " જોગિનીએ એક સાદા આસન ઉપર બેસતાં આ શબ્દો કહ્યા. રાજા પણ બરાબર તેની સામે-થોડે દૂર બેઠો.

જવાબની આકાંક્ષા રાખ્યા વિના જ જોગિનીએ પુનઃ શરૂ કર્યું:—" તમે એક રાજા છો-મહિપાળ છો, છતાં આખરે તો એક મનુષ્ય જ છો. માર્ગે જતાં સામાન્ય માણસો જે શંકા-વ્હેમ વિગેરેથી વીંટળાયેલા હોય તે જ પ્રકારની

શંકા તમને પણ કુક્ષણે ઉદ્‌ભવે એમાં કાંઇ આશ્ચર્ય નથી. ફેર માત્ર એટલો જ કે સાધારણ માણસ શંકાનો ભોગ બને ત્યારે તે પોતાની અશક્તિ અનુભવે–આગળ પાછળનો વિચાર કરે, કોઇની સલાહ લે અને પછી જ ડગલું ભરે. તમે સત્તાધીશ છો, છતાં એ સદ્‌ભાગ્યથી વંચિત રહો છો. તમને સારી સલાહ મળવી એ પણ અશક્ય થઇ પડે છે. તમારી આસપાસ ખુશામતનું એવું વાતાવરણ સદા જામેલું રહે છે કે તમને તમારી દુર્બળતાનું કંઇ ભાન રહેતું નથી. માણસ પોતાની અપૂર્ણતા–નબળાઇને ભૂલી જાય એ કેટલું દુર્દૈવ છે ?" રાજાના મુખ ઉપર પલટાતા ભાવોનો જોગિનીએ બરાબર અભ્યાસ કર્યો. તેને થયું કે રાજાના અંતરમાં જેમ એક તરફ પસ્તાવાનો પવિત્ર હુતાશ પ્રકટ્યો છે તેમ બીજી તરફ ભક્તિની ઘેરી લ્હેરો તેના અંતર ઉપર પ્રભાવ જમાવી રહી છે. પોતાના એકે એક વાક્યની અત્યારે તેની પાસે કીમત છે એમ પણ તે જોઇ શકી. છતાં રાજાનો ભક્તિભાવ સવિશેષ ઉલ્લસિત કરવા જોગિનીએ પોતાનો પરિચય આપવાનું ઉચિત ધાર્યું:—

"તમને એમ લાગશે કે એક રાજાધિરાજને આવો ઉપદેશ આપનાર આ એક નારી કોણ ? ગાંડા હાથીને વશ કરવાથી શું એનામાં એટલું બધું અભિમાન આવી ગયું કે તે રાજા અને પ્રજાનો ભેદ ભૂલી જવા માગે છે ? હું મારી જીંદગીમાં આપને આ પહેલીજ વાર અને કદાચ છેલ્લીવાર

કહી લઉં છું કે હું પણ તમારા જેવાજ એક સત્તાશાલી રાજાની પુત્રી છું–મારૂં નામ રમાદેવી !"

"દેવગિરિના વિશ્વવિખ્યાત રાજાની—" શબ્દો અધુરા જ રહ્યા.

"એજ–એજ હું. લોકો જેને ગુમ થયેલી માને છે તે જ હું–લોકો જેને એક ગાંડી–ત્રિશૂળધારિણી માને છે તેજ હું પણ એટલો પરિચય બસ નહીં ગણાય. તમે જેને અપરાધી બંદિવાન બનાવ્યો છે તે મંત્રીશ્વરની એક શિષ્યા–તેની પાછળ પ્રાણ પાથરનારી એક અબળા મારે ત્યાં તો માત્ર બે એક દિવસ જ તેઓ રહ્યા–પણ એક વીર શ્રાવક કેવો હોય તે મને સમજાવતા ગયા અને એ સમજણેજ મને તેમની શિષ્યા બનાવી"

"મંત્રીશ્વરની ચાલાકીએ કોને નથી આંજ્યા ? તમને પણ એણે પોતાની જાળમાં સપડાવ્યા હશે." રાજાએ દીલનો ઉભરો કાઢ્યો.

"માણસનાં અંતર પારખવામાં માટીની આંખ નકામી છે, રાજન ? આંતર ચક્ષુ ખુલ્યાં હોય તે જ પવિત્રતાની કે દંભની પીછાન પામી શકે. તમે જેને ચાલાકી કહો છો એજ વસ્તુત: તેના અંતરની નિર્મળતાનો પ્રતાપ છે. તમારા ગુરૂએ તમને શિક્ષણજ ખોટું આપ્યું લાગે છે. મંત્રીશ્વરને કોઈ સાધારણ માણસ ન ગણી કાઢતા. જો તેઓ તમે કહો છો તેમ એક જાદુગરજ હોત તો મારી આગૃહભરી વિનવણીને કબુલ રાખી આજે તે સ્વર્ગનાં સુખ માણતો હોત

પણ તે સંસારના સુખ-વૈભવ કરતાં પણ પોતાના વ્રત-ટેક અને પારલૌકીક કલ્યાણને કરોડો ગણાં અધિક કીમતી માને છે મારા જેવી યુવતીઓનાં હાવભાવ અને વશીકરણ પણ તેની પાસે વ્યર્થ નીવડે છે. રાજા આ મારો અંગત અનુભવ છે. અભ્યાસ નથી." જુનો પ્રણય પ્રસંગ યાદ આવતાં રમા-દેવીએ એક આછો નિશ્વાસ મૂકયો. રાજાએ તે સાંભળ્યો. નિઃશ્વાસની સંતપ્તતા રાજાને પણ આઘેથી સ્પર્શી પસાર થઇ ગઇ.

"જૈન શ્રાવકનું તો મેં આજ સુધી નામ જ સાંભળ્યું હતું. પણ એ શ્રાવકસંઘમાં આવા ઇંદ્રિયજીત હીરાઓ પાકે છે એ તો હું મંત્રીશ્વર પૃથ્વીકુમાર પાસેથી જ શીખી. જે વીર હૃદય મારા જેવી રાજપુત્રીનો હસતાં હસતાં ત્યાગ કરી શકે તે રાણી લીલાવતી જેવી નારી પ્રત્યે કુદ્રષ્ટિ કરે એ કલ્પ-નામાં પણ અઘોર પાપ રહેલું છે ! તમને એવી અવળી બુદ્ધિ કોણે સુઝાડી ? "

"ત્યારે તો તમે એ ઇતિહાસ પણ જાણુતા લાગો છો." રાજાના ગળામાંથી રૂંધાયેલા સ્વર સંભળાયા.

"જાણું છું, એટલુંજ નહીં પણ એ ઇતિહાસનો ક્રમ ઉલટાવવામાં પણ મેં ભાગ લીધો છે. આજે દિવસોના દિવસો થયાં માર્ગમાં રઝળું છું ભૂખ તરશને એક બાજુ રહેવા દઇ, ગમે ત્યાં પડી રહું છું. એ બધું કોને માટે ? મને કોઇની પડી નથી, મંત્રીશ્વર પૃથ્વીકુમારના પુણ્યશાલી આત્માને

અન્યાય ન થાય, તેનાં પુણ્યમય પગલાં અનુસરી શકાય એટલા માટે જ આ ત્યાગ, આ ચિંતા અને આ કષ્ટ સ્વીકાર્યાં છે !”

મંત્રીશ્વર અને રાણી લીલાવતીના ઇતિહાસથી કંઇ રાજાનો પોતાનો ઇતિહાસ નિરાળો નહોતો એ બન્નેનાં નામ સાથે તેનું ભાવી પણ સંકળાએલું જ હતું જોગિનીના સચોટ શબ્દોને વધુ આતુરતા પૂર્વક સાંભળવા લાગ્યો:—

“રાજન્ ! જીવનનો અમૂલ્ય અવસર તમે મંત્રીશ્વરના પરિચયમાં વીતાવ્યો, પણ ભાગ્યદોષે તમે તેને બરાબર સમજી ન શક્યા સંયમ અને પરાક્રમની મૂર્ત્તિ સમા પૃથ્વીકુમારને તમે સોમા જેવા એક નરાધમની દયા ઉપર છોડી દીધા એ જોઈ કોને ગ્લાની નહીં થઇ હોય ? આજે માંડવગઢના ભલે તમે રાજા કહેવાઓ, પણ પ્રજાના અંતરની તપાસ કરશો તો ત્યાં તમારૂં નહીં, પણ મંત્રીશ્વરનું જ સિંહાસન મંડાયેલું જોઈ શકશો પ્રજા પોતાનાં તારણહાર તરિકે તેને પૂજે છે. તેજ આજે માંડવગઢનો મુકુટ વિનાનો મહારાજા છે. છતાં પાછો એટલોજ નિસ્પૃહ, એટલો જ નિષ્કામ અને સંસારભોગથી એટલો જ ઉદાસીન ! મંત્રી તરીકે એક શ્રાવક કેટલો શ્રેષ્ટ નીવડે છે તે તેણે પોતાના જીવનથી બતાવી આપ્યું છે. જે સંઘમાં આવા શ્રાવકો ઉત્પન્ન થાય છે તે સંઘની પ્રતિષ્ટા વિશ્વ-ભરમાં નામાંકિત રહી જાય એ સ્વાભાવિક છે.”

પણ મૂળ કહેવાની વાત રહી જતી હોય તેમ પાછું કંઇક

યાદ આવતાં તે સ્હેજ થોભી. મંદ સ્મિતપૂર્વક પુનઃ કહેવા લાગી:—

" લોકો મને ગાંડી કહે છે એ ખરૂં છે. ખરેખર હું મંત્રીશ્વરના ચારિત્ર પાછળ મોહમુગ્ધ બની છું એટલે જ અત્યારે એ જાતનો પ્રસંગ ન હોવા છતાં ગુણગાન કરવા લલચાઇ, "

" તો પછી મંત્રીશ્વરે પ્રણયના સ્મરણ તરિકે રાણીને લાલ વસ્ત્ર ભેટ ધર્યું અને પ્રેમીના એ ઉપહારે રાણીને આનંદ વિહ્વળ બનાવી એ મેં નજરે જોયેલી ઘટના સાવ ભ્રમ હતો એમ આપ માનો છો ? "

" મારે પ્રથમ જ એ વાત કહી દેવી જોઈતી હતી. પણ એમાં યે મારી ઘેલછા આડે આવી. નજરે જોયાની વાત તે કહો છો, પણ છતી આંખે માણસ કેવા આંધળા બને છે એના એક દષ્ટાંત તરિકે જ એ પ્રકરણ સદા યાદગાર રહી જશે, કમળાવાળી આંખ બધે પીળુંજ જુવે છે એ જાણો છો ને ? તે વખતે તમારી આંખમાં ઇર્ષાનું આંજણ હતું. તમને શુદ્ધ સ્નેહમાં પણ પાપનો મેલ જણાયો. તમે પેથડકુમારના નિર્મળ વહેવારમાં તમારા પોતાના જ અંતરનાં પાપ ઉકેલ્યાં."

આકાશ સામે દષ્ટિ સ્થિર રાખી જોગિનીએ મનમાં ને મનમાં કંઇક કહ્યું. થોડી વારે તે સ્વસ્થ થઇ અને રાજા સામે કરૂણાળ નજર કરી કહેવા લાગી:—

" એ રાતું વસ્ત્ર તમારી નજરમાં ખુંચ્યું. પણ જો તમને

ખબર હોત કે એ વસ્ત્રમાં એક ચતુર્થવ્રતધારી દંપતીનો પુણ્ય પ્રભાવ રહેલો છે તો રાણી લીલાવતીને બદલે તમે પોતેજ એ વસ્ત્રને અભિનંદ્યા વિના ન રહેત. ખરૂં જોતાં એ વસ્ત્ર જ ન હતું. ઉપસર્ગ હરનારૂં સામર્થ્ય જ એને વિષે સાક્ષાત્ સ્વરૂપ પામ્યું હતું. એના તંતુએ તંતુમાં વ્રતધારીની પવિત્રતા પરોવાએલી હતી. એના રંગના અણુએ અણુમાં દૈવી આશિર્વાદ છુપાયેલા હતા. ગાંડા હાથી જો એ વસ્ત્રના પ્રતાપે ડાહ્યાડમરા બની જાય તો પછી એક સ્ત્રીનાં સામાન્ય દુઃખદર્દ ટળે એમાં શું આશ્ચર્ય ? આધ્યાત્મિક બળની પૂરી કલ્પના પણ તમે કદાચ નહી કરી શકો પણ એટલુંજ અત્યારે તો સમજી રાખો કે દૈવી બળ જેને કહેવામાં આવે છે તે એક રીતે તો આધ્યાત્મિક સામર્થ્યનો જ એક અંશ હોય છે અને તે વિવિધરૂપે આપણને પ્રત્યક્ષ થાય છે. ”

“ ગાંડા હાથીને વશ કરનારૂં રાતું વસ્ત્ર તે એજ કે ? તમારી પાસે તે ક્યાંથી આવ્યું ? ” રાજાથી ન રહેવાયું.

“ બહુ અધીરા બની ગયા રાજન્ ? રાણી લીલાવતીના અંગ ઉપર રહેલું, પૃથ્વીકુમારનું પ્રણયદાન મારી પાસે ક્યાંથી ? ” આટલું બોલતામાં તે એકદમ હસી પડી, રાજાનો જીવ ગભરાયો. જાણે આખી વાતમાં પોતાનુંજ ઉપહાસ હોય એમ તેને લાગ્યું. પરંતુ મંત્રથી વશ થયેલા સર્પની જેમ તે અત્યારે નિર્વિષ હતો.

“ હું તમને હમણા જ કહી ચુકી કે માંડવગઢના તાજા

ઇતિહાસમાં મારા જેટલો ભાગ બીજા કોઇએ નહીં ભજવ્યો હોય. તમે મંત્રીશ્વરને મારી નાખવા મારાઓ મોકલેલા અને તેમને વીલેમ્હોઢે પાછું ફરવું પડયું એ પણ મારા જેવી અબળાનો જ પ્રતાપ ! વાત બુદ્ધિમાં ઉતરે છે ને ? ”

સાતમા પાતાળે દાટી રાખેલી ગુપ્ત મંત્રણા પણ આ ગાંડી જોગિની જાણવા પામી તે જોઇ રાજાના મુખ ઉપર શ્યામતા છવાઇ. પોતે કેટલો દુર્બળ છે અને સામે બેઠેલી એક અબળા કેટલી સામર્થ્યવંતી છે તેનું તેને ફરીવાર સ્મરણ થયું. આની પાસે કોઇ વાત છુપી નથી. પોતે તો એક વેંતીયો માત્ર છે એ પ્રકારની દીનતા અનુભવી રહ્યો.

“ તમે તો મંત્રીશ્વરના પ્રાણ લેવાનો પ્રપંચ રચ્યો. પણ પાપ કરતાં પુણ્ય વધારે બળવાન્ હોય છે. મંત્રીશ્વરના પુણ્યે મને આકર્ષી અને તેમનો અણીના વખતે બચાવ થયો. પણ તમે તો ખરેખર એ વખતે કસાઇ જ બન્યા હતા. લીલાવતી જેવી પવિત્ર રાણીનો વધ કરાવવામાં પણ તમને સંકોચ ન થયો. પુરૂષોનું આજ પુરૂષાર્થ ? રાજાઓનું આજ સામર્થ ? જો કુદરતમાં કંઇ ગૂઢ શક્તિ કામ ન કરતી હો તો આજ ધરતી નર્કાવાસ રૂપ બની ગઇ હોત–સારા–ધાર્મિક સ્ત્રીપુરૂષોને જીવવાની તક પણ ન મળત જીવ ન આપી શકે તે જીવ લેવાનો અધિકાર શી રીતે ભોગવે ? દુઃખમાંથી ઉગારનાર ક્ષત્રીઓ પોતે જ જો નવાં દુઃખ ઉપજાવે તો પૃથ્વીએ કોને આશ્રય શોધવો ? ”

" મારાં પડળ ખુલે છે, દેવી ? નવો પ્રકાશ આ નબળી આંખોએ સહન નથી થતો. શ્રદ્ધાથી જ માત્ર ઝીલી રહ્યો છું. બોલ્યે જાઓ, રાજકુમારી ! " એક ભક્તની જેમ રાજાએ પાર્થના કરી.

" રાણી લીલાવતી નિર્દોષ હતી એ તમારા કાળજામાં બરાબર કોતરી રાખજો. તેની નિર્દોષતાએ તેને શી રીતે બચાવી એ વાત પણ અત્યારે જ સાંભાળી લો. "

" લીલાવતી જીવે છે ? " રાજાની આંખોમાં નવું તેજ સ્ફુર્યું રાણીને મળવા–પોતાના પાપનું પ્રાશ્ચિત કરવા તે વ્યગ્ર બન્યો હોય તેમ તે ઉઠીને ઉભો થયો.

" જીવે છે જરૂર, પણ એમ નહીં મળે. તમે તમારો અધિકાર હાથે કરીને ગુમાવ્યો છે. રાણી આજે નવો અવતાર છે. હવે તમારે ને રાણીને શું ? "

" આમ ઉપહાસ કરીને આપ મારા અંતરને વલોવી રહ્યા છો–રાણીની નિર્દોષતા સમજ્યા પણ તેના વિના એક ઘડી જીવવું એ જીવતાં મૃત્યુ જેવું મને લાગે છે. " ગળગળા એવા જે રાજાએ જોગિનીનું શરણ માગ્યું.

" મારાઓએ તેને મારીને ફેંકી દીધી હોત તો ? "

" તો આજે રાજા જયસિંહદેવની પણ ચિતા ખડકાતી હોત ! દુનીયા જોઇ શકત કે શીક્ષા કરવામાં રાજા જેટલો શૂરો

છે તેટલો જ, પોતાનું પાપ જણાતાં પાપનું પ્રાયશ્ચિત્ત કરવા પણ તે તૈયાર રહે છે."

પ્રાયશ્ચિત તો જરૂર કરવું પડશે. પણ હું આકરા પ્રાયશ્ચિત્ત કરાવવાને ટેવાયેલી નથી. આ રાતું વસ્ત્ર હું રાણી પાસેથી જ લઇ આવી છું અને તે કેટલું પવિત્ર તથા સામર્થ્યયુક્ત છે તે તમે જાણો છો. હવે જો તમને ખાત્રી થઇ ચુકી હોય કે તમે શંકા—વ્હેમથી જ ભરમાયેલા હતા અને પૃથ્વીકુમાર તથા લીલાવતી જેવા પવિત્ર સ્ત્રી—પુરૂષોને તમે નાહક્ના હેરાન કર્યા છે તો તમારી ફરજ છે કે તમારે પોતે રાણી લીલાવતીને લેવા મંત્રીશ્વરને ત્યાં જવું, તેમની ક્ષમા યાચવી અને સમારોહ સાથે રાજગઢમાં લઇ આવવા."

"એ પ્રાયશ્ચિત્ત હોય તો પછી ઉલ્લાસ કોને કહેવો એ મને નથી સમજાતું. હું મારા પોતાના ઉલ્લાસથી રાણી લીલાવતીને સન્માન પૂર્વક મહેલમાં લઇ આવીશ. મંત્રીશ્વરને પણ બંદીખાનેથી મુકત કરીશ અને આપની પણ........"

"મારી વાત તો રહેવા જ દ્યો. હું કોઇમાં નથી અને છું તો બધામાં જ છું. મને તમે બીજી વાર નહીં મળી શકો. આવતી કાલે હું કયાં હઇશ તે પણ તમે નહીં જાણો." જોગિનીના આ છેલ્લા શબ્દો રાજાને ન ગમ્યા. પરંતુ અત્યારે તો તે રાજા મટી દાસાનુદાસ બની ગયો હતો. તે વધારે આગ્રહ ન કરી શકયો.

જોગિનીએ, તે પછી, અરણ્યમાં મારાઓ પોતે જ કેવી

રીતે કપાઈ મુવા અને રાણી લીલાવતીને મંત્રીશ્વરના ગૃહે કેવી રીતે પહોંચતી કરી એ બધો વૃતાંત કહી સંભળાવ્યો થોડા દિવસમાં આટલા બધા અદ્ભુત બનાવો બનેલા જોઇ તે સ્હેજ લેવાઇ ગયો. રાણી લીલાવતી અને મંત્રીશ્વરની પવિત્રતાએ તેની આંખોમાંથી આંસુનો સ્રોત વહેવરાવ્યો પોતાના રાજ્યના આવાં બે અમૂલ્ય રત્નો માટે તેને અભિમાન થયું. તે વિચારમાં ને વિચારમાં એટલોબધો ગરકાવ થઇ ગયો કે તે જ્યારે સ્વસ્થ થયો અને આસપાસ જોયું ત્યારે જોગિનીનું આસન ખાલી પડયું હતું. તે ક્યારે કઇ તરફ ચાલી ગઇ તેનું પણ તેને ભાન ન રહ્યું.

# પ્રકરણ ૨૭ મું.

## સોનાનો સૂરજ.

સતત્ મેઘાચ્છન્ન આકાશથી કંટાળેલા માણસને સૂર્યના દર્શનથી જેટલો આનંદ થાય તેટલા જ આનંદમાં આજે માંડવગઢની પ્રજા નિમગ્ન છે. અંધારી રજનીના ત્રાસથી કંટાળેલા પથિકને સૂર્યોદય નીરખતાં આશાનો જે અનેરો ઉલ્લાસ પ્રકટે તેવાજ ઉલ્લાસમાં આજે માંડવગઢ ચકચૂર છે. રાજાની શંકા-વ્હેમ વિગેરે ટળી ગયા છે. આકાશ ખુલ્લું થયું છે. રાજા અને પ્રજાના તંત્ર જે મધદરીએ ઝૂલતા હતા તે હવે

કિનારા તરફ વળવા લાગ્યા છે. સૌ પ્રજા જનોના અંતરમાં આજે પ્રમોદભાવ ઉછળી રહ્યો છે.

એક વખતે ત્યજાયેલી રાણી લીલાવતીનો રાજાએ ભારે આદર–સત્કાર સાથે અંતઃપુરમાં પ્રવેશ કરાવ્યો છે. સીતાની કસોટી પછી રામને જેમ નવેસરથી સીતા લાધી હતી તેમ રાજા વિજયસિંહ દેવને આજે જાણે લીલાવતી નવેસરથી પ્રાપ્ત થઈ હોય તેમ લાગે છે. આગમાં તપ્યા પછી, કસોટીએ ચડ્યા પછી સુવર્ણ પોતાના સંપૂર્ણ તેજથી ઝળકે તેમ લીલાવતીના મુખ ઉપર વિશુદ્ધિની કાંતિ છવાઇ રહી છે. રાજા અતિ નમ્રભાવે એ સ્વર્ગીય રસનું પાન કરી રહ્યો છે. પહેલાનાં કરતાં પણ હવે લીલાવતીમાં કઈંક અદ્ભૂત સૌંદર્ય, કઈંક અપૂર્વ નિર્મળતા જુવે છે, માનવસ્વરૂપમાં સ્વર્ગનું કોઈ વિકસિત પારિજાતક પ્રાપ્ત થયું હોય એમ તે માને છે.

મંત્રીશ્વર પેથડકુમારને પણ ભારે સન્માન સાથે કારાવાસમાંથી મુક્ત કરવામાં આવ્યા છે. રાજા પોતે વાજતે ગાજતે તેમને શહેરમાં લઈ આવ્યો છે. પ્રજાના સમુહો પણ એ પુણ્યશાળી પુરૂષના મુખનું દર્શન કરી કૃતાર્થ થયા છે. શહેરના વેપાર–ઉદ્યોગ પૂર્વવત્ શરૂ થઇ ગયા છે. લોકો માને છે કે જ્યાં સુધી મંત્રીશ્વર પેથડકુમાર પોતાની મધ્યમાં છે ત્યાં સુધી પ્રજાને બ્હારની કોઇ ઉપાધિ સ્પર્શી શકે એમ નથી. રાજા પોતે પણ હવે મંત્રીના જ્ઞાન, બળ અને ચારિત્ર્યની મુક્તકંઠે પ્રશંસા કરતા થાકતો નથી.

માંડવગઢમાં આજે સોનાનો સૂરજ ઉગ્યો છે. બાળકો, વૃદ્ધો, યુવાનો અને પુરનારીઓમાં એક યા બીજી રીતે મંત્રીશ્વર અને રાણી લીલાવતીનાં જ યશોગાન ગવાઇ રહ્યાં છે.

રાજાના મનનો મેલ પણ ટળ્યો છે. જાણે માથેથી પર્વત જેટલો બોજો ઉતર્યો હોય તેમ તે આજે ઉલ્લાસમાં હરે ફરે છે. મંત્રીશ્વર પૃથ્વીકુમાર આવ્યા પછી રાજતંત્ર કે પ્રજાપાલનની ચિંતા કરવા જેવું તેને હવે કંઇ ન હોય. મંત્રીશ્વરના પ્રતાપે તે આજે નિશ્ચિંત બન્યો છે.

જીનમંદિરોમાં ઠેર ઠેર પૂજા-પ્રભાવનાના ગગનભેદી ધ્વની ગુંજી રહ્યા છે. ઉપાશ્રયમાં પણ એક જ કીર્ત્તિકથા સંભળાય છે. શ્રાવકકૂળને ઉજ્જવળ કરનાર, જૈન ઇતિહાસમાં પોતાનું નામ અમર કરનાર પૃથ્વીકુમારના પૂર્વજોને સંભારી સંભારીને પણ તેમના પ્રતિ બહુ માન દર્શાવાય છે.

રાજાના આગૃહથી મંત્રીશ્વરે રાજ્યની લગામ હાથ ધરી છે, પણ હવે તેમને રાજમંત્રણા કે રાજવહિવટમાં બહુ રસ રહ્યો નથી. અલબત્ત તેઓ રાજકાજમાં ભાગ લે છે, પણ તેમની ચિત્તવૃત્તિ મુખ્યત્વે ધર્મધ્યાન અને આત્મકલ્યાણને વિષે જ તલ્લીન રહે છે.

ઝાંઝણકુમાર પણ હવે પિતાને પુરેપુરી સહાય કરી શકે એટલો ઉમરલાયક અને પરિપકવ બુદ્ધિનો થયો છે. તે હવે માતપિતાની સેવાભક્તિ કરવામાં કોઈ જાતની ઉણપ આવવા દેતો નથી. તે ઘણીવાર કહે છે કે—" પિતાજી ! હવે આપ બીજી

ઉપાધિઓમાંથી નિવૃત્ત થઇ પંચપરમેષ્ટીના સ્મરણમાં તેમ જ દેવ–ગુરૂની સેવા–સુશ્રુષામાં અધિક સમય વીતાવો તો અમે તે સામે કંઇ વાદવિવાદ નહીં કરીએ. આપના સુખ અને કલ્યાણની જ આપ કાળજી રાખો અને અમને ગોણ માનો એ બહુ ઇચ્છિવા યોગ્ય છે. ” પેથડકુમારને પણ આ સલાહ ગળે ઉતરી છે. તે મ્હોટેભાગે ધર્મચિંતનમાં જ પોતાનો સમય ગાળે છે.

પેલી તપસ્વિની–જોગિની કયાં ગઈ હશે એ ચિંતા રાજાને અને મંત્રીને પણ મુંઝવી રહી છે. ઇંદ્રધનુષના રંગોને જેમ પાત્રમાં ઝીલી શકતા નથી તેમ એ જોગિનીને સદાને માટે પકડી રાખવી એ પ્રથમથી જ અશકય હતું. છતાં રાજા અને મંત્રીશ્વરે માણુસો દોડાવ્યા. જોગિનીની તપાસ કરાવી. પણ તેનો પત્તો ન લાગ્યો. ઘણું કરીને તે સાધ્વીઓના સંઘમાં જ ભળી ગઇ હશે અને ગમે ત્યાં પોતાના આત્માનું જ કલ્યાણ સાધતી હશે એવો નિશ્ચય કર્યો.

મંત્રીશ્વરને શ્રી શત્રુંજય તથા ગિરનારજીની યાત્રા કરવાના ઘણા વખતથી અભિલાષ હતા. રાજા વિજયસિંહદેવની ખાસ દેખરેખ નીચે યાત્રિક સંઘની તૈયારીઓ થવા લાગી. રાજ્યની પુષ્કળ સહાય સાથે મંત્રીશ્વરે સૌરાષ્ટ્રનાં જૈન તીર્થોની યાત્રા કરી. ગિરનાર તીર્થમાં દિગંબર સંપ્રદાયના એક સંઘવી સાથે સ્હેજ વિવાદ થતાં, અઢળક દ્રવ્ય–સુવર્ણ વિગેરેનો અસ્ખલિત પ્રવાહ વહેવડાવી શ્વેતાંબર જૈન સંઘનું એકાધિપત્ય સંસારભરમાં સિદ્ધ કરી બતાવ્યું. દિગંબર જૈન સંઘવી આ મુકુટ

વિનાના જૈન શ્વેતાંબર મહારાજા પાસે પરાજીત થયો. ઈંદ્રમાળ પૃથ્વીકુમારના ગળામાં પહેરાવવામાં આવી. સમગ્ર સૌરાષ્ટ્રમાં **પૃથ્વીકુમાર તે કોઇ જૈન રાજા છે,** સામાન્ય વહેવારીયો છે એ એક પ્રશ્ન ચર્ચાવા લાગ્યો. મધ્યકાળમાં જૈન નૃપતિનું જે આસન ખાલી હતું તે મંત્રીશ્વરે પોતાના પરાક્રમ વડે ભરી દીધું. **શ્રી સિદ્ધાચળજીમાં પણ મંત્રીશ્વરના પ્રતાપે સુવર્ણનાં મંદિર બંધાયા.** દારિદ્રય, દુઃખ, કષ્ટનું તો કયાંઇ નામનિશાન પણ ન રહ્યું.

ભગવતીસૂત્રના શ્રવણ વખતે પણ મંત્રીશ્વરે એજ પ્રમાણે ધનનો સદ્વ્યય કર્યો. ગૌતમસ્વામીના નામે નામે સોનામ્હોર સમર્પી જ્ઞાનની ભકિત કરી. તે ઉપરાંત ભૃગુકચ્છ જેવા મ્હોટા-ન્હાના અનેક શહેરોમાં સરસ્વતી ભંડારો ભરી સાહિત્ય અને જ્ઞાનની ઉપાસના કરી પોતાના જીવનને ધન્ય કર્યું.

એ પ્રમાણે કેટલોક કાળ ધર્મારાધનને વિષે ખર્ચી ચારે તરફ જીનશાસનનો વિજયઘોષ વર્ત્તાવ્યો. આજે જમાનાઓ વીત્યાં, છતાં જૈન સંઘના ઇતિહાસમાં મંત્રીશ્વર પેથડકુમારનું સ્થાન એટલાજ યશગૌરવથી દીપી રહ્યું છે.

**સમાપ્ત.**

# બે અમુલ્ય રત્નો.

રોજનાં ઉપયોગી કાયમ પાસેજ રાખી શકાય તેવી સુંદર સાઈઝ પાકું રેશમી પુંઠું અનેક ઉપયોગી બાબતોના સંગ્રહ વાળાં આ બે પુસ્તકોની બબે ત્રણ ત્રણ આવૃત્તિઓ થઇ ગઈ છે. ઘણાં પુસ્તકોની ગરજ આ બે પુસ્તકો સારે છે.

| | | |
|---|---|---|
| ૧ **પંચપ્રતિક્રમણ** પોકેટ સાઈઝ. | | સો નકલના. |
| | કિં. રૂા. ૦-૧૦-૦ | રૂા. ૫૦-૦-૦ |
| ૨ **જૈન નિત્યપાઠસંગ્રહ.** | કિં. રૂા. ૦-૧૦-૦ | રૂા. ૫૦-૦-૦ |

આ પુસ્તક માટે અમારે વધુ લખવાનું કારણ નથી કારણ કે એક વખત મંગાવનાર ફરી સામટી મંગાવે છે.

દરેક શુભ પ્રસંગમાં વહેંચવા સામટી મંગાવી. લ્હાવો લેવા જેવો છે. નમુનો મંગાવી ખાત્રી કરો. લખોઃ—

**જૈન સસ્તી વાંચનમાળા**

રાધનપુરી બજાર—**ભાવનગર.**

## ≡ અંધારામાં નહિ રહેતા ≡

### આપણા પૂર્વજોના ઉજ્વળ ઇતિહાસ જાણવા માટે વરસે રૂા ૩) નો ખર્ચ હરેક જૈન હવે જરૂર કરશે.

કારણકે જૈન સસ્તી વાંચનમાળાએ સં. ૧૯૭૯ ની સાલથી રૂ ૨) માં ૫૦૦) પાનાનાં પુસ્તકકો આપવાનું શરૂ કરી સં. ૧૯૮૧ થી રૂ ૩) માં ૯૦૦ પાનાનાં પુસ્તકો નીયતીતપણે ગ્રાહકોને આપ્યાં છે અને સં. ૧૯૮૪ માં તો તેજ લવાજમમાં ૧૦૫૦ પાનાનાં ચાર પુસ્તકો ગ્રાહકોને આપી અમારા ઉદ્દેશની ખાત્રી કરી આપી છે.

નવા અમાર ગ્રાહકોએ અમારૂં લીસ્ટ મંગાવી વધુ ખાત્રી કરવી અને ગ્રાહક થવા ૦-૮-૦ ની ટીકીટ બીડી નામ દાખલ કરાવવું.

### અમારા નવા ગ્રંથોની યોજના.

| | |
|---|---|
| ૧ સ્થુલીભદ્રની નૌકા. | ૪ ચિત્રસેન પદ્માવતી. |
| ૨ તિલકમંજરી. | ૫ મહામંત્રી કર્માશાહ. |
| ૩ ચંપક શ્રેષ્ઠીની કથા. | ૬ સંઘપતિ સમરસિંહ. |

ઉપરનાં કે બીજાં ઇતીહાસીક પુસ્તકો લગભગ એક હજાર ઉપરાંત નાનાં વાર્ષિક લવાજમ રૂ ૩) અને પોસ્ટ ખર્ચ ૦-૧૦-૦ મળી ૩-૧૦-૦ માં મળશે. સં. ૧૯૭૯ થી ૮૧ નાં પુસ્તકો શીલીકમાં ૧કુલ નથી. સં. ૧૯૮૨-૮૩ નાં પુસ્તકો શીલીકમાં નામનાં જ છે. ..ટે ગ્રાહક થવામાં વીલંબ નહિ કરવા અમારી વિનંતિ છે.

લખોઃ—જૈન સસ્તી વાંચનમાળા.
રાધનપુરી બજાર, ભાવનગર.

જીન્દગીની યાદી અને ઘેર બેઠા તીર્થયાત્રા

ગુજરાતને કચ્છનો અનુભવ ! કચ્છને ગુજરાતની પિછાણ ! !

# શ્રી કચ્છ-ગિરનારની-મહાયાત્રા

એટલે

## શેઠ શ્રી નગીનદાસ કરમચંદે પાટણથી કાઢેલ મહાસંઘને

—: સંપૂર્ણ અને સચિત્ર ઇતિહાસ :—

આ પુ સ્ત ક — ભવિષ્યની જૈન પ્રજાને અમ્મર ઇતિહાસ રૂપ છે.
સંઘની યાત્રા કરનારને જીંદગીની યાદગાર સમું છે.
સંઘની યાત્રાનો લાભ લઈ ન શકનારા ભાઇઓને ઘેર બેઠાં યાત્રાનો લાભ આપનારૂં છે અને પૂજ્ય મુનિવર્ગને વિહાર માટે પથ-દર્શક ભોમિયા રૂપ છે.

**આવા સોનાના દાગીના સમા અમુલ્ય પુસ્તકમાં-**

સંઘની ભવ્યતાના વર્ણનો, સંઘની સામગ્રીની નોંધો, માર્ગમાના દરેક ગામો-શહેરો અને **તિર્થોનો પરિચય, મોટા મોટા રાજ-સન્માનોના દ્રશ્યો,** સંઘવીજીનું જીવન-ચરિત્ર, કચ્છ-દેશનો પરિચય, ઈત્યાદિ અનેક વસ્તુઓનો આની અંદર સમાવેશ કરવામાં આવ્યો છે. વળી **ભાત-ભાતના ચિત્રોથી ગ્રંથ સુશોભિત બનશે.** પ્રત્યેક જૈન ભાઇઓને ઘેર આ અમુલ્ય પુસ્તક હોવું જ જોઇએ. લગભગ ૩૫૦ પાનાના પાકા રેશમી બાઈંડીંગવાળા આ ગ્રંથની કિંમત માત્ર રૂ. ૨-૮-૦

લખો:—

**શ્રી જૈન સસ્તી વાંચનમાળા**

રાધનપુરી બજાર—**ભાવનગર.**

